જ્ઞાનરત્નસાગર.

ૐ

જ્ઞાન રત્ન સાગર.

ત્રીજલાલકૃત

રચનાર

વૈદ્ય ત્રીજલાલ ઉમેદરામ વ્યાસ.

પ્રસિદ્ધ કરનાર

ભાઇશંકર ત્રીજલાલ વ્યાસ.—મુંનરોડા.

જળેરક્ષં તીલેરક્ષંઃ રક્ષે શીતળ બંધનં,
મુર્ખહસ્તે ન દાતવ્યંઃ ઇંતી વદીતં પુસ્તકં.



સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

આવૃત્તિ. ૧ લી. ૧૦૦૦ પ્રત

કિંમત. રૂ. ૧-૪-૦

અમદાવાદ.

યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલ એજન્સી કંપની "લિમીટેડ" ના
પ્રેસમાં મેનેજર, રણછોડલાલ ગંગારામે છાપ્યું.

પ્રસ્તાવના ઉદ્દેશ.

આ પુસ્તક લખવામાં મારી અલ્પ મતિ જે કાંઈ કામ કરી શકી છે તે.

મહાશયો—આજકાલના ચાલુ જમાનામાં ઘણા માણસો બલ્કે દરેક માણસો. તેમના આગળના વ્યવહારમાં સાંભળવામાં આવેલાં ઢંગ ધડાવગરનાં બ્યાંનોથી. પોત પોતાને માટે જુદા જુદા ધર્મો પકડી બેઠા છે; પોતે જે ધર્મ પકડયો હોય છે, તે ધર્મનુ પુરૂ બ્યાન, તથા રહસ્ય, ઘણાના સમજવામાં હોતુ નથી; જે વાત વાંચક વૃન્દ પણ કદાચ જાણતા હશે. હું ધારૂંછુ કે સુજ્ઞ વર્ગતો પોતાને માટે જે ધર્મ પસંદ કરતો હશે તેનું બરાબર રૂપ સમજીનેજ તે ધર્મનું ગ્રહણ કરતો હશે.

દરેક ધર્મનું ખરૂ રૂપ સમજી કયો ધર્મ ગૃહણ કરવા લાયક છે તે જણાવવા માટે આ પુસ્તક લખવાને મેં મારી અલ્પ માતથી કંઇક કોશીશ કરી છે; અને હું ધારૂંછું કે તે કોશીશ, વાચક વૃન્દને દરેક ધર્મનું ખરૂ રૂપ સમજાવી કોઇ પણ રીતે લાભકારક રસ્તો ગૃહણ કરવાને લાભદાયક થશે; કદાચ તેમ ન થાયતો તેમાં હું કદાચ મારી ચુક સમજુ છું. પરંતુ તે પહેલાં વાચક વૃન્દને મારી એટલી અરજ છેકે આ પુસ્તકનું દરેક લખાણ. બરોબર વાંચી સમજી ધ્યાનમાં લેવું;

અને હું આશા રાખુછુ કે, તેમ કરવાથી દરેક આ પુસ્તક વાંચનાર માણસને પોતાના આ સંસારમાં, પોતાને માટે સરલ તથા લાભદાયક રસ્તો જડી આવશે,

આ પુસ્તક લખવામાં મારા સ્નેહી વર્ગ તરફથી ઘણીજ ઊતાવળ થવાથી આ પુસ્તક જલ્દીથી છપાવવું પડયુ છે, જેથી કદાચ છાપવામાં ભુલચુક રહી ગઇ હોયતો તે સુધારી લેવા વાચક વૃન્દને મારી નમ્ર અરજ છે. અને તે સાથે એટલુ પણ કહેવું જરૂરનું છે કે, આ પુસ્તકનું નામ સાંભળનાર માણસે, અવસ્ય એક વખત તો આ પુસ્તક વાંચવું; અને મારી ખાત્રી છે કે તેમ કરવાથી વાંચનારને કંઇ ને કંઇ અમુલ્ય લાભ જડી આવશે,

લી. કર્તા—

વૈદ્ય. બ્રીજલાલ ઊમેદરામ. વ્યાશ મુ. નરોડા.

અનુક્રમણિકા.

સર્વ ધર્મ તત્વસાર.

॥ शीवाम्बा विजयतेतराम् ॥





જ્ઞાનરત્નસાગર.

વૃજલાલકૃત કાવ્યસંગ્રહ.

મંગળાચરણ–ગણુપતીની સ્તુતિ.

ભુજંગી છંદની ચાલ.

નમો સુધ્ય સ્વરૂપ ગણેસદ્દેવા, સૌ દેવમાં આદી છે જેની સેવા;
કરે સેવના શોક સંતાપ જાયે, સીદ્ધિ સર્વ કાર્યતણીતો પમાયે;
ધર્યા સસ્ત્ર ત્રીસુળ ને ફરસી ભારી, સદા ઊમીયા સુત આનંદકારી.૧
રૂડા નામથી કલેશ કંકાસ નાસે, કુબુદ્ધિ ટળે ને સુબુદ્ધિ પમાશે;
ગજાનંદની મુસકે છે સ્વારી, એક દંત દેખી જાઉ બલીહારી;
દીસે રક્તનેત્ર નેત્રભાલમાં ચંદ્રભારો, સદા ઊમીયા સુત આનંદકારી.૨
જેને સેવતાં વીપત દુબ્ધા ન હોય, સંગે શુદ્ધબુદ્ધ લક્ષ લાભ જોય;
શ્વેત વસ્ત્ર અંગે ભાસે ચંદ્રરૂપં, વદન હસ્તુછે ચતુર્ભુજ અંનુપં;
તેના ધ્યાનથી સર્વ વીઘ્નજ હારી, સદા ઊમીયા સુત આનંદકારી. ૩
ગળે હેમના હાર મોતીની માળા, કડાં વીંટીયો વેઢ શોભે રુસાળા.
કટી મેખળા સાંકળાં શુભ છાજે, મણી મુગટોમાં જડેલાં બીરાજે;
રૂડા બેરખાને બાજુબંધ ભારી, સદા ઊમીયા સુત આનંદકારી. ૪
જમે પાંચ પકવાન. મોદક મેવા, કરૂ પુષ્પને દીપથી નિત્યસેવા;
ચુનો કાથો ફોફળને પછી પ્રાન, ભર્યાં કેસુરે કસ્તુરીથી સમાન;

અધરબિંબના રંગની છબી ન્યારી, સદા ઊમીયા સુત આનંદકારી.૫
સ્મરે કપીલો સુમુખો એકદંતો, લંબોદરો ગજકર્ણ વીઘ્નહંતો;
વીનાયકો વીકટો ધુમ્રજકેતુ, થયો સીધ્ય કાર્યતણો સદ્ય હેતુ;
તેનું નામ લેતાં મળે લાભ ભારી, સદા ઊમીયા સુત આનંદકારી.૬
જેનો શેષ શીવશક્તિ પામે ન પાર,ત્રીનેત્રમાં સીદ્ધગુણ મુળધાર;
મુનીદેવ બ્રહ્મા ન જાણે ચરીત્રં, જપે પ્રાતઃકાળે સંધ્યા પવિત્રં;
આપે પુત્ર પરીવાર દોલત નારી, સદા ઊમીયા સુત આનંદકારી.૭
વખાણ્યો મહાદેવ એવો પ્રસિધ્યં,ભણે નામ તેતો પામે કોટીસીધ્યં;
સદા નૈષધપુરમધ્યે નીવાસ, મને ગણપતિ તાહરો જાણ દાસ;
વદે વ્રજલાલ ભજો દુઃખહારી, સદા ઊમીયા સુત આનંદકારી.૮

અથ સરસ્વતી બાર નામ પાઠ. છંદ-ભુજંગીની ચાલ.

સતી શારદામાતને પાય લાગુ,જોડી જુગ્લકર દાન વીદ્યાનુ માગુ;
વેણુપુસ્તક ધારણી જોને સામુ, વારંવાર હું તુજને શીશ નામુ.
પ્રથમ નામ છે ભારથી સત્યદેવી,તને દેવ ત્રીલોકના સૌએ સેવી;
બીજુ સરસ્વતી નામતો જગ્ત જાણે,ત્રીજુ શારદામાત વેદો વખાણે.
ચતુર નામ તું હંસની બેસનારી,વળી પંચમુ જગ્ત વીખ્યાતકારી.
છઠુ નામ વાગેશ્વરી તુ ધરાવે, વંદુ સાતમુ નામ કુમારી કાવે;
વદુ આઠ વરદાયની વિશ્વમાતા,પછી નવમુ નામ તુ સીદ્ધિદાતા.
દસે બ્રહ્મચારીણીદે સત્ય વાણી, હરીહર બ્રહ્માને વેદે વખાણી.
અગીઆરમુ ચંદ્ર ઘંટા ઉચારે, ભલુ નામ ભુવનેશ્વરી તારૂ બારે.
રૂડાં સરસ્વતીનાં બારે નામ લેતાં,પછી માત તે મુખમાં આવી રહેતાં.
વદે વ્રજલાલ કરો મહેર માતા, તમારી કૃપાથી મળે સુખસાતા.

હનમાન સ્તુતિ છંદ-ભુજંગીની ચાલ અષ્ટક.

વંદુ પવન કુમાર માહા રણધીર,
ખળ પાવક જ્ઞાની સોહે ગંભીર;
બહુ સીળ સંતોસી છે ગુણ ધામ,
સદા શુદ્ધ ભાવે ભજે રામ નામ.

ઉર રામ સર ચાપ અંતર ધારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૧
નહી કનક કાન્તા વહાલુ દેહ દામ,
સદા રામ દુત ભણે રામ રામ;
સેજે દ્રોણાગ્ર પર્વત લીધો ઉપાડી,
જેણે કોટી દનુજ નાખ્યા પછાડી.
સોવર્ણ સૈલ સમ રૂપ આપેજ ધારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૨
નારદ સનકાદી મુની બ્રહ્મા જેવા,
ન પામે તારો પાર દાનવ દેવા;
સેશ સારદા કુબેર દીગપાળ,
કોટી સુર્ય સમાન શોભેજ ભાળ.
અતુળ બળ ધામ આનંદકારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૩
જયારે વીભીક્ષણથી મીત્રાઈ કીધી,
તેને લંકાની ગાદી અપાવી દીધી;
માર્યો અહીરાવણ રાક્ષસ પાપી,
મકરધ્વજને રાજ્ય પાતાળ આપી.
શીતારામ સેવક દેવી રૂપ ધારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૪
જેને અષ્ટ સીધી નવ નીધી સાય,
મહાવીર બજરંગ જે નીત્ય ગાય;
સૌ કુમતી કલેશ કંગાસ નાસે,
વાધે પુત્ર પરવાર બુદ્ધી પ્રકાસે.
પામે જ્ઞાન વૈરાગ્ય ને મોક્ષ બારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૫
મધુર ફળ જાણી આકાશેજ ધાયા,
જુગલ સહસ્ર જોજનથી સુર્ય સાયા;
જેને સમુદ્રની ફાળ લેખામાં નાહી,

પ્રભુ મુદ્રીકા લેઇને મુખ માહી.
રામ કામ કીધુ સીતા દુખ હારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૬

લંકા માંહી તમે મહા હાક મારી,
સર્વ રાક્ષણીના નાખ્યા ગર્ભ ગાળી;
કહી ડાકણી શાકણી ભુત હોઇ,
તમો નામ લેતા નાસે સર્વ કોઈ.
હણો રોગ શત્રુ મંત્ર જંત્ર ભારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૭

સર્વે દુખ નાસે સદા સુખ આવે,
મહા વીર સેવા વીશે સેજ ધાવે;
વાયુ પુત્રના ચર્ણની રજ પામુ,
સીતારામ લક્ષ્મણને શીસ નામુ.
આપો રામ ભક્તી સદા મુજ પ્યારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૮

કષ્ટ હર્ણ અષ્ટક પઢે કોઈ પ્રાણી,
આપે સર્વ સીદ્ધી તેને દાસ જાણી;
સદા નૈષધ પુર મધે નીવાસ,
વદે વ્રજલાલ તમારોજ દાસ.
કરૂ ધુપ ને દીપ નૈવેદ્ય ભારી,
નમો અંજની પુત્ર કષ્ટ નીવારી. ૯

સુર્યનારાયણની સ્તુતી—છંદ ભુજંગીની ચાલ.

નમો સુર્યનારાયણ જ્ઞાન સ્વરૂપં, નીરાધાર સાકરછો જ્યોતીભુપં,
સકળ લોકમાં એક મુર્તિ તમારી, કૃપારૂપ આદીત આનંદકારી; ૧
બ્રહ્મારૂપ પ્રાતઃકાળે મનાયે, મધ્યાને સીવરૂપ સાક્ષાત થાયે;
સાયંકાળમાં સંખને ચક્ર ધારી. કૃપારૂપ આદીત આનંદકારી, ૨
તમે યજ્ઞ સર્વજ્ઞ કારણ મેવ, દેખી દેહ લાજે કોટી કામદેવ;
વસો વ્યોમમાં ભોમના હીતકારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૩

તમે ગ્રહપતી છો ગતીના વીશામી, ગ્રહો ઊપગ્રહોમાં તમે મુખ્યસ્વામી;
આપો જ્ઞાનનું દાન બુદ્ધિ સુધારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૪
રવી તેજ તારૂ ત્રીલોકે વહે છે, સદા શાક્ષીરૂપે તને સર્વ કહેછે;
તમારા જપોથી જતાં અધ ભારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૫
ધરો ભુષણો આપ અંગે તમામ, હણો સર્વ વ્યાધી આપો સુખધામ;
કઠણ દોશ કષ્ટોથી હયોને ઉગારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૬
શોભે ભાલ વીશાળ ઉદ્યોતકાર, કનક કુંડલ મુગટ મણીનો હાર;
ગુણાતીત ગુણધામ અતી વીહારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૭
નીમીષ એકમાં આપ જે પંથ કાપો, ચુવાલીસસો ચાર જોજનમાપો;
વરૂણ સારથી ને વડા અશ્વધારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૮
તમો તાપથી વસ્તુ સર્વત્ર થાય, ફળે વૃક્ષ ફુલે કવા રોગ જાય;
સદા શકતી છે સીતને હણનારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૯
નવલાખ એકવીસ જોજન જાણ, ઘડી એકમાં પંથ ચાલેજ ભાણ;
ધરા કોટી પંચાસ ફરે નીત્યસારી, કૃપારૂપ આદીત આનંદકારી.૧૦
તમો જાપથી પાપ સંતાપ જાસે, તમો તાપથી ધાન્યમાં વૃધિ થાશે;
મળે ધન પુત્રો પરીવાર નારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૧
રવી આદીત્ય ભાસ્કર સુર્ય ચેતી, દીવાકર માર્તંડ અર્કજ નેતી;
સવીતા દીનકર ભાનુજ ભારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૨
શેષ સાર્દ નારદ ગણેશ દેવા, તેત્રીસ ક્રોડ કરે તમારીજ સેવા;
આપો ધર્મ અર્થ કામ મોક્ષચારી, કૃપારૂપ આદીત આનંદકારી.૧૩
સહસ્ર નામ ધારી સ્રષ્ટી જીવ સ્થાપો, મૃત્યુલોકને સ્વર્ગના ભોગ આપો;
કઈ વંઝાને પુત્ર આપ્યા અપારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૪
તમો સર્વદા પર્મગતીના દાતા, સર્વ વીઘ્ન હરણ છોજી વીધાતા;
કામક્રોધ લોભ મોહ મદ હારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૫
કરે સેવના આપની પ્રેમ આણી, બ્રહ્માવીરનું માહેશ્વરરૂપ જાણી;
કે અધમ જીવને લીધા ઓધારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૬
જેકો બ્રહ્મદ્રસ્ટી જાણે બ્રહ્મઆપ, સુધ્ય સચ્ચિદાનંદ પામે એ વ્યાપ;
સોહંગ બ્રહ્મ જાણ્યો વસ્તુ અપારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૭
રઘુ સાંમ યજુર અથર જેહ, કરે સ્તુતી અખંડ દીનરાત તેહ;

તમે સપ્તદ્વીપ સપ્તસાગર વારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૧૮
તમો અગ્ની ગર્ભદીતી પુત્ર કહીએ, કશ્યપ સુતસુ ઉપમા તમને દૈએ;
ઉત્પત પ્રલયપાળ અખીલ તારી, કૃપારૂપ આદીત આનંદકારી.૧૯
ચૌદ લોકમાં સુર્યસમો ન કોઈ, ત્રીગુણાત્મજરૂપ તપેજ સોઈ,
કોટી યજ્ઞ ગૌદાન કન્યા કુમારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૨૦
જે સુર્યગાયત્રી જપે ગુણુ જાણી, પુજા અર્ઘ મુદ્રાપાઠે પ્રેમઆણી;
મળે પુત્ર ધનધામ ને સુખ નારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૨૧
જે ગૌ બ્રાહ્મણુ નારી ને બાળ ઘાતી, અભક્ષી મધુપાંની લંપટજાતી;
પઢે પાઠ ત્રીકાળ જે નરનારી, કૃપારૂપ આદીત આનંદકારી. ૨૨
કરે પાતકો દુષ્ટ કર્મ અનંત, સુર્યપાઠ કરતાં થાય પર્મ સંત;
એતો પામસે અંતે તો મોક્ષબારી, કૃપારૂપ આદીત આનંદકારી.૨૩
પ્રભાસે સુર્ય ઉગતામાંજ કોઈ, કટીસમ જલમાં જપે જાપ સોઈ;
તેના કોટી અઘ નાખસે તે નીવારી, કૃપારૂપ આદીત આનંદકારી.૨૪
જપો સુર્યનારાયણુનો સૌ જાપ, કોટી પાપ નાસે દેશે દ્રવ્ય આપ;
થશે રાજ્યરીધી તણો અધીકારી, કૃપારૂપ આદીત આનંદકારી.૨૫
સદા નૈષધપુરમધે નીવાસ, વદે વ્રજલાલ તમારોજ દાસ;
મારા દુખદાળીદ્ર નાખો વીદારી, કૃપારૂપ આદીત આનંદકારી.૨૬

પુર્ણુબ્રહ્મની સ્તુતી છંદ-ભુજંગની ચાલ છે.

નમો સચ્ચિદાનંદ પુરણુબ્રહ્મ, જેના નામથી જાય કોટીજ કર્મ;
પ્રભુ અચ્યુતાનંદઆનંદ કહીએ, નવેદથી ભેદ એનોજ લહીએ;
અખંડા અવીનાસી છો સુભ ભારી; ભજો સચીદાનંદ આનંદકારી.૧
અણુલીંગી અવ્યક્ત અનુપરૂપં, ભાસો મહદ આકાશવત સ્વરૂપં;
ગુણાતીત નીર્ગુણુછો નીર્વીકારી; શોભો આદ્યઅર્ણવ અખીલ સારી;
તમો સુધ્ય સ્વરૂપછો દુખહારી; ભજો સચ્ચિદાનંદ આનંદકારી.૨
પરાત્પર પ્રાણેશ્વર પર્મધાંમી, વીભુ વ્યાપક એક અંતરજામી;
નીરાકાર સાકારછો બહુ નામી, સહી તણા આપ સ્વતંત્ર સ્વામી;
તમો તેજથી વસ્તુ ભાસેજસારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી.૩
બ્રહ્મા વીસ્નુ માહેશ્વરદેવં દાતા, વ્યાપક બ્રહ્મ બ્રહ્માંડના ધેય ધાતા;

દીસો સત્ય જોગેશ્વર જક્તત્રાતા, જીવ ઇશ્વર બ્રહ્મમાં છો વીખ્યાતા.
તત્વરૂપ જોતાતો બ્રહ્મ વીચારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી. ૪
ધર્મ અર્થ કામને મોક્ષ એહ, તુર્યાતીત છે જ્ઞાનસ્વરૂપ તેહ;
જે અહં મન ચીત બુધીથી ન્યારા, જાગ્રત સુપ્તસુસુખાવનારા.
છો અખીલ ભોવનના દોસ હારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી.૫
ભાસો જક્ત બ્રહ્માંડતો એક જોતે, સદા એક દેખાય છે બ્રહ્મ પોતે;
જુઓ વેદ વેદાંત વીધા તપાસી, ગુરૂ જો મળે બ્રહ્મવેતા સંન્યાસી;
તેતો ત્રીવીધી તાપથી લે ઉગારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી. ૬
પ્રભુ એક જે સત્ય સ્વરૂપ જાણી, તેને સેવને તુજ વીશ્વાસ આંણી;
તેના જ્ઞાનથી અખીલમાં એક ભાસે, પછી તેજ છે તુજ સ્વરૂપ પાસે.
માહા વાકયનો અર્થતો એજ ધારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી.૭
ન રહે જ્ઞાન અજ્ઞાન બે એક ઠામે, તીમીર અર્ક વસે ન એકજ ધામે;
એક બ્રહ્મ છે સર્વ જોજો તપાસી, તારૂ રૂપ તુ જોને છે જક્ત ભાસી.
થયો જડ ચૈતનનો તે વીચારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી. ૮
સદા નૈસધપુર મધે નીવાસ, સ્વામી સચ્ચિદાનંદનો હુંજ દાસ;
કહે વ્રજલાલ જ્ઞાન સ્વરૂપ પામ્યો, તેથી જન્મને મર્ણનો ત્રાસ વામ્યો.
મળે સરીતા જેમ સાગર વારી, ભજો સચ્ચિદાનંદ આનંદકારી. ૯

નીર્ગુણ બ્રહ્મની આરતી-જે સીવ ઓંકારા એ રાગ.

જય સચ્ચિદાનંદ સ્વામી, જય સચ્ચિદાનંદ સ્વામી;
નીર્ગુણ બ્રહ્મ પ્રકાસીક, ચૈતન બહુ નામી.
જય સચ્ચીદાનંદ સ્વામી બે વાર. ૧
છો ઇશ્વર બ્રહ્મરૂપ, આપે સીવ સ્વામી; (૨)
સર્વેશ્વર સર્વાત્મા, છો અંતરજામી. જય સચ્ચિ. ૨
નીર્ગુણ સીર્ગુણ એક રૂપ, ભાસો ગુણ ગ્રામી; (૨)
સુદ્ધ સ્વરૂપે સાક્ષી, પરીબ્રહ્મ બહુ ધામી. જય સચ્ચિ. ૩
અખંડ તમારૂ રૂપ, અદ્વૈત વીશ્રામી; (૨)
જક્ત સકળ એક રૂપે, છો તમે અભીરામી. જય સ. ૪
સ્વર્ગ મૃત્યુ પાતાળ, કોટી જુગ જામી; (૨)

જ્યાં દેખુ ત્યાં સર્વે, ભાસો અવીનાશી. જય સ ૫
જાગ્રત સુપ્ન સુસુપતી, તુર્યાતીત પામી; (૨)
મન બુધી ચીત અહંકારજ, તે નાખ્યા વામી. જય સ. ૬
બંધન મોક્ષ ન જેને, એકાક્ષર નામી; (૨)
બ્યાસી બાવન બાહેર, નીર્ગુણ નીસ્કામી. જય સ. ૭
વેદ વેદાંતને વાકય, સબ્દાર્થ ભ્રાંમી; (૨)
કુટસ્થ બ્રહ્મ અણુલીંગી, અવ્યક્ત અનુમાની. જય સ. ૮
સચ્ચિદાનંદની આરતી, જે કોઈ ગાશે; (૨)
વદે વ્રજલાલજ વાણી, તેને સત્ય સ્વરૂપ ભાસે. જય સ. ૯
સંવત ઓગણી વીસ, સુભ શ્રાવણ માસે; (૨)
આરતી નીર્ગુણ ગાઇ, ગુરૂ માધવનંદ પાસે. જય સ.૧૦

અંબાજીની સ્તુતી છંદ ભુજંગની ચાલ.

નમુ અંબીકા આદ્ય સક્તી ભવાની,
આઈ અકળ વીશ્વેશ્વરી બાકબાની;
તમો એક અનેક માયા ઉપાવો,
જન્મ્યા બ્રહ્મા ભુતેસ વીશ્નુ કહાવો.
ભવો ભવ સદા ચર્ણ તારાજ સેવુ,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૧
માર્યા ચંડને મુંડ તેં દૈત દેવી,
સુર અસુર સર્વે મળી તને સેવી;
વ્યાપ્યાં સપ્ત દ્વીપ નવખંડ માંહી,
દીસો ઘાટ અવઘાટ બ્રહ્માંડ છાહી.
ધર્યું રૂપ અખંડ તેં જોત જેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૨
તમે ધર્ણિ આકાસ છો. વેદ વાણી,
તને મંત્રમાં જંત્રમાં જદતે જાણી;
તમે ચૌદ વીધા જ્ઞાન મોક્ષ દાતા,
કાપો કષ્ટ દાળીદ્ર દ્યો સુખ શાતા.

મારે તાહરે સર્ણે આત્રીજ રેહેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૩

તુતો જોગમાયા માહાસીળ રૂપં,
નમે રાય રાણા ઇંદ્ર આદી ભુપં;
તપે સુર્યને ચંદ્રમાં તેજ તારૂં,
મને આપો આનંદ દુખ હરો મારૂં;
તારે આસરે રહી સુખ સર્વ લેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૪

કંઈ વાંઝીયાં પુત્ર હરખે ખેલાવે,
રોગીયા રોગ તજી સુખ પાવે;
મા વ્યંડળ રૂપ, તે પુરૂષ કાહાવે,
જો આદ્ય સક્તી તારે ચર્ણે આવે.
મા નીર્ધનને તારે ધનજ દેવુ,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૫

માજી રીધી સીધી ધન ધામ દીજે,
જ્ઞાન બુધી આપો શત્રુ નાશ કીજે;
વસો જીવ્યા અગ્રે સવે દુખ હારી,
પામે જસ કીર્તિ પરીવાર નારી.
જોગમાયા વીના દુખ કોનેજ કેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવું. ૬

તમે ખેચરી ભુચરી ભદ્રકાળી,
તુતો બહુચરી તુળજા માત કાળી;
પંચ ભુતમાં આત્મા રૂપજ ભાસો,
તમો બ્રહ્મમાં પુર્ણ માયા પ્રકાસો;
અતી તેજ ત્રીલોકમાં તુજ તેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૭

દેવી ડુંગર મધ્ય આપે બીરાજે,
દેવળ જાળીયાં માળીયાં ખુબ છાજે;
રૂડા ગોખ તણી તે સોભા શું ગાઉ,

સ્વરૂપ માનુ દેખી પ્રસંન્ન થાઉં.
ઓઢયું જરકસી બાંટ અમુલ્ય એવુ,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૮
હેમ કહ્લાં ને સાંકળાં પાય સાર,
ઉર તુસીને પાટીયાં મુક્તા હાર;
નાકે વાળીની સોભા તે શું જ કહીયે,
કેસર આડ લલાટ તો ચંદ્ર લહીયે.
વાઘ વાહની ખડગ ત્રીશુળ તેવુ,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૯
મુસ્તક મોડ કંઠે ઘણા પુષ્પ હાર,
બીજાં આભુષણનો નવ પામુ પાર;
કેસર કસ્તુરી એલચી પાન લેઈ,
કાથો ચુનો લવીંગ સોપારી દેઈ.
બીડુ કરીને માતને નીત્ય દેવુ,
સદા અંબીકા અંબીકા નામ લેવુ. ૧૦
બની બાહાર બજારને ધર્મશાળા,
મળ્યા શાહુકારો મોહા ધનવાળા;
રચ્યા કુપ તળાવ બહુ નીર સારૂ,
જોતા માનુ સરોવર હરે મન મારૂ.
ત્યાં તો રાણા ને ચોકી ને દાણુ દેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવું. ૧૧
દેશો દેશના લોક હર્ષને આવે,
બહુ સંઘવી સંઘ સાથેજ લાવે;
તેની આશ અંબાજ અત્યંત પુરે,
આપે બુદ્ધિ વિદ્યા કરે શક દુરે.
અખીલ જગ્તમાં કો નથી તુજ જેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવું. ૧૨
રાણા ઉપરે માત તેં મહેર કીધી,
ઉપજ લાહુરી સર્વ તેનેજ દીધી;

સદા નૈષધ પુર મધે નીવાસ,
માતા અંબીકા તાહરો જાણુ દાસ.
બ્રજલાલ કહે હાથ જોડીને રહેવું,
સદા અંબીકા અંબીકા નામ લેવું. ૧૩.

ભાષણ–ભાઈસંકર બ્રજલાલનું.

સંવત ઓગણી અઠાવનના માગસર સુદ ચોદસને રવીવારે નૈષધપુર ઉરફે નરોડામાં દેવીસ્વરૂપ માતુશ્રી માજી દુર્ગાજી તથા વ્યાસજ્ઞાતી સર્વે ભાઇઓ મળી તથા માતાજી દુર્ગાજીના પરમ સેવક મોતીભાઈ ગરબડદાસ તથા કેટલાક ભકત મળી અંબાજીની પ્રતીષ્ટા કરી યજ્ઞ કર્યો. વરઘોડો કહાડયો તે સમયની શોભાનુ વર્ણન છે.

શ્રી અંબીકા સતી, આપો સુભ મતી,
સ્મર્ણ તારૂ નીત્ય કરૂં ધ્યાન તે ધરી. ટેક.
અંબે બહુચરમાતુ મારી, સુખ તણી દાતાર,
સેવકપર મા મહેર કરીને, અરજી ઉરધાર. શ્રી. ૧
જગત જનુની નૈસધપુર વાળી, કરૂણા કરજયો દ્રષ્ટ;
અંબે માતા મહેર કરીને, કાપો મારાં કષ્ટ. શ્રી. ૨
સઉ જન તારે શરણે આવે, દર્શન કરવા સાર,
તેમનાં ભય દુઃખ પાપ નીવારી, ભવજળ પાર ઊતાર. શ્રી. ૩
ભાવ થકી જો ધ્યાન ધરે તો, દુઃખ થકી મુકાય,
આદ્ય મધ્યને અંત્યે માતુ, સૌને કરજયો સાહ્ય. શ્રી. ૪
જગત જનેતા સાહ્ય કરોમા, પુરો મનની આશ;
સાહ્ય કરી સહુ વિદ્યા આપી, કરો બુદ્ધિ પ્રકાશ. શ્રી. ૫
નર નારી સૌ હરખ ધરીને, તમે દર્શને જાય,
તુજ મુખ જોતાં માતુ મારી, સઉ જન સુખીયાં થાય. શ્રી. ૬
માજી દેહેરા માંહે બીરાજો, ખડ્ગ ધારી કરમાંય;
સેવકને સુખ આપો માજી, કૃપા કરીને ત્યાંય. શ્રી. ૭
ગામે ગામના લોકો આવે, કૂળે ભાવંના સાદ;

કર્યાં કઇકનાં કામ તમે તો, તે સઘળાં વિખ્યાત. શ્રી. ૮
દીન દયાળી માતુ મારી, કર જોડીને કહું,
સેવક હું તો તારો માતા, નૈશધપુરમાં રહું. શ્રી. ૯
ભાઇશંકર વ્રજલાલ કહે છે, જ્ઞાતે કહાવું વ્યાસ,
સૌ સેવકને સાહ્ય કરો મા, પુરો જનની આસ. શ્રી. ૧૦

માતાજીની પ્રતિષ્ઠાન, દિવસનો વરઘોડો.

(વરઘોડા દ્વારકેસનો એ રાગ.)

સંવત ઓગણીસે અઠાવન તણોરે, રૂડો માગશર માસ કહેવાય,
સુદી તેરસનો દીન છે રૂડોરે, સૌને આનંદ અંગ ન માય.
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન,
વૈભવ મોટી માતનો. ૧

સેવકનાં દુઃખ ભાગવા માટે, થયાં વાઘ ઉપર અસ્વાર,
આપ ઇચ્છાએ આવીયાંરે, નૈષધપુરની કરવા વહાર;
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન.
વૈભવ મોટી માતનો. ૨

ઠાકોર ડાકોર પધારીયારે, પુરી બોડાણાની હામ,
તેવી ભકિત દુર્ગા માતનીરે, તેથી આવ્યાં નરોડા ગામ;
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન.
વૈભવ મોટી માતનો. ૩

માજીની શોભા શી વર્ણવુંરે, રચના રચી છે અપાર,
આદ્યશકિતની મહેર વડેરે, કાંઇએક કરૂં ઉચ્ચાર;
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન.
વૈભવ મોટી માતનો. ૪

પંચામૃતવડે માજીનેરે, ચોળી કરાવ્યું સ્નાન,
અંગે તેલ ફુલેલ લગાવીરે, માના સેવક બન્યા ગુલતાન;
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન.
વૈભવ મોટી માતનો. ૫

પછી વસ્ત્ર પહેર્યાં વીધ વીધ જાતનાંરે, માને સાળુડે કસબી કોર;
સુંદિર સોહે માને કંચુકીરે, રૂડા ચણીયે ઘુઘરીયોની ઓળ.

વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન,
વૈભવ મોટી માતનો. ૬

કંઠે બીરાજે સોના સાંકળીરે, મોટી મુક્તાફળની માળ,
નાકે વાળી સોભતીરે, એવી અંબે છો દીન દયાળ;
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન,
વૈભવ મોટી માતનો. ૭

કાને બીરાજે ઝુમણુંરે, ઝગે ટીલડી લેલાટે સાર,
માને અંગે આભુષણુ ઓપતાંરે, તેપર સોભે એકાવળ હાર;
વરઘોડો અંબેમાતનો, જુઓ જુઓરે સભાના જંન.
વૈભવ મોટી માતનો. ૮

દેવી હસ્તે ચુડો રૂડો શોભતોરે, જોડે કંકણુ શોભે સાર;
માને ભુજે બાજુબંધ બેરખારે, ચર્ણે નેપુરનો ઝણુકાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૯

કલ્લાં સાંકળાં શોભે અતી ઘણુંરે, કાંઇ શોભાનો નહિ પાર;
નખ શીખ આભ્રણુ પહેરીયાંરે, કેશર અર્ચા કીધી છે સાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૦

પુષ્પમાળા ગજરા બેરખીરે, ચારૂ ચાખડી પહેરી બે ચર્ણું;
એવી રીતે શણુગાર સજીરે, પાલખીયે ચઢીયાં અશરણુશર્ણું.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૧

ચાલે સર્વે ચતુરાઇથીરે, માની સાથે છાબેલાની હાર;
સુંદીર શોભે ઘોડા રથ પાલખીરે, આગળ વાજીંત્ર વાગે અપાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૨

ચોત પોતાના બનાવથી ચાલેરે, સર્વે કો જેમ જેનું મન;
નગર સર્વે ચાલ્યું હળીમળીરે, પહેરી ઓઢીને પ્રસન્નવદન.

વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૩

વરઘોડાની શોભા અતી ઘણીરે, આગળ ચાલે અસ્વાર;
મંગળ ગાય પુંઠે માનુનીરે, નહિ પાયદળ જનનો પાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૪

આતસ બાજી ઉડે ઘણીરે, નેજા ફરકે ચોપાશ;
નીશાન ડંકા વાગે ઘણારે, માહે ટકોરખાનાનો છે તાસ.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૫

ઢોલ દદામાં વાગતાંરે, બીજા વાજીંત્ર વાગે અપાર;
ઘણી ખમા મોતીયાં વાળીનેરે, નકી પોકારે આગળ છડીદાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૬

ઘણી ખમા મારાં માતનેરે, મૈયા શેવકની પુરો આશ;
એક જીભ્યાયે શું વર્ણવુંરે, માને ચમર ઢળે ચોપાસ.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૭

વરઘોડો ચઢી ત્યાંથી ગયોરે, પ્રથમ સ્થાનક માનુ છે જ્યાંય;
ત્યાં પધરાવી માની પુજા કરીરે, પછી આવીયાં ગામની માંહ્ય.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૮

ગામમાં આવી આણુ વરતાવીરે, ફરીયાં નગર ચોફેર;
ઘેર ઘેર પધરામણી થાયે ઘણીરે, વાગે ઘંટ નોબતને ભેર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૧૯

નગરમાં ફરી પાવન કર્યુંરે, માયે ચોકી મુકી ચોફેર;
આજનો દીન અતી ઉજળોરે, થઇ છે ઘેર ઘેર લીલાલહેર.

વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૦

વરઘોડો ફરીને પધારીયોરે, જ્યાં છે વસવા માનો મુકામ;
જયજયકાર શબ્દ ગાજી રહ્યોરે,આયે પાવન કરીયું છે ધામ.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૧

તે દીન વેદીયા આવીયારે, મોટા બ્રહ્મવેતા ગુણી જંન;
હુવન કરી સર્વે દેવનેરે, આપી આહુતી કરીયા પ્રસંન્ન.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૨

ચૌદશનો દીન રૂડો આવીયોરે, સૌને આનંદ અંગ્ર ન માય;
માનો ચાચર ચોક સોહામણોરે, માંહે પરનાળે ઘ્રત હોમાય.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૩

મધ્યાન સમે ત્યાં માજીનીરે, કરી પુજા વીવીધ પ્રકાર;
સેવક માના સર્વે મળ્યારે, રૂડા પહેરાવ્યા સોળ શણગાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૪

અબીલ ગુલાલ ઉડે ઘણાંરે, કુમકુમ અક્ષત લીધા છે હસ્ત;
દેવળમાં માને પધરાવીયાંરે, કેશર અર્ગજા છાંટે સમસ્ત.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૫

દેવળમાં માને પધરાવીયાંરે, નથી સોભાનો કંઇ પાર;
ધુપ દીપ નૈવેદ ધરાવીનેરે, હરખ્યા સેવક તે અપરંપાર.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૬

એવી રીતે માજી પધારીયાંરે, ગુણ ગાય તમારો દાસ;
ભાઇશંકર માને વીનવેરે, મારો નૈષધ પુરમાં વાસ.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૭

રાજનગરની પાસમાંરે, મ્હારી વ્યાસની જ્ઞાત;
સેવકનાં દુઃખ ભાગતાંરે, એવાં જગદંબા છો સાક્ષાત.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૮

ભુલ ચુકની માફી માગુરે, હું સર્વે કવીનો દાસ;
સર્વે સભાને નમન કરૂંરે, નથી પીંગળનો અભ્યાસ.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૨૯

મ્રીજલાલ વ્યાસનો દીકરોરે, વદે ભાઇશંકર ભલી ભાત;
સર્વે સભા જન ઉમંગથીરે, બોલો જયજય અંબે માત.
વરઘોડો અંબે માતનો, જુઓ જુઓરે સભાના જંન;
વૈભવ મોટી માતનો. ૩૦

કામ છે દુષ્ટ વિકારી—એ રાગ.

દેવી અંબા છો દીનદયાળી, અહો દેવી અંબા છો દીનદયાળી. ટેક.
મંડપ માંહે આપ બીરાજો, રૂડુ શોભે સીંગાસન માડી. અહો.૧
જગત જનેતા સાહ્ય કરોમા, સૌના સંકટ નાખોને ટાળી. અ. ૨
સુર સનકાદીક આપને સમરે, ત્યાં ભગત ભરાય છે ભારી. અ. ૩
સૌ સેવક પર મહેર કરોમા, મીઠી નજરે નીહાળી. અ. ૪
છત્ર મુગટ માને માથે બીરાજે, ઝગે ટીલડી લેલાટે સારી. અ. ૫
ભાઇશંકર મ્રીજલાલ કહે છે, જોઇ રૂપને જાઉ બલીહારી. અ. ૬
વ્યાસ જ્ઞાતે નૈષધપુર વાસી, આપો ભક્તિ મુજને તમારી. અ. ૭

નૈષધપુરી અંબીકા—માતુશ્રીના બાર મહિના.

અલબેલી અંબીકા તારો દાસ છું, ટેક.
કારતક માસે કહું છું તુજને કરગરી;
માતાજી મહેર કરો તમે આજજો,
તમ દર્શનને માટ અમો સૌ આવીઆ.
અંબા દર્શન દો સેવકને સાક્ષાતજો. અલબેલી.
માગશર માસે મહેર કરો મુજ માવડી,

અમો છીએ તમ ચરણના દાસજો;
દુઃખ ટાળીને સુખ આપો માજી રંકને,
અમને માજી આશ તણો આધારજો. અલબેલી.
પોષ માસે તો પ્રસન્ન છે મન માહરૂં,
તમો દેવી ચઢો સેવકની વહારજો;
દુઃખના ડુંગર દુર કરો મુજ માવડી,
જગત જનેતા કરો જયજય કારજો. અલબેલી.
મહા મહિને તે મનથી કેમ વીસારીયે,
તમ દર્શન વીણુ દુઃખ પામે આ તંનજો;
અધર્મી બહુ કરમીરે હું અભાગીયો,
નવ જાણું ભક્તિ તુમારીનો લેશજો. અલબેલી.
ફાગણુ માસે ફરી ફરી દર્શન કરૂં,
તુજ મંડપમાં મોહ્યું માહરૂ મંનજો;
હરૂ ફરૂને આવું આપની આગળે,
દેવી દર્શન દેઇ પુરો મારી આશજો. અલબેલી.
ચૈતર માસે ચીતથી ચાહુ તુજને,
માજી તમો રંક તણાં રખવાળજો;
નૈષધપુર છે રૂડુરે આ રાજમાં,
જગત જનુની તેમાં અંબે માતજો. અલબેલી.
વૈશાખે વસીયેરે માની છાંયમાં,
માતાજી સહાય ધરૂં તુજ ધ્યાનજો;
દર્શન આપો દાસને ઓ માવડી,
તમો હવે નવ કરશો ઝાઝી વારજો. અલબેલી.
જેઠે ઝટપટ જઇયે માના મંડપમાં,
ત્યાં જઇ કરીયે દુઃખ કેરી વાતજો;
આદ્ય ઇશ્વરી સૌને સુખ દાતાર છો,
મહેર કરી મા દુઃખ ટાળો આ વારજો. અલબેલી.
અસાઢ માસે અંબીકા તારો આશરો,
તમ દર્શનની ખરી થઇ છે ખંતજો;

જગત વીષે તું સાચી, અંબે માવડી,
તુજ દર્શન વીણુ ધીક પડ્યો અવતારજો. અલબેલી.
શ્રાવણમાં માતાજી તો સનમુખ છે,
આણંદી અંબે આવું તમારે દ્વારજો;
રમી જમીને દર્શન કરીયે તાહરાં,
હરીયે ફરીયે કરીયે નવલા ખેલજો. અલબેલી.
ભાદરવે ભણકારા વાગે અતી ઘણા,
ઘણી ભયંકર ઘરની લાગે ભોમજો;
મેહેર કરી મા આવ્યાં નરોડા ગામમાં,
નરોડામાં અલબેલી અંબે માતજો. અલબેલી.
આસો માસે અમને તારો આશરો,
સુખ આપી મા કરો સેવકનાં કાજજો;
આદ્ય શક્તી અલબેલી મારી માવડી,
દુઃખ કાપો દુનીયાંનાં આણી વહાલજો. અલબેલી.
અધીક માસે અતી ઘણો ઉમંગ છે,
કહે ભાઇશંકર માજીની સનમુખજો;
અંબીકા તમ પુજીને માગુ એટલું,
માજી મુજ પર આપ તણી રક્ષાયજો. અલબેલી.

અંબીકાના સાત વાર.

આદીતે અતી પ્રેમ, મનડે મહારેરે;
જાઉ દર્શન કેરે કાજ, માને પારેરે.
સોમે મા સનમુખ, જઇને નમીયેરે;
કરી રૂડા રાગને રંગ, ત્યાં જઇ રમીયેરે.
મંગળવારે માત, જગતની દાતારે;
અમે આવી તમારે ધામ, ગુણ બહુ ગાતારે.
બુધે બેઠી માત, જાઉ બલીહારીરે;
થઇ વાઘ ઉપર અસ્વાર, ત્રીશુળ ઝાલીરે.
ગુરૂવારે ગરીબને માત, તમે તો તારોરે;

તમો ચઢો અમારી વહાર, બાળ ઉગારોરે.
સુકર વારે સોભા, માની સારીરે;
હું નમીને લાગુ પાય, મા તું મહારીરે.
શનીચે શણગાર, ધર્યા છે માથેરે;
ભાઇશંકર તારો દાસ, ગુણ તો ગાયેરે.

અંબીકાની પંદર તીથીયો.

રૂડા નવરાત્રીના દીન, ઉમંગે આવેરે;
માજીના મંડપ માંહ્ય, ઝવેરા વાવેરે.
પડવે પરથમ પાય, માજીને નમીયેરે;
તમે દયા કરોને માત, ગરબે રમીયેરે.
બીજે બહુચર માત, છો સુખકારીરે;
અમ ઉપર કેરજયો, મેહેર માતુ મારીરે.
ત્રીજે તુળજા માત, તમ ગુણ ગાઇયેરે;
મન આણી ઘણો ઉમંગ, દર્શને જઇયેરે.
ચોથે ચતુરા માત, જાઉ બલીહારીરે;
સીંધાસન સોભે માત, નેજાં ધારીરે.
પાંચમે પુરણ પ્રેમ, અમ પર ધરજયોરે;
દયા કરીને માત, દુખડાં હરજોરે.
છઠ્ઠે છે સનમુખ, સીલંકો સારોરે;
રૂડો આથમણો છે ગોખ, માજી તારોરે.
સાતમે સૌ લોક, સમરે તમનેરે;
અમે છીએ તમારા દાસ, આશરો અમનેરે.
આઠમે અષ્ટ ભુજાય, નામ તમારૂંરે;
મુજ મંન ઘણુ અકળાય, જોવા સારૂંરે.
નોમે નવ દુર્ગા માત, તમને નમતોરે;
રૂડા ચાચર ચોકની માંહ્ય, આવી રમતોરે.
દસમે કરી દર્સન, સઉ દુઃખ ખોયાંરે;
અલબેલી અંબે માત, નજરે જોયાંરે.

એકાદશી અતી પ્રેમ, સર્વે લાવેરે;
મોટું અંબીકાનું ધામ, દર્શને આવેરે.
બારસે બાળ સ્વરૂપ, રસીક રૂપાળુરે;
રૂડા સોભી રહ્યા શણગાર, કસબી સાળુરે.
તેરશેઃ ત્રીશુળ, કરમાં ધારીરે;
કરો દુષ્ટનો સંહાર, માતુ મારીરે.
ચૌદશે ચૌદે લોક, તમને જાપેરે;
કરે ભાવથી ભક્તિ જેહ, સુખ કરી સ્થાપેરે.
પુનમે પુજા થાય, પુનમીયા આવેરે;
કરે ધુપ દીપ નૈવેદ, થાળ ધરાવેરે.
પંદર તીથી સાત વાર, જે કોઇ ગાશેરે;
થાશે અંબે પરશંન, દુઃખડાં જાશેરે.
ગાય ભાઇશંકર વ્રીજલાલ, જ્ઞાતે વ્યાસજરે;
મારો નૈષધપુર મુકામ, તમારો દાસજરે.

નૈષધપુરી માતા અંબીકાના દેવળનુ વર્ણન.

શું વર્ણન કરૂં હું ભારી, સોભે મંડપ રચના સારી. ટેક.
માનુ દેવળ સોભે સારૂ, જોતાં મનડુ મોહ્યું મારૂરે;
માજી બેઠાં ખડગને ધારી. શું વર્ણન.
ફરતો કોટ અતી છે સારો, માંહે ચોક રસીક રૂપાળોરે;
ત્યાં ગરબા ગાય નરનારી. શું વર્ણન.
દેવળ આગળ પીંપળા સોભે, દર્શન કરતાં મનડુ લોભેરે;
કામ સોભે છે મીનાકારી. શું વર્ણન.
દીસે બાગ જોડે ત્યાં રૂડો, તેમાં અનેક જાતનાં પુલોરે;
પાસે કુઇ બની છે સારી. શું વર્ણન.
ખીલ્યાં પુષ્પ દીસે છે સારાં, જુઓ એક એકથી ન્યારાંરે;
માને ચઢે છે સાંજ સવારી. શું વર્ણન.
માંહે ગુલાબ મોગરો સારો, પાસે તુળશી કેરો કયારોરે;
તેથી સોભા બની બહુ સારી. શું વર્ણન.

શીવ પાર્વતી સાથે ગણેશ, પાસે નંદી શોભે બેશરે;
અંજની સુત આનંદકારી. શું વર્ણન.
લેઈ ગદાને ઉભા રણધીર, સામા બેઠા ઓખા વીરરે;
કરી મુસક ઉપર અસ્વારી. શું વર્ણન.
પંચ દેવે કર્યા છે વિવેક, રાખ્યુ રહેઠાણુ સૌએ એકરે;
પુજા થાય છે સાંજ સવારી. શું વર્ણન.
પાસે માત દુર્ગાનો મુકામ, જોડે રસોઇ બનાવાનો ઠામરે;
કરૂ વાત વિવેકે વીસ્તારી. શું વર્ણન.
જુદો ભવાઇ કેરો ઠાઠ, તેમાં શીખે છોકરા પાઠરે;
લાગે ભવાઇ માને પ્યારી. શું વર્ણન.
નવ નવરાત્રી રંગરેલ, આગળ થાય ભવાઈનો ખેલરે;
જોવા મળે છે નરને નારી. શું વર્ણન.
માની અખંડ જોતો ઝળકે, દેવળ ઉપર નેજા ફરકેરે;
મેં તે નજરે જોયુ નીહાળી. શું વર્ણન.
કાને કુંડળ કંઠે હાર, તુશી પાટીયાં સાંકળી સારરે;
રૂડી શોભે છે નાકે વાળી. શું વર્ણન.
કંકણુ ચુડી પહેરી છે હાથે, કડાં વેઢ વીંટીયો સાથેરે;
દસે આંગળીયો સોભે સારી. શું વર્ણન.
બાજુબંધને પોંચી રસાળ, ઉરે મુક્તાફળનો હારરે;
ઝગે ટીલડી લલાટે સારી. શું વર્ણન.
કટી મેખળા સોભે સાર, પાયે નેપુરનો ઝણકારરે;
એવી અંબે છે આનંદકારી. શું વર્ણન.
માને આડ કેશરની ભાલે, ટપકુ કસ્તુરી કેરૂ ગાલેરે;
બેઠાં સનમુખ નેજા ધારી. શું વર્ણન.
માથે મુગટ હીરે જડેલો, દેવી પાછળ તકતો મઢેલોરે;
આગળ ગંગાજળની ઝારી. શું વર્ણન.
માએ શણગાર સોળ ધર્યા છે, મુખે તાજાં તંબોળ ભર્યાં છેરે;
દર્શન કરીને જાઉં બલીહારી. શું વર્ણન.
કઈ પાપીના પ્રાણુજ લીધા, કઇ દુષ્ટોને દંડી દીધારે;
કરી વાઘ ઉપર અસ્વારી. શું વર્ણન.

માજી દુર્ગા તે ધ્યાન ધરે છે, નિત્ય પુજા તે પોતે કરે છેરે;
એઠાં દ્રઢ વીશ્વાસને ધારી. શું વર્ણન.
ગાય ભાઇશંકર વ્રીજલાલ, માચે મુજને કીધો ન્યાલરે;
રહુ નૈષધપુર મોઝારી. શું વર્ણન.

પ્રભુ સ્તુતી પદ.

રંગીલા રામ તહારૂ;નામરે લેતાં તે મહારૂં કારજ સર્યું છે;
રંગીલા રામ તારૂ. ટેક.
કરૂણાળુ કૃષ્ણ ધણી, કરી તમે કૃપા ઘણી;
સેવા તુજ નામ તણી, સારીરે; તે સ્વરૂપ મારા અંતરમાં
ઠર્યું છે. રંગીલા. ૧
મનુષ્યા જન્મ મણી, વારંવાર ન આવે બણી;
લેને સીતારામ ભણી પ્યારારે, સમરતામાં સંકટ તો હર્યું છે.રં.૨
ત્રીકમજી ત્રીવીધી ટાળો, કેશવ સર્વ કર્મ બાળો;
અમૃત દ્રષ્ટે ભાળો આજરે, કારજ મારૂં સર્વે સર્યું છે. રં. ૩
અધમ અજામેલ એવા, ગજ ગુણકા પણ તેવાં;
રંકાવંકા સજના જેવા છેકરે, સાચે ભાવે સૌએ તર્યું છે. રં. ૪
દુખ સૌ દેવનુ ભાળી, લીધો અવતાર ધારી;
નાખ્યા દૈત કૈક મારી પ્રચંડરે, અવીનાશી એવુ રૂપ ધર્યું છે.
જે કોઇ તમ શર્ણે આવે, તે તો મન વાંચ્છીત પાવે;
સદા ભુદરને ભાવે નીત્યરે, મન તો વ્રીજલાલનુ વર્યું છે. રં. ૬

પદ ૨ જુ.

સમર સીતારામ, મનવા, સમર સીતારામ; ટેક.
કાળ અચાનક જાળ નાખીને, તને પકડશે નીદાન.
માર મારીને મહા દુખ દેશે, તારૂ પડયું રહેશે ધનધામ.
મનવા સમર. ૧
સગાં સ્નેહી સુખનાં બેલી, સૌ મોટપણે દે માન;
આખર એવી વખત આવે, કોઇ નવ આવે કામ. મ. ૨

ઘડી ઘડી તુજ આયુષ્ય ઘટતુ, તોય સુખથી ભુલ્યો સાન;
સચીદાનંદનુ સ્મર્ણ કરજે, તેને જપને આઠે જામ. મ. ૩
સદગુરૂ વીણ સીદ્ધી મળે નહિ, ટળે ન તનનુ તાન;
મહાવાકય તત્વજ્ઞાન આપી તને, નીરભે સોંપસે નામ. મ. ૪
શંસે શોકને સેજે સમાવે, પાય જ્ઞાન અમૃત પયપાન;
બ્રહ્મ સ્વરૂપનો ભેદ દર્શાવે, ત્યારે સરે તારૂ કામ. મ. ૫
મહારૂ ને તારૂ મન મળે નહિ, ભુલ્યો દેહાદીક ભાન;
સુત્રાત્મા સર્વે એક દેખીને, સૌ વૃતીયો પામી વીરામ. મ. ૬
ચૈતન એક ચરાચર લેખ્યો, પછી ગાય ગોવિંદ ગુણગાન;
બીશ્વંભર વિશ્વમાં દીઠોને, સદા ઠરીને બેઠો ઠામ. મ. ૭
જગ્ત પદાર્થ મીથ્યા જાણીને, જ વસ્યા એકાન્તે રાન;
સોહંગ બ્રહ્મસુ સુરતી બાંધી, પછી સદ્ય પામ્યા તે સ્વધામ.
જીવ મટીને શીવ થયા શુભ, સમજુ સંત સુજાણ;
કહે મીજલાલ એ જીવન મુક્ત, ગગને કીધું ગામ. મનવા. ૯

પદ ૩ જુ.

જાવું જરૂર મરી, મેલીને સર્વે, જાવું જરૂર મરી; એ રાગ.
સંસારીયામાં ભજ પરી બ્રહ્મને ભાઈ, સાચી છે સંતની સગાઇ; ટેક.
માત પીતા સુત દારાને અર્થે, ધન મેળવે ધાઇ ધાઇ. સં. ૧
કામ ક્રોધ લોભ મોહને મમતા, તુજને જશે જોને ખાઈ.સં. ૨
આરે કાયા જોને સંગી નથી તારી, તેથી તેં બાંધી સગાઇ. ૩
પૃથ્વી પાણી ગગન વાયુ અગ્નિ,જશે પંચ ભૂત પંચમાં સમાઇ.
ચોવીશ તત્વ અરસ પરસ સર્વે, પચીસમો નીર્ખો જઇ.સં.૫
ચ્યાશી બાવન બહાર નીરંજન, સતગુરૂ મળતાં તું પાઇ. ૬
સચીદાનંદ ગુરૂ મળે બ્રહ્મવેતાં, સહેજે દે પળમાં બતાઇ. ૭
મીજલાલકહે નીશ્ચે જેના મનમાં,તે નર ઘેર બેઠા ગંગા નહાઇ,

મહેમદાવાદની વેરઇ માતાની સ્તુતી છંદ ભુજંગની ચાલ.

નમો વેરઇ વ્યાસોલણી આદ્ય દેવી, બ્રહ્મા વીશ્નુ માહેશ્વરે સદ્ય સેવી;
તારા ગુણુ ગાવા અભીલાખ રાંખુ, જેથી માત રીઝે વાણી શુદ્ધ ભાખુ.
વસો જીભ્યાએ બ્રહ્મ કન્યા કુમારી, સેવો વેરઇમાત આનંદકારી.
તારૂં તેજ ત્રીલોક માંહી તપે છે, સુર દેવ મુની જાપ તારા જપે છે;
દેવી ભાળતાં ત્રીવીધી તાપ જાયે, નાસે શોક સંતાપતો દુર થાયે.
સોભે ખડગ ખાંડાં ને ત્રીશુળ ભારી, સેવો વેરઇ માત આનંદકારી.
મા કઇ વાંઝીયાં ને તમે પુત્ર દીધા, કઇ નપુસક નેજ પુરૂષ કીધા;
મા વ્યાસના પુત્રની વારે ચઢીયાં, દેવા દુષ્ટને દંડ પાછળ પડીયાં.
તેને મૃત્યુના ભેથી લીધો ઉગારી, સેવો વેરઇમાત આનંદકારી.
માર્યા ચંડને ધુમ્ર ને શંખ ચુંડ, વીધુ રાત દારૂણ ને તરણ મુંડ;
કઇ દૈતનાં શીશ માયેજ છેદ્યાં, ઘણાં અસ્ત્ર શસ્ત્ર કરી અંગ ભેદ્યાં.
તેના રૂધીરની સરીતાજ ભારી, સેવો વેરઇ માત આનંદકારી.
નવે નોરતાં માતનાં સુભ જ્યારે, મળી નરનારી ગાતાં ગીત ત્યારે;
કરે અષ્ટમી હોમ આહુતી આપે, ધુપ દીપ નૈવેદ લૈ કષ્ટ કાપે.
ભણે વીપ્ર સપ્ત સતી ચંડી સારી, સેવો વેરઇમાત આનંદકારી.
લક્ષ્મી હોમ કરીને શ્રીફળ હોમે, વાગે ભેર ભુંગળ અતીજ જોમે;
નોબત ઢોલ તાંસાં ઘણા ઘંટ ગાજે, સોભા જોઇને ઇંદ્ર વઇભવ લાજે.
બળીદાન લેઇ બેઠાં છત્ર ધારી, સેવો વેરઇ માત આનંદકારી.
મોટા મહેમદાવાદ માજી બીરાજે, કર્યાં કઇક સેવકનાં શુભકાજે;
વળી વ્યાસના ઉપરે મહેર ઝાઝી, ક્ષ્વા રોગથી વ્યાસ ઉગારે માજી.
જેવી પુત્રને રાખે છે મહા તારી, સેવો વેરઇમાત આનંદકારી.
માની માનતાતો અતીશેજ આવે, શ્રીફળ મેવા છત્ર પકવાન લાવે;
કૈ ચુંદડી ઘાટડી શણુગાર સારા, કરી ભેટ માગે કાપો કષ્ટ મારાં.
વાંછીત ફળ આપેછે નેજા ધારી, સેવો વેરઇ માત આનંદકારી.
માજી ધામ ઉગમણા ગોખવાળી, બની સોભતી આગળે લોહજાળી;
દેવળ ઉપરે પીંપળો રહ્યો છાઇ, તેના સામી છે તુળસી સુખદાઇ;
વળી આપના નામનો કુપ ભારી, સેવો વેરઇ માત આનંદકારી.
ગર્જે માંનતા માંને આરત આણી, પછે જાગતા મુતરે મન જાણી;

એવા દુષ્ટની હોય દાનત કાળી,કરી ક્રોધ માજી તેને દેછે ઢાળી.
લેછે દશ ઘણુ દામ તે માત મારી,સેવો વેરઇમાત આનંદકારી.
પાપી ક્રોસલાવે હંતો નોય ભોળી,ન આપે ચૌડો તો સાટે લેઉ ગોળી.
લઉ પ્રાણુ તેના પલમાંજ કહાડી,જે કોઇ માનતા મારી બેસેજ પાડી.
તારા મંનમાં જો તુ વાત વીચારી,સેવો વેરઇમાત આનંદકારી.
કંઠે પાટીયાં તુસીને સીત્રમાળ,હીરા સાંકળી ઝુમણુ ઝગે ભાળ.
ઘણી પુષ્પમાળા એકાવળ હાર,સોના સાંકળાં કલ્લાંને કાંબી સાર.
પાયે નેપુર વીંછવા સુભ ધારી, સેવો વેરઇ માત આનંદકારી.
કાને વાળીયો ઝાલ જડીત્ર જોઈ,મોતી દામણી ચંદ્ર ચકોર મોહી.
મોતી શેર સીંદુર સેંથોજ કોરે,કર્ણ ફુલ જડીત્ર તે ચીત ચોરે.
બાંયે બાજુબંધ બેરખા લુબ વાળી,સેવો વેરઇમાત આનંદકારી
ચુડી કાંકણી હાથે છે સુખ કારી,છલા છાપ આરીસી પોંચીજ ભારી.
કસી કંચુકી કનકની હાંર દોર,સાળુ રાતો ફરતી કસબીજ કોર.
કોટી કામ સુર્ય શશી સુખ ન્યાળી,સેવો વેરઇમાત આનંદકારી.
અર્ધ ચંદ્રસમ ભાલમાં આડ રાતી,તપે ટીલડી નાકે વાળી સોહાતી.
દંત દાડમ કંઠ કોકીલા સુર, ગોરા ગાલ પર ત્રાજવુ ભરપુર.
કીધી બંનગી ત્રીકુટી મધ્ય પ્યારી, સેવો વેરઇમાત આનંદકારી.
મૃગલોચની નેત્ર આંજેજ જયારે,સજયા સોળસણુગાર માએજ ત્યારે.
ચૌદ લોકમાં નથીકો વેરાઈ જેવું,માજી તાહરા ચર્ણ પ્રેમેજ સેવું.
તારા જસ આગળ સુમતીજ મારી, સેવો વેરઇમાત આનંદકારી.
વ્યાસ રણછોડદાસનુ કાર્ય કીધુ,તેણે દેવળ દેવીનું ચણાવી દીધુ.
તારે પારેથી પુત્ર વેચાથી લેતા, આપી દામ માજીતણા જસ કહેતા.
તને વ્યાસની લાજ સારી નઠારી,સેવો વેરઇમાત આનંદકારી.
ફાગણસુદ પુર્ણીમાની રૂડી રાતે,થાય ઓછવ તારો વિવિધ ભાતે.
મળી પુરૂષને ગાન તારૂ કરેછે,ભણે છંદ સ્તુતી ધ્યાન ધરેછે.
તારા ગુણ ઘણા જેમ સમુદ્ર વારી,સેવો વેરઇમાત આનંદકારી.
સાંજે દર્શને વ્યાસ સર્વેજ આવે,તેતો માતને મંન અધીક ભાવે.
માને પારે બેઠા માના છંદ બોલે, નાવે વેરઈ માતની કોઈ તોલે;

માની મુર્તિ અનુપ છબીજ ન્યારી, સેવો વેરઈ માત આનંદકારી.
સ્ટેસનથી ગામમાં સડક કહાડી, હુકમ કીધો દેવળ નાંખોજ પાડી;
માયે હુકમદારને વાણીજ કહી, દેરૂ પાડતાં પ્રાંણુ ખોશોજ સહી.
એવી સ્વપ્નામાં વાત સર્વે ગુજારી, સેવો વેરઈ માત આનંદકારી;
ચમત્કાર કે લોકને તેં દેખાડયા, દુષ્ટ નરને મુળમાંથીજ કાડયા.
સેવે સકળ સૃષ્ટી તેતો સુખ સારૂ,ભલા ભાઈ માનો ભલુ વેણુ મારૂ;
માને સમરતાં દુખ નાખે વીદારી, સેવો વેરઈ માત આનંદકારી.
માતુ વ્યાસની નાતની વાર કીજે, તેને દેશપરદેશમાં સુખ દીજે;
સદા વેરઈ માત ભરૂસો છે તારો,જયાં સમરીએ ત્યાં આવીને ઉગારો,
એક જીભ્યાએ શું કરૂ સ્તુતી તારી, સેવો વેરઈ માત આનંદકારી.
કરે પાઠ આ છંદનો ત્રણુ કાળે, દેવી તેહનાં દુખતો તર્ત ટાળે;
જપે મધ્યાને જે કોઈ ભક્તજંન, આંપે વીધાનું દાન થૈને પ્રસંન,
સાંજે સમર્તાં પામશે મોક્ષ બારી, સેવો વેરઈ માત આનંદકારી.
ગામ નરોડા મધે સદાય રહેછે,વ્યાસ વીજલાલ ઉગેદરામ ચહેછે;
વેરઈમાતનો છંદ પોતે બનાવ્યો, માનો જસ સુણી મને ભાવ આવ્યો,
વ્યાસ વહુવે કરી છે વાત સારી, સેવો વેરઈ માત આનંદકારી.
સંવત ઓગણી એકતાલીસ સાર, કારતક સુદ એકમને રવીવાર;
સીખે સાંભળે ગાય જે પ્રેમ આણી, તેનાં કષ્ટ કાપે વેરઈ દાસ જાંણી,
આપે પુત્ર પરીવાર ધંન ધાંમ નારી, સેવો વેરઈ માત આનંદકારી.

(ગામ નરોડાના નળેશ્વર મહાદેવનો છંદ—ત્રીભંગીની ચાલનોછે.)

સેવો કૈલાસપતીભોળો ઈશ,સોભે ગંગા અતી શીશ,જપે જેને જગદીશ
સંગે સતી ગવરીશ, કામ બાળ્યો આણી રીશ, કંઠે ધર્યું માહાવીષ;
ચઢે વીભુતી અહોનીશ, દેખી દુષ્ટ પાડે ચીસ. ૧
છે નીર્ગુણુ નીજ સાર, અલિગત છે અપાર, અનંત લોકનો આધાર,
બ્રંહ્મ ભવ આરપાર, સુભ સ્વરૂપ વીચાર, કરે સૃષ્ટીનો સંહાર,
પુરૂષ રૂપ ઓંકાર, તત્વ ચોવીસનો તાર. ૨
આદ્ય મધ્ય અંત્ય એવ, તપ કરવાની ટેવ, અજર અમર અભેવ;
ત્રીપુર વધ્યો તતખેવ, સુખ પામ્યા સૌતેવ, પુત્ર ગણુપતી દેવ,
સુધ્ય બુદ્ધ કરે શેવ, અરૂપ નીરૂપ અછેવ. ૩

કેફ કરે ચકચુર, ઘણા ગણ છે હજુર, તપે મુખ કોટી સુર;
ભાલચંદ્ર ભરપુર, નાગ દેખી નાસે દુર, મુંડમાળ સોહીએ ઊર,
ડાક ડમરૂ ત્રીસુળ, ઘણાં વાગે રણતુર. ૪
નારી નાચે મોહફંદ, ગણ ગાય શીવ છંદ, વાગે મધુરી મ્રદંગ;
શીવ કરે છે આનંદ, ઈશ આનંદનો કંદ, મુખ વંધો મુકરંદ,
દેખી છુટે ભવ બંદ, આવે દેવ ટોળાં વૃંદ. ૫
જંગી ભંગી હું આજારી, વૈતાળ રાક્ષસી ભારી, ડાકણ સાકણ મળી સારી;
ઊભા ભૈરવ ધોકા ધારી, આવ્યાં અંનપુર્ણા નારી, સીવસેન્યા છે અપારી,
કરે સેવ ન્યારી ન્યારી, સીવ બેઠા આસન વાળી. ૬
વંદે વેદ વારંવાર, કરે સ્તુતી અપાર, સુણો સંભુજી આ વાર;
આક ધંતુરાનો અહાર, બાજે સીંગીનાદ સાર, તાન સુર એકતાર,
ટાંડવ ગાય મળી નાર, વહે અંગ એક ધાર. ૭
નળ નગરીના વાસી, ધરી ત્રીશુળ પ્રકાસી, બ્રંહ્મ લોકના નીવાસી;
ધન્ય અલખ અવીનાસી, નારદ સારદ સંન્યાસી, રૂષી સહસ્ત્ર અઠયાસી,
સર્વે તમો ગુણ ગાસી, કરી ધ્યાન બ્રંહ્મા ધ્યાસી. ૮
મુખે માગ્યો વર આપે, પોતાનો કરીને સ્થાપે, દુખ દુનીયાંનાં કાપે;
રીઝે પુજા પાઠ જાપે, તેને પુત્ર સમ છાપે, જશ નવખંડે વ્યાપે,
તજ્યો ત્રીવીધીના તાપે, મુકયો કોટી જન્મ પાપે. ૯
નીત્ય દર્શને આવે, ભોળા નાથને તે ભાવે, દુઃખ દ્રષ્ટીમાં તે નાવે;
મનવાંચ્છીત તે પાવે, સદ્ય કૈલાસે તે જાવે, નંદી પતી મન લાવે,
મીજલાલ જશ ગાવે, મને ભોળોનાથ ભાવે. ૧૦

દોહરો.

શિવ સચ્ચિદાનંદ છે, સર્ગુણ બ્રંહ્મ સ્વરૂપ;
નળેશ્વર નીજ નામથી, ભજી તરજો ભવકુપ. ૧.
ભકત પદારથ જગતનાં, જાણે મીથ્યા જેહ;
કહે મીજલાલ વીચારથી, મુક્ત થયા નર તેહ. ૨

(સરસ્વતી માતની સ્તુતી—છંદ ભુજંગીની ચાલ.)

પ્રથમ શારદા માતને શીસ નાંમુ, વેણા પુસ્તક ધારણી જોને સાંમુ;
બ્રહ્મપુત્રી સદા તમે મેહેર કીજે, જાંણી દાસ તારો વીદ્યાદાંન દીજે,

અખીલ જક્તસર્વે તને સત્ય જાંણી, સદા સરસ્વતી માત ઘો સુદ્ધ વાંણી
મા અમૃત પ્રષ્ટે બ્રહ્મા સામુ જાંખ્યાં, વધા વેદને મંત્ર ઓંકાર ભાખ્યા;
કર્યો વીસ્નું અંતરમાં વાસ જ્યારે, દધી મથીને, કાઢ્યાં રત્ન ત્યારે,
સમર્યા શીવે ત્રીપુરાસુર અંત્ય આંણી, સદાસરસ્વતી માતઘોસુદ્ધ વાંણી.
વેદકર્મ જટા ઊપની માત મારી, જે દેવ સેદેવને માધજ [1]કાળી,
જ્યારે જીભ્યાએ વાસ તમેજ કીધો, ત્યારે સર્વે મનોર્થ તેનોજ સોધ્યો
તેને રાજ્ય સભામાં અલખત માંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી
તમે વ્યાસના વદને પુર્યો વાસ, કીધાં અષ્ટાદસે પુરાંણો પ્રકાસ.
વદે ગાંન તાંન રસ છંદ ભેદ, રચ્યાં ખટશાસ્ત્રને ચારજ વેદ;
બ્રહ્મવીદ્યા યોગવીદ્યા ગીતા વખાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી.
સેવે સુતપુરાંણી વાલમીક જેવા, કરે વૈશમપાય નારદ શેવા,
તને મંત્ર ને જંત્રમાં સઘ ગણુ, ચંડી ચાંમુંડા ચોસઠ તુજ ભણું;
તને આદ્યમાં અંત્યમાં મધ્યમાંની, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી.
દઈ જ્ઞાંનને આપ અજ્ઞાંન કાપો, કરી સુધ્ય વાંણી અને વર આપો,
તમે જ્ઞાંનદાતા કરો સુખસાતા, ચારે જુગમાં વીશ્વમાં છો વીખ્યાતા;
જગતમાં વાઘેશ્વરી તને વખાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી.
પુનમ ચંદ્ર સમ મુખનું રૂપ જોવા, આવે દેવ તેત્રીસક્રોડ દુઃખ ખોવા,
કીરચંચ સમનાકને મૃગ નેણા, સોભે હંસવાહન અહું જંત્રવેણા;
અઘ્રરબીંબ દાડમકળી દંત જાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી.
નાકે મોતી મનોહુર જળકે સાર, કંઠે સાંકળી ઝુમણુ જડીત્રહાર,
શ્વેત વસ્ત્ર સણુગારથી માત સોભે, જડીત્ર દાંમણી જોઈને સુર્ય થોભે.
રતીરૂપ લીધુ ટીલડીએજ તાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી:
સુંદર કંકણ રત્નજડીત્ર ચુડી, બાંધ્યા બાજુબંધ બેરખી છેજ રૂડી,
ચર્ણે ઘુઘરા ઘમઘમ ઘણા ઘમકે, ઝાંઝર જણુણઝણુણ નાદ ઠમકે.
તારી વેણુના મોતીનુ અધીક પાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી.
તું ભાર્થી ભુવનેશ્વરી કંન્યા કુવારી, વરદાય ત્રીપુરેશ્વરી બ્રહ્મચારી,
તું ચંદ્રઘંટા કોટી વીઘ્ન હરતી, તુ વૈશ્નવી વીખ્યાત સુખ કરતી;
ગણેશ શેશ આદે તને સર્વે જાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી.
ત્રીલોચની બોલે અમ્રત પાંણી, માયા અક્ષર બાવન મધ્ય જાંણી,

---

૧. કાળી=કાળીદાસ પંડીત.

કલ્પવૃક્ષ સમજક્તમાં તુછે સહી, પરોપકારણી પુર્યા મનોર્થ કંઈ;
કે દૈત હણ્યા માયે ખડગ તાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી.
તમો મેહેરથી તો કવી કાવ્ય બોલે, કરો કૃપા તો થાય સુર ગુરૂ તોલે
તમે સપ્તદ્વીપ નવખંડ વાપ્યાં, કૈ મુઢ બુધીહીણનાં કષ્ટ કાપ્યાં;
નવ જોબનના ચતુર અધીક શાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી.
તમ ત્રુઠતા મુર્ખ પંડીત કાહાવે, તેના બોલ મીઠા સુણી સૌને ભાવે,
મારે ધંનતુ ધાંમતું માત પ્યારી, હું તો શર્ણે તારેછુ કર વહારમહારી
મહારીલાજરાખો પોતાનોજ જાંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્યવાંણી
જાંણુ ધર્મ ખટકર્મ જે જપ જાપ, સર્વે જ્ઞાનવીદ્યા બુધી મંત્ર આપ
તારે આસરે વીશ્વમાં જસપામ્યો, ટળ્યા શોકસંતાપ દુઃખ સર્વે વામ્યો
તમ પ્રતાપથી મોજ અધીક માંણી, સદાસરસ્વતી માત ઘો સુધ્ય વાંણી
હું તો રંક બાળક દેવી ચર્ણે આવ્યો, ભણી તું જગુણ પુત્ર તારો કાહાવ્યો
જે ગાય શીખે સાંભળે પ્રેમઆણી રીઝી સારદા આપશે સુધ્યવાંણી
વસે જીભ્યા અગ્રે ટળે કર્મ કહાણી, સદાસરસ્વતી માતઘો સુધ્યવાંણી.
નરોડામધ્યેમાત, મહારોનીવાસ, વ્યાસવીજલાલઆઈતમારોજદાસ,
સંવત ઓગણી એકતાલીશ સાર, કારતક સુદ પંચમી આદીતવાર;
ભજી માતને કહુછુ એ એધાંણી, સદાસરસ્વતી માતઘો સુધ્યવાંણી.

(ઈશ્વરની સ્તુતી-છંદ લલીતની ચાલછે.)

પ્રાણનાથજી તમ, વીયોગે મરૂ, શોક સર્વદા, હું રૂદેમાં ધરૂ,
અનેક જન્મના, દોષ માહરા, પ્રેમ આંણીને, કરો તમે પરા;
સદા ચર્ણ વીશે, મુક્તીતો દીયો, દાસ જાણીને, કર ગ્રહી લીયો,
ભાવનાસદા, ભવ તરવા તણી, સમજ પ્રાંણીયા, ખોટ પાંમશો ઘણી;
વીવીધ વાસના, સૃષ્ટીમાં રહી, તેણે બાંધીયાં માહા મુની કહી.
પ્રેમ નેત્રથી જયારે, દેખસો તમે, ત્યારે કર્મ માહરાં, સર્વ તે સમે;
વેદશાસ્ત્ર ને, પુરાણ સૌ કર્યાં, અણુ રણુ વીશે, તેજ તે ધર્યાં.
પીંડય બ્રહ્માંડમાં, વ્યાપીયા સદા, અખીલ લોકથી, નથી ભીનતો કદા.
અગમ છો તમે, અવ્યક્ત ભાસીયા, અખંડ રૂપ છો, અવીનાસીયા;
સાકાર થૈ પુજાઓ, જકતમાં ફરી, નીરાકારછો, સદાન ભ્રાતીતોકરી.
અધર્મ કર્મથી, છો સદા પરા, અનેક જાતના, પંથ વીસ્તરા;

અનંત શક્તી તે, તમતણી કહું, હું મંદ બુદ્ધી તે, કયાંથકી લહું;
દૈત દેવને, અતીજ પીડતા, તેને હણવા તમે, સાકારતો થતા.
અનંત સ્વરૂપ તે, આપે તો ધર્યાં, કે ભક્ત લોકનાં, કાર્યતો કર્યાં;
આજ માહારાજ, દયા કરો હરી, ગર્ભવાસમાં હું; નાવું તે ફરી.
સર્વ તત્વમાં, તત્વ નામ તાહરૂં, ભણું જો ભાવથી, દુઃખજાય માહરૂં;
અજામેલ નામથી, ઊધાર પાંમીયો, અર્ધ અક્ષરે ગજેંદ્રમોક્ષતો થયો.
મીરાં તણા તમે, ઝેહેર પી ગયા, મુષ્ટી તાંદુળે, કનક મેહેલતો કરી
નરસીરૂપતો, ભક્ત કારણે ધર્યું, પ્રેહેલાદ દાસનું, કાર્ય તો કર્યું;
કુંવરબાઇનું, માંમેરૂ ભર્યું, નામદેવનું, છાપરૂ કર્યું.
ધ્રુવ કારણે, વંન સંચરી, સેના કારણે, ચાકરી કરી;
ત્રીલોચંન તણું, હળ હાકીયું, દ્રુપત સુતા તણું, પણ રાખીયું.
અનેક ભક્તનાં, કાંમતો કરે, દયાળુ છો હરી ન ભક્ત વીસરે;
તે કીર્તિને સુણી, મન માહેરૂ, સ્થીર થઇ ભજું નામ તાહેરૂ;
ગણી વીજલાલને એમ દાસ તાહરો, સંસાર શોકથી પાર તે કરો.

(રામ ચરીત્રનું વર્ણન–છંદ ભુજંગ છે.)

અખીલ લોકમાં, રામનું નાંમ મોટું, તેના આગળે સર્વ મીથ્યાજ ખોટું;
ભણે મંત્ર જંત્ર વેદપુરાણ ભારી, ભજો રામ અખીલ આનંદકારી. ૧
દૈતે દેવ દુખ્યા ધરા ઠામ ત્યાગે, મુની દેવ બ્રંહ્મારૂષી સર્વ ભાગે;
દેવાધી દેવ સાહ્ય કરો અમારી, ભજો રામ અખીલ આનંદકારી.
દયા જાંણી આકાશથી વદે વાંણી, દુખ ભાગશુ રહો તમે ધીર આણી;
દેવ સર્વે થાઓ કપી રૂપ ધારી, ભજો રામ અખીલ આનંદકારી.
પ્રભુ જન્મી અયોધ્યા પાવન કીધી, તેને ત્રણવાર સ્વધામેતો લીધી;
પ્રાણી માત્રને ઊઘડી મોક્ષ બારી, ભજો રામ અખીલ આનંદકારી.
બાળકરૂપે સર્વને સુખ કીધું, માતા કૌસલ્યા તણુ પય પાંન પીધું;
ધરા દેવ બ્રંહ્માસુની હીતકારી, ભજો રામ અખીલ આનંદકારી.
આવ્યા વીશ્વામીત્ર દસરથ પાસ, થાય યજ્ઞ પુરો એવી રાખે આશ;
માગ્યા રામ લક્ષમણ ધનુષ ધારી, ભજો રામ અખીલ આનંદકારી.
માતા પીતા આજ્ઞા માગીશીશ નામ્યું, પછી મુનીનું મંન આનંદ પામ્યુ
થયો યજ્ઞ અસુર નાંખ્યા વીદારી, ભજો રામ અખીલ આનંદકારી.

જહાં રાય જનકે લીધુ પણ તેવું, ધનુષ તોડે તેને કન્યાદાંન દેવું;
સ્વયંવરે તે સોભતા છત્ર ધારી, ભજો રામ અખીલ આનંદકારી.
મુની રામ લક્ષમણને સાથે લાવ્યા, સર્વે ભુપતી મધ્યે શોભે સવાયા;
કરી ટંકાર ધનુષ નાંખ્યું વીદારી, ભજો રામ અખીલ આનંદકારી.
પછી માંડવો જનકનો સુભ શોભે, જહાં જાનકી નાંખતાં માળ લોભે;
સર્વે ભુપનાં માન નાખ્યાં ઊતારી, ભજો રામ અખીલ આનંદકારી.
સુણી ફરસુરામે ગુરૂ ધનુષ સોર, ઘણું દાખવ્યું રામ સાથેજ જોર;
પછી ભેટીને સ્તુતી કીધી છે ભારી, ભજો રામ અખીલ આનંદકારી.
જેણે ચર્ણ રજે અહલ્યાજ તારી, રાવણ રાયને નાંખીયો છે વીદારી;
મુઆ દૈત ૪ ગતી પામ્યા તે સારી, ભજો રામ અખીલ આનંદકારી.
સખા અષ્ટ સાથે છે લક્ષમણ વીર, આવ્યા પુષ્પ વૈમાન લૈ સર્યુ તીર;
બ્રીજલાલ કહે છે સંગે સીતા નારી, ભજો રામ અખીલ આનંદકારી.

(સારા સુધરવા વીશે શીખાંમણ છંદ—ભુજંગની ચાલ.)

સખા સાંભળો નીતીની વાત કીજે, સુણે સીખ તેને ભલી સીખ દીજે;
સદા સુખ સારૂ રચોને સુધારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
મીઠા શબ્દથી બોલવી નીત્ય વાંણી, સદા સેવજો પ્રભુને સત્ય જાંણી;
તજો ચાલ ખોટા તમે ખુબ ખારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
રૂડા બોધનો સોધ તો નવ કીધો, અધર્મી થઈ અસુરપાન પીધો;
ઘણા અભક્ષ સ્વાદ લાગ્યા છે સારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
કહો કોણ સારામાં સારો સુધારો, જીણી જ્ઞાન દ્રષ્ટી કરીને વીચારો;
કેમ ભ્રષ્ટ થાઓ અરે મીત્ર મારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
સદા ગ્રંથ ભણી ગુણવાન થાય, તો અજ્ઞાન અંતરનું દુર જાય;
ઓ ઈશ અહો નીશ ગુણ ગાઊ તારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
કુડાં કર્મ કરી કમાણો તુ માયા, દીધી મનુષા દેહ ન રોગ કાયા;
ભર્યા શીર ભુંડાઈના બહુ ભારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
જશો મોહ સીંધુ વીષે સચ્ચવહેતા, નથી રામનું નામ લાખેણું લેતા;
વડુ કષ્ટ પામે કુડુ વર્તનારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.
પાંમ્યા જન્મ સંસારમાં શાજ કામે, તરો પુરણ બ્રહ્મના એક નામે;
ટળે ઊતપત પ્રલેના સઘ વારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.

ભંજો સચ્ચિદાનંદ આનંદ કંદ, મટે લક્ષ ચોરાસી કેરાજ ફંદ;
એછે ત્રીજલાલને ઘણા પ્રાણ પ્યારા, ભલા નર તમે કેમ થાઓ નઠારા.

(પરમાત્માની સ્તુતી–છંદ હરીગીતની ચાલ).

હે ઈશ નામુ શીશ તું જગદીશ, કરૂણા કર ઘણી,
પારસ પરસે હેમ હોયે, સાચી એ પારસમણી;
તુ ધેય ધાતા મુક્તિ દાતા, માગુ હું પ્રેમે કરી,
પ્રભુ અવીદ્યાનો પાસ કાપો, મુક્તિ આપો શ્રીહરી. ૧
તું વીશ્વ વ્યાપક સ્થીર સ્થાપક, કર્મ કાપક કારમાં,
જન તણા અધર્મ કર્મ જે છે, તે તુ અંતર ધારમાં;
હુંછું અબળ તુંછે સબળ, હું કહું છું તેથી કરગરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો, મુક્તિ આપો શ્રીહરી. ૨
તુ આદ્ય અર્ણવ બ્રંહ્મ પર્ણવ, સુદ્ધ સનાતન છે સહી,
તુજ અકળ કળા અવીગત મહીમા, કેહેવા હું સમરથ નહી;
હે જ્ઞાન સાગર તમ ઊજાગર, વાત ઉરમાં લે ધરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો, મુક્તિ આપો શ્રીહરી. ૩
તુજ ગુણનું નહિ માપ, વદવા બાપ બુદ્ધિ આપજે,
વળી કષ્ટકાળે કષ્ટ મારાં, તું કૃપાનીધી કાપજે;
તુ એક ચૈતન સર્વ વ્યાપક નામ રૂપ પરૂ કરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો મુક્તિ આપો: શ્રી હરી. ૪
કરૂણાળુ તું કૃપાળુ તું દયાળુ દાતા દીપતો,
તું અસર્ણ શર્ણી સાહ્ય કરણો હું સર્ણ તારે સ્થોભતો;
સંસારમાં કર વહાર મહારી, ધીરજ ધરી કાપો અરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો, મુક્તિ આપો શ્રી હરી. ૫
તું નીરંજન ને નીરાકૃતી નીસ્કામી નીર વાસના,
વીષે રહીત વીરક્ત ચીદ્ ઘન નહી ક્ષુધા નહી પ્રાસના;
મુજ બુદ્ધિને અનુસાર ઓ કીરતાર તુજ ગુણ વીસ્તરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો મુક્તિ આપો શ્રી હરી. ૬
વળી વેદ તારો ભેદ ન લહે ખેદ પાંમ્યા ખળભળી;
સર્વ તત્વમાં તું તત્વ વસ્તુ તેજ પુંજ ગયો મળી,

વળી અગ્નિરૂપે અગ્નિ થૈને સર્વ વસ્તુ સંઘરી;
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો મુક્તિ આપો શ્રી હરી. ૭
તુજ કર્તા તુજ હર્તા ભરતાં તુ ભાસ્યો સહી,
બ્રીજલાલ વાણી ઓચરે તુજ પ્રકૃતી માયા સત્ય કહી;
તંમ પદ તુ તત્ પદ તું અસી પદ આનંદે ધરી,
પ્રભુ અવિદ્યાનો પાસ કાપો મુક્તિ આપો શ્રી હરી. ૮

(ઇશ્વરની સ્તુતી છંદ–મોતી દાંમની ચાલ).

નમો હરી નીર્ગુણ બ્રહ્મ નીરૂપ, નીરામય નીત્ય નીરંજન ભુપ;
અખંડ અનાદ્ય અનુપ અપાર, સુર મુની વેદ ન જાણે વીચાર. ૧
તમો વીના તારણ નહી ત્રીલોક, ભુલ્યા નર ભમે છે થોકના થોક;
ભાસો ઘટ મઠ મહદ આકાસ, અવીનાસી આપનો દીઠો ત્યાં વાસ.૨
ભર્યો બ્રહ્મ બાહેર ભીતરપુર, અનંત બ્રહ્માંડ તપે તવ નુર;
તમારો છે સુક્ષમ સ્થુળમાં વાસ,તમોછો તે આપો તે આપપ્રકાસ.૩
પ્રથ્વી જળપાવક ગગન સમોર, દેવાધી તે દેવ દીસો રણધીર;
પાતાળમાંતો સપ્ત કર્યો છે પ્રવેશ,ક્ષણ એક ખાલી નહી લવલેશ.૪
કાસી પ્રયાગ આધે જગનાથ, મથુરા બદ્રી તીરથ સર્વે સાથ;
હરીદ્વાર પુષ્કર ને કુરૂક્ષેત્ર, ગોમતી ગંગા જઈ નાહ્યા નક્ષેત્ર. ૫
ફરે સર્વ તીરથ આધે જે ધાંમ, જ્ઞાન વીના એકે સરે નહી કાંમ;
કરે જૈ અડસઠ તીર્થમાં સ્નાંન, જ્ઞાન વીના કયાંયે ન પાંમે માંન.૬
જયારે જઈ ચરણ તમારાં ઊપાસે, ત્યારે કોટી જન્મતણાં પાપ નાસે;
સાધનમાં સ્મર્ણ તમારૂ સાર, વદે મુખ શેષ સરીખા અપાર. ૭
માળા લેઈ ફેરવે ધોઇને તંન, દશે દીસા ફરે છે ચંચળ મંન;
જોગી થઈ જોગની જુગતી સાધે, તંનમાં ત્રષ્ણા અતીસે તો વાધે ૮
દુધાધારી દુધપીએ વન ડોલે, બોલાંવ્યા તે કોઈ તણા નવ બોલે;
નેત્ર મીચી ઊભા રહે છે જે જંન,અંતરમાં લાલચે લોભાંણુ મંન.૯
તપે પંચ ધુણી તણો બહુ તાપ, કરે ધુમ્રપાંન તે મુખમાં આપ;
કરે બહુ છાપ તીલકસો સાફ, જાંણે મારા સર્વ ગુન્હા થશે માફ.૧૦
વધારે છે નખને કેસ અપાર, કરે છે તે વનપત્ર કેરો અહાર;

પોઢે છે તે બાંણુ સજયા બહુ દીન,જાંણે પ્રભુ થશે મારે તો આધીન.
ઊંઘે સુસ્તકે ઝુલે કરગ્રહી માળ,જાંણે પ્રભુ છોડે માયાની તો જાળ;
મુકે નહી મોહ માયાનો તો સંગ, ચડયો બહુદારા ને દાંમનો રંગ.
તજી નહી ત્રશ્ના તે તંનથી દુર, કાંમ ક્રોધ સોકને ભેછે હજુર;
માંને છે તે અંતરમાં સર્વ મહારૂ, મટે કેમ અંતરનુ તે અંધારૂ. ૧૩
આત્મા તત્વ ન જાંણે જંન કોઈ,તેના સર્વ સાધન ફોગટ હોઈ.
જાંણ્યો એક બ્રહ્મ અજંપાનો જાપ, થયો સર્વ સાધન રૂપજ આપ.
જેમ ઘન વરસે ખીલે છે વંન, તેમ માયા ઇંદ્રીયોમાં છે ચૈતંન;
જેમ લીબુ દેખી ગળે મુખ લાળ,એવી સધ અવીદ્યા માયાની જાળ.
જેમ ઘંન ગર્જે ને હડકવા હાલે,એમ માયા અજ્ઞાની અંતર મહાલે;
જેમ ગ્રહ્યો મરકટ કંઠનો પાસ, તેમ માયા જીવનો કરતી તે નાસ.
જેમ અજાપાળે યવંનકો જંન, પાળીપોસી વધારે તેનુ તો તંન;
સમો આવ્યે સ્વારથ પોતાનો તાંણે,હણુતાં તે દયા ન અંતર આંણે;
એવી એ નીરદય નફટ છે નાર, પ્રભુ કૃપા વીના ન છુટે લગાર;
ફરી વળી અનંત લોકની માંહી,ભાસી શેષ અજ સરખાને ત્યાંહી.
તેમાં તમને ભુલી ગયો ભવ ઈશ,કૃપા કરી ચરણે રાખો જગદીશ;
તત્વમાં તે તત્વ છે નાંમ તમારૂ, તેને ભજે કારજ થાય અમારૂ.
જાંણુ જીવ શીવમાં છો જોતી રૂપ,છો બ્રહ્માને કીટમાં એક સ્વરૂપ;
ઈંદ્ર ચંદ્ર સૂર્ય સમેતમાં આપ, જપે રૂસી સહસ્ર અઠાસી જાપ.
સાધન છે પુરણુ બ્રહ્મનુ પુર, આવ્યો તમ ચરણે કરો નહી દુર;
અનંતા દોષ કર્યા અપરાધ, અમીરૂપ આપ ગણો નહી બાધ. ૨૧
સલીતામાં નીચ જળ કદી આવે,તેને તેતો આપ બરાબર કાહાવે;
નથી ક્ષમા ધીરજ સંતોષ સીલ, નથી કરી ઈંદ્રીયો મન વસતીલ.
નીરંતર નીજ નામતણો આધાર, અનુપમ જ્ઞાંન સ્વરૂપ છો સાર;
ન જાંણુ અનહદ ગેબીનો નાદ, ન જાંણુ ખટચક્ર ભેદનો વાદ.
ન જાંણુ સંસ્કૃત વાણી વીચાર, ન જાંણુ તે વેદ પુરાંણનો સાર;
ન જાંણુ યજ્ઞ હોમાદીક કર્મ, જાંણ્યો એક તમારા નામનો મર્મ.
ન જાંણુ સમાધીને યોગાભ્યાસ, રાખુ તમ ચરણકમળની આસ;
પ્રમાંણી છો પુરણ રૂપ પ્રકાશ, થશે તવ સર્વ અવીદ્યાતો નાશ.
ચેતાંવો ને ચૈતંન ચીત અમારૂં, દયા કરી અનભે કરે મન મારૂં;

સોધંતાં તો સકળ સાસ્ત્રમાં એક, ધરી બેઠો ચરણુ તમારાની ટેક.
ભુલ્યો બહુ વાર ભુવનપતી ભુપ, પડયો લક્ષવાર સંસારને કુંપ;
ભલો ભવ તારણુ ભીન્ન સ્વરૂપ, ઈશ્વિર અરૂપના ગુણુ અનુપ.
ચીદાભાસ ચેતંન ચંચળ વ્યાપ, ઊઠે ઘટ સોહંગ બ્રહ્મનો જાપ;
દીસો તમે ધર્મ ધોરંધર ધીસ, જયજય જકતપતી જુગદીસ.
જય સુખસાગર અડગઅસાપ, સદા મુખ એક જપુ તુજ જાપ;
વંદુ પદપંકજ રેણુ પ્રવીણુ, ગુણાતીત જ્ઞાતા તમો સરવીણુ.
જય પીતા માતુ સહોદર ભ્રાત, સ્નેહી સત્યં તમે સાક્ષાત;
દીસો તમે વીશ્વવીધાતા અચળ; તમોવિણુ ચાલે નહી એક પળ.
મના તાતે મુકત તમો માહારાજ, કરોછો તે અદભુત શબ્દ અવાજ
સદગુણુ સ્વાંમી સકળ નીર્દોસ, નીરમળ નાંમીને નહી દીલ રોસ.
જાંણોછો અંતરની અંતરયામી, તેથી જસ ગાય છે સૌ બહુ નાંમી;
કામનાતો તમે ન રાખો લગાર,નથી તમે રાખતા દીલ અણુગાર.
વીશ્વમાં મહારે તમારો વીશ્રામ, પમાડો ને આપ અવીચળ ધાંમ;
અસી પદ તુજ તણો છે આધાર; દયાનીધી કરો અમારી તો વાર.
જગત્રાતા તમને સોંપ્યુ આ તંન,શાન્તી સુખદાન આપોને પાવંન;
સર્વાધાર તમો છો હવે અમારે, તમો વીના કોણુ આવે મુજ વહારે.
પ્રભુજી પ્રગટયા તમે જયારે પ્રાણી,રાખો તવચરણુમાં દાસજ જાંણી;
આકાસીક તત્વ થકી નથી ન્યારા,અંતરમાંથી નહી જવા દો બાહારા.
વીપત વીનાસી તમો છો અનંત, નહી મુકુ નાથ તમારો હુ તંત;
કરો છો સૌ વીશ્વ તણુ તે ભરણુ, જકતનુ ઝાઝ છો તારણુ તરણુ.
અકળી તને કળી શકે નહી કોઈ,ત્યારે તેનું સાધન કેમજ હોઈ;
જયારે જે અવીગતની ગત જાંણે, તેતો નર સહેજે અમર પદ માણે;
અમર તે ઇંદ્રલોક નવ કહીએ, રહ્યું તેને જન્મ મર્ણ દુઃખ હૈએ.
અમર નવ સ્વર્ગ વાસી જે જંન, કર્યાં પુન્ય ભોગવી ધરે તે તંન.
ગૌલોક વૈકુંઠ કૈલાસને વ્યોમ,ત્યાંના જીવ સુખ ભોગવી આવે ભોમ;
કર્યાં જેણે સુકીત આચર્ણ જેહ, સુરતા ધામમાં જૈ ભોગવે તેહ.
અમર છે સત્ય પુરૂષનું ધામ, વસે છે ત્યાં પુરણુબ્રહ્મ અકામ.
ગુરૂજીને પ્રશ્ન પુછે છે તે શીષ, વખાંણો જીવ ઈશ્વિર બ્રહ્મધીશ;
ગુરૂ કહે સાંભળ શીષ સુજાંણુ, કહુ જીવ ઈશ્વિર બ્રહ્મ પ્રમાણુ.

ચીદાભાસ યુક્ત અંતઃકર્ણ જેહ, કુટસ્થ ચૈતંન કહો જીવ તેહ;
ચીદાભાસ યુક્ત જે માયા સહીત, ચૈતન બ્રંહ્મ તે છે ઇશ્વર વીત.
ત્રણ દેહત્રી અવસ્થા પંચકોશ, આવર્ણ સકળ રહીત નીર્દોશ;
અદ્વૈત બ્રહ્મનો નથી તે આકાર, ભાસે તેતો સર્વે રૂપ સાકાર;
વીવેક વૈરાગ છ સંપતી જાણ, મુમુક્ષી ગુરૂ મળે મટે તે તાંણ.
ત્યારે તેને કૈવલ્ય બ્રંહ્મ બતાવે, તેતો ગુરૂ ચોરાસી રણ પતાવે;
થયો સ્વસ્વરૂપબ્રંહ્મ તણો ભોગી, તજી માયા વ્યાધી થયો તે અરોગી.
નથી તેતો વૃધ જોબંન કે બાળ, અનાદી છે આદ્ય તે કાળનો કાળ;
નથી તેને બંધન મોક્ષ પુન્ય પાપ, ઊપન્યોછે ઓંકાર આદ્યેતે આપ.
દીસે તેતો સત્ય સ્વરૂપનુ રૂપ, અલોકીક અનંત બ્રહ્માંડનો ભુપ;
તેને ઓળખાવે તેતો ગુરૂ સત્ય, તેની વાંણી હોએ બહુ અવીગત.
તેતો ગુરૂ સુભ ચલાવે છે ચાલ, પારસ પરસે થાયે લોહ ન્યાલ;
નવ રહે જાતને ભાતને કર્મ, નવ રહે રાગદ્વેષનો મર્મ.
નવ રહ્યું નામ ઠામ અલંકાર, થયો કૈવલ્ય ન કલંક લગાર;
થયો પછી આપો તે આપ અમાપ, કર્યો તેને પુરજ્ઞાનંદમાં વ્યાપ.
ઊઠે ત્યાં અખંડ ધુન રણુંકાર, તપે ત્યાંહાં તેજના તંતુ અપાર;
વનસ્પતી અઢાર ભારનાં સૌ પાન, ગણે કોઈ રેતીની સંખ્યા તે આન.
ગણે કોઈ તારાના તંતુનો અંક, એતા ચંદ્ર સુર્ય ઊગે છે અસંક;
તેટલુ તેજ તે તપે બ્રહ્મલોક, તેનો કદી ભેદ જાણે જન કોક.
અમર પુરૂષનું એવું છે રૂપ, તેને સેવે તરે સદા ભવકુપ;
અજર અમર અભેદછે નામ, આખર અખરાતીત સુભધામ.
એ છે અસર્ણ સર્ણ અનામી, હરે સૌ સંકટ જગ્તનો સ્વાંમી;
નીરાકાર નીસ્પ્રેહી નીરમુક્ત, સચીદાનંદ સોભે છે સમ યુક્ત.
તમો મંત્ર જંત્ર આદી સૌ યગ્ન, લાગ્યુ મારૂ અદ્વૈત બ્રહ્મ સુલગ્ન;
ધરૂ છુ તે ધેય ધાતા તુજ ધ્યાન, મુકી દીધા રાગદ્વેષ બહુ નામ.
પમાડજો આત્મ તત્વ અનુપ, રૂદે રવી પ્રકાસો જ્ઞાન સ્વરૂપ;
ભુલ્યો સીંહ નીજ જાતી થૈ અજાંણ, અજામાં તે જઇને વસ્યો નીર્વાણ.
એમ અમો માયાથી માહા પદ ભુલ્યા, ચોરાસી લક્ષમાં ઊંધે મુખઝુલ્યા;
મળ્યા સદગુરૂ થયા તવ સત્ય, અજ્ઞાન અંધારી ટાળી આપી મત્ય.
પુરૂષ પ્રકૃતીનો જણાવ્યો ભેદ, કીધી પંચ ભુતની દેહ નીષેદ;

રચી જેણે સૃષ્ટી આદી ચારે વેદ, કરી ભીન ભીન કહ્યા ગુરૂભેદ.
થયું સર્વે બ્રહ્મ થકી તે બ્રહ્માંડ, નીરંજન અંજન વેદના કાંન્ડ;
રચ્યું છે વીશ્વ વાદીગરની બાજી, સમેટતાં વાર કરે નહી ઝાઝી.
અંતે તો એકલો આપનોરે આપ, કરે છે તે વીશ્વનો થાપ ઊથાપ;
પુર્ણાનંદ છો અક્ષય અણુલીંગ, અજીત અખડ તમો અકલીંગ.
સાક્ષી સર્વે પ્રેરક અક્ષર ભીન્ન, નનાદ ને સબ્દ ન બુંદ જલીન્ન;
બ્રહ્માનંદ મુમુક્ષી મળે ગુરૂ દેવ, કરૂ સુદ્ધ ભાવે સદા તેની શેવ.
અરૂણુ ઊદેથી ટળે અંધકાર, તીમીરતો તર્ત નાસે તે વાર,
અમોઘ છે બ્રંહ્મ ભાનુનુ તો તેજ, અસ્તી અસ્તી વેદ વદે છે એજ.
દીસોછો જોતી સ્વરૂપ આદ્ય અંત્ય, તપે છે ત્યાં તેજનું નુર અત્યંત;
અનંતા છે ગુણુ અનંતા છે ગાથ, ભણી ભણી સારદ થઈ છે સનાથ.
તમો ગુણ સમ સાગરનું નીર, ઘટે નહી ચંચુ ભરે જળ સ્થીર;
મતી અનુસાર તમો ગુણુ ગાઊ, કૃપા થએ નાથ કૃતારથ થાઊ.
ભાવે કરી ભકતી અભેપદ દીજે, અમોપર એટલી મહેર કીજે;
કૃપા દ્રષ્ટી તમો જો કરો લગાર, જાણો નીજ દાસની કરી છે વહાર.
પછી તેને માયા કરે નહી બાદ, ઓળખ્યો અલખ પુરૂષ અનાદ્ય;
ચંદ્ર દેખી આનંદ પામે ચકોર, તેવા પ્રભુ તમોછો મુજ ચીત ચોર.
સુર્ય દેખી કમળ થાય પ્રફુલ, અમો ખીલુ ચર્ણ દેખીને અમુલ;
અહી જેમ જીવે મણીને આધાર, એમ અમો ઈચ્છુ ચર્ણ રજ સાર.
કરે મોર બપૈયા મેઘની આશ, એમ હરી ચર્ણમાં રાખો નીવાસ;
શશી દેખી સમુદ્ર ચડે તુરંગ, એમ અમો ચાહીએ તમો સતસંગ.
ચમક દેખી લોહનું ચળે છે મંન, ભીડે જઈ ચમક સાથે તે તંન;
ચીદ્ઘન ચમક ચૈતન આપ, આવ્યો તુજ ચર્ણ જપુ તવ જાપ.
પ્રગટયા હરી પ્રેમ આણી સૌ જંન, હવે હરી કઠણ કરો નહી મંન.
નીભાવોની નાથ તમારો છું રાંક, મારો પ્રભુ કર્મ ઊપર સુભ ટાંક;
સુતતો સપુત કપુત તમારો, તમો દેતાં દંડ દયા દીલ ધારો;
કર્યા મેં કોટી અપરાધ અમાપ, તેતો સર્વે માફ કરો તમો બાપ.
અનંતા ચાલ અમારી અનીતી, તેતો સૌ ક્ષમા કરો મુજ ભીતી;
નવ જાણું પીંગળ પાઠ પુરાણુ, હરી ગુણ રત્ન અમુલ્યની ખાણુ.
ઊપમા સુભ સર્વે જોગ તુ દેવ, ભવો ભવ માગુ ચરણની શેવ;

પ્રભુ પદ ગાતાં ન બેસે તે બાદ, હરી ગુણ ગાતાં ન આવે તે ખાધ.
પ્રભુ પદ શેવે ઊમાપતી ઈશ, કાલાં ઘેલા મુંગાના શ્રી જુગદીશ;
સુણ્યો મેંતો સંત સાધુનો બોધ, રૂડો જાણી અંતરમાં કર્યો મેં સોધ.
શીખે સુણે ગાસે તે કોઈ જે જંન, હશે હરી જેને હૃદયે પ્રસંન;
તેતો નીત્ય નામ હરીનું તો લેશે, અવર તો નીંદ્યા કરી નરકે વહેશે;
એકે ચીતે સ્તુતી જે કોઈ ભણે, તેના પ્રભુ તાપ ત્રીવીધીના હણે;
ગાયા જશ બ્રીજલાલે સુભ રીતે, આરાધુ છું પુરણ બ્રહ્મને પ્રીતે.
વસુ છું વાસ નૈષધપુર ગામ, થયા નળરાય નરોડુ છે નામ
સંવત ઓગણી ચુવાળીશની સાલ, શ્રાવણ સુદ પંચમી ભાસ્કર ભાલ.

સાખી.

અવીગત અગમ અપાર ગુણ, તે વરણું વારંવાર;
ચીદાનંદ પુરણ બ્રહ્મ, એક અખીલ આધાર. ૧
કામ ક્રોધ લોભ મોહ સૌ, અગણીત દોષ અપાર;
બ્રહ્મ ચીને બે ભાગશે, નવ રહે દોષ લગાર. ૨
અલખ પુરૂષને આશરે, ભાવે મળે બ્રહ્મ ધામ;
કરી સ્તુતી બહુ કોડસુ, પ્રભુ પુરણ કરે મન કામ. ૩
ધરૂ તમારો ઊર આશરો, કૃપા કરો અવીનાશ;
બ્રીજલાલ નીજ ચરણમાં, દીજે મુજને વાસ. ૪

(હરીને ગમે તે ખરૂ તે વીષે છંદ નારાચની ચાલ.)

ભલે વીચારીને જુઓ, ભવીષ્ય ન ભુલે કદા,
થનાર વાત શહેજમાં, નકી થસે જુઓ સદા;
અનંતકાળ એમ જાય, દીલમાં વીચારીયે,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીયે. ૧
જો રામ રાણી રાવણે, હરી ઘણા મદે છકી,
મરણ તેહનું થયું, ભવીષ્ય વાત છે નકી;
મંદોદરી કહે કંથમાનો.. કહેશો કહ્યું નવ નારીએ,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૨
કાળ યવન કંસ, જરાસંઘ જેવા જે થયા,
નીમીત આવ્યું તેહનું પલકમાં ઊડી ગયા;

કર્યુંજ યુદ્ધ કૃષ્ણુથી, કહોજ કેમ હારીયે,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીયે. ૩
ધત્રાષ્ટ પાન્ડુ ભ્રાત એના, પુત્ર સૌ પરવાર છે,
ભારથ રચ્યું ભગવતે, તે દુત વીદ્યા સાર છે;
સન્મુખ યોદ્ધા સુર લડે, કહોજ કેમ વારીએ;
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૪
ઇંદ્ર અહલ્યા એક થઇને, સેહેજ રૂષીને છેતર્યા,
ચંદ્ર અહલ્યા શ્રાપ પામ્યાં, ઇંદ્ર અંગે ભગ ક્યાં;
કરજોડી કહે કંથ મને, કોઇ કાળે તારીએ,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૫
ન દ્વારકાંમાં ચોર પેસે, જોર કોઇનુ જયાં નહી,
ચક્ર ચોકી કરે જેની, ચીત્ર લેહાત્યાં વહી;
ક્યાં પ્રદ્યુમન કોણુ ઓખા, આવીજ બેઠાં બારીએ,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૬
કૃષ્ણુ હણવા કંસરાયે, કઇક દુતો મોકલ્યા,
અસુર સર્વે મરણુ પાંમ્યા, યમ લોકે જઇ ભળ્યા;
પુતનાએ પણ લીધું, અમો હરીને મારીએ,
ગમ્યું હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૭
કીટ બ્રહ્મા લગી ત્રીવીધી, તાપ સૌને બહુ દમે,
ભવીષ્ય સ્વાધીન પ્રાંણી સર્વે, કર્મ સંચીતે ભમે;
ધીરજ રાખો દુઃખ આવ્યે, સુખે હરી સંભારીએ,
ગમ્યુ હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૮
કરોડ વાત કહો કદી, થનાર વાત થાય છે,
સુખદુઃખને સાહેબી, તે કર્મ ભાગે ખાય છે;
ધીજલાલ સત્ય વદે, બ્રહ્મ ન વીસારીએ,
ગમ્યુ હરીને તે ખરૂ, ન દુઃખ ઊર ધારીએ. ૯

(ભલા ભુંડાના સ્વભાવ વીષે ઊપેદ્રવજાછંદ.)

સદા સાન્તીનાં ફળ છે શુભસાર, તેને રાખતાં દુઃખ નાવે લગાર;

મળે જશ કીર્તિ તેથી લાભ ભારી,વીવેકી તમે વાત લ્યોને વીચારી.૧
દઇ ગાળને ગાળ ખાવીજ સામી, થયા ખરને સ્વાન બે એકનામી;
તેમાં કેની છે ચાલ સારી નઠારી, વીવેકી તમે વાત લ્યોને વીચારી.૨
લડે ચોરને સાહુ,બે સામસામા, જઈ વારતી સાહુને તેની રામા;
જાય આપડી આબરૂ સત્ય સારી, વીવેકી તમે વાત લ્યોને વીચારી. ૩
હોય સ્વાન સ્વભાવનો જીવ કોઇ, આવે ચરણને ચાવવા લાગ જોઇ;
તેને કોણ કરડે સાંમો ખાર ધારી, વીવેકી તમે વાત લ્યોનેવીચારી.૪
મણી પથ્થર જો એક ઠામ મુકે,મળે ચોકસી તો ન કીંમત ચુકે;
નહોય ખરને ગજ બે એક હારી, વીવેકી તમે વાત લ્યોને વીચારી.૫
હેમ પીતળ ન હોયે એક ભાવે, કદી મોતીની સાથમાં કાચ નાવે;
ક્યાં કુપ જળને ક્યાં ગંગવારી, વીવેકી તમે વાત લ્યોને વીચારી. ૬
સૌ સરીતા મળી સાગરમાં વહેછે. રતી માત્ર ન ખાર પોતે તજેછે;
કોટી ઉપાયે ન મટે જાત ખારી, વીવેકી તમે વાત લ્યોને વીચારી. ૭
કદી દુષ્ટની ચાલ ન થાય રૂડી, પડી જન્મથી ટેવ જે શહેજ ભુંડી;
ત્રીજલાલ કહેસાનો એ શીખ મહારી,વીવેકી તમે વાત લ્યોને વીચારી.

(મીત્રના વાયોગ વીષે છંદ–ભુજંગી.)

અરે ઓ વીયોગી રૂડા મીત્ર મહારા, કૈ પેર મેળાપ થાશે તમારા;
ન આવે કશો જોગ મેળાપ થાવા,પડ્યા વેગળા લંકને જેમ જાવા.
પ્રભુપાંખ આપે ઉરે આશ રાખુ,ઊડી આવીને મીત્રનુ સુખ ચાખુ;
ઊઠે ઊરમી ઊર માંહે અતીશે,રહ્યુ ચીત રોકાઇ મહારૂ વીશેશે.
તમે દુઃખ જાણી કરો જોગ સારો,અન્યોઅંન્ય મેળાપ ત્યારે થનારો;
વીરા પત્ર વાંચી સમાચાર વાળો, વીયોગી કરે વાંચ્છના દુઃખ ટાળો;
કહે ત્રીજલાલ તે લેજો ઊરધારી, ઘેલા રામને વીનતી એજ મહારી.

દાહો.

પેખી પત્ર અત્રનો, વાંચી મારા વીર;
ખાંચો રજ ખાધા વીના, કરો લખત્રા તતબીર.

(આત્માની ચેતવણી છંદ–ઊધોરની ચાલ.)

કહો કોન આત્માકી જાત, તાકો કોન હે પીતુ માત;

ધર્યો પ્રાંણુ કેસે નામ, કયું કર હુઓ ગગને ગામ.
અલખ લખે કાયકા લેખ, પુરણુ બ્રહ્મકુતુ પેખ;
હુઆહે જગજીવનસેં જીવ, સદ્દગુરૂ મલતાં હોયગા શીવ.
હે સબ પુર્ણ બ્રહ્મકો અંગ, સોધી કર સતગુરૂનો સંગ;
અગ્ની દીપકકા હે ખેલ, મમતા મંનકી તુ મહેલ.
સંસાર સમુદ્રકી લેહેર; અડતાં ચડે ઝાહેર ઝેર;
જુગજુગ રચના તુ જોય, કયા તુ કમાયા કયા ખોય.
તુતો સમજ તેરા આપ, સોહંગ શબ્દકા કર જાપ;
કાંસે પાયા આ દેહાર, કયું કર પાણી દરીયાપાર.
સુરતી નગરમાં કર સોધ, લાગે આત્માકો બોધ;
જયાંસે ઊપજે જંન જેહ, આખર મુએ પામે તેહ.
ભાગે, ભ્રમણુકી ભુલ, મીટે કાલ કર્મકી સુલ;
બીંદુ સીંધુકા સંજોગ, આખર એક હે વેલોગ.
કયાહે સુરજ ગગનાં ચંદ, કયા હે સ્વર્ગ મૃત્યુ ફંદ;
તાકો ચાર નહી હે પાર, પુરણુ બ્રહ્મ ચીતમે ધાર.
બ્રહ્મતો અચળ જુગમાં જોય, તાકો પાર ન પામે કોય;
નીગમ નેતીનેતી ગાય, અગમ અગોચર કહેવાય.
તામે સમજે સંત સુજાણુ, હૃદયે ઊગ્યો ગુરૂગમ ભાણુ;
સોતો પાયે હે ભવપાર, અમૃત બુંદકો કરે અહાર.
આપે હુઆ નીરાધાર, વાંણી રહી તે વીસ્તાર;
જકડી બ્રહ્મકી કીજે, સમજી સાર તો લીજે.
ગાફલકુ હોયગા ઘેરા, જમડા ફીરત હે ફેરા;
ચઢો નીજ નામ કેતો નાવ, ખેલો સત્રુ સનમુખ દાવ.
ધરને ધર્મકી તુ ઢાલ, સત્રુ સન્મુખે તુ માહાલ;
સ્મર્ણકી કરો સમશેર, પાડો શત્રુદળમાં ભેળ.
પેહેરો જ્ઞાન બક્તર અંગ, ચાલો બ્રહ્મવેતા સંગ;
ભાલા ભજનકા લે હાથ, નીર્ગુણુ નીસાંન લેજે સાથ.
શીલ સંતોષકુ પાયા, વીત વૈરાગ્ય જબ આયા;

.બ્રહ્મભેદમે ભીન્યા, પુરણબ્રહ્મકુ ચીન્યા.
લગી હે લાલસેં તાલી, અબ કયા કુટતા ખાલી;
અજર અમર ઘરકા ભેદ, છુટે જન્મ મર્ણકા ખેદ.
કામ ક્રોધકા કરનાશ, લોભ મોહ નઆવે પાસ;
તુટે વાસના કાલીંગ, છુટે કલ્પનાકા વીંગ.
પાવે ગ્નાન જે ભરપુર, કાલ વીઘન હુઆ દુર;
જાણે બ્રહ્મકા જો મત, તાકુ મીલે વસ્તુ સત.
એસા બ્રહ્મકા હે ભેદ, નીગમ કેહે તે ચારે વેદ;
કુરાન પુરાણસેં ન્યારા, અલખ હે આત્મા પ્યારા.
સમર તુ સચ્ચિદાનંદ આપ, મીટે ત્રીવીધીકા તાપ;
હરદમ નામ તો લીજે, તંનમન ,ખુરબાન કર દીજે.
વ્રીજલાલ કહે સુણ યાર, અબ તો હુઆ બેડા પાર;

(ગુઢાર્થ ચાર પ્રકારના અર્થનો છંદ–ઈંદ્રવીજય.)

મીન મરે જલકે પરશે, કબ હુ ન મરે રત ગ્રીખમ આયે,
નાર મરે પીયુકે પરશે, કબહુ ન મરે પીયુ દુર સોહાયે.
દેહ પરે વીના કાલ હુતે, કબહુ ન પરે એહી કાલકે આયે;
સંતજો પાપ કરે તો તરે, કબહુ ન તરે રટરામ કહાયે.

(અર્થ ચારમાં એક બોલમાં છે.)

તે કબહુનો અર્થ કદી ન થાય એમ ચારે અર્થ છે.
સંત જો પાપ કરે તો એવુ પુછયું ત્યારે જવાબમાં કે કદી ન તરે;
કોઇ દીવસ તરે તે રામરટણ કરે તોજ તરે એ અર્થ.

(મેઘનુ વર્ણન છંદ–ઇંદ્રવીજયની ચાલ.)

ઘમસાન ગગનમે મેઘ કરે, સર બાદલ જોર ચલે જબતે;
કાહુ દાંમની કે,ચમ કારહી દેખત, બહુ મોર મલાર કરે તબતે.
ઘોર ગીરા સુની સોર કરે સહુ, તીમીર તીખેહી દાદુર બોલે;
રજની અંધકાર ન સુજ પડે, સીંહ મણીધર સહેજહી ડોલે.
સુંદરીયો શણગાર ધરી ધરી, પ્રાણપતી પેરતી સુખ લીનો;
એસેહી અવની આય મીલયો પતી, મેઘકો બુંદ રૂતુ ફલ દીનો.

ભાર અઢારહી પુલ રહે પુની, એક અનેક અનુમાનહી કીનો;
વીજલાલ કહે અવની ઊર અંતર, અનેક પદારથ આપહી ચીનો.

(કપટી વીષે છંદ મનહર છંદની ચાલ.)

વૈદ વહની વણીક વેશ્યા, કપટી કુજાત કહો;
રાજા રામા સોની શત્રુ, ઘાતકી પૈચાનીયે.
કપટી કુટીલ કજાત, બાલક તો લાત માર;
તરક ઠગ જાચકકુ, દયા નહી જાનીયે.
જે તે મુરખ મીત્ર સોતો, શત્રુકો કરત કામ;
તાકો દોષ પંડીતજન, મનમાં ન આનીએ.
એતેતો સ્નેહી નાહી, સ્વારથી સદાય હોત;
કહે વીજલાલ સ્પષ્ટ, દુર સેં પહીચાનીયે.

(એક ઇંદ્રીના વીષયથી મરનારા જીવો-મનહરની ચાલ.)

પતંગ દીપક પડી, કાજ કો સુધાર લીયો;
સ્નેહકે લીયે પ્રાણ, અપનો ગમાયો હે.
વેણા યંત્ર સુનકર, મોહવશ મૃગ ભયો;
તામે સુખ માની લહ્યો, મહા મૃત્યુ આયો હે
ભ્રમર સુગંધ પુષ્પ, છોડ નહી સકત તો;
પલમે મુઝાય પ્રાંન, અપનો દહતુ હે.
જખરીકો પેટ ચુન, ચુગ વેસે ભર ગયો;
તાતે તો અમુલ્ય દેહ, જલ બહાર પર્યો હે.
એક એક ઇંદ્રી જીવ, સો તો એસે દુઃખી હોત,
પ્રંચ ઇંદ્રી જીવ વાકી, કોનગતી કર્યોહે;
કહે વીજલાલ એક, આત્મા અપાર વસ્તુ,
તાકુ જે સમજે સોતો, સહેજે ભવ તર્યો હે.

(કાળ વીષે-મનહર છંદની ચાલ.)

કીટહુકુ કાળ ગ્રહે, ભ્રંગહુકુ કાળ ગ્રહે;
કુંજરકુ કાળ ગ્રહે, ઝાડ પહાડ જયુ સહતુહે.
સુરાહુકુ કાળ ગ્રહે; કાયરકુ કાળ ગ્રહે;

કાળહી કંગાલ શીર, આયકે ગહતુહે.
રાયહુકુ કાળ ગ્રહે, રૂષીહુકુ કાળ ગ્રહે;
સેવડાકુ કાળગ્રહે, સંન્યાંસી દહતુહે.
જોગીહુકુ કાળ ગ્રહે, જંગમકુ કાળ ગ્રહે;
જતીહુકુ કાળ ગ્રહે, દ્રીજ કાળમે વહતુહે.
દેવહુકુ કાળ ગ્રહે, ઈંદ્રહુકુ કાળ ગ્રહે;
સુરહુકુ કાળ ગ્રહે, શેષકુ સરાતુહે.
યક્ષહુકુ કાળ ગ્રહે, ગાંધર્વકુ કાળગ્રહે;
કીન્નરકુ કાળગ્રહે, ચાર ખાણુ કાળ ખાતુહે.
બ્રહ્માકુ કાળગ્રહે, વીષ્નુહુકું કાળ ગ્રહે;
મહતત્વ કાળગ્રહે, પ્રકૃતીમેં જાતુ હે.
ચીરંજીવીહે કોઇ, જગમે પ્રસીધ કહી;
જુગ જુગ ત્રીવીધી તાપ, ઉનકુ સતાતુહે.
રેન દીન અહોનીશ, કાળહુકી ફરે જાળ;
કરી ચોટ લોટ પોટ, કરકે ગહતુહે.
અનંત બ્રહ્માંડમાંહી, કાળહુ કરત ઘાત;
જબ બ્રહ્મ જાન્યો તબ, બ્રહ્મમાં સમાતુહે.
જબલગ માયા દેખી, તબલગ કાળ દેખો;
કાળહુસે રહ્યો કોઈ, સોહંગકુ ચહાતું હે.
કહે વ્યાસ બીજલાલ, એક બ્રહ્મ સત્ય જાન્યો;
કાલહુકો કાલ સોતો, બ્રહ્મ ગુન ગાતેં હે.

(નાદાન માણસ વીષે-નારાચ છંદની ચાલ.)

કુડો કુડો તે કુકર્મી વડો કપટી કુટીલ કાઠો,
કર્મ હીણો કુજાત કામી, જાણવો કઠોર કેવો;
બડા બડા બોલે બોલ, બોલમાં તો તોલ નથી.
ઠાલો ઠાઠ ઠગતણો, ઠીક નથી ઠરતો. ૧
કરી કરી કુડાં કર્મ, સર્મ મન સાથે રાખે,
ડરી ડરી ડગલાં તે કેમ નથી ભરતો;

ફરી ફરી ફોગટ ફજેત, ફાંસુ ફુદ્યો ફરે,
સારી સારી શીખ સુણી, શે ન શાંણપણું ધારતો. ૨
ખોટો ખોટો તુ ખુટેલ ખરે, ખરો તુતો દીસે ખર,
માન્ય માન્યરે મુર્ખ મોટા, મુંઢમતી મેલ મત;
જાણુ જાણુ તુ જુગતી કરી, જોઈ લે જરૂર વાત,
સત્ય સત્ય વીજલાલ કહે, સત્યથી સંતાપ નાસે.
ભજ ભજરે ભુવન પતી, ભજતાં તે ભુલ જાસે. ૩
તજય તજયરે તનમન થકી, તુચ્છબુધી તતખેવ,
સજ સજરે સજંનસુખ, સાગરના સાજને;
હસી હસી હીંણુપણું, હરદમ હાથે કરે,
હાલ ચાલ હકતુ કેમ, નથી હાલતો.
ભુવનપતી ભુપાળ, ભવદુઃખ ભજન તે,
જગપતી જરૂર પણે, ઝાઝી જુતી મેલશે.

(પ્રભુની સ્તુતી-છંદ ચલત ચંદ્રાવળની ચાલ.)

ભગવંત ભરૂંસો ધરૂ એક તારો; તુ સચરાચર છે કરનારો;
તોડુ ન તેજ તમે કર્યો ધારો, ક્ષમા કરો અપરાધ હમારો,
સેવું જગત પતી ઈશ. ૧
તુજગુણનો હું ભેદ ન જાણું, સુખના સીંધુ શું ગુણ વખાણું;
અશર્ણ શર્ણા શર્ણ સુખ માણું, ટાળ ત્રીવીધીતાપનું ટાણું,
કેસવ સદા કૃપાળ. ૨
દેવના દેવ તુજ દાસજ જાંણી, કાપ કલેશ કરૂણા આણી;
સહાય કરો તમે સારંગ પાણી, પાંડવ પક્ષ તમે જેમ તાણી,
સાર્યા સકળ સા કાજ. ૩
ધને સુધનવે ધારણ ધરી, વીઠ્ઠલ તે સમે વહારજ કરી;
ઝેર મીરાંનું પીધુ હરી, પદ પરશી અહલ્યા તરી.
સીતારામ સુખ ધામ. ૪
પેંપો પ્રેહેલાદને સબરી નારી, ગજગુણકા અજામેલને તારી;
ભાવે કરી તુજ ભકિત સોરારી, ગોકુળ ઊગાર્યું ગીરધારી;
વ્રજને લડાવ્યાં લાડ. ૫

કાળ યવન કંસના છો કાળ, માર્યો શીશુપાળ રોતાં બાળ;
ઇંદ્રીતણી આરોગી થાળ, જળ જંપલાવ્યું ચડી ડાળ,
નાથ્યો નાગ તતકાળ. ૬
સંકર્ષણ બળભદ્રવીર, અર્જુન આપી ભારથ ધીર;
કુંન્તા પાસે કર્ણનાં મગાવ્યાં તીર, દ્રુપદસુતાનાં પુર્યાં ચીર,
કર્યો કૌરવનો સંહાર. ૭
ચડયા ટીંટોડાના તનની વહારે, ભીસ્મકાજે જઈ ચક્રધારે;
પ્રભુ પણ મુકવું પડયું ત્યારે, યુદ્ધમાં લીધા અર્જુન હારે;
માહાભારથ મોઝાર. ૮
મંજારીનાં બાળ ઊગારી, કંસની દાસી કુબજા તારી;
જમ્યા હાથ વીદુરની નારી, ધનવંત સુદામો કીધો ધારી,
અધમ ઓધારણ નાથ. ૯
અમરીખને અમરાવતી દીધી, મોરધ્વજ મુક્ત હાથે કીધી;
હરીશ્ચંદ્રની ખબર લીધી, છાંસ ગોવાળા ભેગી પીધી,
ચારી ગોકુળ ગાય. ૧૦
રાયપુંડરીક પ્રતીજ્ઞા પાળી, અસુર નાંખ્યા સર્વે ઢાળી;
રાવણવંશનો ગર્વજ ગાળી, આપ્યું રાજ્ય વીભીક્ષણ વાળી,
એવા છો પ્રભુદયાળ. ૧૧
અનેક ભક્તનાં કીધાંકાજ, બ્રીજલાલ કહે તમે રાખો લાજ;
ભવભટકણથી છુટીએ આજ, મેહેર કરો તમે માહારાજ;
જગત તણા પ્રતીપાળ. ૧૨

(પુરણબ્રંહ્મની સ્તુતી-છંદ ત્રીભંગીની ચાલ.)

જય જય અવીનાસી, ચરણેકાશી, સદાવીલાશી, સુખકારી;
જય વીશ્વ વ્યાપક, સદગુણ સ્થાપક, ભવદુઃખ કાપક, ભવહારી;
અલખ લખાતા, અખીલ પીતુમાતા, દે સુખસાતા, અઘહારી.
જય સચ્ચિદાનંદા, આનંદકંદા, બ્રહ્માનંદા, ભવ તારી.
અવીગત અપારં, નીર્ગુણ સારં, શર્ણાંગત તારં, સાક્ષાતા;
તું અંતરયામી, અનંતધામી, સદા અકામી, વીખ્યાતા.

તું સત્યસ્વરૂપં અવીચળ ભુપં, ઉપમાં અનુપં, અધીકારી;
અમરાપુરવાસી, સબ સુખરાસી, સોહંગ પ્રકાસી, સુધ્ધનામી.
તું પ્રતીપાલે, જગજશ આલે, કહે વીજલાલે, છંદ રસાલે સુભકારી;

(રામ નામનુ માહાત્મ–કુંડલીયો.)

કોટી એકાદસી કરે, કોટી કરે ગૌદાન;
અનેક વ્રત કોટી કરે, પણુ નાવે રામ સમાન.
નાવે રામ સમાન, કરી કષ્ટ બાળે કાયા;
અંગ ચડાવી ભસ્મ, જાયે જાત્રાએ ધાયા;
કહે વ્યાસ વીજલાલ, વૃથાસબે વીવીધ પ્રકારે અલુણી રોટી.
તું પામે નહી સહાય, સેવા રામ બીન સાધન કોટી;

(બ્રહ્મના સ્વરૂપ વીસે છંદ મનહરની ચાલ.)

કાહુસે કહ્યો ન જાત બ્રહ્મ કો સ્વરૂપ એસો;
નીત્ય નીરાભાસ નીર્ગુણ રૂપ લહીએ.
મુગેખાઈ મીસરી, સો મનમે સમજી રહે;
સોહી સ્વાદ ઓરકુ તે કેસે કરી કહીએ.
જાંનતહે જન કોઈ, મોક્ષ હુકો હેતુ હોત;
સોતો નહી કહેત દેખો, બ્રહ્મમેરે હાથમે.
સત્યકે સ્નેહી સંત, સાનમાં સમજી લેતે;
પારસી પીપીલ કેરી, સીખે પીપલ સાથમે.
જેસી સંગ તેસી રંગ, આવતી અપારથી;
કહે વીજલાલ એતો ભ્રમનાસે દુર ભયો.
જ્ઞાન રૂપ ભયો આપ, અનંત ઉદારધી;

(પરમહંસ પાતળીયા સ્વામી વિષે રેખતો.)

પરમહંસ પાતળીયા સ્વામી, તે વીશનગરમાં રેહે છે;
સન્યાસીનુ આશ્રમ બાંધી, બ્રહ્મજ્ઞાન તે કેહે છે.
ભારે વેદાંન્તની વાણી વદતા, અગમ અર્થ કરી ભાખે;
માહા વાયકનો અર્થ અપારતે, તે ક્ષણુમાં કરી નાખે.
સતચીદ આનંદ ઉર ધરતા, તે કરતા સૌને બોધ;
અખંડ ચેતન. આળખ્યો આપે: સરસ કર્યો સુભ સોધ.

જ્ઞાન અર્કતો ઉદે થયો છે, આપે આપ ઉપાસે.
બ્રીજલાલ વંદે કરજોડીને, ભવજળ એમ તરાશે;

(શ્રી કાશીવીશ્વનાથનુ અષ્ટક.)

આદ્ય અનાદ્ય એક દેવનીરંજંન, છે અજર અમર માહેશ્વરમ્;
કૈલાસપતી ભોળોનાથ કહીયે, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૧
ગંગા લહેરી વહે ઘેહેરી, સંગ સતી ગવરી પરમ્;
માહા વીખ ધારી કામ બાળી,શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૨
અખીલ બ્રહ્માંડમાં એક વ્યાપક, સદ્ય કાપે અઘકોટી કરમ્;
અગમ અલેખ અવીગત મહીમા, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૩
નીર્ગુણ બ્રહ્મ સદાય નીર્મળ, વેદ ન જાણે એનો મરમ્;
પુરૂષરૂપ ઓંકાર કહીએ, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૪
સૃષ્ટી હરતા ભસ્મ ધરતા, ત્રીપુર હણ્યો ત્રીસુળધરમ્;
વહ્નની સમ વીક્રાળ લોચન, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૫
ભાલચંદ્ર ભરપુર સોહીએ, મુખ તપે કોટી દીવાકરમ્;
દેખી નાગહાર મુંડમાળ મોહીએ, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૬
ઝાંઝ ઝાલર ડાક ડમરૂ, વાગે ચંગ મૃદંગ મધુરે સુરમ્;
સુતનાર સુધબુધ સુતગણપતી, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરં. ૭
બ્રહ્મા ઇંદ્ર દેવ મળી મુની, આવ્યા વીસ્નું વીશ્વભરમ્;
દર્શન કરી સૌ કરે સ્તુતી, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૮
નારદ શારદ શેષ સનકાદીક, જયજય જક્તપતી ચમાંબરમ્;
રૂષી સાહસ્ત્ર અઠયાસી વંદે, શ્રીવીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૯
ગાંધર્વ રાક્ષસ યક્ષ આવે, લે સંગ સેન્યા ડીગંબરંમ્;
બહુ જંગી ભંગી ભૈરવ સોહીએ, શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્. ૧૦
કાશીવીશ્વનાથનુ પઠે અષ્ટક, મનવાંચ્છીત પામે ધરમ્;
બ્રીજલાલ એ અવીનાસી અદ્ભુત.શ્રી વીશ્વનાથ વીશ્વેશ્વરમ્ ૧૧

(આબુનુ વર્ણન ચંદ્રાવળા.)

અલબેલો આબુજી અતી રૂડો, તે શોભે છે સુંદર સાર;
બાગ બગીચાને બંગલા જોઇ, આનંદ થયો અપાર.

આનંદ થયો આપ કહો સુ કહીએ,અગીયારગાંમઆબુઊરલહીયે;
કહે વીજલાલ આ શો તલાવનો હેલો. શો શોભે આબુ અલબેલો. ૧

ઊંટ ઊપર અંધારી રાતે, એહ બે જણુ વીર;
આગળ વીજલાલ પાછળ મોતી, ધરી અંતરમાં ધીર.
ધરી અંતરમાં ધીર તે ત્યારે, કરી સ્વારી પોતે જયારે;
લીધો વળાવો ને ચાલ્યા મહાડ, વા વાયાથી વાય બહુ ટાઢ.
કહે વીજલાલ સુ કહીએ અમે જાતે, ઊંટ ઊપર અંધારી રાતે. ૨

(સત્ય શીષ્યગુરૂ શેવા વીષે છંદ-ભુજંગની ચાલ.)

કહુ સત્ય શીષ્યતણી વાત એક, જેને ગુરૂભક્તી તણો ઊર ટેક;
ગુરૂ આજ્ઞાએ સદા પાય ધરતો, નહી તાત દુષ્ટ કહે તેહ કરતો.
કરે સુધ્ય ચીતે ગુરૂનીજે સેવા, ગુરૂ ઓળખ્યા સત્ય દેવાધીદેવા;
નિમીષ્યારણ્ય વન સુભસાર, રૂષી ત્યા વસે છે પુરાના અપાર.
ભણાવે રૂષી એક ત્યાં મંત્ર વીધા, શીશુ સર્વે રૂષીતણા સધ્ય સીધ્યા;
વધ્યુ સર્વે રૂષીતણું બળ ધાહુ, અસુર સર્વનો અવનીથી વંશ કાહુ.
કરે દેવ જે યજ્ઞ દૈત્યો બગાડે, કોટી ઝાહાડને પાહાડ આદી લગાડે;
એવાં કર્મ અપાર તે નીત્ય કરતા, વળી સુંદરી સાધવી સત્ય હરતા.
રૂષી દેવને શેષ પાતાળ કંપે, મુની સંત ગૈઆદી કોઇ ન જંપે;
કરો નાશ તેનો મળી સર્વ દેવ, નહી ઢીલ કરવી કરો તતખેવ.
સુણી દૈત્યનો રાય બોલ્યોજ વેણ, કરી રક્ત વીકાળ ચઢાવીને નેણ;
લ્યોને વીપ્ર બાળકનો વેશ આપ, ભણો બ્રહ્મવીદ્યા ટળે સધ તાપ.
એવુ સાંભળી દૈત્યનો બાળ એક, ગયો સાધવા સત્ય વીદ્યાવીવેક;
ભણેરૂષીમાં દૈત્યનો બાળ છાનો,ભણ્યો ચીત રાખીઘણુમન માંન્યો.
ભણે બાળ તે વીપ્રનુ રૂપ ધારી, જાયે જામની આપનુ કાર્ય સારી;
ભણ્યો સધ વીદ્યાતણા સબ્દ ભેદ, ભણ્યોમંત્રઆદીજે ચારજવેદ.
પીતા પાસજે પુત્રે વીદ્યા જણાવી, ગુરૂ માહરે મુજને જે ભણાવી;
ગુરૂ દક્ષણા દીજીએ તાત મારા, ફળે મુજ વીદ્યા ગુણ તે તમારા.
બોલ્યો દૈત તે દ્રવ્ય અત્યંત આપુ, પછી તાહારા ગુરૂનુશીશકાપુ;
કહે પુત્રને પીતા સુણ માહરી વાણુ, ગુરૂ તાહરાને રખે કરતો જાણુ.

કહી જાણુશે વાત જો ગુરૂ તારો, કદી નહી ભરૂસો કરે તેજ માહારો;
સુણી વાણી પીતાતણી પાપરૂપ, રહ્યો દૈતનો પુત્ર તો તર્ત ચુપ.
પડયો પાંજરે કેશરી કોણ કાહાઢે, ડસે વસીયર દુધના હોય ડાઢે;
સુળી ઊપરે સુખ તો કેમ લીજે, જાણી જોઇનેવીખ કહોકેમપીજે.
પુરા ભાવથી જેણે વીદ્યા ભણાવી, વળી સત્ય વીવેક નીતી જણાવી;
ગુણ ઊપરે અવગુણ કેમ થાય, ભણી સર્વ વીદ્યા મારી વ્યર્થ જાય.
ગયો શીષ્ય તે ગુરૂની પાસ જ્યારે, કહી તાતની વાત ગુરૂનેજત્યારે;
બોલ્યોસીષ્ય હુંછુ પ્રભુદૈત્તપુત્ર, પીતા માહરે આજે જે દીધો ઊત્ર.
કપટરૂપ હું આવીયો આપચર્ણે,વીપ્રરૂપ જાણી વીદ્યાદીધી નર્ણે;
જાતીધર્મ આજે બતાવુછુ મહારો, ગમેતો ઉગારો ગમેતોજમારો.
સત્યમાર્ગ વીદ્યામુજને ભણાવી; કપટ રીતી તે તમારે જણાવી;
આપુ તાહરાગુરૂતે આજસીખ, પછી માંગવી મટસે તેને ભીખ.
મારી પ્રાણને ધનસાથે જલાવુ, મુખે બોલીયાઆજપીતાજી આવું;
પીતા આપવા સીખ તેડાવેઆજ, મુખે માગો કહેશે મુકીસર્વ લાજ;
ધરી ધીરને બોલજો એક વેણ, કરી કોમળ મનને સાફ નેણ.
મુખે માગુછુ એક વેણ તમારૂ મને ખાવા દો ધંન જેહ અમારૂ;
કશી માહરી વાતનો ભેદ જાંણે, તર્ત માહરા પ્રાંણનોઅંત્યઆંણે.
સમો સાધીને ઘેર જુકતે પધારો, નથી એહવીના બીજોએકે આરો;
સારા ગુણ આપે તેતો ગુરૂ સુદ્ધ, મળે શીષ્યને એજ અમુલ બુદ્ધ.
આપે સીખ તેતો ખરો શીષ્ય સાચો,વદેવીજલાલઅવરશીષ્યકાચો.

(દોહો:)

શીષ કહે ગુરૂ કારણે કહી મુજ પીતાની રીત;
શાણા ગુરૂજી સમજજો, ઊજવળ રાખી ચીત.
પાપી પીતા અધર્મી છે, કરે છે કુડાં કામ;
મુજને હત્યા બેસશે, મળે નર્કનો ઠામ.
માટે ગુરૂ મહારા તમે, સમજો સરવે પેર;
વચન વીવેકે બાંધીને, આવો વેહેલા ઘેર.
નામ મહારૂ દેશો નહી, સમજાવુ કહે શીષ;

તમથી અધીક મ્હારે નથી, એક અધીક જુગદીશ.
અવર અવગુણ કીધા હશે, તે નર સ્વર્ગે જાય;
ગુરૂદ્રોહી જે જન હશે, તે પાપી પુરો થાય.
શીવ વીરંચીને શારદા, સૌકો ગુરૂગુણ ગાય;
તેથી કોણ મોટો દીસે, ગુરૂમહીમા એમ ગાય.
ગુરૂગુણનું નહી પારખુ, નહી ગુરૂનો વીશ્વાસ;
ક્ષીજલાલ વાણી વદે, નહી તરવાની આશ.

(ચોપાઇ-રાગ-ઓખાહરણનો.)

એવાં શીષ્યનાં સુણી વચંન, થયુ કંપીત ગુરૂ કેરૂ તંન;
ગુરૂ કહે મેં કીધો તને બોધ, દક્ષણા દેતા ચઢયો તવ ક્રોધ.
અરે તમે દૈત અનાદીના અવળા, તમને આવે ન સદગુણ સવળા;
દુધ પાઇને ઊછેરે જે સાપ, તેતો કરડે તેનુ શું પાપ.
એવો દૈત વંશીનો છે ધારો, એમાં શો અપરાધ અમારો;
ગુણ ઊપર અવગુણ સાર, તેતો કહેતાં ન આવે પાર.
પછી તેડાવી યા ગુરૂદેવ, કીધી વીવીધ પ્રકારે શેવ;
આપ્યું આસન આદરમાન, આપ્યાં હેતે શ્રીફળ પાન.
કરી પુજા વીવીધ વત પોતે, ક્ષીજ ડર્યો અસુરને જોતે;
કરાવ્યા વીવીધ ભોજન, નવ રીઝે તે ગુરૂ કેરૂ મન.
બોલ્યો દૈત અધ્યારૂજી આજ, જમો જુક્તિથીરે મહારાજ;
કર્યું સત્યવીદ્યાનુ તમે દાન, જગમાં જેથી વધસે માન.
થાઓ પ્રસન્ન ને તમે માગો, ભાવટ તમે ભવની ભાગો;
આજ મન પ્રસન થયુ મહારૂ, તેથી કાર્ય તમારૂ સુધારૂ.
તમે પુત્રને વિદ્યા ભણાવી, તેણે મુજને સઘળી જણાવી;
તેથી ઉલટ આવી મહારે મન, માગો એટલુ આપુરે ધન.
ગુણવંતો ગુરૂ તવ બોલે, તેતો વચન અમૃતને તોલે;
પછી ફરીને બોલો જો તમો, આપો વચન માગીએ અમો.
એમાં શુ છે વચનનુ કાજ, મોઢે માગો તે આપુ આજ;
મારે વચન તણુ છે કામ, ગારે ઘેર કોટીક છે દામ.
તેને કોઇ નવ સકે લેઇ, ચોકી તમારી ચુકશો નહી;

મારૂ ધન દેજો મને ખાવા, આપ્યુ વચન ન દેશો જાવા.
તમે આપ્યુ અપાર ધન એહ, અધીક ધન ઉપર નહી સ્નેહ;
આપી વચન બંધાણો અસુર, તેનુ ધાર્યું મળ્યુ સર્વે ધુળ.
કહી પુત્રને સર્વે પેર, તેથી ખોટ આવી મુજ ઘેર;
સમજી આપી અધ્યારૂને રજા, કરી પુત્રને મારવા કજા.
જાણ્યો મુજથી અધીક ગુરૂ દેવ, આપણે અસુરને શી સેવ;
એને મારીને ધન હું લાવુ, તેતો કામ બગાડસુ શું આવું.
પછી તેડાવી અસુર જન, કર્યું પુત્ર વધ કેરૂ મન;
કહી સર્વ સ્નેહી એ પેર, કેમ હાણુ લાવો છો ઘેર;
વચન આપતાં વાત ન જાણો, હવે બાળકનો અંત શો આણો.
કહે શીજલાલ દગો દુર કરજયો, એવી વાત હ્રુદયમાં ધરજો.

(દોહરો.)

પુત્ર કહે શું મુજને, મારી કરશો કાજ;
ગુરૂથી અધીક મ્હારે નથી, ચોદ લોકનુ રાજ્ય.
અનંત કાળ આથડતા, ગુરૂપદ પામ્યો આજ;
કેમ કરી તે પરહરૂ, જાય જગતમાં લાજ.
માટે સર્વે મીત્રને, કહી સંભળાવું કર્ણ;
રાત દીવસ સેવો સદા, સદગુરૂ કેરા ચર્ણ.
ગુરૂદ્રોહી મહાપાતકી, નારદ સરખા મુન્ય;
વાલ્મીક ગુરૂ વચનથી, ભણતા અવળી ધુન્ય.
લક્ષચોરાશી જીવ છે, તેમાં ખાણો ચાર;
નર્ક ઓગણત્રીસ ભોગવે, ગુરૂ નીંદા કરનાર.
ગુરૂ બરાબરી જે કરે, ગુરૂને કહાડે ગાળ;
ગુરૂ સજ્યાએ પગ ધરે, તે ખાશે જમના માર.
ગુરૂ વિન જ્ઞાન મળે નહી, ગુરૂ વીન ગતિ ન થાય;
ગુરૂ વીન ગોવિંદ વેગળા, કરી ક્રિયા મટી જાય.
પરમારથ પદ પુજતાં, પુરણ ગુરૂપદ પાય;
સચ્ચિદાનંદ શોભીત સદા, સઘળે ફરતા સાહ્ય.

વીજલાલ વાણી વદે, ગુરૂ ગુણનુ નહી માપ;
શીવ વીરંચી શારદા, શેષે છે ગુરૂ આપ.

(ગુરૂ સ્તુતી, રાગ વેરાવળ, પ્રભાતીયાની દેશી.)

શ્રીગુરૂ સચ્ચિદાનંદ પ્રભુ, મારા પ્રાણજીવન ધન તેહરે;
સુદ્ધ સ્વરૂપ સાક્ષી છો તમે, સગુણ બ્રહ્મની દેહરે.
નિત્ય સુદ્ધ પરિપુર્ણ કહીયે, નીરાલંબ નીજ નામરે;
કુટસ્થ કૈવલ્ય સ્વયં પ્રકાશિક, બ્રહ્માનંદ સુખ ધામરે.
નાના અલંકાર રહીત નીર્ગુણ, આવર્ણ એક નહોયરે;
અનંત વિશેષણ અપાર ગુણ, એવા સગુણ રૂપે શોયરે.
જીવ ઇશ્વરને બ્રહ્મ સ્વતંત્ર, છે એકો સ્વરૂપે તે લીનરે;
ભ્રમણા ત્યાં તો ભ્રાન્તિ લાગે છે, ભાસે તેને ભીન્નભીન્નરે.
લીંગ દેહ ગળે વાસના તત્વનુ, તેતો થયો મોક્ષ સ્વરૂપરે;
અહંતા મમતા મનની મુકી, તેતો રંક મટી થયો ભુપરે.
કૈવલ્ય જ્ઞાનની મુર્તિ કહીએ, છે હ્રી ભુજનો તે ઇશરે;
અગમ અગોચર ઓળખ્યા, જેને જાણ્યો તે વીશ્વાધીશરે.
છે જડ ચૈતનનો ભેદ અવીગત, તે અપારને અવ્યક્તરે;
છે સકળ સીરોમણ સદ્ગુણ સોભીત, એવું અપારગુણ આજક્તરે.
ચૈતનથી આ સ્થુળ થયુ છે, સ્થુળ ચતનનો વીચારરે;
તેમ બ્રહ્મથી માયાને માયાથી બ્રહ્મ, જેમ જળથી લીલ એક સારરે.
તત્વમસી ભવ ત્રીગુણ ત્યાગી, મળે પરમહંસ ગુરૂદેવરે;
છે નીત્ય નીર્મળ અચીચળ વાણી, એવા સત્ય સદ્ગુરૂ શેવરે.
સંસય શોક હરે મનકેરો, પરસે પાવન થાય જીવરે;
ભ્રાન્તીને ભ્રમણા ભેદે ભાગે, ને કરે તે જીવનો શીવરે.
જ્ઞાન હીમાળે મનજ આળે, ને વંધ્રુસે વેખરી વાણરે;
અવિદ્યાની આડજ તૂટે, મટે મનની સર્વે તાણરે.
ભટકણ ભાગે ભવતણું ભેળે બ્રહ્મની માંયરે;
પથ્થરનો પારસ કરે છે, છે પ્રકટ પારખુ ત્યાંયરે.
જેમ કીટનો ભ્રંગ તે ભ્રંગ કરે છે, તેતો સંગતનો છે સારરે;
બાવન ચંદન બેહકતો, તેનો કેહેતાં નં આવે પ્રારરે.

માયાવર્જીત દ્વંદાતીત છે, જેણે ગગન કીધું છે ગામરે
વીજલાલ તે ગુરૂને હું વંદુ,૦તેનું સદગુરૂ એવું છે નામરે.

(ગુરૂના મેળાપ વીષે રાગ લટકાળો ગીરીવરધારી એ રાહ.)

આજ મળ્યા આનંદી અલબેલો, (૨) ટેક.
જીવ ઇશ્વરને બ્રહ્મ ઓળખાવ્યોરે;
પછે અખંડ આનંદમાં ખેલોરે. આજ મળ્યા૦
તેણે તાપ ત્રીવીધીના ટાળ્યારે,
કર્યો જનમ મરણ ફેરો છેલ્લોરે; આજ૦
ભ્રાંન્તી ભ્રમણાનો ભેદ ભાગીરે,
કર્યો સત્ય હજુરી મને ચેલોરે. આજ૦
ઘણા દીવસ ગયા ગુરૂ શોધતાંરે,
મળે શીશ સમરપુ હું પહેલોરે. આજ૦
ગંગોદકજળ પીવા મુકીનેરે,
કુપ ખોદે છે તેતો ઘેલોરે. આજ૦
નીસ્કાંમી નીર્ગુણ સંત નીરખીરે,
હુંતો પ્રેમે કરીને મારૂ હેલોરે; આજ૦
વીજલાલ પુરણ બ્રહ્મ ભજતાંરે,
તમે કુડ કપટ સર્વે મેલોરે. આજ૦

ગુરૂના ઉપદેશ વીષે રાગ.

(હરી ભજનથકી છોટા હોય તે સૌથી મોટા થાય એ રાહ.)

ઓ કબુદ્ધિ જીવ શેવોને સતગુરૂને શુદ્ધ વિચારે;
જેથી શુદ્ધ જ્ઞાન મળે, જન્મ મરણના સર્વે તાપ નીવારે. (ટેક)
ગુરૂજ્ઞાન દાન દેશે તુજને, તે રાખી હૃદયે તુતો બુજને;
પરીબ્રહ્મતણું પદ તું પુજને, ઓ કબુદ્ધિ જીવ૦
પેહેરી લખચોરાસીની તે ફાંસી, તેને કાપીસ નહી તો થશે હાંસી;
ગુરૂજ્ઞાન રૂપી ધરકર વાંસી, ઓ કબુ૦
ગુરૂ માહાદેવ આદી દેવ સહી, કોઇ દેવ તેનાથી તો અધીક નહી;

વાત નારદે ગુરૂ મહીમાની કહી, એ કબુ૦
જુઓ વાલ્મીકને ગુરૂ મળ્યા રૂષી, તેને પુન્ય પાપની વાત પુછી;
તેને પદ્વી આપી છે અતી ઊંચી, એ કબુ૦
ગુરૂ જ્ઞાન પામે અજ્ઞ જાય ટળી, જેણે સત કોટી રામાયણ કરી;
તેનો મનુષ જન્મ ગયો છે તરી. એ કબુ૦
અરે જેને શીવબ્રહ્માદીક ગાય છે, જેને વીશ્નુ અહોનીશ ચાહાયછે;
તેના ચર્ણે તીર્થ ફેરા ખાય છે. એ કબુ૦
એવા બ્રહ્મવેતા ગુરૂ સત્ય મળે, ત્યારે દોષ અવિદ્યાના સર્વે ટળે;
કામ ક્રોધ લોભ મદ માન ગળે. એ કબુ૦
કહે વીજલાલ ગુરૂની આગમ ગતિ, તે કહેવાને ન મળે મહારીમતી;
શેષ શારદ સરખા થાકયા કથી. એ કબુ૦

(ગુરૂના મેળાપ વીષે પદ રાગ ગોડીની ચાલ.)

પુરણબ્રહ્મ ઊપાશી, મીલે ગુરૂ પુરણબ્રહ્મ ઊપાશી;
હરહર માયાચર્ણ કેરી દાસી, મીલે ગુરૂ પુરણ બ્રહ્મ ઊપાશી. ટેક.
આદ્ય અનાદ્ય સોહંગપર સુરતી, અખંડરૂપ અવીનાશી;(૨)
કામ ક્રોધ લોભ નહી મનમે, માયા ચરણકી દાસી. (૨) મીલે ગુરૂ.
અડસઠ તીર્થ જાકે અંગમેં સોહીયે, ચર્ણકમળ વસે કાસી;
રાગ અરૂદ્વેષ દોશ સબ ત્યાગે, ભજન એક સુખ રાસી.(૨) મીલેગુરૂ.
જાગ્રત સ્વપ્ન સુસુપ્તી બાહર, તુર્યા મધ્ય નીવાશી;
તંપદ તત્પદ અસીપદમેં આપે, ઘટઘટસોહંગપ્રકાસી.(૨)મીલેગુરૂ.
જ્ઞાન સ્વરૂપ સબળ બળ ભાસીત, નીર્ગુણ નામ નીરાસી;
સચ્ચિદાનંદ આનંદ મહી મહાલે, જોયુ તત્વ તપાસી.(૨)મીલેગુરૂ.
નરહરી દેહ ધરી ગુરૂ આપે, માયાથી વસે ઊદાસી;
કહેવીજલાલધન્યસતગુરૂને, કાપેલક્ષચોરાસીકીફાંસી.(૨)મીલેગુરૂ.

ગુરૂને શેવવા વીષે—પદ રાગ પ્રેમાનંદની થાળનો.

(અવીનાસી આવોરે જમવા કૃષ્ણહરી એ રાગ.)

સેવો સતગુરૂનેરે આદર ભાવ કરી, સંસાર સમુદ્રરે સેજે જાઓ તરી;
પુર્ણ બ્રહ્મ પરખોરે નીરખો નેહ કરી, જન્મ મર્ણ તો નઆવે ફરી ફરી.

કાચી છે કાયારે માયા પણ જુઠી, સ્મર્ણ કર સાચુરે જાવુ છે ઊઠી;
નીતીની રીતીરેસંતમળ્યેસમજો, અજ્ઞાનઅંધારૂરેદીલદઇનેદમજો.
મુકો મનસુબોરે સમજો સુદ્ધ વાતો,જમડાપકડીનેરેમારેબહુલાતો;
વેદાન્ત વીચારોરે સાચા જન સુરા,ગુરૂવઅનેકરજ્યોરેસંશયનાચુરા.
વૃતી કરી ઢુકીરે મૂકી જગમાયા, તારૂને મહારૂરે ફરવા નવ ધાયા;
ત્રક્ષાનાત્યાગીરેતંનસુખત્યાગીછે,અખંડઅવીનાસીથીરેલગ્નીલાગીછે
છે બ્રહ્મસ્વતંત્રરેઅંતર નવકરતા,થઇવીષયવીરક્તરેકોઇથીનવડરતા;
કામક્રોધલોભજરેમોહમજુરથયા,ત્રીવીધીએતાગ્યારેનીર્ગુણબ્રહ્મલહ્યા
સ્થુળેસ્થુળ થાયરે સત્તા ચૈતનની,સુક્ષ્મથીસ્થુળજરે આદ્યઅનાદ્યસહી;
ઊપજ્યુજેસેજેરેસમ્યુતેસેહેજજઇઅખંડઅવીનાસીરે આનંદમાંસહી.
સ્થુળેકરીનેરેસુક્ષ્મનેસમજ્યા, માયાના પડદારે આવર્ણ આપતજ્યા;
બંધન નહી જેનેરે તે મોક્ષરૂપ થયા,કર્તા અકર્તારે બેમાં એક રહ્યા.
હતો જે રાજારે રંક થઇ ફરતો, સમજણને આવેરે રાયપણું કરતો;
જીવજ નહોતોરે શીવ હતો સાચો, માયામાંવળગ્યોરેજીવથયોકાચો.
સ્વતંત્ર શક્તિરે પુરણ બ્રહ્મતણી,માયા છે દાસીરે કેહેતાંનાવેબણી;
પોતાની માયારે તેને મળતામાં ઈશ્વર કૈહેવાયારે નીર્ગુણ કર્તાત્યાં.
નીર્ગુણ નીરંજનરે ગુણનોસંગકર્યો,આત્મારામજરે ઇશ્વરઆપઠર્યો;
અહંકારના ગુણજરે રજતમસતસદા,બ્રહ્મા વીશ્નુરે માહાદેવ તદા.
બ્રહ્મઈચ્છાથીરે પ્રકૃતી આપ થઈ, પ્રકૃતીથીરે મહત્વ જાણ લહી;
મહતત્વથીરે અહંકાર ઊપન્યો છે, સર્વે સત્તારે પુર્ણ બ્રહ્મમાં છે.
અનેકતોએકજરેસ્વરૂપમાંજરહ્યા,તેનાભેદજુજવારેકોઈકવીરલેલહ્યા;
પ્રગટ્યાંપર્ચુરણરેપંચકોશતહી,આવરણઅનેકજરેખ્યાસીતત્વલહી.
પ્રથમજેપ્રગટ્યારેઆખરજઈમળશેજેના જેભાગજરેતેમાંજઈભળશે;
ચૈતન ચૈતનમાંરે મળશે જેવારે, સદગુરૂ કહેછેરે અનુભવ વીચારે.
અવસ્થાવાણીરેઅંતઃકરણછેસરખાંદેહપણચારજરેવેદગુણેનીરખ્યાં;
કર્મેંદ્રીજ્ઞાનેઇંદ્રીરેકોષપણપંચજાણોવીષયભુતઆધેરેપચીસપરમાણો.
અનંત વીચારેરેઅવીગતગુણલહ્યા,ચતુર સીરોમણરેસદ્ગુરૂદેવેકહ્યા;
વાસના લીંગજરે સમજે થીગળશે લક્ષચોરાસીરે તેની તો ટસશે.
જ્યાંહુંનેમહારૂરેબંધનજુઅજાણો,મારૂજ્યાંમુકશુરેઅખંડપદમાણો;

સમજયાજેશાંણારેમહાસુખમાણેછે, અધરઅધુરારેમતામતતાંણેછે.
સચ્ચિદાનંદ મળીયારે જ્યારે સહાય કરી પોતે,
બીજલાલ વદેછેરે નરહરી રૂપ જોતે;
પુરણ પ્રતાપેરે માયા ગુરૂદેવ હરી, દયા કરીનેરે ત્રશ્ના દુર કરી.

(બ્રહ્મ સત્ય છે એ વિષે કુંડળીયો.)

વેદ શાસ્ત્ર પુરાણમાં, એક બ્રહ્મ કહ્યો સત્ય;
ભાગવતગીતા ઊપનીસદ, સર્વેની એક મત્ય.
સર્વેની એક મત્ય, બ્રહ્મ સકળમાં સાચો;
મનમાં બંધન મોક્ષ, જો સતગુણથી રાચો.
અહીંસા પરમોધર્મ છે, એમાં કસો ન ભેદ;
વ્યાસ બીજલાલ તો એમ કહે, બોલે ચારે વેદ.

(પરમેશ્વરને ભજવા વિષે ગરબી ૧.)

ખટકો ખટકો ખટકોરે, રાખો પ્રભુ ભજનનો ખટકો. ટેક.
મનુષાજન્મ તો નથી મળવાનો, પછી ખાશોતેજમનોફટકોરે.રાખો૦
અક્કલબધીઅજ્ઞાનતામાં ખોઇ, સે નથી લાગતો ચટકોરે; રાખો૦
સ્વાર્થમાં સોમણ વાવરે, ના આપે પરમાર્થ કટકોરે. રાખો૦
પરત્રીયા પરધન હવામાં, હીંડે બહુ કરી લટકેરે; રાખો૦
અંતે દુઃખ દેખાશે જ્યારે, ત્યારે પડશે તે જમનોઝટકોરે. રાખો૦
અતી અધર્મ કરી કરી પ્રાણી, પછીલક્ષચોરાસીમાંભટકોરે; રાખો૦
કહેબીજલાલહરિભજનકર્યાવિના, તેતોભર્યોભુંડાઇનોમટકોરે. રાખો૦

(ગરબી ૨ જી.)

જાગને જાગને જાગનેરે, નરહરી ભજનમાં જાગને;
લખચોરાસીનુ મોટુ લગડુ, તેને ભજન કુહાડે ભાગનેરે. નરહરી.
સંતસમાગમ સદગુરૂની સેવા, બેજ અહોનીસ માગનેરે; નરહરી.
કામક્રોધલોભ મોહ આશાને ત્રષ્ણા, એ પાંચેને ત્યાગનેરે. નરહરી.
પરમેશ્વરપરી બ્રહ્મને મળવાનો, જોતો હીડને તુ લાગનેરે; નરહરી.
આ સંસાર ફુલેને કરમાય, ન મોહીશ માયા બાગનેરે. નરહરી.

રાતદીવસ હરી હૃદય:માં રાખો,ઠગને કાળરૂપી કાગનેરે; નરહરી.
કહેવ્રીજલાલનહિમાનોશીખામણ,પછીદયાનહીઆવેકાળા નાગનેરે.

(ગરબી ૩ જી.)

દામનાં દામનાં દામનાંરે, આતો સર્વે સગાં છે દામનાં; ટેક.
જન્મ મર્ણની મોટી આફતમાં, અંતે નથી કોઇ કામનાંરે. આ.
સર્વ સ્નેહી મળી સાથેજ લુંટે, પછે ભાગવહેંચેછેધનધામનારે;આ.
પેંદા કરે તેને સર્વે પુછેછે, એતો કરશે જગતમાં નામનારે. આ.
આછેરે મારૂને આ છેરે તારૂ,મળશેપાંચપંચાતીયાગામનારે; આ.
કોડી કફન કસુ કામ નઆવે,તારાખોટાપૈસાછેચોરીચામનારે. આ.
જમનીકચેરીમાંજુતીયોપડસે,ભલાંભજનનથીકીધાંરામનાંરે; આ.
કહેવ્રીજલાલહવેનથીછુટવાનુ,લાગીજન્મોજનમનીખાંમનારે.આ.

(ગરબી ૪ પ્રભુ ભજન કરવાનું ભુલ માં ટેક.)

ભુલમાં ભુલમાં ભુલમાંરે, પ્રભુ ભજન કરવાનું ભુલ માં; ટેક.
સમજણ માત્ર માથે છેણી મુકી છે, ઊંઘે મુસ્તકે પછી ઝુલમાંરે. પ્ર.
જમને જમાન આપીને આવ્યા,તેતો પકડીને નાંખશે ચુલમાંરે;પ્ર.
કરગરવાનું તારે કર્મે આવશે, સુજશે નહી તને સુળમાંરે. પ્ર.
સેવા તું કરને સરજન હારની, ડુબી ન મરતો ભુલમાંરે. પ્ર.
માયાને મમતા મનમાં રાખી, ખોટા વેવારમાં ફુલમાંરે; પ્ર.
કહે વ્રીજલાલ તું આંખો મીચીને, મારે કુવાડો મુળમાંરે. પ્ર.

(અધર્મિન ધના વીશે કુડલીયો.)

અધર્મિનું ધન અણછતુ, ધરણીમાં દાટયુ સુધીર;
ભોરીંગ થઇને ત્યાં ભમે, એ કાહાડયું ત્યાં હીર.
એ કાહાડયું ત્યાં હીર, તેલ તાતાં શીર રેડે;
જેણે સંચ્યું જે દ્રવ્ય, તે ધન તેને તો વેડે.
કહે વ્યાસ વ્રીજલાલ, હેરાન થયો અકર્મિ;
પરાણે ખોયો પ્રાણ, માયા શીદ મેળવી અધર્મિ. ૧

(મુજી વીશે છપ્પા.)

સોમનુ મુખ બાળ, ધન લૈ ધર્ણિમાં ડાટે;
સોમનુ મુખ બાળ, ખરચે નહી એકે વાટે.
સોમનુ મુખ બાળ, પેટ પોતાનું તે બાળે;
સોમનુ મુખ બાળ, સંગત કરતાં સુધી ટાળે.
સોમનુ મુખ બાળ, ત્રષ્ણા જેની નવ તુટે;
સોમનુ મુખ બાળ, મુજ ધન ખરચે ખુટે.
વ્રજલાલ વાણી વદે માહા પાપી મુજી સહી;
ઘણા દીવસ ધન સંચશે, પણ આખર રેવાનું નહી.

(ચાબખા રાગ ભોજા ભગતનાં.)

જવા ઘો તમે જુઠ તણી બાજી, જેથી રામ રહે રાજી. ટેક.
પ્રપંચ કરીને પૈસો મેળવીયો, રચ્યો માયા ઝાઝી;
પુન્યને નામે પાઈ ના વાવરે, પછે હાથ ઘસે પાજી. જવા.
ખાતે કામમાં ખસી નીકળતો, ઘણું હેણું કરે કાજી;
કોઈ સ્વાનનેં ટુકડો નાંખે તો, પોતે મરે છે દાજી. જવા.
જુઠી તે સાખ્યો આવી પુરે ને, મરે માત પીતા લાજી;
ચોરી અંન્યા અધર્મ કરે ઘણું, ધરી તીખી બુદ્ધી તાજી. જવા.
લેઇને તો કોઇનું આપે નહીં ને, બીજાનું લે બાજી;
પારકુ ખાધે વાદીયોને, ખવરાવ્યે બહુ પાજી. જવા.
વ્રજલાલ કહે જયારે રામજ રૂઠશે, ત્યારે ખાલ નહી રે સાજી;
જુઠના ફળની જુતીયો પડશે, તેની સૌ શાહુબી છાજી. જવા.

(ચાબખો ૨ રાગ ભોજાનો.)

માનોને તમે એક કહ્યું મારૂં, તેથી કામ સરે તાહારૂં; ટેક.
પરમારથમાં પ્રીતી રાખીને, મેલ તીરૂં માહરૂં;
સગાં સનેહીનો સંગ મુકીને, લેને રામનું નામ પ્યારૂં. મા૦
પરત્રીયાથી કદી પ્રીત ન કરવી, તજો પરધન જે ખારૂં;
દારૂ માટી ચીતથી મુકજે, પછે થશે તારૂ ધાર્યું. મા૦
સાચા તે સંતનો સંગ કરીને, કરો પ્રભુ ભજન સારૂં;

અંતરની અવીદ્યાને તજતાં, થશે પાનુ જગત ન્યારૂં. મા૦
સત્ય પુરૂષને સેવ્યા નહી ને, ન માન્યું ગુરૂનું વાર્યું;
જમની કચેરીમાં જુતીયો પડશે, ત્યાં નહી થાય ધાર્યું. મા૦
ઘરધંધામાં ઘેલો ફરે છે, ઘણી મોટાઈ લેવા સારૂ;
સંચ્યુંરે ધન તારૂ પડયું રેહેશે, વળગ્યું વાસનાનું લારૂ. મા૦
વાસનામાં તો બંધાઈ જશોને, બેઠા ડોકુ કાહાડી બારૂ;
વ્રીજલાલ કહે ધન કોઇનું થયું નથી, રેસે ભોંયમાંતે ભાર્યું. મા૦
સરજનહારનું સમરણ કરે તો, મટે જમનું લાહારૂ;
ફાંસુ જગતમાં પુરયો ફરેને, કરે કાચું કારભારૂ. મા૦

(પ્રભુ ભક્તની લાજ રાખ્યાની વીશે પદ.)

એમપત રાખો પરમેશ્વર મારી, મોહન મુજપર મેહેર કરી;
અંતરયામી છો બહુ નામી, રાખો નજરાં ખુબ હરી. ટેક.
પ્રેહેલાદ કેરી એમપત રાખી, નરહરી નરસીહરૂપ ધરી;
હીરણ્યાકશ્યપને નખે વીદાર્યો, પ્રેહેલાદની પ્રતીપાળ કરી. એમ૦
સુધનવાની એમપત રાખી, તેલકઢા પ્રભુ સીતળ કરી;
વહાર કરી ગૌ બ્રાહ્મણની પ્રભુ, પછે શ્રીફળ લીધુ હાથ ધરી. એમ.
ધૃપદસુતાની એમપત રાખી, અંબર પુર્યા ભાવ કરી;
દુશાસન માહા દુષ્ટજ હાર્યો, રાય સભા સૌ ગઈજ ઠરી. એમ.
નરસીહમેહેતાની એમપત રાખી, કંઠે પુષ્પનો હાર ધરી;
મોસાળુ મનમાન્યું પુર્યું, મધ્ય મંડપમાં છાબ ભરી; એમ.
મીરાબાઈની એમપત રાખી, ઝેહેર હતું તેનું અમૃત કરી;
અલબેલો પળ એકમાં પોતે, આરોગ્યાં છે આપ હરી. એમ.
પેંપાજીની એમપત રાખી, આયુદ્ધ આપ્યાં ભાવ કરી;
સંખચક્ર ગદા પદ્મ આપીને, સંસાર સમુદ્રથી તાર્યો હરી. એમ.
સર્વ ભક્તની એમપત રાખી, સાહ્ય કરી અવતાર ધરી;
વ્રીજલાલ કહે પ્રભુ એમપત રાખો, ચરણે આવ્યો કીલાજ ધરી. એમ.

(સાત વાર ગરબી.—રાગ વલાજીના મહીનાનો.)

છે આદી તે અવીનાશી અંતરયામીરે, એ અલબેલા;
પુર્યો સચરાચરમાં વાસ, પ્રગટયા સૌ પહેલા;
તારી અકળકળા અવીગત છેરે, એ અલબેલા.
તારૂ પરા પાર પ્રમાણ, પ્રગટયા સૌ પહેલા;
ધર્યાં અનંત બ્રહ્માંડ જેણે અંગમાં, એ અલબેલા.
છો નીર્ગુણ નીરંજન આદ્ય, પ્રગટયા સૌ પહેલા;
છો ચીદાકાર એકરૂપ, શોભો અલબેલા.
તારો અદ્‌ભુત ખેલ અપાર, પ્રગટયા સૌ પહેલા;
સોમે સૃષ્ટિને રચવા ધારીરે, એ અલબેલા.
કરી ઈચ્છા મન મોઝાર, પ્રગટયા સૌ પહેલા;
પછી ઈચ્છાશક્તિ આપ આવી ઊભીરે, એ અલબેલા.
કરી મુજને કેમ મહારાજ, પ્રગટયા સૌ પહેલા;
કરો જગ્તતણો આરંભ વદ્યા એમ વાણીરે, એ અલબેલા.
પ્રકૃતિએ કર્યું મહતત્વ, પ્રગટયા સૌ પહેલા;
છે સબળ બ્રહ્મ સુખરૂપ માહાતમ મોટુરે, એ અલબેલા;
સૌના નીપજાવણહાર, પ્રગટયા સૌ પહેલા.
ભોમે ભુમીજળ કંઈ નવ તે ભાસેરે, એ અલબેલા.
ત્યાં નહિ પંચભુત પસાર, પ્રગટયા સૌ પહેલા;
મહતત્વથી અહંકાર પ્રગટયો એવોરે, એ અલબેલા.
તેણે કરવા માંડયું સૌ કાજ, પ્રગટયા સૌ પહેલા;
થયા અહંકારથી ત્રણ ગુણ પ્રગટયા પોતેરે, એ અલબેલા.
રજો તમો સતો ત્રણ નામ, પ્રગટયા સૌ પહેલા;
થયાં તમોગુણથી મહાભુત એવાં આપરે, એ અલબેલા.
તેના જુજવા જાતી ભેદ, પ્રગટયા સૌ પહેલા;
બુધે બુદ્ધિનો ખેલ રચ્યો બહુ નામીરે, એ અલબેલા.
તારી યુક્તિ અનંત અપાર, સનાતન સૌ પહેલા;
થઈ રજોગુણે ઈંદ્રી દસ જુજવી જ્યારેરે, એ અલબેલા.
કર્યા જુજવા તેના ભેદ, પ્રગટયા સૌ પહેલા;
સતોગુણે દેવ શરીર સર્વે સ્થાપ્યાંરે, એ અલબેલા.

મહા મહાનત પણ સુદ્ધ સાર, પ્રગટયા સૌ પહેલા;
એમ પંચભુત પ્રમાણ ગુણથી થયાંરે, એ અલબેલા.
કહ્યા ત્રણ ગુણનો વીસ્તાર, પ્રગટયા સૌ પહેલા;
જે ગુરૂ પ્રતાપે જ્ઞાન મળીયું સારૂરે, એ અલબેલા.
થઈ ચીદાનંદની સહાય, પ્રગટયા સૌ પહેલા;
નહતી બ્રહ્મજ્ઞાનની ભાળ, યુગમાં જ્યારેરે, એ અલબેલા.
પ્રગટી પ્રકાસ્યું બ્રહ્મસ્વરૂપ, પ્રગટયા સૌ પહેલા;
ન કોઈ વેદ વચનની વાત ઝાઝી જાણેરે, એ અલબેલા.
નહનો તત્વનો કંઈ તપાસ, પ્રગટયા સૌ પહેલા;
જીવ ઈશ્વિરને બ્રહ્મ તે શુ કહીયેરે, એ અલબેલા.
તેં સમજાવ્યા સર્વે જન, પ્રગટયા સૌ પહેલા;
શુકરે સોહંગ બ્રહ્મ સત્ય કરી જાણ્યોરે, એ અલબેલા.
સુણ્યો મહાવાક્યનો ભેદ, પ્રગટયા સૌ પહેલા;
જ્યારે મનબુદ્ધિ ચીત્ અહંકાર સમજ્યા સુધારે,એ અલબેલા.
પંચીકરણ ઊપનીષદ્ સાર, પ્રગટયા સૌ પહેલા;
ત્યારે ભાગી મનની ભુલ ભ્રાંન્તી ભાગીરે, એ અલબેલા.
થયો વેદ ગુરૂ વિશ્વાસ, પ્રગટયા સૌ પહેલા;
જોતાં સર્વે સાચો ખેલ અમને ભાસ્યોરે, એ અલબેલા.
અમને દ્રઢ આવ્યો વિશ્વાસ, પ્રગટયા સૌ પહેલા;
સ્થાવરે સ્થીરતા મન ઠર્યું છે મહારૂરે, એ અલબેલા.
પછી એક બ્રહ્મ જાણ્યો સત્ય, પ્રગટયા સૌ પહેલા;
છે સ્વર્ગમૃત્યુ પાતાળ ચીદઘન પોતેરે. એ અલબેલા.
તે જળ થળમાં છે જુગદાધાર, પ્રગટયા સૌ પહેલા;
આદ્ય મધ્ય ને અંત્ય એનો એ છેરે, એ અલબેલા.
જેનું અચળ અગમ છે સ્વરૂપ, પ્રગટયા સૌ પહેલા;
છે નીજરૂપ નીરાધાર નિર્ગુણ નામીરે, એ અલબેલા.
જેને વેદ નીરંતર ગાય, પ્રગટયા સૌ પહેલા;
થયા સહેજે સાતે વાર, સરસ સોહાગીરે, એ અલબેલા.
ગાશે સુણશે નરનેબાર, પ્રગટયા સૌ પહેલા.

તેનાં પુર્વ જન્મનાં પાપ સહેજે બળશેરે, ઓ અલબેલા.
તેતો તરશે ભવ સંસાર, પ્રગટયા સૌ પહેલા;
હોય અનુભવી જે કોઈ જંન સમજે સર્વેરે, ઓ અલબેલા.
તે પામે ભવજળ પાર, પ્રગટયા સૌ પહેલા;
સુણો વીજલાલની આ વીનતીરે, ઓ અલબેલા.
રાખો ચર્ણકમળની છાંય, પ્રગટયા સૌ પહેલા.

(રામ રાવણનું યુદ્ધ-કવીત વીકટનો રાગ.)

સજે રામરાહળ સબળ ચડીયા, ઊડ લંકાં જાય અડીયા;
ભાઇયાં નવ દુત ભડીયા, ગોખડે અતી ઢોલ ગડીયા.
શોક બાણ મચે સણણણણ, બાટકે ઊર સાત બણણણણ;
ભીછ જોધારી છગણણણણ, અંદણે અતી પંખ ફંણણણણ.
ખાગ ધારા આગ ખલલલલલ, ભાગે દૈતાં મુંડ ભલલલલલ;
કાંગરે ગઢલંક કલલલલલ, શેષ ધ્રુજે પેસ સલલલલલ.
દેવને દાનવ ખલલલલલ, કોપે ઇંદ્રને કુંભેણ હડડડડડ;
અંગદને સુગ્રીવ અડડડડડ, હનુ લક્ષમણ હાક હડડડડડ.
ધુબકે રાવણ ધડડડડડ, થડક ઊથડક સ્કંધ થરરરરર;
બડક ધડક ઘા ઊભરરરરર, ઘુમીયા સુર અસુર ઘરરરરર.
ફોજ છે લાખેણ ફરરરરર, નાથશુ હરનાથ નમીયા;
ઘણા અસુર દૈત દમીયા, ગણ વિભીક્ષણ દળીદ્ર ગમીયા;
મુંડ રાક્ષસ રૂંઢ ભમીયા, સજે રામ રાબળ સબળ ચડીયા.

(દ્વારકાંનું વર્ણન છંદ રણંકીની ચાલ છે.)

માહા મંગળ દ્વારામતી, મુક્તપુરી સુરમાંજ,
ઊગ્રસેન રાય અધીપતી, શ્રીકૃષ્ણ કરંતા કાજ.
છપન કુળ જાદવ છજે, તે સુર તેત્રીકોડ સાર;
ચક્ર સુદર્શન ચોકી કરે, વસે પુરી જોજન બાર.
વીશ્વ કરમા પુર્વે રચી, વીશ્નુ વાસ તતૂધામ;
તે ગર્જે માતા ગોમતી, ત્યાં રાજે સુંદીર શામ.

(તો છંદ રણકીની ચાલ પ્રમાણે.)

તો કનક કોટ ઝલહલ ગઢકોંગર, મંદીર અતી અતી જડીત્રમણી;
ધવળ ગોખ બંગલા શ્રવાડ ગમીધે, ખાસ કુસુમહી સુગંધ બણી.
ઊઠ ક્રોડ શીખર બંધ દેવળ, કુંદન ભુમી કહે બાંની;
તે સપ્તપુરીમે સર્સ દ્વારકાં, જયજય ગોમતી માહારાણીમા. (૨)
જાદવકુળ ઠાઠપાટ શ્રી જદુપતી, કુસ સ્થલીમાં રાજ્ય કરંતા;
નારદ તાલ તુબરધર નાચત, ગાધ્રવ ગુન ધુન કૃત સારં.
રચીત લીલા ક્રીડા ઘન રચીત, સોળ સહસ્રસેં પટરાણી;
સપ્તપુરીમે સરસ દ્વારકાં, જયજય ગોમતી માહારાણીમા. (૨)
શીવ શીવ બ્રહ્મસનક સનકાદીક, નવ નવરીદ્ધી સીદ્ધી વસે નવં;
સુર સુરદેવ શેવ કરે શ્રવશ્રવ, તવતવ માહા મુની સેવ તવં.
સુર્ય ચંદ્ર ઇંદ્રન તવ સેવત, આહત ચીત અતહીત આણી;
સપ્તપુરીમે સરસ દ્વારકાં, જયજય ગોમતી માહારાણીમા. (૨)
પાતક અઘહુર્ત ભર્ત પગ ત્રઠપર, નીર્મલ જન કરે નીર્દોશં;
જળ મર્જન કરે ગોમતીકા, સરત મનોર્થ ઇકોતેર કુળ તાર્ણું.
ઘાટ ઘાટ તીર્થ ગુન પાંચે ફરતી પ્રક્રમાં ફર ધ્યાંની;
સપ્તપુરીમે સરસ દ્વારકાં, જયજય ગોમતી માહારાણીમા. (૨)
માહા તપસી તીર્થવ્રત પંડીત, ત્રઠમઠ ધ્યાન શ્રી કૃષ્ણુતણું;
સબ સખીયન જનહીલ મીલ દરસત, ગર્જત સાગરઘોરઘણું.
શંખ શબ્દ બાજત ઝાલર, સુરતાન મૃદંગ ગજ તાણી;
સપ્તપુરીમે સરસ દ્વારકા, જયજય ગોમતી માહારાણીમાં. (૨)
બડભાગી દ્વારામતી બસત, પળપળ ઘડી ઘડી દરસ મળે;
ઘીજલાલ કહે પુર્વ જનમસે, મનવાંછીત ફળ તર્ત ફળે.
તારનંકુળ હીંદુન અનંત ધર્મ, તીર્થવૃત પ્રાલબ્દ હોય પ્રમાણી;
સપ્તપુરીમે સરસ દ્વારકાં, જયજય ગોમતી માહા રાણીમા. (૨)

દોહા.

તારન માતા ગોમતી, કારન લક્ષ કરોડ;
ઘુજ પરસે પાતક કટે, ઘીજલાલ કહે કરજોડ. ૧.

(દ્વારકાંમાં મટુલાલ માહારાજે છપન ભોગ કર્યા તેનું ધોળ.)

છપનભોગ રચ્યોરે શ્રી દ્વીરામતી,
જ્યાં બીરાજે રંગીલા શ્રી રણુછોડજો;
સપ્તપુરીમાં સરસ દ્વારકાં શોભતી,
જોતાં મનના પુરણ થાય છે કોડજો. છપન. ૧
કળીયુગમાં કૃપા તે શ્રી કૃષ્ણે કરી,
છપન ભોગ તો આદર્યો શ્રી મટુલાલજો;
જન પોતાના ભકતોને ભવતારવા,
પોતે કર્યો અતી પરમ ઊપકારજો. છપન. ૨
સામગ્રી કીધીરે સુંદીર અતી ઘણી,
પાક શાકને વીધનાં પકવાનજો;
પ્રીતે ધરાવ્યાં પ્રભુજીને પ્રેમે કરી,
કરજોડીને કરે વીનતી માહારાજજો. છપન. ૩
મેદની મળીરે માહા સુખ માણવા,
નીરખવા કાંઇ ચૌદ ભુવનના નાથજો;
જ્યાં મળે છે ગોમતી સાગર સંગમાં,
નાહાતા નાસે કોટી જનમનાં પાપજો. છપન. ૪
ભોળી ભોમી ભાવીક કાઠીયાવાડની,
ભક્તી ક્ષેત્ર જાણી ભેગા કર્યા સર્વ જંનજો;
દરસન કરતાં દુખડાં સર્વે વીસરે,
ભુખ તરસ તો સર્વે ભુલી જાયજો. છપન. ૫
કળયુગમાં કૌતક દીઠુ કારમુ,
ભક્તજનના ઊદે થયાં આજ ભાગ્યજો;
સેવા કરવાને કૈક જનોને સ્થાપીયા,
આપીયાં વસ્ત્ર અમૃત ભોજન આહારજો. છપન. ૬
પટરાણી પ્રેમીરે પાસે શોભતાં,
રાધા રૂક્ષમણી જાંબુવતી જાણજો;
સતભામા સહીતરે, પ્રભુ અતી શોભતા,

અંગે ધર્યા છે શોભીતા શણગારજો. છપન. ૭
મરજાદા મુકીરે સર્વે માણસે,
મળવા ચાલ્યાં ઊતમ શ્રી અવીનાશજો;
આનંદ પામ્યા તેતો સર્વે અતી ઘણો,
સર્વે મળીયા ગુણતણા ભંડારજો. છપન. ૮
લાખેણી લીલારે એવી લાલની,
અકળકળા તે કળી નવ શકે કોઇજો;
શેષ સારદને શ્રુતી સર્વે વર્ણવે,
કોઇ ન જાણે પ્રભુ કળાનો પારજો. છપન. ૯
ભીડ ભરાઇ તેનું વર્ણન તે શું કરૂં,
નવલાખ ચોરાસીહુજાર ને ચારજો;
તે સર્વે મળ્યાનું કારણ હવે કહુ,
મુખ્ય પધાર્યો મટુલાલ માહારાજજો. છપન. ૧૦
માફ કરાવ્યા મુડકી વેરાતે સમે,
દાંણ ચીલોને ચોકી ન બેસે કાઇજો;
છે કળીયુગ પણ સતયુગ સમ વરતાવીયો,
થયા જેમાં ઊત્તમ ધર્મ અપારજો. છપન. ૧૧
મન ગમતાં ભોજનરે માનથી આપતા,
ભકતજનોતે ભેટ કરે છે અપારજો;
દોલતના ડુંગરરે નજરે દેખતા,
ગણતાં તેનો રાતદીવસ નહી અંતજો. છપન. ૧૨
સામગ્રી સર્વેરે દેશ વીદેશે ગઇ,
પ્રેમી ભક્તને પરશાદીનાં પુરજો;
સંવત ઓગણીશે તેત્રીશ શાલમાં,
ફાગણ સુદી પંચમીને રવીવારજો. છપન. ૧૩
છપન ભોગ કર્યારે સર્વે તે સમે,
જમાડયા જુગતે જુગના જીવણ પ્રાણજો;
આનંદે આરોગ્યા બીડી પાનની,
દીઠું સર્વ વ્યાસ વદે વ્રીજલાલજો. છપન. ૧૪

(અંબાજીના સાત વાર.) ગરબી.

આદિતે તો આરત આણીરે, અંબે મુખ બોલોને વાણીરે;
ભવાનીને ભાવથી શેવોરે, લ્હાંવો લાખેણો તો લેવોરે,
દેવી દુઃખ સર્વેનાં કાપેરે, માગ્યા વર માતાજી આપેરે.
નીર્ધન તો ધનને પામેરે, રોગી મહા રોગને વામે રે,
શોમે જઈ સનમુખ વસીયેરે, શેવા કરી ચર્ણુંમાં ધસીયેરે;
અંધને તો નેત્રજ દીધાંરે, નપુષકને પુરૂષ કીધારે,
વંઝાને થઈ પુત્રની આશારે, દેવી વર આપે છે ખાશારે.
મેરી નાતો કીધા છે મરદજરે, દર્શન કીધે કાપ્યાં છે દર્દજરે,
ભોમે ભોમાસુરને માર્યોરે, ભોમીનો તો ભાર ઉતાર્યોરે;
છેદયાં શીશ દૈતનાં ભારીરે, નમુ માત નેજાં ધારીરે,
સદા લાડ દાસનાં પાળોરે, દયા કરી માતજ ભાળોરે.
મુસ્તક મોડ માતને છાજેરે, મારે શીશ અંબીકા ગાજેરે,
બુધે બુદ્ધિ મહારી છે જેવીરે, સ્તુતિ કરૂં તુજને તેવીરે;
શણગાર માએ સોળે સજીયારે, દેખી મુખ દુઃખ સૌ તજીયારે,
બાંહે બાજુ બંધને ચુડીરે, કંકણુ આદી બેરખી રૂડીરે.
કાંબી કલ્લાં ઘઘરી ગાજે રે, અંબોડો જોઈ નાગણી લાજેરે,
તુસી પાટીયાંને મણીહારરે, આભુષણુનો નાવે પારરે;
લેલાટે ટીલડી ભરપુરરે, તપે મુખ કોટીક સુરરે;
આંખ આંજી બંનગી કીધીરે, સુંદર બીડી મુખમાં લીધીરે.
ગુરૂએ ગરબા માથે લઇનેરે, મુખે ગીત મધુરાં ગાઇનેરે,
સૈયરના સાથમાં મહાલીરે, ચોસટ સમાગમે ચાલીરે;
ચાચરના સૌ ચોકમાં મળીયાંરે,સરીતા જેમ સિંધુમાં ભળીયાંરે,
વાજીંત્ર તો દેવ લઇ આવ્યારે, ગાંધર્વ જન ગાને બહુ ભાવ્યારે.
ભૃગુએ ભૃગુટીના ચાળારે, બ્રહ્મા વીશ્નુ શીવે ન્યાળારે,
ગાયે ત્રણુ તાળમાં શામારે, ફરે ફેર ફુંદડી રામારે;
વાગે ચંગ મૃદંગ તાનેરે, મોહ્યાસુર દેવીના ગાનેરે,
ચંદ્ર મધ્યજામની આયોરે, ભલી માત તુજને ભાવ્યોરે.

સ્થાવરે સૌ સ્થિરતા પામ્યાંરે, અમીરસ પુર્ણમાં જામ્યાંરે,
મળી ચંડી ચામુંડા *કાળીરે, ભદ્રકાળી ભવાની બાળીરે;
વઘેશ્વરી બહુચરા બાળીરે, સામાસામી લે છે સહુ તાળીરે,
તોતળા તુળજા જેવીરે, વેરઇ માત ભરવી દેવીરે.
રચ્યો રાશ મંડળ એવોરે, ભાવે ભવ ગાય સૌ તેવોરે,
જે કોઈ ગાશે નરને નારીરે, આશા પુ અંબીકા સારીરે;
પ્રેમ આણી સુણશે જ્યારેરે, નાવે દુઃખ દ્રષ્ટીમાં ત્યારેરે,
વદે બીજલાલ તે સાચુરે, શેવા અંબે માતની જાચુરે.
શેવા સ્મર્ણ નીત્ય જે કરશેરે, સદા ભવ સિંધુ તે તરશેરે,
મળે મન વાંચ્છીત મેવારે, એવી આદ્ય શક્તિની શેવારે.

(પુર્ણ બ્રહ્મ પરમાત્માની સ્તુતિ. પદ.)

પુર્ણ બ્રહ્મને મુકીને, બીજા કેને ભજીયે,
કેને ભજીયે પ્રાણી કેને ભજીયે,
પુર્ણ બ્રહ્મને મુકીને બીજા કેને ભજીયે. ॥ ટેક. ॥
તન ધન ત્રીયા સુત સાથ સ્નેહી,
સ્વાર્થિ જક્ત જાણી નીશ્ચે તજીયે. પુર્ણ૦ ૨
તાપ ત્રિવીધિથી તપતુ ત્રીલોક સૌ,
તેનો ડર રાખી, મોક્ષ માર્ગ સજીયે. પુર્ણ૦ ૩
લક્ષ ચોરાશીમાં ગોથાંરે ખાતે,
સમજ સમજ પ્રાણી તું તો હજીયે. પુર્ણ૦ ૪
ધીરજ ઢાલ સ્મર્ણ સમશેર લેઇ,
તમે કાળ સન્મુખ ઝુઝો કજીયે. પુર્ણ૦ ૫
ભજન કરી ભવ પાર પામ્યા કઇ,
કહે બીજલાલ સમુદ્ર ચંચુ રજીયે. પુર્ણ૦ ૬

(મહાકાળીનો છંદ.) ચારણી ભાષામાં.

વંદુ પાવાના તખતવળી, શીર ધરી શિખરાળી, મહેવંતીમચ્છરાળી;
કરોડ યુગમાં કાળી, ભગવતી માત ભાળી, બાળી બુઢી બળ દાળી;
તેજવંતી ત્રીશુરાળી, વીશે હાથે વકરાળી. ૧

---

* મહાકાળી.

કાળકા બાળકા કહાવે, પરછોવડે રોપાવે, શિખરે ગોખડે સોહાવે;
ઝટ ડુંગરેથી જાવે, દુરથી હજુર આવે, લાખેણો તે ધુપ લાવે,
ગુણીજન ગીત ગાવે, ભલી માત તને ભાવે. ૨
ગડેડે નોબત ગાજે, ધરાને પાતાળ ધ્રુજે, કરજોડી તને કીજે;
હુદેતણા અધસી જે, દર્દીયોનાં દુઃખ ભાજે, ભલી માત આપ ગાજે,
સિંહની સ્વારી છાજે, જાગતી જ્યોત બીરાજે. ૩
કવિજન કરે કલોલ, શણગાર સોહીયે સોલ, આછાં પહેરે પટકોળ;
ટેક ધરી રમે ટોલ, છુટી વાઘે દૈતા રોલ, ધમકારો શુણી ઢોલ,
પકડે પાપી અતોલ, ઝાલી કરે ઝકઝોલ. ૪
હડડ વગાડે હાક, દેવીતણું વાગે ડાક. ધુણી ભુઆ પાડે આક;
ઊડાડે અનંત બાક, પડાવે દાનિવ ધાક, પીવંતી તો રૂદ્ર પાક,
ખડગ ખપર ખડાક, છેદે છે છડાક છડાક. ૫
ધજાવાળી તંન ધંન, માત ફરે મોટે મંન, જપે મહોટા મુની જંન;
હરખે થાયે હવંન, કેતા જાણીયે તે જંન, પાઠ પુજાથી પ્રસંન્ન,
દેવી દીજીયે દર્શન, માજી ગાજે જેમ ઘન. ૬
પાત્રાને બીરાજે પાટ, નવ ખંડ માંહિ *ઠાટ, ખડક બજાડે ખાટ;
દૈત મારી વાળ્યો દાટ, ઘુમાવે મોકળો ઘાટ, વળીને ભણે વેરાટ,
ભણે તે નવલો ભાટ, વીજ કહે ગાવા માટ. ૭

(નીર્ગુણ બ્રહ્મનો કક્કો. રાગ ચોપાઈ.)

કક્કા કળીયુગમાં ધર્મ અપાર, એક બ્રહ્મ સકળનો સાર,
સર્વે વ્યાપિકને સર્વે માંહ્ય, એ વીણુ ન મળે ઠાલુ કયાંહ્ય;
અખીલ જક્તમાં એ ભરપુર, નીમિષ માત્ર નહિ માનો દુર,
સદ્ગુરૂ શોધી સંશય ટાળવો, બાહેર ભીતર એક ભાળવો. ૧
ખખ્ખા ખોળો તમે ચારે ખાંણ, પિંડ બ્રહ્માડમાં એક ચ્યતન જાણ,
બ્રહ્મા કીટમાંહે ભાસે સહી, એ વીણુ બીજો દીસે નહી;
ખોળી કહાડે જેને હોય ખપ, તો જન્મ મર્ણનું છુટે લપ,
સંત શહુણા દેશે શાન, તો અંતર પ્રગટે આત્મજ્ઞાન.

---

* ઠાઠ.

ગગા ગુરૂ બ્રહ્મવેતા મળે, જ્ઞાન હીમાળે મન તો ગળે,
વચનામૃતનો જાણે ભેદ, ત્યારે ટળે અંતરનો ખેદ;
વેદ વચનનો કરે અભ્યાશ, તતક્ષણ થાય અવિદ્યા નાશ,
સત્ય વસ્તુ પમાડે જેહ, સાચા સદગુરૂ કહીયે તેહ.
ઘઘ્ઘા ઘણા દીનનું અજ્ઞાન, તેણે સ્વરૂપનું ભુલ્યો ભાન,
તેથી માની છે મહારી દેહ, સુતવીત દારા સાથે સ્નેહ;
મધમાંખી સમ વળગી રહ્યો, તેથી કાળે આવી ગ્રહ્યો,
સદગુરૂ છોડાવ્યે છુટે સાર, નહી તો જમનો ખાશો માર.
નન્યા નથી બીજો ઉપાંય, નથી મુંઠીમાં તે શું પાય,
સમજીને શોધી કહાડવો, છે પાસે પણ અદ્રશ્ય હવો;
તે તું જ્ઞાન દ્રષ્ટીએ જોય, અવ્યક્ત રૂપ તું આપે હોય,
એવું કહે છે વેદ પુરાણ, ગીતા ઉપનીષદ સંત સુજાણ.
ચચ્ચા જોને તું ચારે વેદ, ખટશાસ્ત્રનો જોજે ભેદ,
એ છે અનંત સચ્ચિદાનંદ, અકળ અગોચર આનંદ કંદ;
ખ્યાશી બાવન બાહેર સોય, અલખ નીરંજન ચૈતન જોય;
માયા બ્રહ્મનો છે વહેવાર, અંન્યો અન્ય તે દીશે સાર,
છછ્ચા છે પણ જડતો નથી, અવિદ્યા માયા મોટી કથી.
તેની એવી છે વિષલાળ, જેમ જળ ઢાંકે છે શેવાળ,
તેને માંડયો છે ઉત્પાત, નીંદ્યા ચોરી ને આત્મઘાત;
કામ ક્રોધ પાંચ બળવંતા યોદ્ધ, તેણે કરી ટાળ્યો આત્મબોધ,
જજ્યા જળ હળ જ્યોત પ્રકાશ, જોતાં અવિદ્યા પામે નાશ.
પરિબ્રહ્મ અવિનાશી તેજ, સુત્રાત્મા ભાસ્યો છે સહેજ,
છે ગુણાતીત્ સ્વતંત્ર સદા, મન વાણી ન પહોંચે કદા.
જ્ઞાનસ્વરૂપ છે આત્મારામ, તે જાણ્યે સરશે સૌ કામ,
ઝઝ્યા જેવું છે ઝાકળ નીર, તેવું મિથ્યા છે આ શરીર;
તેમાં અંતર યામી રહ્યો, તેનો ભેદ કોઇ વીરલે લહ્યો.
ખોળી આપે સતગુરૂ આપ, મહા વાકયનું સોંપે માપ,
જીવ ઇશ્વરને તું છે બ્રહ્મ, ત્રીવીધી તાપનું બાળે કર્મ;

ટટા ટેક છે મનનું જોર, અનહદ નોબત ગરજે ઘોર,
અનુભવી જીવન મુક્ત થયો, નીરાકારને જ્યારે લહ્યો.
જાગ્રત સ્વપ્ન સુષુપતી કહી, તુર્યા પાર પદ પામ્યો વહી
સર્વ શોભાતે તુજથી થઇ, સ્વયં પ્રકાશ છે તારો સહી;
ઠઠ્ઠા ઠાલું કંઇ ન મળે ઠામ, સુત્રાત્મા વ્યાપીક સૌ ધામ.
પરીપુર્ણ છે તે ભરપુર, આવ્યસ્ત છે તેનું બહુ નુર;
સર્વે ચૈતનમાં એકજ તાર, તેમાં તે નહી ભીન્ન લગાર.
મુમુક્ષુ તેનો જાણે છે ભેદ, જીવદશાનો ટળીયો ખેદ;
ડડા ડહાપણુ ત્યારે તો ખરૂં, માયા ઝાંખરૂ કીધુ જો પરૂં.
ખોળી શેવો સદગુરૂ ચર્ણ, ટાળે તેજ જન્મને મર્ણ;
કહોને સદ્‌ગુરૂ મહારૂ રૂપ; દર્શાવો તમે શુદ્ધ સ્વરૂપ.
હું અજ્ઞાનીછું મહારાજ, મહારૂ અજ્ઞાન કાપો આજ;
ઢઢા ઢળી જાય જયમનીર, એવું છે પંચભુત શરીર.
શબ્દાતીતનું પામ્યો જ્ઞાન, નિર્ગુણ બ્રહ્મનું આવ્યું ભાન;
તમો મળ્યે ટળશે જીવદશા, જેમ મણી લેઇ જળમાં ધસ્યા.
એમ અવિદ્યા થાશે નાશ, સહેજાનંદ થશે પ્રકાશ;
રેણા અર્ણ વજાણ્યો બ્રહ્મ, પામ્યો સકળ શાસ્રનો મર્મ.
કુ કલ્પનાનો થાશે નાશ, વેદન વચન રાખો વિશ્વાશ;
સમ્યા સૌ ત્રી વીધીના તાપ, કાળકર્મ ત્યાં નકરે વ્યાપ.
અજર અમર અભય તું થયો, સત્ય ચૈતનને જયારે લહ્યો;
તત્તા તંપદ તત્‌પદ જેહ, અશીપદસુ કર સાચો સ્નેહ.
તો અદ્‌ભુત અણુલીંગીમાં ભળે, સતગુરૂ સામા ત્યારે મળે;
સંસારમાં સોધ્યો એ સાર, તે વસ્તુ પામ્યો પરાનીપાર.
જીત્યો નીર્ગુણ નગર જેહ, જ્ઞાન દીપક પામ્યો છે તેહ;
થથા સ્થીરતાતો મનની થશે, જ્ઞાનજડીકે મહા રોગજશે.
અંતરનો ટળશે અહંકાર, કલ્પતરૂ ચૈતન પામ્યો પાર;
અહંપદ મુકી કરે સતગુરૂ શેવ, તો ઘટમાં દર્શાવે તે દેવ.
આદ્ય મધ્ય અંત્યે છે એક, સતગુરૂ શાને મળે વિવેક;
દદા દીલ દરીયામાં ઊઠી લહેર, તેને સમાવ્યાની કરતુ પેર.

પરાપશ્યંતી મધ્યમા છે વાણ, વેખરીવામા ચાર પ્રમાણ;
સાક્ષી સર્વથી ન્યારો વસે, સદગુરૂ મળતાં નીશ્ચે થશે.
વેદ વાકયનું નીર્ણ હોય, સત્યસ્વરૂપને ત્યારે જોય;
ધધા ધેય ધાતા સર્વદા, અંચ્યા કૃત વ્થાપે નહી કદા.
દુઃખ રૂપ હતો તે સુખરૂપ થયો, ચીદઘન ચૈતન જ્યારે લહ્યો;
સર્વ ક્રિયા તે કીધી શુદ્ધ, ભલી વિચારી આતમ બુદ્ધ.
જન્મ મર્ણ તે તારૂ ટળ્યું, શહેજે લુણ જયમ જળમાંગળ્યુ
નન્યા નીર્મળ એજ વિચાર, જોતાં સર્વે બ્રંહ્મ એકસાર;
નીર્મળ નેત્રથી જોજ્યો નીત્ય, સ્વયંપદમાં રાખો ચીત.
અરૂપી અવિનાશી અપાર, જેને વખાણે વેદજ ચાર;
અદ્વૈત પોતે શુદ્ધ સુજાણ, તેજ તપે તેનું કોટીક ભાણ.
પપા પંચ કોષનો આ દેહ, સોહંગ બ્રંહ્મ જાણ્યે પામ્યોછેહ
દેહમાં દેખે આત્મ દેદાર, એક સ્વતંત્ર નીરાધાર.
જ્ઞાન નેત્ર જ્યારે ઉઘડે, વૃતી સર્વે આવે ધડે;
પરમાર્થમાં પેસે ચીત, અન્ય અવિદ્યા ટળે અનીત્ય.
ફફા ફોગટ જાણો સંસાર; પોતે પોતાનો લીધો સાર;
કરૂણા કીધી ગુરૂ દેવે ઘણી, મોહમાયાનીં મુકાવે અણી.
જયોતી સ્વરૂપ અરૂપી જેહ, મીથ્યા જાણો પોતાનો દેહ;
વિદેહી થઇને વીચરે આપ, જપે અજંપા સહેજે જાપ.
બબા બોલે તે મીઠી વાંણ, પરમાનંદ પદ ઊગ્યો ભાણ;
સમજીને થયો સુખ રૂપ, જીવ મટી થયો બ્રહ્મ સ્વરૂપ.
એવું સત્યસ્વરૂપ ધારજે સહી, તવ ભાસે બ્રહ્મ ૈરાટજ તહીં;
જ્ઞાન દ્રષ્ટિ તે અવિગત થઈ, કુટસ્થ બ્રહ્મમાં મળે તે જઇ.
ભભા ભુલ્યા ભવમાં કઈ, મોહ માયામાં ગયા તે વહી;
પણ મીથ્યા છે જકત વહેવાર, ખાંડુ નવ ધારૂ નીરધાર.
જયાં અડે ત્યાં કરે બે ભાગ, સતૂગુરૂ આગળ નવ ફાવે લાગ;
જ્ઞાન બક્તરમાં ભેદે નહીં, ધર્મ ઢાલ આડી છે સહી.
મમા પામ્યો છે મોથી મણી, અપંચ વાસના ટાળી તે તણી;
અજન્માપદ લાદ્યું છે હાથ, જાણ્યો સુત્રાધાર શુદ્ધ નાથ.
બ્રહ્મ પુર્ણવનો જાણ્યો જાય, તો રહ્યો ધેય નીરંતર આપ;

પછી આપે આપનો જાણ્યો મર્મ, ટળી અવિદ્યા કોટીકકર્મ.
અથા અંતર વૈરાગજ થાય, મોક્ષ પામવા મનતો ધાય;
પોતે પોતાનું નીશ્ચેકરે, અદ્વૈત બ્રંહ્મ અખંડીત ઉર ઠરે.
કરૂણા હોય સતગુરૂની જ્યાંય. તો પુર્ણ હંસ થાય પલમાં ત્યાંય;
હું તુ બીજો કોઈ પણ નથી, પ્રાણ ક્રીયા કરે સર્વથી.
રરા અખંડ ઉઠે રણુકાર, અનહદ વાણી હોય અપાર;
સુરતી નગરમાં કરજે શેલ, આત્માનો છે તેમાં મહેલ.
અખંડ જ્યોતનો છે ઊજાસ, તેજ પુંજનો પડે પ્રકાશ;
જગમગ જ્યોતી જળકે સહી, મન વાણી ત્યાં પહોચે નહી;
લલ્લા લાભ અમુલ્ય તે થયો, પ્રેમ સહીત પુરૂષને લહ્યો.
જ્ઞાન અર્ક અજવાળુ જેહ, માયા પડદો પામ્યેથી છેહ;
કોટીક રવીનું ત્યાં છે તજ, માયા રહીત ચૈતન છે એજ.
નીજા નંદમાં આપેતો ફરે, સત્ય શ્વરૂપ માયાથી પરે;
વવા વાત છે આધી ઘણી, તે ગુરૂકૃપાએ સહે જે બણી,
ત્રીધા વૃતિ ત્રીવિધિ નહી, નહી જ્ઞાતા નહી જ્ઞાનજ લહી;
આવર્ણ એકે ન કરે ભેદ, અલખ પુરૂષ ને આપ અછેદ.
તેનો મર્મ ન જાણે કોઈ, મળે સતગુરૂ તેને માલુમ હોઈ
શશ્યા શ્મર્ણ સોહંગનું કરો, સચ્ચિદાનંદનું ધ્યાનજ ધરો;
પ્રેમે અમૃત પીઓ હાથ, સતગુરૂ સંતનો કરજ્યો સાથ.
મોહ માયાને મમતા જેહ, ગુરૂ વચને ટળશે સો તેહ;
ષષ્યા સતસંગ મોટો સર્વથી, શીવ વીરંચી પણ થાકયા કથી.
તીર્થ દાન સાધન ગુરૂચર્ણ, પ્રેમે લેવું અશર્ણા શર્ણ;
જન્મ મર્ણની ટાળે ઘાત, હૃદય કમળ રાખે ગુરૂવાત.
સસ્સ સર્વથી તુજને કરે, તો ઊન્મુની મન તારૂ ઠરે;
સસ્યા આકાશવત શોભે શ્યામ, અદભદ ખેલ છે આત્મારામ.
છે ઉર્મીથી અળગો આપ. જ્યાં દેખુ ત્યાં એનો છે વ્યાપ;
નીરાલંબ તેતો કહેવાય, તે ઓળખેથી ભવ દુઃખ જાય

માયાથી ભાસે છે બ્રહ્મ બ્રહ્મથી માયા અનાદી ધર્મ;
હતા હતુ તે તુજને કહ્યું, અનુભવી સહેજે સમજી લહ્યું.
ગુરૂ ગમવાળા સમજે સાર, ગાફલ નરતો ખાશે માર;
એકવીશ હજારને છસેં જાપ, શ્વાસનીત્ય ઉઠે એ માપ.
તેનો જાણ્યો જ્યારે ભેદ, જીવન મુક્ત થયો તે વેદ;
અક્ષર સર્વે સંપુરણ થયા, હરી ગુરૂ સંતે કીધી દયા.
મુજ બાળકને જેવો બોધ, સુણી કોઈ નવ કરશો ક્રોધ;
જેવી બુદ્ધી તેવું તે કહે, એથી અદકુ કયાંથી લહે.
અક્ષર અક્ષરે આત્મવીચાર, અનુભવી પામે તેનો પાર,
બીજાને તેનો શો અર્થ, સર્વે જ્ઞાન તેને મન વ્યર્થ.
શમરો સત્ગુરૂ સચ્ચિદાનંદ, મોહ માયા ટાળે ભવ ફંદ;
ચેલારામે પુછયું બ્રહ્મજ્ઞાન, વદે વ્રીજલાલ તે તો વિજ્ઞાન.
સર્વે સોધી લીધો પાર, ગીતા ભાગવત વેદ વિચાર;
યોગ વશીષ્ટને પંચીકર્ણ, ભવસાગરનું તારણ તર્ણ.
એકાદસનો સોધ્યો અર્થ, મહી મથીને કાઢયુ ધૃત;
ચંદ્રોદયને સુંદર વીલાસ. સર્વેથી થયુ જ્ઞાન પ્રકાશ.
સર્વે માંહેથી એકજ કીધ, સમજણ પામે થાશે સીદ્ધ;
આગણીસે એકતાળીશ જાણ, મહાસુદી એકમ પ્રમાણ.
ગાય શીખેને સાંભળે જેહ, અવીચળ પદવી પામે તેહ;
નૈષધ પુરનો વાશી સહી, વ્યાસ વ્રીજલાલે વાણી કહી;
મુજ પીતાનું નામ ઉમેદ, કકકો વાંચી સમજો ભેદ.

(દોહરો.)

વારંવાર વંદુ સદા, શ્રી ગુરૂ પદ્મ પરાગ;
સુમન સુગુણ સુભલક્ષણું, આપે જ્ઞાન વૈરાગ.
ગુરૂવીન જ્ઞાન મળે નહી, હોય જ્ઞાન વંત ગુરૂ સોય;
બ્રહ્મવેતા સદ્ગુરૂ વીના, મોક્ષ ન પામે કોય.

આત્મ વિચાર અનુભવ વદે, તે અંતર અહોનીશધાર;
જ્ઞાન હીમાળે મન ગળે, તો પામે તત્વ વિચાર.
જન જન્મીને શુ કર્યું, દીધુ જનુનીને દુઃખ;
મનુષ્યા દેહ હરી નવ ભજ્યા, કદીયે ન પામે સુખ.
ગુરૂપદ પુજે સકળ મળી, હરીહર બ્રંહ્મા ફણેશ;
દેવ રૂષિ મુની ગાંધ્રવો, શારદ નારદ ગણેશ.
આ કક્કાની કાવ્યમાં, ગુરૂપદ લખ્યાં અપાર;
તેનું કારણ એહ છે, ગુરૂ મોક્ષદાતાર.
સચ્ચિદાનંદ સદ્ગુરૂ મળે, સત્ય વીવેક શુદ્ધ સાર;
કહે શ્રીજલાલ તો સહેજમાં તે થઈ જાય બેડાપાર.

(ગણપતિ દેવની આરતી.)

જય જય ગણુપતિ દેવા, જય ગણુપતિ દેવા,
અજ મુખ શિંદુર સોહીયે, ભોજનમાં મેવા. જય ગણુ. (૨)
ગવરી પુત્ર ગણેશ, સુર મુની સુખ દાઇ; (૨)
શેષ શહસ્ર મુખ વર્ણવે, હર મહિમા ગાઈ. જયગણુ. (૨)
કર મધ્યે કમંડળ, મોદીકની થાળી; (૨)
માળ ગ્રહી મહારાજે, કર ફરશી ધારી. જયગણુ. (૨)
રીદ્ધી સીદ્ધીના દાતાર, સુદ્ધ બુદ્ધ સુભનારી.(૨)
મંગળ મુર્તિ બીરાજે, શોભા અતી સારી. જયગણુ. (૨)
કોટી સુર્ય સમાન, છબી ગૌતમ જોઈ; (૨)
પુર્ણ ચંદ્ર લીલાટે, મુગટ મણી સોહી. જયગણુ. (૨)
સંતતી સંપતી સર્વે, આપો અધિકારી; (૨)
દુઃખ દારિદ્ર નીવારી, સુખ આપો ભારી. જયગણુ. (૨)
શ્રીજલાલની વીનતી, ઉર ધરજ્યો સ્વામી; (૨)
અવીચળ પદ્વી આપો, ઉત્તમ બહુ નામી. જયગણુ. (૨)
ગણુ નાયકની આરતી, જે કોઈ ગાશે; (૨)
શેવા સ્મર્ણ કરતાં, સુખ સંપતિ થાશે. જયગણુ. (૨)

ભાગ ૨ જો.

(સર્વ ધર્મ તત્વસાર રાગ—ચોપાઇ.)

શમરૂ આદ્યગુરૂ ગણુપતી, જે વિઘ્ન કરે નહી મુજને રતી;
સુંદીર રીદ્ધી સીદ્ધીનો દાતાર, અલખત આપે અપરંપાર.
સુભ કરવા ધારે જે કામ, પહેલુ લે ગણુપતીનુ નામ;
પુત્ર ગવરી તણો ગણેશ, શમરે અવગુણ નાવે લેશ.
જેને સ્મરતાં મહાસુખ થાય, ક્લેશ કંકાસ સર્વે દુઃખ જાય;
સરસ્વતી માતાને નમુ શીશ, દયા કરો અદકી મુજ દીશ.
મહાસ મનની પુરો હામ, વસો જીહ્યાગ્રે આંઠે જામ;
હું મઢમતી અકલનો હીણુ, તે તમદયાએ થયો પ્રવીણુ.
અખીલ લોકમાં તમોછો સત્ય, બહુ બુદ્ધિ આદી બહુ મત્ય;
તમો વીના વિશ્વમાં ચાલે નહી, જ્યાં દેખુ ત્યાં ભાસો સહી.
જંત્ર મંત્ર છંદને નાદ, રાગ રંગ વિદ્યા વિવાદ;
ચાર વેદ શાસ્ત્રતે પુરાણુ, નવ વ્યાકરણુને જ્યોતીષ જાણુ.
ચૈદ વીદ્યા તે તુજ છે અંગ, બહોતેર કળા તેના પ્રસંગ;
વીદ્યા અસર્ણ શરણી સોય, અણુચીતવ્યુ ફળ આપે હોય.
રંક જનોને કીધા સાર, મહીમા એ તારો છે માય;
ગુરૂગોવીંદના પુજુ પાય, તે પ્રતાપે કારજ થાય.
આપ્યો રૂડો જ્યારે બોધ, કાવ્ય કળાનો કીધો શોધ;
દીધુ આપે વિદ્યાનુ દાન, જેથી જગમાં પામ્યો માન.
સેવો તમો ગુરૂપ્રતાપ, ટળ્યા સર્વ ત્રિવિધીના તાપ;
માળવ દેશ છે મહી વીખ્યાત, પાકે અફીણુ સોરંગી ભાત.
અનુપમ નગર ઉજેણી સહી, તેની શોભાનો પારજ નહી;
બાવન બજારો શોભીત સાર, ચોરાસી ચાટાં નીરધાર.
ખડકી શેરી ને વળી પોળ, મંદીર બાંધ્યાં સરખી ઓળ;
બારી જાળી જરૂખા માળ, ચિત્રાંમણુ કાઢયાં છે રસાળ.
બાગબગીચા બંગલા જોડ, રતી માત્ર નવ દીસે ખોડ;

લીલા ઢાળી મુક્યા છે કાચ, અદ્દભુત શોભા દીસે સાચ.
કેળ તણાં ત્યાં દીસે ઝાડ, પુલ વેલની કીધી છે વાડ;
નજર નીરખતાં પહોચે મન કોડ, નમળે અવની એની જોડ.
વરણ અઢારે વાસો વસે, ધર્મ શાસ્ત્ર મારગ સા ધસે;
કોઈ કોઇનો નવ લોપે ધર્મ, નવ કરે કોઈ અનીતી કર્મ.
ક્ષત્રી બ્રાહ્મણની કરતા શેવ, ને બ્રાહ્મણ પુજતા સર્વે દેવ;
ગાયત્રીનો જપતા જાપ, કાપે કોટી જન્મનાં પાપ.
વૈશ્ય વરતે જેવો અધિકાર, શુદ્ર મધ્યે કંઈ નહી વીકાર;
સૌ સૌના ઉદ્યમમાં સુર, દીન દીન દુનીયાં વધતુ નુર.
સર્વે ક્ષિપ્રા નીત્ય સ્નાંને જાય, મહંકાળેશ્વરને લાગે પાય;
ઘેર ઘેર આનંદ ઉત્સવ ઘણો, શો મહીમા કહું તે તણો.
ઈંદ્ર થકી અધીકુ છે રાજ્ય, પરદુઃખ ભંજન કરતા કાજ;
દેશો દેશ કિર્તિ વીસ્તરી, જસ વાધ્યો જેવો ચંદ્રજ [1]હરી.
દુખીયારાં હોયે જેટલાં, ઉજેણી આવે તેટલાં;
સરવેનાં સરે છે કાજ, વીશ્વંભર રાખે તેની લાજ.
રાજા રાજ્યને પ્રજા સુખી, કોઈ નજરે નવ આવે દુઃખી;
ભુપતી ભાળે ભત્ર દુઃખ જાય, એવો નીર્મળ વીક્રમરાય.
સભા કરે પોતે રાજંન, પુછી પ્રશ્ન સુણી થાય પ્રસંન;
ભાટ ભોજક કવી કરે વખાણ, તે સર્વેના વીક્રમ જાણ.
પંડિત જોશી વેદીયા લોક, રાય સકળ વીદ્યાનો થોક;
જોગી જંગમને શેવડા; જતી જૈન નાથ મેવડા.
સાધુ અતીત સંન્યાશી લોક, પરમહંસ અબધુત અશોક;
છડીદાર ચોપદાર બોલે ઘણા, રાય સભામાં કંઇ નહી મણા;
મહેતા મુસદ્દીને કારકુન કહી, કચેરી ભરાઇ ભરાઈને રહી;
ક્ષત્રી છત્રીશ કળીના જાણ, રાય હુકમની વર્તે આણ.
હુકમ વિના નવ હાલે પાન, કોઈ જુઠી નવ આલે સાન;
વસ્તીમાં ચોરી નવ થાય, અસત્યવાદી માર્યો જાય.
કોઈ કોઇનુ નવ ચોરે ધન, સાચ ઉપર સર્વેનુ મંન;

---

(૧) હરીશ્ચંદ્ર.

રાય નગરની ચર્ચા જોય, જ્યાં દેખુ ત્યાં વિક્રમ હોય.
એવી સર્વને વિક્રમની હાક. પડે કુકર્મિ હૃદયે ધાક;
પર દુઃખ ભંજન વડો છે વીર, શુરવીર છે મહારણ ધીર.
મંત્ર જંત્ર જાદુ સૌ જેહ, વીર ડાકણુ વંત્રા તેહ;
વીર વૈતાલને હરશીદ્ધ માત; પ્રસંન્ન જેને છે સાક્ષાત.
ચૌદ વિદ્યાને ચારે વેદ; બહોતેર કળાનો જાણે ભેદ;
ધર્મ ધોરીંધર ધર્ણિ પતી, પરમાર્થમાં જેની મતી.
કરે ક્રિયાને જાણે મર્મ, પણ પોતાનો નવ ચુકે ધર્મ;
અજીત પદ્વી પામ્યા છે રાય, કીર્તિ દેશ વિદેશે થાય,
કોઈના ગાંજ્યા તે નવ જાય, કઠણ કામ વિક્રમથી થાય;
તેથી દુઃખીયાં આવે છે બહુ, સુખ પામીને જાય છે સહુ,
કંઈક કન્યાનાં દીધાં શુભ દાન, કંઈક ભીક્ષુકને દીધાં માન.
કઈનાં દરિદ્ર કીધાં દુર, કંઇક ધનવંતા કીધા છે +સુર,
કંઇક ત્રિયાના મીટ્યા તાપ, કઇને રીઝ્યા છે આપો આપ;
કંઇ ત્રીયાને જીત્યા છે ભુપ, કંઇવાર બદલ્યાં પોતે રૂપ,
કંઈ અભીમાનીનાં ઉતાર્યાં માન; કંઇ મુરખને આપી સાન.
પંચ દંડ જીત્યા જ્યાહરે, નહી કોઇ સંગ દાસ તાહરે,
પંચ દંડનું છત્રજ ધર્યું, એવું રાજ્ય વિક્રમે કર્યું;
નથી થયો કોઇ વિક્રમ તુલ્ય, જેનું કવીજન ન કરે મુલ્ય,
બત્રીશ લક્ષણો તેતો જાણ, કુળ ભુષણમાં જેવો ભાણ.
મોટા મોટા કવિજન જેહ, વિક્રમ ગુણનો નવ પામ્યા છેહ,
આગળ વાતો કહી અપાર, તે જુઠી નવ જાણો લગાર;
ગુણથી ગુણ ગવાશે સહી, *ખદ્યોતચંદ્ર કહેવાયેજ નહિ,
માપ પ્રમાણે મળશે સાન્ય, માપ પ્રમાણે મળશે ધાન્ય.
માપ પ્રમાણે મોટમ સહી, માપ પ્રમાણે કીર્તિ કહી,
માપ પ્રમાણે વધે છે લાજ, માપ પ્રમાણે સુધરે કાજ;
માપ પ્રમાણે ધીરે સૌ ધન, માપ પ્રમાણે મળે સજ્જન,

+બ્રાહ્મણ. *આગીયો નામે જીવડું થાય છે તે.

માપ પ્રમાણે બોલાવે લોક, માપ નહિ તેનું જીવતર ફોક;
જેની પ્રતિષ્ટા જુગમાં નહિ, તેની આયુષ્ય એળે ગઈ,
ચૌદ લોકમાં મોટું માપ, માપવિનાનું સર્વે પાપ.
માપે શત્રુ પણ ગાયે ગુણ, માપનો ગુણ નવ ગાયજ કોણ,
રાજા ધર્મ સરખા મહાધીર, પંચભાઈ કુલ પોતે વીર;
માપે અવનીમાં પામ્યા માન, સ્વર્ગાદીકનું મળીયું દાન,
માપ વિના દુર્યોધનરાય, કૈઆરાયના સાળા થાય.
મુખે માગી લીધું છે મહોત, જ્યર દરિયામાં ભાગ્યું ×પોત,
એમ વિક્રમ છે ગુણનો ભંડાર, ગરીબજનની કરતો વહાર;
જીવ્યો ત્યાર સુધી જશ લીધ, પરકાજે જેણે પ્રાણજ દીધ,
તેની કીર્તિ તો જગમાં રહી, કવિ કીરતારે સાચી કહી.
આ લોકે તો લીધો લહાવ, પરલોકે પ્રભુપદ ભાવ,
જે કોઈ કરશે એવાં કામ, જશરૂપી બંધાશે ધામ;
રાય નગર બારણે છે બાગ, ધર્મ સભાનો ત્યાં છે લાગ,
ધર્મ ચર્ચા કરે છે રોજ, મહાપંડિતજન પામે છે મોજ.
તે બાગની શી શોભા કહું, અનોપમ ઊપમા એમજ લહુ,
ચંપો ચંબેલી જુઈ જાઈ, મોગરો મરવો લોહેરો ખાય;
કેવડો કેતકી કમરૂખ જોર, પક્ષી ભમર કરે બહુ સોર,
દ્રાક્ષ દાડમ ને બીજોરાં બહુ, અનાર નારંગી ઝાઝી કહુ;
કેળ કમળને કલમી આંબ, લીંબુ નાગરવેલીને *જાંબ,
ગુલાબનાં ખીલ્યાં છે ફુલ, પુષ્પ અપાર શું કરીયે મુલ.
સોપારી શ્રીફળને તાડ, શોભિત સુંદીર રૂડાં ઝાડ,
કાજુ અખોડ અંજીર પીસ્તાં, બદામ પપૈયા બોર દીસતાં;
બાગ અનોપમ બન્યો વિસ્તાર, તેમાં ક્યારા છે હારોહાર,
શડક મેળવણી કીધી શુદ્ધ, ભૂલી જાય ભલાજનની બુદ્ધ.
મધ્યે વેલ્યોનો છે અંક, જોતાં ગુણીજન થાયે ડંક,
મધ્યે બંગલો છે વીશાળ, ઉપર અનુપમ બાંધ્યા છે માળ.
મીનાકારી કીધું છે કામ, સુંદીર સુધાર્યું છે તે ધામ,
હાંડી તકતા ને ગલાસ, ઝમરૂખ બાંધ્યા પાસોપાસ;

× પોત=વહાણ. * જાંબ=જાંબુ ફળ.

છજાં જરૂખાં ને જાળીયાં, અગાશી મેડીને માળીયાં,
આદી તકીયાને ગાલ મસુર, અનુપમ બીછાનાં બીછાવ્યાં પુર.
હેમ સાંકળની હીંચોળા ખાટ, સુવર્ણ જડીત પડી છે પાટ,
રાય પલંગ જડીત્ર ચોપાસ, દાસ દાસી ઉભાં છે અવાસ;
સમુદ્ર ફીણ સરખી છે સેજ, રત્નતણું બહુ ચળકે તેજ.
શાલ દુશાલાના બહુ થોક, ગણુતાં મનોરથ થાયે ફોક.

છપ્પો.

શોભા સુંદીર છે સાર, પાર કહેતાં નવ આવે,
સુખ પામે શરીર, દુઃખ દ્રષ્ટિમાં નાવે;
કીર કોયલને મોર, શોર કરે શબ્દ મધુરા,
વદે વેણુ વખાણુ, સામંતજન બેઠા શુરા.
કીર્તિ તો કવિજન કરે, ભુપ વખાણે ભાવથી,
બીજલાલ વાણી વદે, વિક્રમ મોટો ન્યાયથી.

દોહરો.

વડો રાય વિક્રમ કહ્યા, વડા વીમળ જશ જોય,
કેવળ કળીમાં અવતર્યો, સત્યવાદી ભુપ સોય.
ધર્મ સભા તેણે કરી, વળી ધર્મ જાણવા કાજ,
સમજુ પોતે સમજવા, છે તેજ અકલનું જહાજ.
ધર્મ સકળના અધિપતિ, તેડાવ્યા તત્કાળ;
આદર આપ્યો અતી ઘણો, જેને જેવો અધિકાર.
શંકર સ્વામી પધારીયા, જૈન જતી જે જાણ;
ચર્ચા કરતા ચોધણી. બોલે વિધ વિધ વાણ.
જોગી જંગમ શેવડા, સન્યાશી દરવેષ;
છઠ્ઠા દર્શન બ્રાહ્મણા, તામેં ભીન્ન ન લેશ.
ગોરખ દત્ત દીગમ્બર, ભરથર કંથર કબીર;
બ્રહ્માની વેદાન્તીયો, દાદુ જંદા પીર.
છ ધર્મ છત્રીશ મળી, ધર્મ તપાસે આજ;

પુછે પ્રશ્ન પૃથ્વીપતિ, કેની રહેશે લાજ.
શીશ નમાવી સર્વને રાયે જોડયા હાથ;
કેણુ ધર્મ ઉત્તમ હોસે, તે સમજાવો સૌ સાથ.
સકળ સભામાં બોલીયા, જ્ઞાની ગુણ ભંડાર;
વદો વાત સૌ ધર્મની, બ્રહ્મ સભા મોઝાર.
ત્યારે પરમ વિવેકીએ પુછી, કહો સર્વ ભેખનો ધર્મ;
જે જે બાનુ જે ધરે શાં શાં કરવાં કર્મ.
પોતપોતાના મત કરે, ખરૂં ન ખોળે કોઈ;
સંકલ્પ વિકલ્પ મન ઘણા, કેમ કરી નિશ્ચે હોઈ.
ત્યારે સર્વે મળીને બોલીયા, ભલુ પ્રશ્ન પુછયુ છે રાય;
કલ્યાણ કરવા સર્વનું, જેથી મોક્ષજ થાય.
પોતપોતાના ધર્મને, ઉત્તમ માને સૌ કોઈ;
મતામતી કરતા મુઆ, પણ સત્ય વસ્તુ નવ જોઈ.
વાદ કરી વઢવા ધસે, મત તાણે મન સાથ;
પાડે બુમ બાવળ ક્ને, બળે ભરીને બાથ.
ઉઠ મને તું છોડી દે, માનુ તારો પાડ;
પરમેશ્વર પુરો ખરો, પાળ અમારાં લાડ.
જે ઝાલ્યું તે મુકે નહીં, અંધારે અથડાય;
કોઈનું કહ્યું માને નહીં, ઘણું કહે શું થાય.
અંધ હાથીનો દાખલો, સમજે છે સૌ કોઈ;
મત તાણે છે આપનો, ખરી વાત નવ હોઈ.
કોઈ કહે હાથી થાંભલો, કોઈ કહે હાથી સુપ;
કોઈ કહે હાથી હાથ સમ, કોઇ કહે હાથી ટોપ.
કોઇ આચારે મોહી રહ્યા, કઇ પરંપરાને ચાલ;
કંઇ કરતા હોય તે કીજીયે, કંઇ ફરતા ભુંડે હાલ.
સર્વેને સંદેહ એમ પડયો, ખરો ન લાધ્યો ખેલ;
મુજ ધર્મમાં માલ છે, તું તારો ધર્મ મેલ.
એ રીતે સૌ ઓચરે, વડી વિમાશણ હોય;
તે અમને સમજાવશે, સતગુરૂ સાચા સોય.

ગુરૂ જ્ઞાની તવ બોલીયા, તું સાંભળ ભુપ સુજાણ;
પુછે તેનું પારખું, મુકો મનની તાણ.
ભેખ સર્વના ધર્મનો, કરૂં હું આજ વીવેક;
સમજો સૌ અંતર વિષે, ધરીને મનનો ટેક.
જે જેનાં લક્ષણ કહું, તે તેનામાં હોય;
તેને તેવો જાણવો, ભેખજ કહીયે સોય.

(ચોપાઈ. ત્રણ તાળની. (રાગ.) ઓખાહરણનો.)

હવે કહુ સર્વ ધર્મની રીત, એ છે અતિશય પર્મ પુનીત;
જેને સદ્ગુરૂ જેવા રે મળીયા, સુણી જ્ઞાનને તેમાં રે ભળીયા.
પછી ધર્યો પોતાનો મત્ત, ધર્મ સહુરો છે સર્વથી સત્ય;
ગુરૂ મહારાએ કહી જે વાણ, તે તો સર્વથી ઉત્તમ જાણ.
સમજી એવું કરે છે તે વાદ, હરિ બુંદ ના કહીયે કે નાદ;
પરીબ્રહ્મને ન હોય અવતાર, એ તો એકજ છે કીરતાર.
અછે સર્વ જગતનો બાપ, રતી માત્ર જેને નહિ પાપ;
એ છે અખીલજક્તના ઈશ, રક્ષા કરતા શ્રીજુગદીશ.
ધર્યો અવતાર તે દસ જ્યારે, પડયું દેવને બહુ દુઃખ ત્યારે;
કરવા સૃષ્ટિ તણી સંભાળ, મારી દૈતને કીધી છે વહાર.
એવુ જેને જેગમે તે ભાખે, દ્વેશ અન્ય ધર્મના દાખે;
પછી બોલ્યા ગુરૂ બ્રહ્મજ્ઞાની, જ્ઞાન વાત હૃદે લેજો માની.
એ ખટશાસ્ત્ર તણો છે મત, તેની વિધવિધ છેરે વીગત;
તે તો એક કેમ કરી હોય; ભેદ ગરબા દીપકથી જોય.
જેને જેવુ અંતરમાં ભાવ્યું, તેને તેવુ તે જ્ઞાન પ્રકાશ્યુ;
એમાં હું ને મહારૂ નથી મરતુ, અંતે અજ્ઞાન આવર્ણ કરતુ.
નથી ગુરૂને પુરણ જ્ઞાન, કયાંથી શીષ્યને આપે તે દાન;
શીષ્ય કરવાનુ મન ઘણુ કરતા, દામ જોડવા કાજ બહુ ફરતા.
પહેલો કહુ ગુરૂનો લક્ષ, અત્તાસુરતી જમે જે ભક્ષ;
દેખ્યુ અ દેખ્યું તે તો કરે, મનઈચ્છા પ્રમાણે તે ફરે.
ફરે સોહુંગ શબ્દથી પ્રિત, નથી જગ્ત વ્રહેવારની રીત;

નથી મત પોતાને મન, એવા સંતને કહીયે ધન્ય.
વેદ વચન પ્રમાણે તે ચાલે, આત્મજ્ઞાન મળે તેને આલે;
બ્રહ્મ વિચાર મનમાં ભર્યો, રાય એવા ગુરૂ તમે કરો.
તન મન ધન જેણે કીધુ ત્યાગ, બ્રહ્મ માયા કરી બે ભાગ;
અંજન માંહી નીરંજન જાણે, અંતરમાંહી આનંદ પદમાણે.
કામ ક્રોધ લોભને મોહ, તેનો કીધો અંતરથી દ્રોહ;
આશા ત્રષ્ણાને મુકી છે રમતી, તેતો અજ્ઞાની નરને દમતી.
એવા સંત મળે સુભ જયારે, રાયકરજયો ગુરૂ તમે ત્યારે;
એવા ગુરૂની આજ્ઞામાં રહેવું, મુખે ગુરૂ ગુરૂ એમજ કહેવુ.
હુંને મહારૂ નથી જેને કોઇ, એકાગ્ર વૃતિ બ્રહ્મની માંહી;
આપુ ખોતાં તે દુગ્ધા ખોઈ, વાસના રહીત વૃતિતો હોઈ.
દ્રષ્ટે સકળ સૃષ્ટિમાં એક શીવ, મટી ગયા જક્તના જીવ;
હતો રાયને સમજયો તો રંક, સમજણ પડતાં થયો નિઃસંક.
એતો દીસે અવની પતી ભુપ, હુંતો ભુલ્યો તો એનું સ્વરૂપ;
એમ જીવ શીવ એકજ જાણો, રખે ભ્રાંન્તિ અંતરમાં આણો.
એકા એકી વળી બહુ સંગી, શદા ઉદાશ રહે બહુ રંગી;
રહે ઘરમાં પણ વન ખંડવાશી, ઓળખ્યા એક અલખ અવિનાશી.
હુંને મહારૂ તે જીવજ જાણો, ભવ ભોગથી ઘણો ભરમાણો;
નથી હુંને મહારૂ અહી કશુ, સહેજે શીવ સ્વરૂપ મન વશ્યું.
અરસ પરસ છે એકાકાર, જીવ શીવ તે એકાધાર;
એ છે બ્રહ્મવેતા કેરો મત, એક અનાદી બ્રહ્મ છે સત્ય.
વદે ભીજલાલ એવી વાણી, કહી જ્ઞાનીયે તે સત્ય જાણી;
સોધી સકળ શાસ્ત્રનો ભેદ, યોગવસીષ્ઠ ગીતાને વેદ.

(સંતનાં ૩૦ લક્ષણ ચોપાઇ ત્રીતાલી.)

કહું સંતનાં લક્ષણ સુર. શુદ્ધ લક્ષણ ત્રીશભરપુર;
સંત લક્ષણ કહીયે ત્રીશ, પ્રથમ તજી અંતરની રીશ.
ટળ્યો સ્વાદ સ્નેહ સંતાપ, જ્ઞાનસ્વરૂપનુ સમજાયુ માપ;

ધીરજવંત જીતેંદ્રિ તે કહીયે, પુર્ણ બ્રહ્મવિચાર જેના હૈયે;
લાગ્યો અનહદ શબ્દનો નાદ, છુટી ગયો છે વાદ વિવાદ.
ગંગા જળ સમ નિર્મળ જ્ઞાન, તજ્યુ દેહાદિક અભિમાન;
શીળ સંતોષ ક્ષમા ઘણી ઊર, દયા દીનતા દીસે ભરપુર.
પુર્ણ બ્રહ્મનો પામ્યો પ્રકાશ, થયુ અજ્ઞાન અંધારૂ ત્યાં નાશ;
ઘણુગુણુ ત્રિવિધિના તાપ, તે તો છુટી ગયા સહેજે આપ.
આદ્ય અનંત અખંડીત બ્રહ્મ, જાણ્યો તેહતણો સર્વે મર્મ;
રાગ દ્વેશ કીધા જેણે દુર, સંશય શોકનુ બાળ્યું છે મુળ.
લહ્યો આત્મ તત્વ વિચાર, સમ દ્રષ્ટિ થઈ એકાકાર;
હોય શત્રુ મિત્ર એક સમાન, જ્ઞાન ગતિની સમજ્યા સાન.
દેહ મિથ્યા સમજ્યા છે મન, એવા સંતને કહીયે ધન્ય;
એવુ પુર્ણ બ્રહ્મનુ છે પદ, ગળે સર્વ આનાદીના મદ.
સમજ્યા સંત શલુણા કોઈ, જેને અંતર અનુભવ હોઈ;
નથી મતામતીની વાત, વેદ પુરાણુ શાસ્ત્ર વિખ્યાત.
સર્વે જ્ઞાનીનો મત છે એક, જેમ માળામાં સુત્ર છે છેક;
સર્વ અજ્ઞાની જુજવા ચાલે, ખર પુંછ સમજણુ વિણુ ઝાલે.
તેતો છોડવાનુ નથી ભાન, વિણુસમજે ભસે જેમ શ્વાન;
માટે કહે છે જ્ઞાની ગુરૂ એવુ, નથી મહારે લેવુ ને દેવુ.
બ્રહ્મ વેતા ગુરૂ એમ વદે, રાય સાંભળી રાખજો હૃદે.

છપ્પો

તજી ઊપાધિ સર્વ, અતિ આનંદે રહે છે;
વધ્યો અતી વૈરાગ, સચ્ચિદાનંદ મુખ કહે છે.
તજીયા વિકટ વિકાર, ભાળ અગમ ગમ લાધિ;
અનુભવ થયો ઊદાર, સાધના આતમ સાધી.
વળી વાદ વિવાદ છુટી ગયો, રાગ દ્વેષ રહેશે નહિ,
બીજલાલ વાણી એમ વદે, એજ સંત પુરણુ સહી.

(યોગીનાં લક્ષણ ચોપાઇ ત્રણતાળની.)

પ્રથમ યોગીનો સાચો જો યોગ, જીવ શીવનો કીધો સંયોગ;
મમતા બાળીને વિભુત લગાવે, અનહદ શબ્દની શ્રૃંગી બજાવે.
મન મન્છાની મુદ્રા કરે. કામ ક્રોધ બે અજરાજરે:
જેણે યોગની યુકિત જાણી, બ્રહ્મ લોકની પદ્રીમાણી.
ઇંગળા પિંગળા સુક્ષમણા ભેગી, કહે જ્ઞાની તે સાચો યોગી;
મંત્ર જંત્ર તંત્ર તુચ્છ ગણી, નાટક ચેટક સર્વને હણી.
રહે આનંદમાં પહોર આઠ, જુએ સુખ સમુદ્રના ઠાઠ;
મન પવન લઈ સહેજે સમાય, તે યોગીની પરમ ગતી થાય;
એવો યોગી જડેજો આજ, તો તો જીવનાં સરે સૌ કાજ.
તેની અન્ય વૃત્તિ નવ થાય, બીજલાલ તેને લાગે પાય.

(મુનીનાં લક્ષણ. રાગ ઉપરનો.)

કહુ મુનીના મનની જે મત્ય, બોલે બોલવું પડે અસત્ય,
મનમાં સમજી રહ્યા તે તો મુની, ઊઠે અખંડ શબ્દની ધુની;
લાગી ઊન્મુનિથી તેને તાળી, આશન દ્રઢ બેઠા તેતો વાળી.
નીંદા સ્તુતિ ન કહેવી કોની, અનહદ શબ્દમાં વૃતિ છે જેની.
છોડી આશ્રમને ન જાવું બહાર, કામ ક્રોધ પામ્યા તેથી હાર;
જેણે આદ્ય વસ્તુ શોધી જુની, કહે બીજલાલ તે સાચા મુની.

(સન્યાશીનાં લક્ષણ. રાગ ઉપરનો.)

કહુ સન્યાશીની સત્ય રીત, સર્વે તજયું જાણી અનીત્ય,
બાંધી પુરણ બ્રહ્મથી પ્રીતિ, સબળ અવિદ્યા માયાને જીતી;
પંચ ઇંદ્રિયોને કર્યો પ્રહાર, સત્ય શબ્દ ગુરૂ જ્ઞાન વિચાર,
સર્વ પ્રકૃતિનો કીધો છે નાશ, તુટી વાસના જક્તની આશ.
નિર્બળ થઇને તજયો અહંકાર, પરા પારનો પામ્યો તે પાર,
એકાએકી રહે તે ઊદાશી, કહે બીજ તે સત્ય સન્યાશી.

છપ્પો.

જ્યારે જાણ્યો સૌનો નાશ, આશ તેની તો મુકી;
શીવને જાણ્યો સત્ય, વૃતિ કીધી છે ટુંકી.

માયાનું છે મંડાણ, બ્રહ્મ છે અનાદિ પુરો;
બાવય ખ્યાશીથી બહાર, અવિનાશી નથી અધુરો.
વળી સકળ વસ્તુમાં વ્યાપી રહ્યો, સોહંગ સનાતન છે સહી;
વીજલાલ વાણી ઓચરે, તે સન્યાશી ઊર વસ્યો જઈ.

(પંડિતનાં લક્ષણ. રાગ. ચોપાઈ ત્રણ તાળની.)

કહુ પંડિત કેરો જે ધર્મ; વાંચી પુરાણ સમજાવે મર્મ,
પાળે આચાર પુરણ રીતે, વિશ્વદેવ કરે જે નિત્યે;
સર્વે તજે અનિતીની બાજી, સદા પ્રેમ ભક્તિમાં રહે રાજી,
પુરૂષોતમમાં જેની પ્રીતિ, તજી આશા તૃષ્ણા અનીતિ.
પિંડ બ્રહ્માડની કથા સુણાવે, કહે 'જ્ઞાની તે પંડિત કહાવે,
ખોળી કાઢયો પુર્ણ બ્રહ્મપિંડે, પછી કેમ ભમે નવ ખંડે;
પિંડયે દીઠો તે પંડિત કહીયે, શુદ્ધ જ્ઞાન વસ્યુ જેના હૈયે,
એવા પંડિતની બલીહારી, ભણી વિદ્યાને પેઢી તારી.

છપ્પા.

પંડિત પુરો છે તેજ, પુર્ણ બ્રહ્મ જેણે પરખ્યો;
પંડિત પુરો છે તેજ, ચૈતન પોતામાં નીરખ્યો.
પંડિત પુરો છે તેજ, અવિદ્યા સર્વે ત્યાગી;
પંડિત પુરો છે તેજ, વૃતિ હરી હરમાં લાગી.
કહે વીજલાલ નામ સાચુ ખરૂં, પોતે દીઠો છે પિંડમાં. ૧
પંડિત તેનું નામ જે, જ્ઞાન કથે છે સર્વમાં;
વિદ્યા વડો વિવેક, ચતુરાઈનું ઘર જાણો.
વિદ્યા વડો વિવેક, મોજ ઘેર બેઠા માણો;
વિદ્યા વડો વિવેક, રાજસુખ આપે રીદ્ધિ.
વિદ્યા વડો વિવેક, પામશે સાચી સીદ્ધિ;
વિદ્યાથી વધતુ કશુ નથી, કાં રાજા કાં રંકને.
વીજલાલ વિદ્યા સાચી ખરી, જો જાણે વિદ્યાના અંકને. ૨
ભણ્યો ગણ્યો તે ભુત, વેદ વિદ્યા ન તપાશી;
ભણ્યો ગણ્યો તે ભુત, સમજણ નવ આવી ખાશી.

ભણ્યો ગણ્યો તે ભુત, સત્ય વિવેક ન જાણ્યો;
ભણ્યો ગણ્યો તે ભુત, પંચે તો નહિ પરમાણ્યો.
ભણી ગણીને ભુત રહ્યો, ધર્મ અધર્મ સમજ્યો નહી;
બીજલાલ વાણી એમ વદે, તે પથ્થર પાણી પીયે કહીં. ૩
ભણ્યો ગણ્યો તે સાર, વહાર ગરીબની કીધી;
ભણ્યો ગણ્યો તે સાર, શીખામણ સારી લીધી.
ભણ્યો ગણ્યો તે સાર, અક્કલ અવળી નવ આપે,
ભણ્યો ગણ્યો તે સાર, કષ્ટ પરાયાં કાપે.
ભણ્યો ગણ્યો તે તો ખરો, નિત્ય રટેજો રામને;
કહે બીજલાલ ધન્ય માતને, સુમાર્ગે ખર્ચે દામને. ૪

(બ્રાહ્મણનાં લક્ષણ રાગ ચોપાઇ ત્રણ તાળની.)

કહું બ્રાહ્મણ કેરો જે ભેદ. પ્રથમ ભણવા ચારે વેદ;
દ્વિજ થઇને વિદ્યા અર્થે જાવું, ભણી વિદ્યાને કુશળ થાવું;
બ્રાહ્મણ સાચો જાણ્યો જેણે બ્રહ્મ, અનીતીનું કરે નહી કર્મ;
રાગ દ્વેશ નિંદ્યા પરહરે, ઊત્તમ ક્રીયા અંતરમાં ધરે.
પુર્ણ બ્રહ્મમાં પ્રીત લગાવે, બીજલાલ તે બ્રાહ્મણ કહાવે;
એવો બ્રાહ્મણ મળે જો સાફ, દર્શન કરતાં ગુન્હા સો માફ.
પરીક્રમા કરી લાગે જે પાય, ઘેર બેઠાં તીર્થ સો થાય;
એને કહ્યા ભાવે ભુદેવ, ચર્ણામૃત લેઇ કરીયે શેવ.
એછે વેદ મંત્ર અધિકારી, ભણ્યો ગાયત્રિ મોક્ષની બારી;
ચાવીશ અક્ષર એકઓંકાર, તેના માહાત્મ તણો નહીપાર.
મધ્યે વેદનાં વચન છે ભારી, તેમાં ગતી ન પહોચે મહારી,
તેનો થાય છે જ્યારે સંગ, વસ્ત્રે ઢાંકવુ તેનુ તે અંગ;
છે ઓંકાર પુરૂષ પુરાણ, નારી ગાયત્રી સુભ સુજાણ.
કરે બ્રહ્મ વચનથી સંયોગ, ગૌમુખીમાં કરે વૈભોગ;
એવી વસ્તુ છે જેની પાસે, સદા જીવે સો તેમની આશે.
ખટ સ્થાનકના ગુરૂ કહીયે, તેનું જ્ઞાન અંતરમાં લહીયે;
એને વિશ્નુ રૂપે જે જાણે, તેતો વૈકુંઠ પદ્દી માણે.
પ્રથમ કહેલાં હોય જે ચીન્હ, સાચો બ્રાહ્મણ નહી ભીન્ન;

પ્રશ્ન પુછયુ વિક્રમ રાય, સંશે મનના તે દુર પળાય.
એવી વાત બીજલાલે તો જાણી, તેને પ્રીતે કરીને વખાણી.

(બ્રાહ્મણના ચાર આશ્રમ તેનો શ્લોક.)

जन्मना जयते शुद्ध संस्कारात् द्वीज उचते;
वेदाभ्यासं भवेत् विप्र, ब्रह्मजानाति ब्राह्मण. १

(બ્રાહ્મણ કેને કહુ છે તેનો વિચાર રાગ ચોપાઈ.)

જન્મે શુદ્ધ કેહેવાય છે બાળ, પછે દેવો પડે સંસ્કાર;
થયું ઉપવિત ને થયો દ્વીજ, વેદ ભણતાં વિપ્રનુ બીજ.
બ્રહ્મ ચીન્ને બ્રાહ્મણ હોય, એવુ લખ્યુ છે શાસ્ત્રમાં જોય;
યથા સપ્ત આગળ મોટા રૂષી, નવ જાત તેની કેઈએ પુછી.
કીચ જળ મળે ગંગમા જઇ, તે તો ગંગોદક થયુ ભાઇ;
એમ બ્રહ્મ ચીન્હે તે બ્રાહ્મણ, મણ ભેગો મળી ગયો કણ.
તેની જાતભાત નવ જુએ કોઈ, હરિ ભજતાં હરિ સમહોઈ;
એવુ ઊપનીષદમાં કહે છે. વજ્ર સુચીમાં શાક્ષી દેછે.
પણ આખર એ કુળ મોટુ, તેને કોણ કરી શકે ખોટુ;
નથી નિંદ્યા કરી આઠાર, મહારે લખવાનુ કારણ સાર.
વળી જ્ઞાનીને પુછયુ એમ, કોણ બ્રાહ્મણ નામનુનેમ;
બ્રાહ્મણ નામછે કે જાત, બ્રાહ્મણ વર્ણ કર્મ વીખ્યાત.
પાળે આચાર તે બ્રાહ્મણ કહીયે, કે પંડીતને બ્રાહ્મણ લહીયે;
દેહ બ્રાહ્મણ છેકે જીવ, આઠમાં બ્રાહ્મણ કીયો શીવ.
એવી શંકા અંતરમાં ભરી, કહો જ્ઞાનીજી ન્યારી ન્યારી;
ત્યારે જ્ઞાની કહે ધંન્ય ભુપ, તારી બુદ્ધીનુ બળ છે અનુપ.
તમો દીસો છો મહા અધિકારી, સકળ પ્રશ્ન પુછયાં છે વિચારી;
કહુ બ્રાહ્મણનો સૈ ભેદ, જેવુ વદે છે જે સામ વેદ,
પ્રથમ નામ બ્રાહ્મણ નવ હોય, નામ આદ્ય અનાદ્યના જોય.
જાત બ્રાહ્મણ જો કહી માનુ, જાત અઢાર વરણ નથી છાનુ;
કર્મ બ્રાહ્મણ જો કહી ભાસે, કર્મ કરે તે સૈ કોઇ આસે;
કહી આચાર બ્રાહ્મણ દીસે, સૈ આચાર પાળે અતીશે.

પંડિતને બ્રાહ્મણ જો કહે, વિદ્યા અન્ય વરણ પણ લહે;
દેહ બ્રાહ્મણ શુદ્ધ અપાર; સર્વની દેહ પંચ ભુત સાર.
દેહ બ્રાહ્મણ હોય જો સાફ, તેને બાળતાં બ્રહ્મહત્યાનુ પાપ;
સર્વને બ્રહ્મહત્યા લાગે જયારે, અગ્નીદહ ન કરે કેમ ત્યારે.
જીવ બ્રાહ્મણ કહીયે જો લેખો, જીવ સચરાચરમાં એક દેખો;
ત્યારે બ્રાહ્મણ સમજવો કેને, બ્રહ્મ ચીન્હે જગતમાં તેને.
એવુ વેદ ઉપનીષદ્ કહે છે, બીજલાલ તો એમ વદે છે.

(જૈન ધર્મના લક્ષણ વિષે છંદ ભુજંગી.)

જુઓ જૈનના ધર્મની રીત કેવી, યથા યોગ્ય કહુ સુણો સર્વ તેવી;
જપે મંત્ર નવ કારનો નીત્સજાપ, કટે જન્મકોટીતણાં સર્વ પાપ.
શેવે ચોવીશ તિર્થંકર અકભાવે, કરે પોષો પડીક્રમણ દુઃખ ન આવે;
સમજયાજીવનેશીવતે એક સાચો, એરેજૈન ભાઇયોમુખે એજભાઓ.
કલ્પ સુત્રનો કાયદો તેજ પાળે, અભિમાંન અહંકારને આપ ટાળે;
વળી શીવને જીવતે એક જાણે, સદા સુખનાં ફળ તે સદ્ય માણે.
દયા ધર્મનુ મુળ છે લાભકારી, બીજલાલ કહે સુણો જનભારી;
સદા પાળતા જીવનેજીવ રાખી, કદી ધર્મમાં પાછી પાની ન દાખી.
બને ત્યાં લગી જીવને તે બચાવે, જીવો સુખ સારૂ ઉપાયો રચાવે;
કોટી દામનુ કામ તે સહેજ થાય, કોટી જન્મનુ પાપતે સેજજાય.
સર્વ પ્રાણીને સુખ અત્યંત આપે, અભયદાન આપીને સ્થીરસ્થાપે;
અહીંશા વડો ધર્મ તે માની લીધો, ભલો પંથ જેનો તણોદીસેસીધો
વદે બીજલાલ છે સારો સુધારો, ખરેખાત એ મતને જૈન ધારો;
પર્મ ધર્મનુ લક્ષણ એજ કહીયે, સદા કાળ જીવોનો બચાવચાહીયે;
તેથી અન્યવાત નથી કોઈ મોટી, ખરેસત્યમાં સત્ય છે એકસોટી.

(જીવદયા વીશે છપ્પો.)

જીવ દયાની કાજ, મહાજન મહા પદ પામ્યા;
જીવ દયાની કાજ, દળીદ્ર દરીયે જઈ વામ્યા.
જીવ દયાની કાજ, કષ્ટ અંગે બહુ સહેતા;
જીવ દયાની કાજ, ભીક્ષા માગીને લેતા.

વળી જીવ દયા કરનાર તો, પાકા છે પરમાર્થિ;
કેહે બીજલાલ તે સાચા ખરા, છે ધર્મ સભાના મહારથી.

(શેવડા સાધુનાં લક્ષણ રાગ ચોપાઈ.)

કહુ શેવડા સાધુની રીત, એ છે અતીશય પરમ પુનીત;
લે છે દીવસે તે તો અહાર, સર્વ દોષ રહીત નીરધાર.
ઓળી અઠાઈ આંબલ કરતા, વળી એકાશણુ આદરતા;
પોષો પડીક્રમણુ કરે સાર, તે તો નીત્ય જપે નવકાર.
વાંચે કલ્પ સુત્રનો ગ્રંથ, માને ચોવીશ તીર્થંકરનો પંથ;
વાળ લોચન કરવાની ટેવ, નીત્ય કરતા મુર્તિની શેવ.
જીણા જીવની દયા તે ધારે, પ્રાણી સર્વની પ્રતીમા પાળે;
વાશી અંનનો કરતા ન અહાર, કંદ મુળ તજ્યા સર્વ સાર.
કાચુ પાણી નથી વાપરતા, જોઈ જોઈને ડગલાં ભરતા;
વસ્ત્ર બોહોતેર હાથની છુટી, કંચન કામની ન મળે બુટી.
કાષ્ટ તુબાણી કરે વહેવાર, એમાં જમે સર્વથા અહાર;
ઓઘો મુમતી અહો નીશ રાખે, એવી જીવદયા મન દાખે.
અગ્ની દીપક નવ આલે હાથ, સીત સમે પણુ નહી તેનો સાથ;
એવા શેવડા સંયમ સાર, દુઃખ દેવુ ન કોઇને લગાર.
લેછે ખાવા જેટલુ અંન્ન, કોઇનુ દુઃખવતા નથી મંન;
વધે અંન્ન તે કોઇને ન આલે, લઈ અવનીમાં તેને ઘાલે.
બીજલાલ જેવી જેની કરણી, તેતો પ્રાણીને પાર ઊતરણી;

(શ્રાવકના ધર્મ વિષે છપ્પો.)

શ્રાવક સર્સ સુજાણુ, શ્રધ્ધા શીર સાટે ન મુકે;
ક્રીયા કરે નીશ દીન, વિવેક વચન નવ ચુકે.
એક વીશ લક્ષણુ સાર, અહોનીશ અંતર ધરતા;
નવકાર જપે જૈ નીત્ય, પડીક્રમણુ પોષો કરતા.
મહાવીર વાણી વદે, જીવદયા પાળે સહી;
પ્રમાદ પાપથી વેગળા, તે શીયળ વૃત મુકે નહી.

(જંગમના ધર્મનાં લક્ષણ કુંડલીયા.)

જંગમ તેને જાણીયે, તજ્યુ આપુ અહંકાર;
આશા ત્રક્ષા તજી કરી, અજરાજરે તે વાર.
અજરા જરે તે વાર, ગુણ ગાયે અવીનાશી;
કનક કામની ત્યાગ, જગતથી રહે ઉદાશી.
કહે કવિ વીજલાલ, કરે જઈ ધૈર્યનો સંગમ;
હર હર કહે હમેશ, તેહને કહીએ જંગમ.

(શીવનુ કવીત જંગમ ઉપાશી લઘુ અક્ષરનું.)

અજર અમર બર અધર ધરણ, ભય અભય કરણ;
તન અતન પતન; અરૂ બળદ ચડન, ગજ બદન સદન.
અરૂ ધરત ડમર ચમર કર, અશરણ શરણ બસત પરબતપર;
ભનત તનત તનતર તનતર, જપત રહત શિર અજર અમરજશ.
કહત વ્રજ ચરણ કમલ દરસત, દરદ નરહત કહત જબ હરહર. ૧

(જંગમ વીષે દોહરો.)

જંગમ કહીયે જેહને, જે સજે શીવ શણગાર;
ઘંટ વગાડી ઘોર કરે, શીર બાંધે શેલીસાર.
શીવ સચ્ચિદાનંદની, ધુન અહોનીશ ગાય;
કહે વીજલાલ વિચારથી, તે જંગમ કહેવાય.

(હિંદુ ધર્મનાં લક્ષણ ચોપાઈ ત્રણ તાળની.)

રૂડો હિંદુનો કહ્યુ જે ધર્મ, કરે શ્રીહરિ અર્થે સાકર્મ;
જપે જુગજીવનનો જે જાપ, તેની લક્ષ ચોરાશી છે માફ.
કરે ઉત્તમ ક્રિયા સૌ અંન્ય, તેના જીવતરને છે ધન્ય;
અન્ય દેવસુ રાખે ન પ્રીત, સાચા હિંદુની એહ છે રીત.
દયા ધર્મમાં રહે સમાઈ, ખોટી વસ્તુ કદી નવ ખાઈ;
વેદ પુરાણ કહે તેમ ચાલે, કદી ધર્મ પ્રરાયો ન ઝાલે.
ન્યાત જાતને વર્ણ આચાર, પુજા અર્ચન દેવ અનુસાર;

જનોઈ દીક્ષાને સાધુનાં કર્મ, એતો હિંદુનો આદ્ય છે ધર્મ.
તેમાં નવુ કદી નવ કરવું, લોક હાંશી થકી મન ડરવુ;
નીચી કરણી કરે નર જેહ, નીચ પદવી પામે છે તેહ.
હિંદુ ધર્મ પાળે હિંદુ કહીયે, દયા ધર્મ વસે જેને હૈયે;
કહે જ્ઞાની સુણો તમે ભુપ, એવુ હિંદુ ધર્મનુ છે રૂપ.
હરિ વહાલા તે હિંદુ છે મોટા, ધર્મહીન પુરૂષ હિંદુ ખોટા;
એ છે હીંદુનાં લક્ષણ સાર, અન્ય કહેતાં ન આવે પાર.

છપ્પા.

હિંદુ હોય હરિનો દાસ, જીવ દયા ઊર રાખે;
વળી પાળે વેદ વચન, ધર્મ પોતાનો દાખે.
આચાર પાળે છે આપ, પાપ કરતાં દીલ દાઝે;
કરે ગુરૂ શેવાનુ કામ, અન્યા અધર્મથી લાજે.
વળી તીર્થ વ્રત કરે ભાવથી, દાન પુન્ય પોશણ કરે;
વીજલાલ કહે તે પુન્યથી, ઇકોતેર પરીયા તરે.

(વૈશ્નવ ધર્મનાં લક્ષણ.)

પ્રશ્ન પુછે છે વિક્રમ ભૂપ, કહો જ્ઞાનીજી જ્ઞાન સ્વરૂપ;
ધન્ય ધન્ય છે ગુરૂ બ્રહ્મ વેતા, ભલી બુદ્ધિ અનુપમ દેતા.
મારાં સફળ થશે આજ કાજ, ભવ સિંધુની પામીશ પાજ; ×
પ્રશ્ન મહારાનો ઊત્તર દીજે, વૈશ્નવ ધર્મની વારતા કીજે.
અતિ ઊત્તમ અવનીમાં ઈશ, તેને નિત્ય પ્રતિનામવુ શીશ;
તેં જે પુછી વૈશ્નવની ચાલ. સમજી શુદ્ધ તે મારગ ઝાલ.
કહુ વશ્નવ કેરી જે રીત, એ છે અતિશય પરમ પુનીત;
તેનાં કહુ વળી લક્ષણ સર્વ, સુણી મુકજે અંતરનો ગર્વ.
વીશ નવ લક્ષણ છે જે સાર, તેતો તુજને કહુ નીરધાર;
પાળે મરીયાદા રૂઠીપેરૂ, શેવા સ્મર્ણ કરે નિત્ય ઘેર.
એ ધર્મમાં કેવો છે મત, તેનાં સાધન કેવાં છે સત;
કેવા ગુણ વૈશ્નવના હોય, કંઠી બાંધેથી વૈશ્નવ નોય;

× દીનારો.

ઘણા તુળશી પ્રસાદના ભોગી, ઘણા વિનતા મળવાના યોગી.
ઘણા ગાવા બજાવા તો આવ, ઘણા ચર્ચા જોવાને ધાવે;
ઘણા શેવા તણા અધિકારી, ઘણા ધન અર્પણના ધારી.
ઘણાને શાક પાક લાગે મીઠા, ઘણા પ્રેમ ભક્તિમાંહે દીઠા;
એવા જુજવા વૈશ્નવ જન, પ્રભુ ઊપર કઈકનુ છે મન.
સાચા વૈશ્નવ જેને કહીએ, આઠ પહોર હરિ જેને હૈયે;
સર્વ ઈશ્વિર અર્પણ તે કરે, કરી પાકને થાળજ ધરે.
પ્રેમ પ્રસાદ હરિનો તો લેતા, આવ્યા પુરૂષને આદર દેતા;
કરે સર્વને પોતાના સમાન, આપે પ્રભુ ભક્તિનુ જ્ઞાન.
પાસે આવ્યાના શોક સમાવે, જેથી પ્રેમ ભક્તિ ઘણી ભાવે;
તેના સાધનનો કહુ સાર, ઓગણ ત્રીશ લક્ષણ આવાર.
તેને પાળે તે વૈશ્નવ જંન, સદા શ્રી હરિ તેને પ્રશંન;
તેતો હરિને ઘણા વહાલા, એવા કઈક પ્રભુના લાલા.
તેનુ માન અતીશે ઘણુ, શુદ્ધ વૈશ્નવ તેને ગણુ;
તેને સૌ કોઈ વૈશ્નવ કહે છે, તેનુ હરિ ચર્ણે ચીત રહે છે.
એ છે હરિ સરખો હરિજન, અવર વસ્તુથી ઊતર્યું મન;
ચાદ લોકમાં હરિ એક દેખે, પ્રાણી માત્રમાં શ્રીહરી લેખે.
જળે વિશ્નુનો જાણે છે વ્યાય, સ્થળે વિશ્નુ છે આપો આપ;
અગ્નિ બ્રાહ્મણ વિશ્નુરૂપ, પાષાણ કાષ્ટમાં એજ અનુપ.
પંચ ભુતમાં વિશ્નુ પ્રકાશે, સદા જીવે તે વિશ્નુની આશે;
ખાતાં પીતાંને બેસતાં બોલે, નાવે મારા પ્રભુજીની તોલે.
શ્રીજી બાવાની છબી છે ન્યારી, બેઠા વૈશ્નવ અંતરમાં ધારી;
શેવે યમુનાજીના ચર્ણ, ટાળે સહેજે જન્મને મર્ણ.
વલ્લભ વિઠ્ઠલ મુખે કરે ગાતા, પ્રાત:કાળે દર્શને તે ધાતા;
તેના ગુરૂ છે વલ્લભ કુળ, બાળે સત્ય અવિદ્યાનાં મુળ.

વૈશ્નવનાં ઓગણત્રીશ લક્ષણ.

(કરીએ શ્રી કૃશ્ન ઊપાસના એ રાગ.)

પ્રથમ સદ્ગુરૂ સ્વામીને શેવતાં સંશય સહેજેરે જાય;
જન્મ મરણનીરે જાળથી, પ્રાણી નિશ્ચે મુકાય.
ભજીયે ભાવે ભગવાનને (ટેક.)

પછી સંત સમાગમ કીજીયે, પીજીયે અધરામૃતપાન;
આદ્ય અનાદ્યનો એ આત્મા, તેને મળશેરે ભાન. ભ૦ ૨
સદા શાસ્ત્ર સંગમ કીજીયે, દીજીએ શ્રદ્ધાએ દાન;
દાને તે પામે દેવ લોકને, સદા સુખનુ તે ધામ. ભ૦ ૩
વ્રત કરીને દેહને બાળજો, ટાળ જ્યો કામનુ મુળ;
મુળ બળે સુળ ઉપજે નહિ, થસે આપે નિષ્કુળ. ભ૦ ૪
દયા ગરીબીને હિનત, સાચો શીળ સંતોષ;
કામ ક્રોધ લોભ મોહ મુકતાં, પામ્યો વિવેકનો જોસ. ભ૦ ૫
મહા પુરૂષનો મહિમા જાણ્યો નહિ, તેનુ જીવતર છે ફોક;
હરખે હરિને સંભારતાં, પામો ગોપદ લોક. ભ૦ ૬
મન કર્મ વચને તે માનજો, સાચુ વેદ વચન;
વિશ્વાસે વિશ્વંભર મળે, થાય જીવતર ધન્ય. ભ૦ ૭
કથા કીર્તન કહેવાંને સુણવાં, લીલા વાણી વિલાસ;
નિદ્યા નઠારો જે રોગ છે, તેને તજતાં સુખ આશ. ભ૦
વળી દંત કથાનાં જે દોરડાં, જે તાંણે છે દીનને રાત;
પશુ કરતાં તેતો પાપીયો, કરે છે આત્મ ઘાત. ભ૦ ૯
લક્ષ્મી નાથનો લક્ષ રાખજો, ધરજો ગુરૂનુ તે ધ્યાન;
નખ શીખ પુર્ણ નીરખતાં, પામશો ચૌદ ધનનુ ભાન. ભ૦ ૧૦
પંચ વિષય મિથ્યા માનજો, દેખતાં ઝાંઝવાના ચોસાય:
વાસના ટાળો વિષરૂપજે, સુખ દુઃખથી પ્રાણુ દોરાય. ભ૦ ૧૧
વિષય ઈંદ્રી તે વહેરી જ્યારે ઉપજે, પાછો પ્રલેમાં લઈજાય;
તેથી તે દોષવંત જાણજો, મિથ્યા સુખ તે કહેવાય. ભ૦ ૧૨
પાપી પાખંડી દંભી દુષ્ટથી, દુરાચર્ણથી રહેવું દુર;
સુભ કાળાદિકને રોવવા, તજજો અજ્ઞાનનુ મુળ. ભ૦ ૧૩
સહેજે બ્રહ્મ સ્વરૂપને ભેટતાં, મેટતાં મહાવિષ વ્યાલ;
સર્વ અવિદ્યાને જીતીયો, જીત્યો ચૌદ લોકનો કાળ. ભ૦ ૧૪
ધર્મ વૈરાગ્યાદીક પુર્વે કહ્યું, નવધા ભક્તિતાં જે નેમ;
મુર્તિ પુજંતા મહાપ્રાણી, રાખી હૃદયમાં પ્રેમ. ભ૦ ૧૫
મગ્ન રહેવું સદા મન વિષે, આનંદમાં આઠજ પહોર;

માનશિક પુજા મનમાં કરે, ચીતની વૃતિ નવ ચોર. ભ૦ ૧૬
પ્રતિમા પુજે જે પ્રાણી પ્રેમથી, સાચી શ્રદ્ધાએ આપ;
સ્મર્ણ કરે નિત્ય શ્યામનુ, જપે અંતરમાં જાપ. ભ૦ ૧૭
સાચો ભાવ સવરી તણો, મેહેતો મીરાં ધ્રુવ ધ્યાન;
અનંત કોટી જનતો ઓધર્યા, કરતાં હરિ ગુણ ગાન; ભ૦ ૧૮
માથે કરવત મુકાવીયાં, મોરૂધ્વજ ધનાને ધન્ય;
પેંપો પ્રહેલાદ પુરા ખરા, જેનુ પ્રભુ પદમાં છે મન. ભ૦ ૧૯
હેતે હરીજન આવેજો આગણે, શેવા કરવી સુભસાર;
ભોજન દીજે અતિ ભાવથી, તેનો મહિમા છે અપાર. ભ૦ ૨૦
સત્ ગુરૂની શેવા સ્મરણ કરો, ગ્રહો વચન નો તે સાર;
સીદ્ધાંત સોધતાં નીકળે. એવો તુ ઇષ્ઠ ઉરધાર. ભ૦ ૨૧
સૌથી સારો મારો સ્યામ છે, વસે તે સર્વની પાસ;
સત લક્ષણથી સેહેજે મળે, એવા એને વહાલા છે દાસ. ભ૦ ૨૨
સ્વર્ગ અપવર્ગના સુખથી, અદકુ સુખ અવીનાશ;
તેનો લોભ સર્વ કેમ ન કરે, રાખે હરિવરની આશ. ભ૦ ૨૩
માન બડાઈ ને ઇર્ષા, સ્વાદ સ્નેહને લોભ;
કનક કાન્તાને કામના, તેનો નાહ કોઇને સ્થોભ. ભ૦ ૨૪
હરઘડી હરિ સામુ વર્તવુ, પસ્તાવુ કરતાં જે પાપ;
અંતર અવળી આંટી ટળે, મટે ત્રીવીધીના તાપ. ભ૦ ૨૫
પ્રમાદ મોહાદિકને જીતવા વૃતિને કરવી તે વશ;
સાંકળે બાંધેલ શ્વાન જેમ, ભસી સકાય તેમ ભશ્ય. ભ૦ ૨૬
નારી નિવૃતિ વરવી સદા, જેને વહાલુ પ્રભુનુ ધામ;
પ્રવૃતિ પળ ભર નવ રાખશો, ફેડશે તમારૂ તે ઠામ. ભ૦ ૨૭
પરમ હંશ તણા પદ પુજવા, તે આપે લક્ષ વિચાર;
સચ્ચિદાનંદને સમરતાં, પામો ભવનો તે પાર. ભ૦ ૨૮
સર્વે સાધન હરિને સોંપતાં, મહારૂ નથી તે લગાર;
*સકટ નીચે જેમ શ્વાન છે, મિથ્યા માન્યો છે ભાર. ભ૦ ૨૯
અંતરનો કુસંગ ટાળવો, બહાર ભીતર એક મન;
કલ્યાણ અર્થે અર્પણ કરો, સોંપવુ તનમનને ધન; ભ૦ ૩૦

---

* સકટ=ગાડુ.

સુલભ રસ્તા છે શાસ્ત્રના, તેનો કરવો વિચાર;
દુર્ગુણ બુદ્ધિ છે દૈતની, વાત તે છે અસાર. ભ૦ ૩૧
રાગદ્વેષ હૃદથી પરહરો, ગાળવું વાસનાનું લીંગ;
સત મારગ શીર સાટે ગ્રહો, છુટે અવિદ્યાનુ વીંગ ભ૦ ૩૨
બ્રહ્માર્પણ કરવુ સૈ ભાવથી, તનમનથી કરવુ સૈ ત્યાગ;
શતસંગ સ્મર્ણ મનન કરો, ઉદય થશે તવ ભાગ્ય. ભ૦ ૩૩
શાક્ષાત કાર જે સાચા થયા, આસ્તીક કહીયે અપાર;
તેને જ્ઞાન પ્રમોદ લાગીયો, પામ્યા વસ્તુ વિચાર. ભ૦ ૩૪
હરી ગુરૂ મુર્તિ ન વીસારીયે, કરવાં વ્રત તીર્થ ને દાન;
જીવન મુકત થઈ જગમાં ફરે, મુકયુ માન અપમાન.ભ૦ ૩૫
હું મહારૂં મનથી મુકજે તજ્યાં સબંધી સર્વ;
તેનું નામ મુમુક્ષુ કહે, ગયો અનાદિનો ગર્વ. ભ૦ ૩૬
દેહ સંબંધી વહાલા સર્વ છે, વહાલો જગત વેહેવાર;
કહે મીજલાલ તે જરૂરથી, જશે નરકે તે સાર. ભ૦ ૩૭

(ગ્રહસ્થાશ્રમના લક્ષણ ધર્મ ચોપાઇ ત્રણતાલની.)

ગ્રહસ્થાશ્રમીનેતો ઘરબાર, કહુ તેનો વીગતે આચાર;
સર્વ તજે ઘરબારી જેહ, આંગણે આવ્યાને પોષે તેહ.
અના સુરતી કે ભીક્ષુકલોક, રંક અતીથી આવે કોઇક;
હરખ શોક આશા પરહરે, ઊત્તમ ક્રીયા અંતરમાં ધરે.
પાપ પુન્યની તજતા આશ, કપટ કબુધી કરે સૈનાસ;
ભાવે નંદે વંદે જન કોઇ; મતામતી કરે નહી સોઇ.
ખાલી ભીક્ષુક ઘેરથી નવ જાય, પાપ પ્રપંચ પળમાં પળાય;
દયા ધર્મ નાચલાવે ધંધા, ગ્રહસ્થાશ્રમી છુટે ભવબંધા;
જક્ત વહેવારની રીતી કરે મીજલાલ તે ગ્રહીઓ ધરે.

(જ્ઞાનીનાં દશ લક્ષણ વીષે શ્લોક.)

अक्रोध निग्राजितेंद्रीय तत्वं, क्षमा दया शान्ती जन मीयत्वं;
निर्लोभ दाता भयशोक हीनं, ज्ञानीस्याचिन्हं दस लक्षणानो.

(સંન્યાશીના ધર્મ વિષે દોહરો.)

સ્વામી સાચા તે ખરા, જે જાણે અંતરનો ભેદ;
અદ્વૈત જ્ઞાનને ઓળખ્યુ, શોધ્યા ચારજ વેદ.
અનભે ઉઘડી અતીગણી, ભેદ્યા બ્રહ્મ આકાશ;
અવા ગમન અળગુ કરી, પામ્યા બ્રહ્મ નીવાસ.
નિત્ય નીરંજન નિર્ખિયો, ઘટ ઘટ આત્મારામ;
દ્વૈત બુદ્ધિ દીશે નહી, મટયો રાગ દ્વેષનો ઠામ.
માન અપમાન જેને નહિ, અંતર ઓળખ્યો બ્રહ્મ;
એ સ્વામી શુદ્ધ જાણજો, સમજ્યા પુરણ મર્મ.
સ્વાદ સ્નેહ સહેજે તજ્યા, તજયો અતી સંશય સાર;
ઇચ્છા સૌ અળગી કરી, ભવજળ પામ્યા પાર.
વિષે ઇંદ્રીયો વાર્યા વિના, વિશ્વપતી વશ નહોય;
અંતર અવિદ્યા જો મટી, તો સાચા સ્વામી સોય.
દંડ કમંડલ કરગ્રહ્યું, આનંદ ઉરમાં અપાર;
બ્રહ્માનંદ સુખ ભોગવે, તજ્યુ જક્ત અશાર.
નથી ભોગ વહાલા કદી, નહિ વહાલુ ધન ધામ;
હું મહારૂ માન્યું નથી, છે વહાલુ સોહંગ નામ.
હું મહારૂ એ બંધન સહી, એમ કહે છે વેદ;
હુ મારૂ જેને નથી, તે સમજે મોક્ષનો ભેદ.
વીજલાલ શુ વર્ણવે, સર્વનો જે કરે નાશ;
એવા સદ્દગુરૂ તેમના, ચરણ કમળનો દાસ.

(ભક્ત વિષે છપ્પો.)

ધન્ય ભકતની માત, ખ્યાત દશદીશે ચાલી;
સ્મર્ણ રૂપ સમશેર, ઢાલતો ધર્મની ઝાલી.
પાંચેનો કર્યો પ્રહાર, હાર્યો હરિજનથી તેતો;
શીળ શંતોષને સાચ, નામ નારાયણનું લેતો.
વળી સત્ય નિશાન (શોભે ઘણું,) ક્ષમા સ્વારી સજ થઈ;
નીર્વાણ નગારૂ વાગતાં, કાળ ફોજ નાશી ગઈ.

(શેવક વિષે છંદ કુંડળીયો.)

શેવા કરીયે સંતની, તેથી સરશે કામ;
શુદ્ધ ભાવે શેવા કરે, તે પામે સુખ ધામ.
તે પામે સુખ ધામ, નામ રહે જગતમાં જેથી;
સાધન માત્રનુ મુળ, વાંચ્છીત ફળ પામે તેથી.
કહે કવી વીજલાલ, પામશે સહેજે મેવા;
સૌ સાધનમાં છે સાર, કરે જો ભાવે શેવા.

(સપ્ત પુરી વિષે શ્લોક.)

अयोध्या मथुरांमाया, काशी कान्ची अवन्तीका;
पुरी द्वारामतिश्चैव, सप्त ते मोक्षदायानि.

અર્થ ભરત ખંડમાં ઉપર બતાવેલી સપ્ત પુરી મોક્ષને આપનારી છે પણ તેમાં શ્રદ્ધા વિશ્વાસ તથા સદ્ગુરૂના જ્ઞાન વિના કલ્યાણ થતુ નથી માટે સર્વ ધર્મ વાળાએ ગુરૂ કરીને જ્ઞાન ગ્રહણ કરવુ તેથી મોક્ષ મળશે એકલું તીર્થ કહેવાથી અગર તીર્થમાં રહેવાથી નથી.

(ભકતનો ધર્મ લક્ષણ ચોપાઈ ત્રણતાળની.)

ભકત તણો કહુ વળી ભેદ, મતામતી નહી ધર્મનો ખેદ;
અડસટ તિર્થ ભકિતમાં જાણે, સત્ય શેવા ભક્તિ મુખ્ય ગણે.
શેવા વિના નિત્ય ઉદાશી, રાત દીન ગુણ ગાય અવીનાશી;
એ પક્ષ મુકી નીર્પક્ષ હોઈ, ખોટી વૃતી અંતરથી ખોઇ.
શીળ સંતોષ દયા ધર્મ પાઈ, કહે વીજલાલ તે ભકત ભાઈ;
ભક્ત રહે ભયથી બહુ દુરી, અન ભય જાગી શાહ હજુરી.
મન વૃતી કદી નવ ડોલે, આત્મથી પરમાત્મ બોલે;
આત્મ તત્વની જાણે મુળી, કહે વીજલાલ ટળી ભવ શુળી.

(શેવકના ધર્મ વિષે ચોપાઈ ત્રણ તાળની.)

શેવક જનને શેવા બહુ ભાવે, શેવા મુકી કદી નવ જાવે;
તાતી શીળી કસોટી તે સહે, શેવા વિના અન્ય નવ લહે.

સૌ સાધનમાં શેવા છે સાર, તેના ગુણનો નઆવે પાર;
શેવા સ્મર્ણે સૌ સુખ થાય, દુઃખ દાળીદ્ર સર્વ પળાય.
ધર્મ અર્થને કામને મોક્ષ, શેવક જનને નથી પરોક્ષ;
દેવ દાનવ માનવી ઇંદ્ર, મૃત્યુ લોકે જેવો હરીશ્ચંદ્ર;
લોપે નહિ સદ્ગુરૂની વાચા, કહે બ્રીજલાલ તે શેવક સાચા.
થયા કોટી શેવક એવા સાર. કેહેતાં ન આવે તેનો પાર;
ધ્રુવ અમરીષને પહેલાદ, રાય મોરધ્વજનો શો વાદ.
શીવ ભકત રાવણને બાણ, જરાસંધ આદે બહુ જાણ;
ન મળે જુગમાં જેની જોડ, કૃષ્ણે પુર્યા બગીના કોડ.
સુદામો વીદુરની જે નારી, ગૃજગુણકા પામ્યાં ગતીસારી;
રૂષી અઠ્ઠાશી શહસ્ત્ર જેહ; નવ યોગેશ્વર કહીયે તેહ;
કૃષ્ણે સહાય કીધી છે ઘણી, બ્રીજલાલે તે તો વર્ણવી.

(સુભગ્રહસ્થનો ધર્મ છપ્પો.)

સુફળ તેનો સંસાર, સકળ ગુણ શોભા સારી;
સુફળ પુત્ર સુભ સાર, ભાવ ભવમાં છે ભારી.
ધંન્ય જશ પુન્ય અપાર, સ્મર્ણ શેવામાં સુરો;
સત સંગત પ્રવિણ, દીન ડહાપણમાં પુરો.
વળી સર્વ પ્રકારે શોભતો, ભાવે ભજે પરી બ્રહ્મને;
બ્રીજલાલ વાણી ઓચરે, તે ધંન્ય ધંન્ય ગ્રહસ્થાશ્રમને.

(દુષ્ટ ગ્રહસ્થાશ્રમનાં લક્ષણ.)

ધીખ: તેનો અવતાર, પાપે કરી પેટજ ભરતો;
કરી ચોરી અન્યાય, દ્રવ્ય પરાયુ હરતો.
છે પાપી પુત્ર કુપાત્ર, કામની કડવા બોલી;
કુટુંબ કલેશ કંકાસ, વાણી બોલે અણતોલી.
વળી શ્વાન સુકર ખર તોલે છે, પંચે નવ પ્રમાણીયો;
બ્રીજલાલ વાણી ઓચરે, તે પાપ આચરતો પ્રાણીયો.

(વૈરાગીના ધર્મ ચોપાઇ.)

કહુ વૈરાગીની જે કરણી, જે છે સંસાર સમુદ્રને તરણી;
જેહે જીતી લીધો છે વૈરાગ, કનક કામની કીધી છે ત્યાગ.
રાગ દ્વેશ લોભને મોહ, કર્મ અશુભનો કરતો દ્રોહ;
ભાગી ભ્રાન્તિને ભ્રમણા ભારી, તજી તુરત પ્રવૃતી નારી.
વહાલી વીઠ્ઠલ વરની શેવા, ભજે એક દેવાધી જે દેવા;
આશા અવિદ્યા સર્વે મુકી, ધર્મ અર્થની ફાકી છે ભુકી.
ચોરી જારી ને નિંદાને ટાળી; બેઠા બ્રહ્મચર્ય વૃતને પાળી.
સર્વ વસ્તુનો જે છે ત્યાગી, બીજલાલ તે સત્ય વૈરાગી.

દોહરો.

છ ધર્મ છત્રીશ મત, સૌ સૌને મન સત્ય;
કોઇ કોઇનુ માંને નહી, એવી જુજવી મત્ય.
હું ખરો મહારૂ ખરૂ, છે મુજમાં ડહાપણ પુર;
અશલને ઓળખ્યો નહી, તો સર્વે મળીયુ ધુળ.

(આ પાપંથીનાં લક્ષણ રાગ. ચોપાઇ ત્રણ તાળ.)

આપે રાંધે ને આપે ખાય, નિત્ય બેઠા હરિ ગુણ ગાય;
પ્રતિમા પુજતા નથીરે તેહ, ગાદી પુજન કરતા જેહ.
એ છે આપ નીવેદીનો મત, પ્રભુ પુરણ એકજ સત્ય;
અનાસુરતીનો લેવો અહાર, ભ્રષ્ટ યોગ ન થાય લગાર.
સર્વ ઊચીષ્ટ વસ્તુને તજી, આચાર સહિત પ્રભુને ભજી;
એવી આપા પંથીની છે રીત, બીજલાલ તે ઇંદ્રીના જીત.

(ખિજડા પંથીનાં લક્ષણ. રાગ ઊપરનો.)

ખિજડો પુજન કરતા જેહ, ખિજડા પંથી કહીયે તેહ;
(જામનગર)માં તે છે પંથ, હશે તેમને તેવો ગ્રંથ.
પોતે પોતાના મળી લાગે પાય, નિત્ય ગોવિંદ ગોવિંદગાય;
કોઇની નિંદા સ્તુતી નવ કરે, ભીક્ષા લેવા બહાર નવ ફરે.

દુરમત દગો નથી તે કરતા, સદા બ્રહ્માનંદમાં ફરતા;
જેને જેવા ગુરૂનો છે બોધ, બીજલાલે કીધો તેવો સોધ.

(કબીર પંથ વિષે ચોપાઈ.)

કબીર પંથીનો કહુ અભ્યાસ, એક આશરો છે અવિનાશ;
સત્ય શબ્દ ઊપાશી છે પુરા, સત્ય સોહુંગ સાહેબ શુરા.
ગાદી તણા એ છે ઊપાશી, નથી પુજતા મુર્તિ કે કાશી;
અમર લોક જવાની છે આશ, એક બ્રહ્મ સકળમાં છે ભાસ.
જ્ઞાન માર્ગમાં ગયા ગળી, વહેમ માર્ગથી ગયા છે વળી;
જ્ઞાન ગોદડી અજંપા જાપ, કાપે ત્રિવિધી કેરા તાપ.
દગો દૂર્મતી થઇ છે દુર, દીઠા સાહેબ આપ હજુર;
સત્‌નામની પેઢી કાઢી, ન આવે લક્ષ ચોરાશી આડી.
ક્ષમા ખડગને સત્ સમશેર, કીધી કાળ કચેરીને જેર;
પીધા પ્રેમના પ્યાલા તે પુર, થયા સાચા જગતમાં શુર.
કહેણી રેણી એક સમાન, બીજી દશા ન આવે જાણ;
અગમ અગોચર વસ્તુ ચીની, તેથી અવિદ્યા માયા બિહીની.
કર મધ્યેથી થયા કબીર, ઘણા ધર્મ ધોરીંધર ધીર;
કથ્યુ નીર્ગુણ જ્ઞાન અપાર, તેનો કહેતાં ન આવે પાર.
હિંદુ મુસલમાનને ખેદ, તેનો ટાળવો મનથી ભેદ;
એવો વિચાર અંતર ધારી, બોધ કરવા માંડયો વિચારી.
કહ્યુ કોઇનું તે નવ કથે, ચાર વેદથી ઊલટુ મથે;
સર્વે કબીરનુ ગાયુ ગાય, એક શબ્દ વૃથા નવ જાય.
જગ્ત રહીત ચોગી અબધૂત, સ્વામી રામાનંદના પૂત,
સત્ય નામ તણો આધાર, અનહદ વાણી અપરંપાર;
હિંદુ તણા તેતો સતગુરૂ, યવની જ્ઞાન કથ્યુ બહુ પુરૂ.
બેમાં એકા એકજ ખેલે, કોઇ મત ન મનનો મહેલે;
પિંડ બ્રહ્માડને ઇંડની પાર, તેતો વર્ણવે છે વારંવાર.
સુર્ય ચંદ્રને પૃથ્વી નહિ જયારે, પ્રગટયા કબીર સાહેબ ત્યારે,
ચોવીશ તીર્થંકર પેગંબર પહેલા, ચોવીશ અવતાર નહી તે વહેલા;

ગુરૂ ગોરખને દીધુ છે જ્ઞાન, દત્તાત્રયને આપ્યું ગુરૂ ભાન.
સૃષ્ટિ સર્વેની સાહ્યબી જાણે, પોતે પરમાનંદ પદ માણે;
સંત છોડાવ્યા બંધીવાન, ત્યારે બંધી છોડ ધર્યું નામ.
ચૌદ અર્બ જ્ઞાન પોતે કથી, શાસ્ત્ર સર્વ કર્યા તેનાં મથી;
મુળ સાગર ભવતાર ગ્રંથ, ત્યારથી કબીરનો બંધાયો પંથ.
પદ રવણી રેખતા સવાઇ, તેની સંખ્યા તો નહિ ગવાઈ;
મૃતક જીવાડયાં કમાલની કમાલ, શાહુજાદો થયો ત્યારે ન્યાલ.
અમર લોક ગયેલાં બે બાળ, તેને તેડાવ્યાં તતકાળ;
દાતણ વડનુ લેઇને વાવ્યું, તેનુ કબીર વડ નામ ઠરાવ્યું.
સુતા તાણીને પોતે તો સોડ, પુરવા ભક્તજનોના કોડ;
થયો પુષ્પ તણો ત્યાં તો ઢગ, મડદુ ત્યાંથી થયુ છે અલગ.
હિંદુ મુસલમાનના ગુરૂ, ત્યાં તો વઢવા થયુ સૌ શુરૂ;
હિંદુ કહે અમો બાળીશુ અંહી, યવન કહે અમે ગાડીશુ સાંઇ.
ત્યારે ગગન વાણી ઊચ્ચારી, નથી મડદુ તે જુઓ વિચારી;
અર્ધમાં કબર ને અર્ધમાં સમાત, એમ પુજો બંને મળી ભ્રાત.
કેમ સાહેબને જુદા જાણો, મતામતી તમે નવ તાણો;
એક રામ તે છેજ રહેમાન, નથી બીજો જક્તમાં આન.
કહે બીજલાલ એજ સધીર, કરૂણામય એક કબીર;
દાદુ પંથીને બ્રહ્મનો મત, કહે કબીર સાહેબને સત્ય.
બેનો મત છે આખર એક, પંથ જુજવાને એક છે ટેક;

(દાદુ પંથ વિષે રાગ ઊપરનો.)

સુંદીર બ્રહ્મજ્ઞાનના છે ભોગી, દાદુ આદ્ય પુરૂષ છે યોગી;
પુર્ણ બ્રહ્મનો જાણે એ ભેદ, તેને વહાલા છે ચારે વેદ.
જેણે વાત વિચારી છે આદિ, તે તો નર્ગુણ બ્રહ્મના વાદી;
તત્વ મસીને અસીપદ જેહ, તેસુ બંધાણો જેને સ્નેહ.
બ્યાશી બાવન તત્વ તપાશી; તેણે વાત વિચારી ખાશી;
થયા જ્ઞાન સ્વરૂપજ પોતે, સાક્ષાત બ્રહ્મ સ્વદેહે જો તે.
કામ ક્રોધ આદિ પંચ ચોર, તેનુ ત્યાં નવ ચાલ્યુ જોર;

સીળ સંતોષ ક્ષમા બેઠા ધારી, તેથી સર્વ અવિદ્યા તો હારી.
એ છે બ્રહ્મજ્ઞાનનુ મુળ, પાળી વેદ વચન કાઢ્યુ સુળ;
એ છે એક અલખ ના ઉપાશી, સહેજે જપે એક અવિનાશી.
નથી કાળ કર્મથી તેતો ડરતા, બીજી વાત નથી તેતો કરતા;
ન કરે વાદ વિવાદની વાત, કહે જ્ઞાની એવા દાદુ સાક્ષાત.
એવા દાદુ દુનિયાં થકી દુર; સદા આત્મ જ્ઞાન હજુર;
તેને કહીયે તે પરમહંશ. એ છે અવિનાશીનો અંશ.

છપ્પો.

દાદુ દીલના સાફ, અલખના એજ ઉપાશી;
સુંદીર જ્ઞાન સ્વરૂપ, તત્વમાં તત્વ તપાશી.
અખંડ આશરો એક, ટેક તેનો છે તારો;
વેદ વચન વિશ્વાસ, કથીર તજી લીધી મહોરો.
સકળ શાસ્ત્રના મત વિષે, બ્રહ્મ સત્તા ભાસે ખરી;
બીજલાલ વાંણી ઓચરે, તે બેઠા બ્રહ્મનિશ્ચે કરી.

છપ્પો.

જેણે જાણ્યો બ્રહ્મ, સાધના તેણે સા સાધી;
જેણે જાણ્યો બ્રહ્મ, પારસ મણી તેને તો લાધી.
જેણે જાણ્યો બ્રહ્મ, તત્વ મસી અશીપદ લાધ્યુ;
જેણે જાણ્યો બ્રહ્મ, ૐકારનુ મુળ આરાધ્યુ.
જે બ્રહ્મ પરાને પાર છે, તેને સમર્થ કોઇ જાણે સહી;
કહે બીજલાલ વિચારથી, જેમ સરિતા સાગરમાંવહી.

(બીજ માર્ગીનાં લક્ષણ ચોપાઈ.

બીજ માર્ગી કરે એક આરે, કોળી ભક્ષ કરે છે તે જ્યારે;
જ્યોત પ્રગટે છે પોતે આપ, કરે શક્તિ પુરૂષનો સ્થાપ.
જેને મનગમે તે વિષયકરે, તેનો મનમાં ન દોષજ ધરે;
કોઈ અવર પુરૂષ અન્ય નારી, તેની શંકા ન કોઈએ ધારી.

એને કાળ માર્યો એમ કહે છે; એવો ધર્મ અનાદિનો એછે;
રાય જેશળ તોળાંદે રાણી, તેની વાત જગ્તે તો જાણી.
રાવળ માલો ને રૂપાંદે રાણી, તેને અમરાવતી પદમાણી;
એવો સમજ્યા છે સર્વે મત, બીજ વિના નથી કોઈ સત.
બીજ વિના અવની નથી થઇ, શંકરે પાર્વતિને કથા કહી;
રૂષિ માર્કંડની દે છે શાખ, પાંચ પાન્ડવની દે છે ભાખ્ય.
જ્યોત માને છે જ્યોતિસ્વરૂપ, તેમાં મહાનત એક અનુપ;
શબ્દ શાખીયો કહે છે સાર; રહેવુ એક અલખ આધાર.
અખીલ ભુવનના એ છે ધણી, તેનાં પદ કીર્તન વાણી ઘણી।
મહી બીજે તે ઓચ્છવ કરે, સર્વ પંથીને તવ નોતરે.
કરે પાટનો ઠાઠ અપાર, પછી લહેંચે છે રાંધેલ અહાર;
એવો બીજ માર્ગનો છે ભેદ, સુણી કોઇ નવકરશો ખેદ.
સૌને સૌનો ધર્મ છે સારો, કોઈ ધર્મ ન કહીયે નઠારો;
કહે વ્રીજલાલ એવી છે રીત; સૌને પોતાના ધર્મ પર પ્રિત.

(રામાનંદીનાં લક્ષણ ચોપાઇ.)

રામાનંદી શ્રી રામ ઉપાશે, સીતારામના ગુણ બહુ ગાશે;
રામ અવધ પુરીના રાય, અખિલ લોકમાં છે માહમાય.
તેની શેવા સ્મર્ણ નીત્ય કરવું, હૃદે રામ ચરિત્રજ ધરવું;
રસીક રામાયણ ભાગવત જેહ, સર્વ શાસ્ત્રને માને છે તેહ.
વહાલી વૈશ્નવજનની કથા, એના વિના વાત સર્વ વૃથા;
પુજે પ્રતિમા લક્ષમણ રામ, સીતા સહીત આદે સુખ ધામ.
પ્રભુ રામચંદ્રના એ દાસ, તેને પુજવા રાખો સૌ આશ;
તેના ચાર સંપ્રદાય કહીયે, જુજવા આચારજ લહીયે.
વદે વ્રીજલાલ એવી વાણી, જુઓ પટલ પધતી આણી;

(ગોરખ મતનાં લક્ષણ ચોપાઇ.)

ગોરખ અલખ પુરૂષના ઉપાશી, ગીરનાર ગુફાના તે વાશી;
અલખ અલખ પુરૂષ એમ કહે છે, આપે ભીક્ષા તેની તેલેછે.

અંગે વીભૂત લગાવે છે ભારી; બાંહે બાજુને ખપર ધારી;
સેંથો સેલીસીંદુર સાથ, એક કદકો રાખે છે હાથ.
પાછે પગલે ભીક્ષા લેછે, તેને ગોરખ ગુરૂ શૌ કહે છે;
ધુપ આટાનો ધુણીયે કરે છે, પછી ભૈરવ ઝોળીયે ફરે છે.
દત્ત સત્ત બે એકજ જાણે, સત નામ તે દત્ત પ્રમાણે;
એ બે નો મત છે એક, બાનુ બેનુને એક છે ટેક.
એ છે નિર્ગુણુનારે ઉપાશી, માયા રહીત તે વનનાવાશી:
ગોરખ આધ અનાદ્યના યોગી, ધનધામ ત્રીયાના નહિ ભોગી.
ગોરખ મછંદ્રીનાથના શીષ્ય, વદે વ્રીજલાલ વિશ્વાધીશ;

(જૈન દીગમ્બર ધર્મના લક્ષણ.)

જૈન ધર્મનો એ છે મત, દીગમ્બર પુરૂષ એ સત;
મંત્ર મોટો જપે નવકાર, તેનો મહિમા માને અપાર.
અસુભ અચરતા નથી ધર્મ, જાણે લાગશે અમને કર્મ;
કુડું કર્મ કદી નવ કરવુ, મુર્તિ આગળ ફળ ફુલ ન ધરવું.
જડ સારૂ ચૈતન જો હણાય, તેનુ પાપ કેમ ન જણાય;
નેત્ર વિનાના નાગા દેવ, તેને દીગમ્બર કરતા શેવ.
તેના અચારી છે શ્રી પુજય એમને એવી પડી છે સુજય;
તેને ભોજક ભાવે ગાવ, કન્યા પરણાવે ત્યાં તે જાય.
સાધુ શ્રાવક શ્રાવકી છેક, ભટારક આવે છે એક;
તેમને ભાવના દે છે ભાવે, જમતાં વાજીંત્ર તે વગડાવે.
કસો શબ્દ પડે નહિ કાંને, એવી અંતરાયણને માને;
આવે અંતરાયણતો નવ ખાય, અહાર લીધા વિના તે જાય
તેમના મતના પંડિત હોય, તેતો શાસ્ત્ર બતાવે સોય;
તેમાં જીવ દયા છે ભારી, એવી વાત વિવેકે વિચારી.
સીળ ક્ષમા સંતોષને વિવેક, રાખે ધર્મપર પુરણ ટેક;
કહે વ્રીજલાલ એ ઝીણો ધર્મ, પાળે કાંઇ ન બેસે કર્મ.

(રામ સ્નેહી ધર્મનાં લક્ષણ.)

રામ સ્નેહીની એવીછે રીતી, એકલા રામનો રાખે છે પ્રિતી;
શ્રી રામ એવુ નવ કહે, માયા રહીત રામ એક લહે.
કનક કામની ના છે ત્યાગી, જેને રામ રામ લેહે લાગી;
રામ વિના નહીં કંઈ કામ, અંન વસ્ત્રને તુંબા ઠામ.
હાથે રસોઇ કદી નવ કરવી, ઝોળી ફેરવી ભીક્ષા હરવી;
વ્યસન નવ ચાલે તે કરવુ, સર્વ અશુદ્ધ વસ્તુથી ડરવુ,
આપે રાજી થઈ તેનુતો લેવુ, કોઇનુ ભલુ બુરૂ નવ કહેવુ,
કામ ક્રોધ ને લોભ ન લગાર. શીળ સંતોષ ક્ષમા ઉરધાર.
અના સુરતી મળેજો મેવા, આદર સહીત આપે તેના લેવા;
સર્વને રામ ભજો એમ કહે છે, સદા સંત સમાજમાં રહે છે.
માયા રામ ચરણની છે દાશી, તેને એમને તે નવ ઉપાશી;
વહાલી નહી પોતાની જે દેહી, કહે જ્ઞાનીતે રામ સ્નેહી.
નવ બાંધે પોતા અર્થે ધામ, નથી મહારૂ તહારૂ એકે કામ;
એવા વાહન વિના તે ફરે, કોઇને દુઃખ દેતાં બહુ ડરે.
સાદડી ને સાથરો સાથ, બીજો વૈભવ નવ ઝાલે હાથ;
ચાલે એકા એકી તે પંથ, રામ સિવાય ન વાંચે ગ્રંથ.
વસે માળવ દેશમાં ઘણા, સત્ય ધર્મની કાંઈ નવમણા;
વદે શ્રીજલાલ તે સત્ય વાણી, લેજો સંતના લક્ષણ જાણી.

(પ્રણામી પંથનાં લક્ષણ. (પોરબંદરમાં છે.)

પ્રણામીમાં એવો છે ચાલ, મળે સંત તેને કરે ન્યાલ,
આવ્યા પુરૂષને આદર આપે, અંન વસ્ત્રની પીડાને કાપે.
મળે અન્યો અન્ય પોતાના જ્યારે, નમે પ્રણામ કહીને ત્યારે;
કંઠી બાંધે છે ગુરૂની પોતે, ગાદી પુજન કરતા તો તે.
પુજે આચારી પોતાના જેહ, આપે દસુંદ ઘરની તેહ
અસુભ લક્ષણ એકે નવ કરે, જીવ દયા અંતરમાં ધરે.
અભક્ષ ભક્ષ કદી નવ ખાય, અવળે માર્ગ કદી નવ જાય;
સુભ લક્ષણ સર્વ છે એમાં, જ્ઞાન વિના ન માને જેમાં.

નંદ્યા કરે તેને નવ બોલાવે, એતો પ્રણામી પોતે કહાવે;
બીજલાલ એમાં દોશ ન જાણે, અખંડ અભયપદ આપે માણે.

(કંથર પંથીના લક્ષણ.)

કંથા ગોદડી રાખે છે પાસ, નવ રાખે તે કોઇની આશ;
વનવસ ઘણો છે વહાલો, નવ ગમે તે સંસાર ઠાલો.
અના શુરતી લે છે અંન્ન, નથી વહાલુ તંનને ધન;
માયા ત્યાગી કમંડળ ધારી, આશા ત્રષ્ણાને તજયા છે નારી.
મુખે કંથર કંથર કહે છે, સદા મન મગ્નમાં રહે છે;
આશ્રમ બાંધવાની છે મના, દોષ દેખવા નહિ કોઇના.
નથી પારકી નિંદ્યાની વાત્ત, જાણે ગુરૂ પુર્ણ શાક્ષાત;
આવે તેને પોતાનો જાણે, ગણે પોતાથી અદકો તે ટાણે.
આપે ભક્ષ ભોજન રૂડી રીતે, પાળે પોતે તેને પુર્ણ પ્રીતે;
નથી વહાલુ તે દેહ કે દામ, એવુ કંથર પંથીનુ છે કામ.
વદે બીજલાલ વાણી સત્ય, જાણે સાધન સર્વની ગત્ય;

(હર દાશી સાધુનાં લક્ષણ.)

હર દાશીને હરિ છે હજુર, પ્રાણી માત્રમાં પ્રભુનુ છે નુર;
હરિ એ વાત જાણે ખરી, બીજી વાતો મુકી છે પરી.
ધર્મ પોતાનો મનમાં ધરી, તેનો બેઠા આસન દ્રઢ કરી;
કોટી યોગ યજ્ઞ ને કાશી, માયા સર્વ હરિની છે દાશી.
જળ સ્થળમાં પ્રભુનો છે વાસ, એમ જાણે છે હરિના દાસ;
કર્તા હરિ વિના અન્ય ન કોઇ, સદા શ્રીહરિ કરે તે હોઇ.
સર્વ માયાના અધિપતી જેહ, કામ ક્રોધનો કરતા તે છેહ;
આઠે પહોર ઊચ્ચારજ કરતા, હરિ હરિજન આડે ફરતા.
પર નિંદ્યાને પરધન નારી, તેની આશા અંતર નવ ધારી;
આઠ પહોર હરિમાં ઉદાશ, કહે જ્ઞાની તે સાચા હરિદાસ.
ખોટાં લક્ષણ કશાં નહિ કરતા, પાપ કર્મ થકી બહુ ડરતા;
કહે બીજલાલ વાત વિચારી, હરિ ભક્તિ લાગે બહુ પ્યારી.

(શ્રી ગોસ્વામી ધર્મનાં લક્ષણ.)

વદુ વલ્લભકુળ જે પવિત્ર, ગાયુ કૃષ્ણ કથાનાં ચરિત્ર;
જેના ઈષ્ટશ્રી નાથજી આપે, તેતો કોટી જન્મ પાપ કાપે.
જેમાં ચોરાશી વૈષ્ણવ થયા, તે સ્વદેહે વૈકુંઠ ગયા;
એતો કૃષ્ણ તણા છે ઉપાશી; વાત જગત બધામાં પ્રકાશી.
તેનો ગોકુળમાં છે નીવાસ, પ્રાણી માત્રની પુરતા આશ;
વલ્લભ દેવના સાત છે લાલ, તેને પુજી થયા કઈક ન્યાલ.
તેતો ગોકુળીયા ગુસાંઈ, જ્ઞાન આપે છે સર્વને ભાઈ;
સમા સમાનાં દર્શન કરાવે, એમ ઠાકોરને લાડ લડાવે.
એ છે કનોજીયા વિપ્રની જાત, પ્રસિદ્ધ પવિત્ર એ છે વાત;
ઉત્તમ કુળના આચારી ભારી, પરણી પ્રેમદા રાખવી નારી.
અવર સ્ત્રી સામુ નવ જોવુ, બીજ બારણે કદી નવ ખોવુ;
એ છે આચારીનો આદ્ય ધર્મ, સોધી કાઢયા છે શાસ્ત્રના મર્મ.
નારી વિના ન સચવાય યોગ, પરણી પત્નિથી કરવો ભોગ;
ધર્મ મર્યાદા પાળવી સાર, આચાર વિચારનો નવ પાર.
રાધા કૃષ્ણ વિના નથી ટેક, કરતા કૃષ્ણ જગતના એક;
પ્રેમ ભક્તિમાં રહેતા તે રાજી, એતો શેવા કરે ઘણી તાજી.
ધરે થાળને લાડ લડાવે, ઘણા વૈષ્ણવ દર્શને આવે;
કરે શેવાને બહુ સન્માન, આપે અન્નનુ સર્વને દાન.
કોઈને ઉચ્છિષ્ટ અંન્ન ન દેવુ, સર્વ ધર્મ પાળો એમ કહેવું;
ગીતા ભાગવતના છે ભોગી, સત્ય વસ્તુના તેજ સંયોગી.
કૃષ્ણ લીલાનાં કરે વખાણ, ગોકુળ મથુરાં વંદ્રાવન જાણ;
કર્યા કૃષ્ને ચરિત્ર અપાર, તેની લીલા કરે વિસ્તાર.
નિત્ય નવા નવા ભોગ લગાવે, ભેટ વૈષ્ણવ જન સૌ લાવે;
એવી ગુસાંઈજીની છે રીત, લે છે સ્મર્પણ ધરીને પ્રિત.
સેવા સ્મર્ણ અહો નીશ થાય, સમા સમાનાં ગીત ગવાય;
કોટી પતીત પાવન થયા છે, કઇ સ્વદેહે વૈકુંઠ ગયા છે.
એ છે અતીશય ધર્મ પુનીતઃ ભક્તી વિના ન રાખવુ ચીત;
એના મહિમાનો નહિ પાર, આતો સંક્ષેપે કહુછુ સાર.

શીવ બ્રહ્માને આદ્ય ગણેશ, નારદ સાર ન જાણે લેશ;
કૃષ્ણ ચરિત્ર જે કોઈ ગાશે, સદા વૈકુંઠ પુરીયે જાશે.
વદે બીજલાલ ધર્મનો ભેદ, મુજ પીતાનુ નામ ઊમેદ;
મારો નૈષધ પુરમાં વાસ, સર્વે સંત જનોનો હું દાસ.

(સ્વામીનારાયણ ધર્મનાં લક્ષણ.)

સ્વામી નારાયણ સહજાનંદ, છે નિષ્કામી આનંદ કંદ;
ઊત્તર હિંદ અયોધ્યા પાસ, ગામ છપૈયા મધે નીવાસ.
ધર્મ પિતાને ભક્તિ છે માતા, બ્રાહ્મણ સરવરીયા કહેવાતા;
તજ્યાં અવિદ્યા માયાનાં અંગ, લાગ્યો સત્ય પુરૂષનો રંગ.
જ્યાંથી ઊપવિત લીધુ ધરી, થયા બ્રહ્મચર્ય અધીકારી;
આવ્યા ગુર્જર દેશ મોઝાર, શાધુ મારવા લાગ્યા તે વાર.
મળી ખાખી અને અવધુત, કહે પાખંડી આવ્યો કોઇ ભૂત;
કહે જાદુગર જાદુ કરે છે, સર્વ પ્રાણીનાં ચીત્ત હરે છે.
ગયા કાઠિયાવાડની માંહી, કાઠી શેવક કીધા ત્યાંહી;
પછી આવ્યા અમદાવાદ જ્યારે, તંબુ તાણ્યા કાકરીયે ત્યારે.
બ્રહ્મ યજ્ઞ કર્યો ત્યાં તો સાર, ત્યારે સર્વને થયો વિચાર;
આતો સત્ય બતાવે છે ધર્મ, નિષ્કામીનુ કરે છે કર્મ.
શાધુ સન્યાશી બહુ બ્રહ્મચારી, તેને નવ જોવી નજરે નારી;
શેવક સુધાર્યા પોતે તો ઘણા, કરી શીક્ષાપત્રી નહી મણા.
પછી ભગવત ગીતા પુરાણ, કરે સર્વ તે તેનાં વખાણ;
ગાદી ગઢડે ને વડતાલ સ્થાપી, અમદાવાદ પણ છે અદ્યાપી.
કાયદેસર કરે ધર્મકાજ, રાજા સમ ચલવે છે રાજ;
ગામે ગામ તે મંદીર કીધાં, સર્વે શેવકને સુખ દીધાં.
બોધ આપવા ગામે ગામ, શાધુ પાસે કરાવે છે કામ;
સર્વ જ્ઞાતીના કંઠી બંધાવે, ગુરૂ સ્વામીનારાયણ કહાવે.
તેની ભક્તિનો એવો ઊદ્દેશ, કોઇથી દગો કરે નહી લેશ;
અઢારમા સૈકાના અંતમાં આવ્યા, ધર્મ સ્વામીનારાયણે ચલાવ્યા.
દારૂ માટી વ્યસનની વાત, તજી દીધી છે તે સાક્ષાત;

કોઇ દેવની નિંદ્યા ન કરવી, પરણી પ્રીયાને નવ પરહરવી.
કરે નારીની ચારી જો શાધુ, દુર કરી દે મંડળ બાધુ;
નારી નામનો જ્યાં છે વિરોધ, એવો સ્વામીનારાયણ બોધ.
દુધ પાણીને વાપરે ગળી, તેવી રીતે વર્તે સા મળી;
કદી કરેન અભક્ષાભક્ષ, સત સંગીનો સાચો એ લક્ષ.
જ્યારે અવિદ્યા અંતરની ગળી, સત સંગમાં ગયો તે ભળી;
ત્રિયા સધ્વા વિધવા જેહ, તેના જુદા જુદા ધર્મ કેહ.
શાધુ સતસંગી બ્રહ્મચારી, તેની રહેણી કરી ન્યારી ન્યારી;
એવા સર્વને સુધારી કરી, શેવા નર નારાયણની ધરી.
જપે સહજાનંદનો જાપ, કાપે કોટી જન્મનાં પાપ;
મહાવિર ગજાનંન સ્વાંમી, શીવ સ્થાપન કરે અકામી.
લક્ષ્મી નારાયણ આદી સૌ દેવ, તેની નિત્ય પ્રતી કરતા શેવ;
રાધા કૃષ્ણની મુર્તિ પુજે; સ્વામી સહજાનંદને ભુજે.
સર્વને શેવા પુજાનો અધિકાર, આપો મુર્તિયો છાપાંની સાર;
એક પગે ઊભા રહી કોઇ, વળી આદિત્ય સામુ જોઇ.
માળા ફેરવે રાતને દીન, ધુપ દીપ નૈવેદ આધિન;
વ્રત એકાદશીનુ તે કરતા, બીજાં અનેક વૃત આચરતા.
સમૈયા સાચવે સર્વે જંન, આવે રામ નવમીનો જે દીન;
જન્મા અષ્ટમિ આવે જે વારે, કરે જાગ્રણ ઓચ્છવ ત્યારે.
કળીમાં કોટી જન ઊદ્ધાર્યા, ત્રણ કોડ કચ્છા નામે તાર્યા;
કળીમાં નારાયણ પારાયણ કીધુ, સહેજાનંદનુ શરણુ લીધુ.
પછી પોતે વિચારી છે વાત, નહિ રહે તે ધર્મની જાત;
ધણી વિના નીધણીયાં જેહ, વર્ણશંકર નીપજે તેહ.
આચારી વિના શેનો આચાર જેવુ વાંઢાનુ ઘર બાર;
પછી તેડાવ્યા પોતાના ભ્રાત, તેમને વિવેકે કરી છે વાત.
મારા શાધુ સંન્યાશી અભંગી, તેને જાણજો સૌ સતસંગી;
સ્થાપ્યા આચારી બંને ભ્રાત, તેને સોંપી છે સર્વે વાત.
એવુ વિચારી કીધુ છે કામ, બેને વહેંચી આપ્યાં છે ધામ;
કદી કલેશ તહાં નવ થાય, પોતે પોતાનુ વહેંચેલુ ખાય.

રૂડાં ગામે ગામ મંદીર કરતા, ત્યાં સહેજાનંદની મુર્તિ ધરતા;
આપી બોધ ને જ્ઞાન બતાવે, સર્વ મળી સમૈયે આવે.
દેશ દેશના જે હરિ ભકત, વશ એમ કીધુ છે જગત;
આપે તેનુ લે છે સર્વ દાન, તન મન ધનને વળી ધામ.
ધર્મ ભ્રષ્ટ નથી તેતો કરતા, સત્ય સ્વામી નારાયણ વર્ત્યા;
નારી કાષ્ટતણી નવ જોવી, મતી ભ્રષ્ટ કરે મન પ્રોવી.
પુત્રી ભગિન માતા કે નારી, તેના સામુ ન જોવુ નીહારી;
શાધુએ ઊચિષ્ટ વચન નવ ભણવુ, નારી ગીત કદી નવ સુણવુ.
પંચ વર્ષની પુત્રી ન પરસે, અપવાસ કર્યે કામ સરશે;
સત સંગીનો એ છે આચાર, તેનો ધર્મ પામ્યો વિસ્તાર.
વદે બ્રીજલાલ જ્ઞાતે વ્યાસ, મારો નૈષધ પુરમાં વાસ;
અમદાવાદની પાસે છે ગામ, ઠાકોર મંદીર પાસે મુકામ.
મુજ મતી અનુસાર મેં ગાયું, ઊર્મી મહારી માજે બની આવ્યું;
હોય દોષ તો માગુ છુ માફ, મુજને રોષ નહિ દીલસાફ.

(હરિદાસનાં લક્ષણ.)

દાસ જે લે સર્વથી હીન, હરિને નામે સદા આધીન;
દાસપણામાં રહે સમાઇ, ખોટી બુદ્ધિ કદી ન થાઇ.
રાગ દ્વેષ અંતરમાં સમાવે, લોભ ચોરી મનમાં ન લાવે;
સંતોષ શેવામાં માને સુખ, બ્રીજલાલ ત્યાં ન આવે દુઃખ.

(જ્ઞાનીનાં લક્ષણ વિષે ચોપાઈ.)

ક્રોધ નિંદાને ઇંદ્રીના જીત, ક્ષમા દયા શાંન્તીમાં ચીત;
તત્વજ્ઞાની જગ્ત હીતકારી, લોભ વાસના મનથી વારી.
નવ રાખે ભયશોક લગાર, પોતાનુ મતુ સદા ઊદાર,
સાચા જ્ઞાની તે ગુરૂ ગમ જાણે, કર્મ ભ્રમ ત્યાગે તે ટાણે.
આત્મ વિચારનો જાણે સાર, હરિ તત્વ સોધે વારોવાર;
તત્વ જ્ઞાન જેણે કાઢયુ સોધી, પ્રાણી માત્રને નાખે બોધી.
અંતરગત નીરંતર રહે; અલખ આશરો એકોગીશ કહે;

તત્વ દરશી કોડમાં કોઈ, ભેખ લીધે શુ સીદ્ધી હોઈ.
મતામતીમાં જાણે જંજાળ, મત કરે તેને ખાય કાળ;
નવ મુકયો મનનો અહંકાર, તે કેમ કરી ઊતરે ભવપાર.
પોતે પોતાનુ સમજી લેવુ, જીવદશા પદ છોડી દેવુ;
આપુ મુકી ભજયા નહિ રામ, તેથી નસર્યું એકે કામ.
જે પુરૂષ જયારે આપુ મેટયા, ભાગી ભ્રાંન્તી બ્રહ્મવર ભેટયા;
ગુરૂ જ્ઞાની મળી કર્યો વિચાર, કહે વીજલાલ સકળનો સાર.

(મુસલમાની ધર્મ ચલાવનાર ચાર યારનાં નામ.)

હજરત અબાબકર છે યાર, દીલ દુરસ્ત ઓરનેકી સાર;
હજરત ઊસમાન ખુદાના વલ્લી, હજરત ત્રીજા જાણો અલ્લી.
હજરત ઊમર કહે બેડા પાર, ચાર યાર મહા દીલદાર;
તેમને કીતાબો મળી બખશીસ, ધર્મ ચલાવ્યો રોજા ત્રીશ.
વીજલાલ કહે તે મોટા સુખી, તેને સમરે સો થાય સુખી;

(મુસલમાનના ચાર ફીરસ્તા કહે છે તે.)

જબરાઈલ જોરાવર છે જમ, જેના બળની ન પડે ગમ;
મેકાઇલ મહા મસ્તાન, ગર્દન મારે સબ હેવાન.
ઈજરાઈલ મહાજુલમી યોદ્ધ, તેને નવ લાગે કોઇનો બોધ;
ઈસરાફીલ ફરેજમી અસમાન, દેરજક રોટી લે રૂઆંતાંન.
તેતો દોજકના દરવાન કહીયે, તે નર્કે લઈ જાય સઇયે;
દોજક નામ છે નર્કજ તણુ, ભીસ્તનામ સ્વર્ગનુ તો ભણુ.
કેહે વીજલાલ એ ચાર છે યંમ, આવે કાફરનો લેવા દંમ;

(ફકીરના લક્ષણ વિષે છપ્પો.)

ફરતા ફેરે ફકીર, ફીકરની ફાકી કરતા;
હરદમ પઢે નીવાજ, બંદગી બહુ વીસ્તરતા.
સદક સબુરી સાફ, પાંચે કલમાતો પઢતા;
એક અલ્લાકા ધ્યાન, આકીન આપકા બઢતા.

માફ માગે ગુન્હેગાર હું, સૈયાં કરજો મુજવાર;
વીજલાલ વાણી વદે, સો ફકીર બેડા પાર.

(જંદા પીરની બંદગી ચોપાઈ.)

જાણે જીંદગી તે છે જંદા, કહીયે એજ સાહેબને બંદા;
દમદાર અલ્લાકાહે નુર, દગા દુર્બુદ્ધી કરના દુર.
ધીરજ કુદકાલેના હાથ, પઢે કલમાને તસબીસાથ;
દોજક છોડ ભીસ્તકુ જાવે, મુખે પેંદા કરંદાકુ ગાવે.
એતો મતા મતી નત્ર જાને, એક અલ્લાકુ આપજ માને;
કહે ખુદા તુમ કીજીએ વહાર, પરવર દીગર તુમ હો યાર.
એક ઇમાન મેરા રખો સ્થીર, કહે વીજતે જંદા પીર;

(શેખના ધર્મ વિષે ચોપાઈ.)

સાચા શેખ સબુરીમાં રહે, આપ હરદમ અલ્લાકુ ચહે;
આલમ સારીમાં ખુદા વિચારે, દુજા હોકર કાહુન મારે.
મક્કા મદિના ઘટમેં દેખે, જમી અસમાન અલ્લાકુ પેખે;
વીજલાલ ઊનકા મતા અલેખ, તબ જાનીયે ઊનકુ શેખ.

(સૈયદના ધર્મ ચોપાઈ.)

સૈયદ સોજો સબ ઘટ ધ્યાના, કામ ક્રોધ કાડરે નમાના;
માન છોડ કાયાકુ તો દહે, મંન્છા માર મગન હોઇ રહે.
અલ્લા અલ્લા એક પુકારે, ખુદા આપ ચડો મેરી વહારે;
જ્ઞાન ગલીમાં રહે ગહીંદા, વીજલાલ તે સત્ય સહીંદા.

મુલ્લાજીનો ધર્મ છે.

મુલ્લાં સોજો મનકી જાને, બાહેર જાની ઘટ ભીતર આને;
ભીતર રહે એક પીર મુરંદા, તાકે ઘટમાં એક સહીંદા.
આપા પરખો જેકો કીલ્લા, હરદમ યાદ કરે બિસમીલ્લા;
બાંગ પુકાર કહે હક દુલ્લા, વીજલાલ કહે સો સચ્ચા મુલ્લા.

(કાજીના ધર્મ વિષે ચોપાઇ.)

કાજી સોજો કુરાન બખાને, એક અલ્લા બીન ઔરન જાને;
આયાકુ પોખે કોકીલ્લા, ઘટમે જોર રહે બીસમીલ્લા.
ભજે અલ્લાકુ ત્યાગે બાજી, કલા મુલા કલમાપર રાજી;
બીના કજાકા કેસા કાજી, કજા નહિ તો જાનો પાજી.
દીલ દુરસ્ત ઓર હીકમત તાજી, બીજલાલ કહે ઓસચાકાજી;
હરદમ ખુદાકે રહે હજુરી, સોકાજી સચ્ચા ભરપુરી.

(મુસલમાનના ધર્મ વિષે ચોપાઈ.)

હક ચલેસો મુસલમાના, બેહક્કી સબ ત્યાગે આના;
હક ચલે તબ ખુદા હજુર, સાહેબ જાને સબમેં પુર.
ખુદા વિના દેખે નહિ આના, સબી ઠેકાને સાહેબ જાના;
મુસલમાન મસાવે આગ, સદક સબુરી કલમા પાક.
ખડી ન છેડે પડી ન ખાય, સચ્ચાસો મુસલમાન કહેવાય;
દોજક છોડ ભીસ્તકુ જાવે. હરદમ યાદ ખુદાકુ લાવે.
બીના નુર ન દેખે અસતાના, સબકે અંદર અલ્લા પીછાના;
અલ્લા અલ્લા એક મન જાના, બીજલાલસો હકમુસલમાના.

(સર્વને પોત પોતાના ધર્મની ઉપાસનાની ટેક વીષે રેનીતો.)

કોઈ અલ્લા ભજે કોઈઅલખ ભજે, કોઈ ઈશુઈશ્વિરઆરાધતા હે;
કોઈ રામ ભજે રહેમાન ભજે, કોઈ યોગકી યુક્તિ સાધતા હે.
કોઈ બ્રહ્મ ભજે કોઈ ધર્મ સજે, કોઈ સહેજ શક્તિકુ શેવતા હે;
કોઈ ઝહાડ પુજે કોઈ પહાડ પુજે, કહે એહી માંમેરા દેવતા હે.
કોઈ ગંગ પુજે કોઇ લીંગ પુજે, કોઈ ગણેશ સુરજકુ માનતાહે;
કોઈ આગ શેવે કોઇ પ્રાગ શેવે; કોઈ હનુમાન ભૈરવકુ જાપતાહે.
કોઈ વીર શેવે કોઈ પીર શેવે, કોઈ મીન મઘરકુ પુજતા હે;
કોઈ વાઘ વારાહકુ દેવ કહે, આપ આપકે મનમે બુજતા હે.
કોઈ નીર્ગુણી કોઈ શીર્ગુણી, કોઈ સરભંગી સંત કહાવતે હે;
કોઈ સતસંગી, કોઈ બહુરંગી, કોઈ દત્ત દીગંબરઆવતે હે.

કોઇ જીવ ભુજે કોઈ શીવ પુજે, કોઈ નામની રંજ લેખતાહે;
કોઈ આદેશ્વર આઠ પહોર જપે, કોઈ સોહંગકુસત પેખતાહે.
કોઈ ભુત પુજે તાબુત પુજે, કોઈ જયોતિશ્વરૂપકુ ધારતા હે;
વીજલાલ કહે જાકુ પ્રેમ ભયો, સતસાહેબ ઉનકુ તારતા હે.

(वेदनो श्लोक.)

कोदेवोयोमनोशाक्षी, मनोभेद्रस्यतेमयाः
तर्हिदेवईदंशाक्षी, वेदांन्तर्डींमुर्डींमुवदेः

અર્થ: દેવ કયાં છે જે ઠેકાણે મનને નિશ્ચય થયુ ત્યાં દેવ છે ને મનને વિશ્વાસ આવે ત્યાં વિશ્વંભર વસે છે વિશ્વાસ વિના પ્રભુ મળતા નથી માટે સર્વે ધર્મ સત્ય છે. પરમાત્મા સર્વે ઠેકાણે વ્યાપ્તમાન છે. તેમ ગીતા વીગેરે શાસ્ત્રોમાં અર્જુનપ્રત્યે શ્રી કૃષ્ણ પરમાત્માએ કહેલું છે જે જે દેવની ઉપાસના જે મનુષ્ય કરે છે તેને તે દેવરૂપે તેના મનની ભાવના પરમાત્મા કહે છે જે હુ પુરી કરૂ છું માટે હે પરમ ભક્તો તમો સંતોષ રાખી મારા શરણનો આશરો રાખશો તો હુ સદા સર્વદા તમારી પાસેજ છું હું સર્વનો સાક્ષી સર્વેશ્વર સર્વા અંતરયામી સચ્ચિદાનંદ પ્રભુ હું અનેક રૂપ ધારણ કરી મારા પરમ ભકતનાં કાર્ય કરવાનો મારો ધર્મ છે ને હું સર્વ ધર્મનો અધીષ્ટા છુ માટે ગમે તેવે રૂપે મને ભજશે તો ત્યાં હું તેને સાહ્યતા કરીશ ગમે તે રસ્તે જાય પણ મન મધે મહારા શ્વરૂપનુ ભાન રાખી મને ભજે તો સર્વે મહારી ગતીને પામશે માટે નીશ્ચય રાખી ભજન કરો જેમ ગરણામાં દીપક એક છે તે શ્વરૂપે હું એક છુ ને છીદ્ર અનેક છે તે શ્વરૂપે સર્વ ધર્મ સમજવા તેમ પરમાત્મા એકછે ને ધર્મ અનેક છે પણ સર્વ કોઇ મોક્ષની ઈચ્છા વાસ્તે મને ભજે છે તેને મોક્ષ આપુ છુ જે જે ભાવંનાથી મને ભજે તેને તેવાં ફળ મારે આપવાં પડે છે માટે સર્વ ધર્મ એક છે

કોઈ ધર્મની નિંદા ન કરવી ને પોતાનો ટેક ન મુકવો એજ કર્તાની વિનંતી છે કંઈ ભુલ ચુક હોય તો સુધારી લેજો ને માફ કરજો કર્તા વ્યાસ વીજલાલ ઊમેદરામ મુકામ નરોડા નીવાશી.

(श्री विज्ञान नौकानो श्लोक)

तपो यज्ञदानादिभीःशुद्धबुद्धिःविंशक्तोनृपादौपदेतुच्छ बुद्धः
परीतज्य सर्वं यदाप्नोतीतत्वंः परम्ब्रह्म नित्यंतदेवाहमस्मी ॥

અર્થ: તપ યજ્ઞ દાન કરવેથી મનુષ્ય શુદ્ધ થાય છે પણ તે રાજ્યાદીકના સુખને તુચ્છ ગણી ને સર્વનો અભાવ કરે ને સર્વને તજે છે તે પરમાત્માના શ્વરૂપને પામે છે તેજ હું નિઃપ્રપંચી આત્મા છુ, દયાળુ બ્રહ્મનીષ્ટીક ગુરૂની અહોનીશ શેવના કરી તે શ્વરૂપનો વિચાર કરીને નીદીધ્યાસ કરે છે તે વિદ્વાન બ્રહ્મને પામે છે તેજ નીત્ય શુદ્ધ પરીબ્રહ્મ નકકી છે એવુ વેદ કહે છે તે સત્ય છે આનંદરૂપ છે પ્રકાશનુ શ્વરૂપ છે તે પ્રપંચ વિનાના છે. અછેદ અખંડ અજરને અમર છે તેની એક વૃતીથી ગમ્ય છે તેજ તુર્યા છે તેનુ કારણ એજ પરીબ્રહ્મ છે હુંજ છુ એજ બ્રહ્મ શ્વરૂપનુ ભાન થાય છે તેથી સર્વ વસ્તુ અસત્ય ગણી બ્રહ્મ સત્ય છે એવુ સમજવુ જે મન વાણીથી પરે છે તેજ શુદ્ધ તેજ પરિબ્રહ્મ છે એમ વેદ કહે છે આત્માને ગીતામાં કહ્યા પ્રમાણે તેનો નાશ નથી તે ઠેકાણે

श्लोक.

नैनंछिद्रंतीशस्त्राणी. नैनंदहतीपावकः
नंचैनं क्लेध्यंत्यापो, नसोषयति मारुत ॥ १ ॥

અર્થ આત્માને શસ્ત્ર છેદતુ નથી અગ્નિ બાળતો નથી તેમ પાણી કહોવરાવતુ નથી અને વાયુ સુકવતો નથી એવા પરમાત્માને રાત દીવસ હરેક પ્રકારે શ્રદ્ધા રાખીને

ભાવથી એકાગ્રહઃ ચીતથી અહોનીશ ભજશો તો સંસાર સમુદ્ર તરી પાર પામશો એવું શાસ્ત્ર વચન છે.

(સર્વ ધર્મ વિષે છપ્પો.)

આ પા પંથી છે અપાર, ખીજડાપંથી છે ખાંતે;
મારગી રામાનંદ ગોરખ, દત દીગંબર જાતે.
રામ સ્નેહિ પ્રણામી, કંથર હરદાશી લહીયે;
વિપ્ર કનોજીઆ વર્ણ, પવિત્ર વલ્લભ કુળ કહીયે.
સરવરીયા જે વિપ્ર, સ્વામી નારાયણ સાચા;
બંને વૈષ્ણવ ધર્મ, વદે બીજલાલજ વાચા.

(ત્રણ ધર્મની એકતા છપ્પો.)

વીશ ચાર અવતાર, પ્રથમ વિશ્નુના કહાવે;
તીર્થંકર ચોવીશ, જૈનમાં મુખ્ય ગણાવે.
પેગંબર પ્રમાણ, યવન જન એમ ભણી જે;
ચોવીશ તરી બોહોતેર, ગણીતમાં એમ ગણી જે.
એમ ગણતાં પાર આવે નહિ, એક બ્રહ્મ સત્તા સહી;
બાકી કારણ કલ્પના, બીજલાલે વાણી કહી. ૧
મક્કે મદિને જાઓ, ફરો કે દ્વાર કે કાશી;
સમર શિખર ગીરનાર, ધારણા મન ત્યાં ધાશી.
વળી ઊભા સુતાને બેઠા, દેવતો ત્રણે એક છે;
તેને તો ન મળે કંઈ, ભોગ લેનારો લે છે.
કહે બીજલાલ જડ પુજા કરે, પાર ન આવે કર્મનો;
સાચા સદ્દગુરૂ શેવતાં, તે ભેદ બતાવે બ્રહ્મનો. ૨
જે બ્રાહ્મણ બ્રહ્મ બતાવે, તે તો છે બ્રાહ્મણ પુરો;
જતી વખત વિચાર કરે, તે જતી જન સુરો.
ફીકર ગમાવે ફેલ, તેને તો ફકીરજ કહીયે;
આકીન બડા હે દેવ, આખર એક બ્રહ્મજ લહીયે.
બ્રહ્મ સ્વતંત્ર છે સદા, વ્યાપિક એક પ્રમાણીયે;

બ્રીજલાલ વાણી એમ વદે, એક બ્રહ્મ સત્ય જાણીયે. ૩
સકળ સરિતા ભીન્ન, એક્ક શિંધુમાં સમાઈ;
ધર્મ અનેક એક ધાર, અવ્યકત બ્રહ્મ સત્ય ભાઈ.
વણુ સમજયા જે વાદ કરે, તે સર્વે જન છે જુઠા;
અંધ હાથીનો ભેદ, સાંભળતા સર્વે ઉઠયા.
સ્વર્ગ ઇચ્છા સૌ કો કરે, નહિ વિવેક વિચાર એક સારખો
બ્રીજલાલ જ્ઞાની ઝવેરી વીણ, કોઇયે બ્રહ્મ હીરો નવ પારખ્યો; ૪

(સર્વ ધર્મનાં લક્ષણ લે ત્યારે ધર્મ પુરો ગણાય દો ૧.)

દાદુ પંથીને દેખતાં, બ્રહ્મ જ્ઞાનની ભાસ્ય;
કહેણી જે કબીરની, નીર્ગુંણ બ્રહ્મ પ્રકાસ્ય.
સ્વામીનારાયણ સદા, વળી વૈશ્નવ ધર્મ વિખ્યાત;
કંથા કુબેર કાનફૂટા, ઘણી બીજ ધર્મની વાત.
મતા મતીના મત બહુ, પારન પામે કોય;
નથી નિંદ્યા મેતો કરી, સમજુ સમજો સોય.
એવા ધર્મ અનેક છે, ન આવે ગણતાં પાર;
અશલ મુકી નક્કલ કરે, ખરૂ નવ જડે ચાર.
અંધારે કુટે સદા, પણ તેથી ન કારજ હોય;
મહારો મત તેતો ખરો, એવુ સમજે સૌ કોય.
વિચારી વાણી વદો, સમજો સર્વનો સાર;
ગુરૂ ગમ વાળો એમ વદે, છે એક બ્રહ્મ નીરધાર.
અણુસમજુ સમજે સદા, કરે અક્કલથી માપ;
સવાશેર અકકલ મુજકને. પામ્યો છુ હું આપ.
મહારૂ સમજવુ સત્ય છે, વ્યર્થ બીજાની વાણ;
સઘળી વિદ્યા મુજ કને, હું વિદ્યાનો જાણ.
બ્રીજલાલ વાણી વદે, બહુ સર્વ ધર્મનો સાર;
જેને જેવા ગુરૂ મળ્યા, તે મત ઉરમાં ધાર.

(છ ધર્મનાં અંગ ભેગાં થાય ત્યારે એક ધર્મ થાય છે ચોપાઇ.)

છ ધર્મનો જાણે જે મર્મ, સત્ય કહીયે તેણે જાણ્યો ધર્મ;
દયા જૈન ધર્મની તો રાખે, ઈમાન મુસલમાનનુ દાખે.
પાળે વૈશ્નવ તણો આચાર, તેવો અહોનીશ હોય વિચાર;
દાદુ પંથી સમુ દીલસાફ, સત્ય નામથી ગુન્હા છે માફ.
કબીર પંથની વાણી છે જીણી, તેમાં સરસ લેવી વિણી વિણી;
બ્રહ્મ જ્ઞાનનો એવો છે મત, જગત મિથ્યાને બ્રહ્મ છે સત.
સર્વે એક સ્વરૂપજે જાણે, તેતો અખંડ અભયપદ માણે;
જકત એક રૂપ અવીનાશી, કોટી બ્રહ્માડના છે તે વાશી.
તેને જાણવા ઈછા જો રાખો, કદી જુઠ વચન નવ ભાખો;
સર્વને મોક્ષની ઈછા છે ભારી, મિથ્યા મત બેઠા ઊરધારી.
નથી કહેતો હું છોડજ્યો ધર્મ, ન કરો અનિતી અવળાં કર્મ;
તેથી ઊલટા ભ્રષ્ટજ થૈએ, નાસ્તીક જ્ઞાન વસે જયારે હૈએ.
વર્ણાશ્રમ તજી જે જાય, નીશ્ચે વર્ણ શંકર તે થાય;
એવુ ગીતામાં કહ્યુ શ્રીહરિ, એ વાત લેજો અંતરમાં ધરી.
વણ સમજે કરે ખેંચાતાણ, ઘુવડસભામા જેવો ભાણ;
તાણે પોતે પોતાની મત્ય, જેવી ગુગા ગોળીની ગત્ય.
જેમ ઊંદર હાથ આવ્યુ આદુ: થયો ગાંધી કહે ગુરૂદાદુ;
પાંચ પચાસ ભણીયા શ્લોક, કહાવે પંડીત જક્તમાં ફોક.
કંઈ તત્વનુ સત્વ ન જાણે, બેઠા પોતાનો મત તાણે;
કરે ડાહ્યા થઇને સૌ વાત, જ્ઞાન માર્ગ કહુ સુણો ભ્રાત.
નીર્મળ થૈને વદે છે વાણી, સર્વ વસ્તુ લેવી છે તાણી;
છે સ્વાર્થ સુધી તો પ્રીત, એ છે જગત ધુત્યાની રીત.
શાણા થઇને સમજણ દે છે, તેના અંતરમાં ઝેર વહે છે;
જેવી મસાલચીની રીત, એવો ઊપદેશ કરે છે નીત.
જયારે મળે ગુરૂ બ્રહ્મ વેતા, ચૈતેન બ્રહ્મનુ જ્ઞાનજ દેતા;
નથી પુર્ણ બ્રહ્મને પાપ, નથી તેમને માયને બાપ.
અખંડ ઈશ્વર આપો આપ, તેનુ કોઈથી થાય ન માપ;

વેદ વિદ્યાને તેજો ભણાવે, પંચ ભુતના ભેદ ગણાવે.
ભાસે સત્ય વસ્તુ તેને જ્યારે, અજા મટીને સીંહ થયો ત્યારે;
પર્મ હંસ મળે જ્યારે પુરા, કરે અવિદ્યાના ચુરે ચુરા.
બીજલાલને ઊપજ્યુ ઊર, સત શાસ્ત્ર પ્રમાણે સુર;
એવો ધર્મ સમજશે જેહ, સત્ય સમજ્યો કહીયે તેહ.

(વિક્રમ પશ્નોતર રાગ ઢાળ.)

રાય વિક્રમ બોલ્યા વાણ, તમે સાંભળો પર્મ સુજાણ;
મારા ગુરૂ દેવાધી છો દેવ, પ્રેમે કરૂ તમારી હું શેવ.
ત્રણ દેવથી જાણું અધીક, ટાળો જન્મ મર્ણ તણી બીક;
ઊઠ ક્રોડ તીર્થ તમ ચર્ણે, આવ્યો હું તો તમારે શર્ણે.
મારા ત્રિવિધી તાપની વારો; દાસ જાણીને મુજને તારો;
અગમ નીગમ નીરંતર ગાય, તેને શર્ણે ગયે સુખ થાય.
આપે જણાવ્યા ધર્મ અપાર, કરી સંક્ષેપે સુભ વીસ્તાર;
અંગો અંગમાં આનંદ વાપ્યો, દીન દાસને સુત કરી સ્થાપ્યો.
આપો ઊપદેશ આનંદ કંદ, ટળે લક્ષ ચોરાશીનો ફંદ;
સુર તરૂવર સમ ગુરૂ દેવ, માગુ ચર્ણ તમારાની શેવ.
વદો મહા વાકયનું જ્ઞાન, પ્રગટે અંતર આત્માનુ ભાન;
કાયા કાશી ગંગોદક વાણી, પુર્ણ પાપી તથા કઈક પ્રાણી.
ગુણાતીત નિર્ગુણ નીજરૂપ, શુદ્ધ ચૈતન બ્રહ્મ શ્વરૂપ;
શેષ શારદ અહોનીશ ગાય, ગુરૂ મહિમાનો પાર ન પાય.
ગુરૂ મળતાં ભવ દુઃખ ભાગે, ગુરૂ મળતાં અનુભવ જાગે;
તમો સર્વજ્ઞ છો મુજ સ્વામી, મને પાવન કરો બહુ નામી.
કહો મહારે હવે કેમ કરવું, કોણ ઈષ્ટનું ધ્યાન તે ધરવું;
શેવા સ્મર્ણને નિતી જણાવો, ધર્મ શાસ્ત્રને વેદ ભણાવો.
એવું કહી ઊભા વિક્રમ વીર, જે છે ધર્મ ધોરીંધર ધીર;
કહે બીજલાલ સત્ય વિવેક, ગુરૂ ભક્તિ તણો ઊર ટેક.

(જ્ઞાની ઊવાચ.)

વળતા વાણી વદે ગુરૂ જ્ઞાની, રાય લેજો અંતરમાં માની;
પુછ્યા પ્રશ્ન તે સુભ વિચારી, મનુષ માત્રને છે હીતકારી.

જે કોઇ લેશે હૃદયમાં ધારી, પામે મોક્ષ તે નરને નારી;
પુર્ણ પ્રિતે કહું છું વિસ્તારી, સુણજો દ્રઢતાને ધીરજધારી.
પ્રથમ શાંન્તી સંતોષને શીળ, પ્રાણી માત્રની હરવી પીડ;
દયા ધર્મ પાળો શુભ રીતે, કામ ક્રોધ જીતો ધરી પ્રિતે.
તજો અહંકારને અભિમાન, જે છે નર્કના સાક્ષીની દાન;
વડો ધર્મ અહીંસાનો જેહ, સત શાસ્ત્ર વદે સૌ તેહ.
હું ને મ્હારૂ એ બંધન જાણ, એવું વેદ વદે નીર્વાણ;
મોહ મમતા તજી જેને મંન, તેના જીવતરને છે ધન્ય.
હુંપદ ગળતાં થયો હરિરૂપ એમ જાણજે વિક્રમ ભુપ;
અણ છતી જે આળ પંપાળ, જુઓ સોધી તેમાં નહિ સાર.
વાસના લીંગ ગળી જાય જ્યારે, મટે જન્મ મર્ણ દુઃખ ત્યારે;
એવું સમજશો જેણી વાર, ત્યારે મોક્ષ પામો નીરધાર.
હોય ગુરૂજી ગુણના ભંડાર, પોતે નીસ્કામી નીરાધાર;
એવા ગુરૂજી બતાવે જે સાન, તેથી પ્રગટે અંતરમાં જ્ઞાન.
હું કોણને કયાં થકી આવ્યો, મને અજ્ઞાને અતી ભમાવ્યો;
હું જઇશ હવે કીયે ઠામ, એનુ હૃદયે રાખજો ભાન.
ધન પુત્ર કુટુંબને નારી, જુઓ સગપણ તેનું વિચારી;
તેતો નાશવંત સર્વ કોઇ, નવ રહીશ તું તેને મોહી.
એ છે માયાનો ખેલ અપાર, એમાં પડીયો તુ વારંવાર;
અનેક યોની રખડતાં રાય, જીવ આકુળ વ્યાકુળ થાય.
એવા દુઃખથી જે છુટવા જાય, તેનો અવર કહુ છું ઊપાય:
પરી બ્રહ્મનો મંત્ર આરાધો, અવર સાધના એકે ન સાધો.
પરાપાર વસે પરિબ્રહ્મ, તેનો કહી સંભળાવુ મર્મ;
પામ્યો લક્ષાર્થનું જે ભાન, થયો તત્વદર્શી તે સુજાન.
પુર્વ પુન્યથી પામ્યો નરદેહ, જાય. અમુલ્ય અવસર તેહ;
લેશ લક્ષ ગુરૂનો લે જાણી, ક્ષણું માત્રમાં ચેતે તે પ્રાણી.
જોઇ જન્મ મર્ણનો નાસ, આપો આપ ભજે અવીનાશ;
લાગે સોહંગ શબ્દથી તાળી, વૃતિ કેવળ બ્રહ્મમાં વાળી.
આત્મા આત્માનો હેતુ તેહ, તત્વમંસી વદે વેદ જેહ;

જાણ્યુ સત્ચીદ આનંદરૂપ. તારૂ સ્વરૂપ સમજ્યો તુ ભુપ.
તંપદ તત્ પદ અસીપદ જેહ, પામ્યો અખંડ અરૂપ અછેહ;
હંસો હંસ પરમાત્મા સ્વરૂપ, બ્રહ્માનંદ આનંદનો કુંપ.
જગ્ત મિથ્યાને બ્રહ્મ છે સત્ય, એવી ઊપજે અંતરમાં મત્ય;
એવા આચર્ણે વર્તે જે રાય, તેનાં સર્વ કાર્ય શીદ્ધ થાય.
એવો ધર્મ શાસ્ત્ર સર્વેનો સાર, જેને વર્ણવે વેદજ ચાર;
કહે જ્ઞાની તે કહે બીજરાય, રૂડો સ્મર્ણ તણો મહીમાય.
સ્વાસોશ્વાસ જે સ્મર્ણ કરે, તુર્યા પદમાં તે જઈ ઠરે;
જયાંથી ઊઠે અખંડ રણુંકાર, જ્ઞાન નેત્રે નીર્ખે નીરધાર.
વિના રસનાએ વદે જે વાણ, નાભી કમળમાં તેહ પ્રમાણ;
ગગન મંડળમાં કરે પ્રવેશ, પામે પરમ પુરૂષનો દેશ.
જપે અજપાનો જે જાપ, દર્શે જ્યોતી સ્વરૂપ તે આપ;
ખટ ચક્રનો જાણે જે ભેદ, ટળે આવ્રણ વદે એમ વેદ.
ખીલે અંતઃકર્ણથી આપ, થયો બ્રહ્મ સ્વરૂપ અમાપ;
નીરાલંબ આલંબન નહિ, ગયુ નુરમાં નુરજ વહી.
ધન્ય ધન્ય ગુરૂ જ્ઞાનવંતા, મહારી સર્વ હરી તમે ચીંતા;
મહારી પુરણ થઈ છે આશ, છુટયો લક્ષ ચોરાશીનો પાશ.
સર્વે સીદ્ધ થયાં મમકાજ, કર્યો મુકત તમે મહારાજ.
કહે જ્ઞાની તે કહે બીજ સાર, કરે કરણી તે ઊતરે પાર.

વિક્રમનો બીજો પ્રશ્ન

હે જગ્ત હિતકારી જ્ઞાન દાતા મહાપુરૂષ હું આપને પ્રણામ કરૂ છુ આપ તો સર્વજ્ઞ છો ને હું આપના ચર્ણ કમળનો દાસ છું હું અલ્પજ્ઞ પ્રાણી છુ મેં આપના મુખાર્વીદથી વર્ણન કરેલી સર્વે ધર્મની રહેણી તથા મનુષ્યને શું કર્તવ્ય છે તે સઘળુ શ્રવણ કરી મહારા આનંદનો પાર રહ્યો નથી પણ વળી એક મહારા મનને શંકા રહે છે કે જ્યારે હિંદુ ધર્મમાં આવી રીતે ખરૂ રહસ્ય રહેલુ

છે ને તે જાણુવાથી તથા તે પ્રમાણે વર્તવાથી કેવળ બ્રહ્મ મય થઈ મોક્ષનો સાક્ષાતકાર થાય છે તો હે કૃપાળુ ગુરૂ દેવ તેવીજ રીતે મુસલમાનોના ધર્મ પણ આપે વર્ણવ્યા છે તો તે ધર્મનું ખરૂ રહસ્ય શું ! ને સદ્દગતીને પ્રાપ્ત કરનાર પ્રાણીને ખરૂ કર્તવ્ય શું હશે તે મને કૃપા કરીને કહેશો એવી મહારી વિનંતી છે.

જ્ઞાની ઉવાચ.

હે રાજા વિક્રમ તારાં પ્રશ્ન મને ઘણાં પ્રિય લાગે છે કેમકે તે સર્વજનીક હિતકારી છે, માટે તેનો અથ-ઈતી સવિસ્તાર કહુ તે લક્ષ દેઈ સાંભળ તેં જેવો પ્રશ્ન કર્યો છે તે પ્રશ્નના ઉતરમાં કહું છું કે આગળ સુફી (વેદાંન્ત) ગ્રંથના અભ્યાશી એક વિદ્વાને કહ્યું છે કે આજે પદ હું કહુ છુ તે સુફી મહાત્મા મનસુરનુ કરેલુ છે તે હું તને જેવું છે તેવુજ વર્ણન કરી કહું છું.

પદ ગજલ. ×

તુઝે હૈ શોક મિલનેકા, તો હરદં લો લગાતા જા;
જલાકર ખુદ નુંમાયીકો, ભસમ તન પર લગાતા જા.
પકડ કર ઈશ્કકે ઝાડુ, સફા કર એજરે દિલકો;
ધુઈકી ધુલકો લેકર, મુસલેપર ઉડાતા જા.
મુસલ્લાફાડ તસબેતોડ, કિતાબા ડાલ પાણીમે;
પકડ્ દસ્તમે પરસ્તોકા, ગુલામ ઉનકા કહાતાજા.
નમર્ ભુખા નરખ રોજા, નજા મસ્જિમે સિજદાકાર;
વજૂકા તોડદે કુજા, શરાબો શોક પિતાજા.
નહો મુલ્લા નહો બ્રંમન, દુઈકો છોડ કર પૂજા;
હુકં હૈ શાહ કલંદરકા, અનલ્-હક તૂં કહાતાજા.

× આ ગજલ ચંદ્રકાંન્ત ભાગ ત્રીજામાં છે તે અત્રે દાખલા તરીકે વર્ણન કરેલી છે..

અર્થ.

હે રાજા ! જો તને (તે પરમાત્માને) મળવાનો શોખ (ઇસ્કિ-પ્રેમ) હોય તો હરદમ (સદા) તેનામાં લો લગાતો (લવતીન થતો) જા તુમાયી (અહંત્વ-મમત્વ) ને ભસ્મ કરી દે, અને તારા અંગપર (વિરાગની) રાખ ચોળતો જા પરમાત્માના પ્રેમરૂપી ઝાડુ ગ્રહણ કરી, તારા અંગને (અહંકાર ઇર્ષા મોહ મમતા મારૂં તારૂ એ રૂપી જે અજ્ઞાનની જડ બેઠેલી છે તેને) સાફ કરી નાંખ, અર્થાત મનને ચોખ્ખું કર; દ્વૈત રૂપી જે ધુળ તારામાં છે તે ત્યાગ કર; મુસલ્લો (પ્રાર્થનાનુ આસન) (અર્થાત કર્મ કાંન્ડ કે બ્રાહ્મણે આમ કરવું ક્ષત્રીયે આમ કરવુ વૈશ્યે આમ મુસલમાને આમ ને શ્વપચે આમ ધર્મ પાળવો તે દ્વૈત ભાવને) પરો કરી દે મુસલ્લાને ફાડી નાંખ (કર્મની ખટપટ છોડી દે) તસબ (માળા)ને તોડી નાંખ, કીતાબ (શાસ્ત્રનાં પોથાં) ને પાણીમાં ડૂબાવી દે (કેમ કે તે કંઈ પરમ પદનાં અધિકારી બનાવવાનાં યોગ્ય સાધનથી પણ;) સદ્ગુરૂનો હાથ પકડ, ને તેનો દાસ બનીજા ઊપવાસ કરી ભૂખે મરવું કે રોજા (વ્રતાદીક) રાખવા, તે વ્યર્થ છે; તેથી પરમાત્મા મળતો નથી;) તેમ મસજીદમાં (દેવળે દેવળે) ભટકી સેજદો (નમન-પ્રાર્થના) કરવાની કંઈ જરૂર નથી; હાથ પગ ધોવા, સ્નાનાદિ બાહ્ય શુદ્ધિના કર્મો કરવાનું ઠામ ભાંગી નાંખ; શરાબ-ભક્તિ-શોખથી પી (કર) તું મુલ્લા (બ્રાહ્મણ-આચાર્ય-ગુરૂપણાનું ઘમંડ) એવો દ્વૈત ભાવ તજી દે, શાહ કલંદરની આજ્ઞા છે કે એ સ્થીતીને પ્રાપ્તપુરૂષજ 'અનલ હક્ક अहंब्रह्मास्मि કહેવાનો અધિકારી છે, આ પ્રમાણે મુસલમાન ધર્મમાં પણ વર્ણવેલુ છે.'

કર્તાની વીનંતી.

દોહરા.

કોઈ લઠ ધારી, કોઈ મઠ ધારી, કોઇ પંચ ઇંદ્રિ ગર્દન મારી;
કહે બ્રીજલાલ, સુણો ભાઈ સંતો, ભેખ એક, પણ ટેક ન્યારી.

દોહરો.

કિર્તારે કરૂણા કરી, કરી ગુરૂદેવે મહેર;
પ્રસંન થઈ સતી શારદા, કહી સર્વ ધર્મની પેર.
નૈષધપુર નીવાશી છું, હરિજન સર્વનો દાસ;
બ્રીજલાલ વાણી વદે, નહિ કવિ થવાની આશ.
માગુ માફ સર્વે કને, જો હોય મુજમાં દોષ;
સુધારી લેજો સર્વદા, કોઈ ન કરશો રોષ.
બુદ્ધિબળ મુજમાં નહિ, નહિ હૃદીયામાં હામ;
સચ્ચિદાનંદ ગુરૂ શેવથી, પુરણ કરીયુ કામ.
સંવત સુભ ઓગણીશને, સડસટશાલ પ્રમાણ;
માઘ માસ સુદ પંચમી, વસંત પંચમી જાણ.
કથા પુરણ તે દીન થઇ, પુર્ણ થયા મુજ કોડ;
એકવાર પ્રિતે સહુ, બોલો શ્રી રણછોડ.

સદ્ધવા ઉર્ફે સુવાસણ સ્ત્રીના ધર્મ.

વિવેકી સૌભાગ્યવંતી બાઇઓ, બેહેનોને ઘણી પ્રીતીપૂર્વક કહેવામાં આવે છે કે પોતાનું ભલું થવું એ પોતાના હાથમાં છે તે માટે આપણે પોતાના ધર્મને અનુસરી ચાલીયે તો આપણું પોતાનું કલ્યાણ થાયછે તે ધર્મ પાળવાના નીયમો નીચે પ્રમાણે. (૧)અસત્ય બોલવું નહિ. (૨) દળવા ખાંડવાના તથા પાણીના કાર્યોમાં થતાં પાપોનો સુક્ષ્મ દ્રષ્ટિથી અટકાવ કરવો. (૩) આંગણે આવેલા અભ્યાગત, સાધુ, સંત વિગેરે નીરાધાર જીવોને યથાશક્તિ ઘટતું અન્ન આપી સંતોષ આપવો. (૪) શીયળવ્રત બરોબર પાળવું

(૫) જળમાં નગ્નસ્વરૂપે સ્નાન કરવું નહિ. (૬) અંગ દેખાય તેવું વસ્ત્ર પહેરવું નહિ. (૭) રસ્તામાં ઉઘાડા શરીરે ફરવું નહિ. (૮) કોઇને ઘેર રાત્રે જવું નહિ. (૯) પરપુરૂષને અડકવું નહિ. (૧૦) કોઇ પુરૂષથી એકાંત જગાએ બેસવું નહિ. (૧૧) કુભાષણ કદી કરવું નહિ. (૧૨) ક્રોધ, કલેશ ને મશ્કરી કદી કરવાં નહિ. (૧૩) દ્વેષ, દગો ને કુસંગ કરવો નહિ. (૧૪) દેવ, ગુરૂ ને પતી ઉપર પુર્ણ પ્રીતિ રાખવી. (૧૫) માતા, પીતાની આજ્ઞા પાળવી. (૧૬) પોતાના સ્વામીની સેવામાં તત્પર રહેવું. (૧૭) સ્ત્રી ધર્મ (રજસ્વલા) પાંચ દિવસ પાળવો. (૧૮) ઇર્ષા, અદેખાઇ કરવી નહિ. (૧૯) સાસુ, સસરાને પૂજ્ય ગણી તેમના વચનને માન્ય આપવું. (૨૦) પોતાની પ્રજાને શુભ માર્ગે દોરવી અને તેમને તેમના હિતનો ઉપદેશ કરવો. (૨૧) સત્ય શાસ્ત્રનો અભ્યાસ તથા સમાગમ હમેશાં રાખવો. (૨૨) કોઈની કંઈ વાતની આઘી પાછી કરી કોઇના મનને દુખવવું નહિ, વિગેરે ધર્મશાસ્ત્રના નીયમો ઘણા છે તેમાંના આ મુખ્ય નીયમો હમેશાં પાળવાયોગ જણાવ્યા છે માટે હમેશાં પાળવા જોઇએ. તે પાળવાથી આ લોકમાં તથા પરલોકમાં પરમગતીને પમાય છે. તેથી ધન, ધામ, પુત્ર પરીવાર, કુટુંબનું સુખ, જાતે સુખી વિગેરે સર્વ સંપતિનાં ભોગી થવાય છે ને અન્તે મોક્ષને પમાય છે. સૌભાગ્યવંતી બાઇયોને ઉપલાં કારણો સાથે જો પોતાના પતી દેવની સેવા કરે ને પતીને ઈશ્વરતુલ્ય ગણી તેમની આજ્ઞાપરાયણ રહે તો તેના સર્વે મનોરથ સિદ્ધ થાય છે. પતી જો ગાંડો હોય, નપુંષક હોય, અંધ હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, રોગી હોય, પાંગળો, નીર્ધન, ક્રોધી હોય તો પણ તેમને ઈશ્વર તુલ્ય ગણી તેમની પ્રીતિપુર્વક કાયાએ, મને, વાચાયે ને સ્વભાવે કરીને સેવા કરવી. ને અવર પુરૂષ સર્વ ગુણ સંપન હોય તો પણ

તેનો સંગ કરવો નહિ. પર પતિ સેવનાર સ્ત્રી સો કલ્પલગી રૈરવ નર્ક ભોગવી અંતે નારી થઈ વીધવાપણું ભોગવે છે ને બહુ કષ્ટ વેઠે છે એવું અનસુયા માતાયે વચન સીતાજી પ્રત્યે કહેલું છે તે સત્ય છે. તે માટે દાખલા કે સતી સ્ત્રીઓએ પોતાના પ્રાણ પણ જોખમમાં આવવા દીધા છે પણ પતિ વચન ને પતિ સેવા કદી ચુકયાં નથી. જુઓ સીતાજી રામની સેવા સારૂ ચૌદ વર્ષ વન ભોગવ્યું, ને અનેક કષ્ટ સહન કર્યા પણ પોતાનું વ્રત ચુકયાં નહિ. ઇંદ્રજીતની સ્ત્રી સુલોચના પોતાના પતિના મુવાથી પોતે મુરતક લેઈ સતી થયાં. હરિશ્ચંદ્રની સ્ત્રી તારાલોચની, પતિ વચને વેચાયાં પણ પતિનાં વચનનો ત્યાગ કીધો નહિ. પેંપા રાજાની સ્ત્રી પતિની સાથે પ્રેમથી દરિઆમાં પડયાં ત્યાં પરમાત્માનાં દર્શન થયાં. સુદામાની સ્ત્રીએ પતિ સેવા સારૂ દરિદ્રતા સહન કરી પણ સેવા મુકી નહિ, તેવીજ રીતે વિદુરજીની સ્ત્રી, નરસિંહ મહેતાની સ્ત્રી, શેઠ સગાળસાની સ્ત્રી, ચંગાવતી રાણીએ પોતાના પતિ વચનને અનુસરી કેલૈયો કુંવર માર્યો ને પોતાના પેટમાં પણ કટાર મારવા તૈયાર થયાં પણ પતિ વચનનો ત્યાગ કર્યો નહિ. તે વિના ઘણી સ્ત્રીયો દુનિયામાં સતીયો થઈ ગઈ તેમની વાસના અમર રહી ગઈ ને તે પરમસુખ ભોગવી પતિ સેવાથી પરમગતિને પામી છે માટે આપણે પણ તે સ્વરૂપનાં રૂપજ છીએ. આપણે પણ તે પ્રમાણે વર્તવું જોઇએ એજ. કર્તાની વિનંતી.

વિધવા બાઇયોને ધર્મરૂપ બોધવચન.

વીધવા બાઇઓએ પોતાના મને, બુદ્ધિયે, પ્રકૃતિયે, સ્વભાવે, કાયાએ, વાચાએ, ઇંદ્રિયે કરી પરમાત્મા પરિબ્રહ્મને શુદ્ધ ચિત્તે કરી એક નિષ્ઠાથી દૃઢ વિશ્વાસથી ભજવા, માતા, પિતા, બંધુ, ગુરૂની આજ્ઞા પાળવી. કોઈ

પણ પુરૂષની સાથે હાસવિનોદ કરવો નહિ. શીયળવ્રત પાળવું, વૃતો, અપવાસો વગેરે કરવાં. કારણ તે કરવાથી ઇંદ્રિયો નિર્મળ થઈ મન સ્થિર રહે છે. પોતાની શક્તિ પ્રમાણે પરોપકાર કરવો. ને સ્ત્રી થઈ પુરૂષ વેષ ધારણ ન કરવો. ને સુવાષણના જેવો શણગાર પહેરવો નહિ. પોતાના કુળને ઘટે તેવો સાદો પોશાક પહેરવો. નીચ સ્ત્રીનો સંગ કરવો નહિ. વિષય સંબંધી વાત કરવી નહિ. ને કોઈ કરે તો સાંભળવી નહિ. વિષય વાસના અંતરમાં રાખવી નહિ. વીધવાએ પરમાત્માના ભજન સિવાય અન્ય વાતોની વાંછના કરવી નહિ.. કોઈ પુરૂષ સાથે એકાંન્ત કરવી નહિ. કારણ એકાંત સૌથી બુરી છે. અંગ દેખાય તેવું વસ્ત્ર પહેરવું નહિ. નગ્ન સ્વરૂપે નહાવું નહિ. તળાવ, કુવે ઊઘાડે અંગે બેસવું નહિ. રસ્તા ઉપર અંગ લપેટયા વિના સુવું નહિ. સ્ત્રી ધર્મ (રજસ્વલા) પાંચ દીવસ પાળવું. કાયાયે, વાચાએ, મને, ઇંદ્રિયે કરી ભ્રષ્ટ થવું નહી તેમ કોઇને ભ્રષ્ટ કરવાં નહિ. ઠઠાબાજી, મશ્કરી, કુભાષણ, ફુટાંણાં થાય તેવે ઠેકાણે જવું નહિ. ફાગ, ભવાઇ વગેરે ગવાતું હોય ત્યાં જવું નહિ. મોહ ઉપજાવે તેવી વાંણી ગાવી અગર સાંભળવી નહિ. ગુણકા નૃત્ય તથા ઘણા પુરૂષોના મેળામાં જવું નહિ. પશુ, પક્ષી આદિ અન્ય પ્રાણીયોના વિષય જોવા નહિ. પીયરમાં તથા સાસરામાં ખાંપણ લાગે તેવું કામ કરવું નહિ. શરીરને તાજુ કરવું નહિ. સારૂં હોય તો તે દેખી રાજી થવું નહિ. અંતે નાશવંત છે એમ સમજી પ્રભુ ભજન પરાયણ રહેવું. કાળનો ડર રાખવો ને મનને વૈરાગ્ય રૂપમાં લાવવું. ઘણું ડહાપણ, ઘણું રૂપ, ઘણું દ્રવ્ય અંતે સર્વે નાશવંત છે. માટે બાઇઓ સંપ, સંતોષ, શીળ, સમતા, શાંન્તી, ધૈર્ય દયા, ક્ષમાને ધારણ કરો ને જુઠ, નિંદ્યા, ચોરી, લોભ, ક્રોધ, હીંસા, અનિતી, ચાડી, 'અભક્ષાભક્ષ, ગર્ભપાત,

કોઈ ધર્મની નિંધા, કોઇને કલંક ચડાવવું, થાપણ ઓળવવી, વ્યભિચાર વિગેરે અપલક્ષણો અનેક છે તે સઘળાંનો ત્યાગ કરવો ને બ્રહ્મચર્ય વૃતથી તથા ઉપરનાં શુભ લક્ષણોથી રહેવું એ વિધવા સ્ત્રીનો ધર્મ છે. યથાશક્તિ અભ્યાગત પોષણ કરવું. સાધુ સંતની સેવા કરવી. જપ, તપ, તીર્થ વ્રત, યોગ, યથાશક્તિ કરવાં. પૈસો હોય તો પરમાર્થ વાપરવો ને અહોનીશ પરમાત્મા, પુર્ણબ્રહ્મના (સ્મર્ણ) ભજનમાં રહેવું. તેથી આત્મા આત્માનો મિત્ર થઇ આત્માનો ઉદ્ધાર કરશે એજ.

આત્મ તત્વ યોગાભ્યાસ નીર્ગુણ બોધ.

(રાગ રેખતો કબીર સાહેબનો)

સુતકા શબ્દ સુણુ ભાઈ, ફકીરી અદલ બાદશાઈ;
સાધુ બંદગી હે દ્વાર, સેહેજે ઊતરે સાહેરપાર.
સોહંગ શબ્દસેં કર, પ્રિતઃ અનભે અખંડ ઘરકુ જીત;
તનમે ખબર કરભાઈ, જયા મે નામ રૂસનાઈ.
બેહદ ઊલટ ચડ મે બુબ, તહાં સાહબી હે ખુબ;
સુરતી નગરમાં કર સેહેલ, વામે આત્માકા મહેલ.
અંબરી સંદ મુલમાં લાવ, તાપર રખો વાંમા પાવ;
દેહેરા મધ્યમાં ધરના, આસંન અમર યુંકરના.
દ્વાદસ પવન ભર પીજે, શશી ઘર ઊલટ ચડ લીજે;
જયાં જાય પલકા કીજે, અંદર નામહી લીજે.
તન મન ચેતરખના શ્વાસ, યા હદ કરો વેહદ વાસ;
દોનુ નેનકા કર બાન, ભમરા ઊલટ કસ કબાન.
પર્વત છપે દરીયા જાન, કરલે ત્રીકુટીમે સ્નાન;
સહેજે પરસે પદ નીર્બાન, તેરી મટે આવાંજાન.
તામે ગેબકા બજાર, સરોવર દોઊદીશે પાર;
તાબીચ ખડે કુદરત ઝાડ, છુટી વાસનાકી વાડ.
શોભા અદકી હે અપાર, સોહંગ બ્રહ્મકુ ઊરધાર;

લગે નવલક્ષ તારા ફુલ, કરણી કોટ જડીયા સુલ.
તામે દેખના મત ભુલ, રમતા રામ આપ રસુલ;
માયા બ્રહ્મકી કાચી, દેખો ઈંદ્રકી સાચી.
વરસે નીરબીન મોતી, ચંદા સુર્યકી જ્યોતી;
ઝલકે ઝલ મલે તારે, તાબીચ અલખ હે ન્યારે.
યા ગુલજારકી કયારી, માનો પ્રેમકી વારી;
કાંગરા આરસકા ધોયા, દીપક નામકા જોયા.
જોગી જુગતસે જીવે, પ્યાલા પ્રેમકા પીવે;
માંહેલા પીયુકુ દીજે, તન મન ખુરબાન કરલીજે.
પડીહે પ્રેમકી ફાંસી, મનવા ગગનકા વાશી;
ઊસકા સોલનાહે લાલ, હરદમેં ભરે જરદમ તાર.
વરસે વિના વાદળ મેહ, જામે કરે શબ્દ સ્નેહ;
વાગે વિના તંતુ તુર, સહેજે ઊગ્યા પશ્ચિમસુર.
ભમરા સુગંધકા પ્યાસા, કીયા હે કમલ મેવાસા;
રમતા હંસ હે રાજા, સહેજે હોય ગેબ અવાજા.
ઊલટ સામધન આયા, વાદળ ગગનમે છાયા;
ઝહાં હોય નેન લલચાયાં, અમ્રત બુંદ જડલાયાં.
અજબ દેદાર હી પાયા, દરિયા સહેજહી નાયા;
દારયા ઊલટ ઉમંગ નીર, તાબીચ ચલે ચોસઠ તીર.
હંસા આન બેઠા ધીર, સહેજે ચગે ચુકતા હીર;
મીલાહે પ્રેમકા પ્યારા, નહી હે નેનસેં ન્યારા.
જીવન મૃતક ન વ્યાપે કાલ, ત્રીકુટી પલકા મેટાલ;
પલકા પીયુસેં લાગા, ધોખા દીલકા ભાગા.
ચેતામણી સત્ય વીલાસ, જબ લગ ખડે પેંજર શ્વાસ;
સોહંગ શબ્દ અજપા જાપ, કહે જ્ઞાની આપો આપ.

સાખી.

ચેતામણી ચીત લાગી રહે, ચાગત લખે ન કોઈ;
અગમ પંથકા ખેલ હે, અનહદ વાણી હોઈ.

મનવા નેણુ મિલ રહ્યાં, જાકા મર્મ ન જાણે કોઈ;
જાકુ સદ્ગુરૂ મિલ્યા, તાકુ માલુમ હોઇ.
ઝંડા રોપ્યા ગેબકા, દો પરબતકે સંગ;
સાધું પીછાને શબ્દકુ, દ્રષ્ટ કમલ કે બંધ.
ઝળકે જ્યોતી જગ મગે, વિણુ બાતી વિણુ તેલ;
ચોદસ સુરજ ઊગીયા, એસા અદભદ ખેલ.
જાગ્રતરૂપી રહેત હે, જત વત ઘેહેર ઘંભીર;
આધ અંત્ય વિણુસે નહિ, સોહંગ બ્રહ્મ શરીર.

(નિર્ગુણના મહિના. રાગ. સીતાજીના મહિનાનો.)

સ્વામી ચૈતરે ચીતડા માંહી, ચીંતા તો જીવ કરે,
વ્યાપિક આત્મા સર્વે માંહી, (તો) ચોરાશી તે કોણ ફરે;
જીવ શીવને બ્રહ્મ તે કોણ, તેતો મુને દાખવો,
રૂડા દર્શાવો મુજને ઉપાય, તેને તો કરૂ હવે.
જીવ પડીયો જગત મોહ જાળ, તેમાં તેતો ભુલીયો,
એવો અવિદ્યામાયાનો પાસ, દેવાળામાં ડુલીયો;
તેથી ભુલ્યો તે આત્મારામ, મિથ્યા સુખ માણીયું,
વદે સાચુ સદા બીજલાલ, જુઠુ નવ જાણીયું, ૧
સ્વામી વૈશાખે વિગત હોય, જીવ અને બ્રહ્મની;
જીવ ઈશ્વરનો છે ભેદ, કથા જીવના કર્મની,
ઈશ્વરે બાહેર ભીતર એક, ભાસે બ્રહ્મ સર્વમાં.
જીવ જાણે પોતાની વાત, બંધાણો છે કર્મમાં,
જીવને તે બંધન હોય, ઈશ્વરને ઘટે નહિ;
રહ્યો બ્રહ્મ તો જેમનો તેમ, કહેવામાં આવે નહિ,
કહે બીજલાલ એજ વિચાર, અંતરમાં ધારવો,
એવી કઠણ માયાની છે જાળ, આત્મને ઊગારવો. ૨
સ્વામી જેઠ માસે જોવું જેહ, જીવ પદ કોણ છે,
ઈશ્વર બ્રહ્મતણો વિસ્તાર, વેદે વર્ણ્યુ વેલ છે;
'તં' પદ જીવને ,તત્પદ, ઈશઃ બ્રહ્મ ,અસીપદ, કહ્યો,

એ વ્યાપિક ત્રણે એક રૂપ, સોહંગ ચૈતન રહ્યા.
તેવું રૂપ તહારૂં પણ હોય, અહં ગ્રંથી ત્યાગતાં,
સર્વે સોહંગ વ્યાપિક સોય, ભિન્ન નવ ભાળતાં;
વદે વીજલાલ અનુભવ એહ, જેના ઉરમાં વરયો,
સેજે પૂર્ણબ્રહ્મ તો સોય, આવર્ણ તેને નવ ગ્રહ્યો. ૩
સ્વામી અશાડ માસે આનંદ, અતિ ઘણો આવીયો,
મળ્યા સદ્ગુરૂ પુરણ બ્રહ્મ, મારો શોક સમાવીયો;
નથી મન બુદ્ધિ ચીત્ અહંકાર, આત્મ વિષે એક પણ,
સહેજે ઉપજે સહેજે સમાય, સમુદ્ર તરંગ ક્ષણ.
નહિ મંત્ર તિર્થ પુન્ય પાપ, સુખ દુઃખ તેને વિષે,
તે તો આપો આપ પ્રકાશ, સોહંગ બ્રહ્મ તો વસે;
સામર્થ્યપણે ભાસે સર્વ માંહી, અનાદિ તો એકલા,
સર્વ વિશ્વતણા આધાર, એની તો અકળ કળા.
વદે વીજલાલ એજ વિચાર, બાવનથી તે બહાર છે,
તેને જાણે તે વીરલો કોઈ, અનુભવ જેને ઉર હશે. ૪
સ્વામી શ્રાવણ શુદ્ધ વિચાર, સુજયો મહારા ઉરમાં,
ભાષ્યો એક અખંડીત બ્રહ્મ, બ્રહ્મા આદિ કીટમાં;
નવ જ્ઞાન ઇંદ્રિમાં તો સોઈ, કર્મમાં તો નવ વસે,
પાંચ પચીશથી સદા દુર, ધાતુ કોષ નવ ગ્રસે.
કદી દ્વેષ રાગ લોભ મોહ, તેને તો વ્યાપે નહિ,
નહિ મૃત્યુ જાતિનો ભેદ, ગુરૂ તાત માત નહિ;
વદે વીજલાલ એજ અરૂપ, સ્વરૂપ તમે ઓળખો,
અણુલિંગી આત્મારામ, રમે સહેજે એકલો. ૫

સ્વામી ભાદરવે ભરપુર, ભર્યો બ્રહ્મ સર્વમાં,
એક નીરંજન નિરાકાર, સ્વરૂપ તે આનંદમાં;
નહિ કલ્પના એકે મંન, કૈવલ્યરૂપ તે ખરૂ,
જીવ ઈશ્વર બ્રહ્મ સોઇ, ચીદ્ઘન ચૈતન ધર્યું.
જેમ કાચ મંદિરની માંહિ, પુરૂષ કોઈ ઉભો કર્યો;
તેતો ભાસ્યો સર્વે માંહી, આપે તો અળગો ઠર્યો.

વદે બીજલાલ એજ વિચાર, અંતરમાં ધારજો;
એવા સોહંગ બ્રહ્મનો જાપ, અહોનીશ ઉચારજો. ૬
સ્વામી આસોએ અવિનાશી, સદા સુખ હોય છે;
એવું સુતી સ્મૃતીને સંત, અહોનીશ ગાય છે.
પોતે ખ્યાશી તત્વથી બહાર, કુટસ્થ બ્રહ્મ તો કહે;
જાગ્રત, સ્વપ્ન, સુસુપ્તિમાં, નહી, તુર્યાનો શાક્ષી લહે.
શાંખ્ય શાક્ષી એ બે નાહી, તેથી તે ન્યારો રહે;
માયા વડે ભાસે છે બ્રહ્મ, બ્રહ્મથી માયા કહે.
કહે બીજલાલ દર્પણુથી દેદાર, દર્પણુ દેહ ગ્રહી રહી;
એમ અન્યો અન્ય તો જોઈ, વેદ વાણી એમ કહી. ૭
સ્વામી કારતકે કરૂણા નિધાન, સદ્દગુરૂ મુજને મળ્યા;
સદા સત્ય દેવાધિ દેવ, અંતરમાં તો એ ભળ્યા.
સ્વામી સચ્ચિદાનંદ શુદ્ધ રૂપ, બ્રહ્મરૂપી મુને ભાસીયા;
તેતો કર્મ ભ્રમ કરે દુર, પ્રેમાનંદ પ્રકાશીયા.
સત્ય સ્વરૂપનુ આપે જ્ઞાન, તીમીર તેતો ટાળતા;
પછી પોતે પોતાનું સ્વરૂપ, અંતરમાં ઓળખાવતા.
વદે બીજલાલ એજ વિચાર, અહોનીશ જેના ઉરમાં;
સોહંગ સોહંગ ઉઠે જાપ, સદા ભરપુર જ્યાં. ૮
સ્વામી માગસરે માયા મોહજાળ, અજ્ઞાંની તો વહી ગયા;
જેને મળીયા સતગુરૂ દેવ, તેને તો ગ્રહી રહ્યા.
તેને ઉઘડયો અનુભવ અખંડ, કૈવલ્ય બ્રહ્મમાં વહ્યા;
નહિ ધર્મ અર્થ ને કામ, મોક્ષરૂપ તેતો થયા.
પિંડ બ્રહ્માડની પાર, પૂરણુ વસ્તુ જે હતી;
તેતો ભાસી રહી ભરપુર, કહેવામાં ન આવે રતી.
કહે બીજલાલ એજ વિચાર, ચેતન બ્રહ્મ ઉચરે;
તેતો શબ્દાતિત્ સ્વરૂપ, અનાદિ સુખે સંચરે. ૯
સ્વામી પોષે બ્રહ્મ પ્રકાશ, થયો કેમ જાણીયે;
કામ ક્રોધ અવિદ્યાનો નાશ શંતોષ સુખ આંણીયે.
બોલે અમૃત વાણી અદ્વૈત, વેખરી જે વડે નહિ;

આશા ત્રષ્ણા મેલી બાળે વેશ, ઇર્ષા તો ગઈ વહી.
ભાવે નંદે વંદે જો કોઈ, દ્વેષ રાગ ત્યાગીયો;
કહીયે અનુભવનુ ઘર એહ, માયામાંથી જાગીયો.
વેદ વીજલાલ એજ દશા તે, જ્યારે જેને આવશે.
ત્યારે પોતે પેતાનુ' સ્વરૂપ, પોતે તો બતાવશે ૧૦
સ્વામિ મહા મહિને મનમાંહી, અવિદ્યા ઊરથી ટળી;
ભાસ્યો બ્રહ્મ સકળ વૈરાટ, આવર્ણ સૌ ગયાં બળી.
છુટયો હું ને મહારૂ વળી સર્વ, ગર્વ પણ મુકીયો;
એક બ્રહ્મ વિના અન્ય વાત, વૃતી કરી ટુકીયો.
થયો જન્મ મર્ણ થકી દુર, અજર, અમર, થયો;
પામ્યો સકળ કળા અવીગત, જન્મ મરણથી રહ્યો.
જેમ સ્વપ્નામાં કીધો અહાર, ક્ષુધા તો ભાગે નહી;
એમ મિથ્યા દેહના ભોગ, એકે લાગે નહી.
વદે વીજલાલ એજ વિચાર, અંતરમાં આણજો;
ભાસે બાહેર ભીતર એક સાર, અખંડ પદ માણજો. ૧૧
ફાગણે ફરતી માયાની ફોજ, તેમાં ચૈતન્ય ચટકાં કરે;
દીવ્ય નેત્ર આપ્યાં ગુરૂ દેવ, અદ્વૈતરૂપ ઊર ઠરે.
જાગ્રત, સ્વપ્ન, સુસુપ્તી શીશ, તુર્યાનો શાક્ષી કહે;
સ્થુલ સુક્ષમ કારણ ન હોય, મહા કારણકો લહે.
ધાતા ધ્યાન ધ્યેય ચૈતન, ત્રીપુટી મધ્યે વહે;
ગુણાતીત્ નિર્ગુણ નીજરૂપ, સાક્ષી સર્વમાં રહે.
વદે વીજલાલ એજ અખંડ, જાણ્યો જેણે આત્મા;
થયો પોતેજ પુરણ બ્રહ્મ, ચીન્યો પરમાત્મા. ૧૨
સ્વામી પુરૂષોતમના પુન્ય, થકી બ્રહ્મ પામીયા;
ગાયા નિર્ગુણ બારે માસ, દેહ દુઃખ વામીયા.
મળ્યા ગુરૂ સચ્ચિદાનંદ, તે શુદ્ધ જ્ઞાન આપીસુ;
વંદુ તેમને દ્વીકરજોડ, ત્રિવિધી દુઃખ કાપીસુ.
સંવત ઓગણી બેતાળીશ, ભાદ્ર સુદી દ્વીતીયા;
મહાનૈં નૈષધ પુરમાં નીવાસ, વીજલાલે ભાવે કહ્યા.

જે કોઈ ગાય શીખે નરનાર, તેતો બ્રહ્મમાં ભળે;
તેને અંતર અનુભવ થાય, ચોરાશી નિશ્ચે ટળે.
તેથી અણુલીંગી આત્મારામ, અહોનીશ ઉચારીયે;
સ્વામી સચ્ચિદાનંદનુ ધ્યાન, અંતરમાંહી ધારીયે.
આદ્ય મધ્ય અંત્યરૂપ એહ, સદા મારે ઉર વસે;
જેમ ફણી મણી, લોભી ધંન, કામની કામ ઉર ઠસે;
એમ મારા હૃદય મોજાર, સચ્ચિદાનંદ બીરાજશો,
કરશો સર્વ અવિદ્યાનો નાશ, પુર્ણબ્રહ્મ પ્રકાશશો. ૧૩

(ગણપતિની લાવણી. ઓ ભગવાન પતીના દાન એ રાગ.)

તમને શમરે સૌ નરનાર, પ્રાણ આધાર, ગુણ બહુ ગાતા;
તમ શમરેથી સુખ થાય, ગણપતિ દાતા. ટેક. ૧
સૌ ક્લેશ ને કંકાસ શોક સંતાપ, દુઃખ સૌ હરતા,
એવા ગવરી પુત્ર ગણેશ, સિંદુર શીર ધરતા. તમને૦ ૨
તમને શમરે સૌ નરનાર, શોભે શણગાર બાજુ બંધ ચળકે;
દશ આંગળીયે રૂડા વેઢ, વિંટીયો ઝળકે. તમને૦ ૩
કટી કંદોરો છે સાર, ગળે બીચ હાર, માળ મોતનકી સોહીયે;
પગે સાંકળાં સુંદિર ભાત, ઘુઘરીએ મન મોહીયે. તમને૦ ૪
મોટી પેટતણી છે ફાંદ, શોભે મુખ ચંદ, પુનમના જેવો;
કરે મોદીકનો બહુ આહાર, ફળાદિક મેવો. તમને૦ ૫
શોભે નેત્ર અને વળી ભાલ, ઓઢી શીર શાલ, દશાલા અંગે;
બેઠાં, શુધ્ય બુધ્ય, બે નાર, તમારી સંગે. તમને૦ ૬
શુભ સમે મહારાજ, પુજાઓ આપ, દેવ સૌ પહેલા;
લેઈ લક્ષ લાભ, શુભ સાથ, પધારો વહેલા. તમને૦ ૭
વૈશાખ શુદ ચોથને દિન, મળે મુની જંન, મેદની ભારી;
આવી મળે સ્વારીનો ઠાઠ, માંડવી બહારી. તમને૦ ૮
તે તમતણો તેહેવાર, ઉલટ અપાર, લોકને આવે;
સૌ સુખે વ્રત લે કરે, હરખે જશ ગાવે. તમને૦ ૯

બહુ મોદીકને પકવાન, જમે સારી જહાંન, સૌને સુખકારી;
એ ગણુપતિ દેવની ચોથ, શોભા છે ભારી. તમને૦ ૧૦
છે નૈષધપુરમાં વાસ, તમારો દાસ પ્રીજ ગુણુ ગાવે;
એ ગુણુનિધિ ગણુપતિ દેવ. શમરે સુખ આવે. તમને૦ ૧૧

(ઈશ્વરે સર્વ વિવેકથી કર્યું છે તે વિષે દોહરો.)

જય જય જગદાધાર તું, જય જય જગના બાપ;
સ્મર્ણ કરતાં સાંભળા, સંકટ સોનાં કાપ. ૧
વિશ્વનીવાશી વીઠલા, વહારે ચઢજો આજ;
તાપ ત્રિવિધીથી તમો, રાખજો મહારી લાજ. ૨
ઉપકારી ઊપકાર તુંજ, અપરંપાર અપાર;
તેનો હું તુજ આગળે, માનું છું આભાર. ૩
નારાયણુ નીર્મળ સદા, બહુ રચ્યા જગતમાં જીવ;
વૃસ્ટી કરતા સૃષ્ટિમાં, અલખ નીરંજન શીવ. ૪
જુક્તીથી જુદા કર્યા, દેશ દેશના લોક;
બોલી બોલે જુજવી, સમજે સમજુ કોક. ૫
જળચર જીવ રચ્યા ઘણા, વળી પક્ષીનો નવ પાર;
અનળ, ગરૂડ, જેવા અતિ, ફરે આકાશે સાર. ૬
રણુ ઘણાં રેતીતણાં, ખુબ દીશે કંઇ ખાર;
મીઠાં ખારાં જળ જુઓ, કહેતાં નાવે પાર. ૭
કંઈક ઝરણુ ઊનાં ઝરે, બળતા પહાડ દેખાય;
કંઈક કુવા ઊંડા અતી, કંઈ ઊતળા કેહેવાય. ૮
કંઈ જંગલ માંહી વસે, ઝાઝા જંગલી લોક;
પશુપતી પશુ સમાન છે, જીવતર તેનું ફોક. ૯
વસ્ત્ર મળે નહી ઓઢવા, ખાવા ન મળે અન્ન;
પાણી પુરૂ મળે નહી, ધરતા દુઃખ બહુ મંન. ૧૦
કંઈક તાપ ઘણો તપે, કંઈક ઘણી છે શીત;
ઓઢે ચાંમડાં અંગપર, વસે બોડમાં નીત્ય. ૧૧
કંઈક મેઘ મુદ્દલ નહી, કંઈક ઘણો અંધકાર,

કંઈક અરૂણુ ઊજેશથી, ચાલે છે વેહેવાર. ૧૨
કંઈક સરીતા રેલથી, નીપજે છે સૌ પાક.
કંઈક મેઘ વરસે સદા, ભરીયા જળ અથાક. ૧૩
કંઈક શીતળ જળ બહુ, કંઈક ઊંના જળ કુંડ;
કયાંક વાઘ હાથી વસે, કયાંક રોઝને ભુંડ. ૧૪
કયાંક સાબર ને ચીતરા, કયાંક કસ્તુરીયા મ્રગ;
પુછ વિના કંઈ વાંદરા, તેના જુજવા વર્ગ. ૧૫
જે જે જમીનને ભાવતાં, જેવાં જેવાં ઝાડ;
તેવાં સૌ ત્યાં તો કર્યાં, કેળ નાળીયેરી તાડ. ૧૬
બદામ ચારોળી પીસ્તાં, ખજુર ખારેક દ્રાક્ષ;
તેજાંના તતબર કર્યાં, વિધવિધ કીધાં શાક. ૧૭
કરૂણા નિધિએ જે કર્યું, સમજી સૌનો વિવેક;
ગુણ તેના ગુણીજન ગણે, ગણતાં થાકયા છેક. ૧૮
વિચારી વસ્તુ કરી, જેનો જેવો ખપ;
સુખ આપે સંસારીને, જપો પ્રભુનો જપ. ૧૯
સરખી કરતાં સેજયમાં, બગડે છે બહુ કામ;
ખાતાં તે ખુટે નહિ, ઊપજે નહિ વળી દામ. ૨૦
વસ્તુ જોઇયે વિશ્વમાં, તે તો કરી તૈયાર;
લુણ ઊંન અફીણને, સાકર ખાંડજ સાર. ૨૧
અનાજ કરીયાંણુ આંબલી, કેશર કસ્તુરી જાણ;
સોના રૂપાની સરજી છે, ખાંતે મોટી ખાંણ. ૨૨
ગજઘોડાને બળદીયા, ચંદ્ર પવનને ભાણ;
જગપતીયે જગ કારણે, કશી ન રાખી તાણ. ૨૩
ભાર અઢાર વનસ્પતિ, શુભ સુગંધી સાર;
શોખીલા જન કારણે, ઉત્તમ રચી અપાર. ૨૪
તેલ ફુલેલ ગુલાબનાં, ચંપો ચંબેલી જાય;
મોગરો, મરવો, કેવડી, પુષ્પ અનોપમ થાય. ૨૫
ઈશ્વરે અધીકાં કર્યાં, ભોગવવા બહુ ભોગ;
વ્યાપિક બ્રહ્મ અરૂપ છે, મેળવીયા સૌં જોગ. ૨૬

દીન બંધુ દયાળ છે, દાના ભોક્તા દેવ;
સરિતા મળી જેમ સિંધુમાં, અકળ કળા છે એવ. ૨૭
હણનારામાં હરિ વસે, મરનારામાં આપ;
સુક્ષમથી સ્થુળ ઊપજે, કરે સ્થુળ સુક્ષમનો જાપ. ૨૮
સુત્રાત્મા સઘળે વસે, ક્ષણુ ન અળગો જાણ;
અનંત બ્રહ્માંડની ઊપરે, એક અલૌકીક ભાણુ. ૨૯
વિશ્વંભર વ્યાપી રહ્યો, ભર્યો સભરા ભરપુર;
સાક્ષી છે એ સર્વનો, સૌમાં એનુ નુર. ૩૦
કિડી કુંજર સર્વનો, પુરણુ હારો એજ;
અનળને ઇંડાં મુકતાં, કુંજર ભક્ષદે સહેજ. ૩૧
જાર, બાજરી જેટલા, મગ અડદ જો હોય;
અફીણુ કરે ગોળ જેટલું, તો ખાઈ શકે નહિ કોઈ. ૩૨
મેવા કર્યા મન ભાવતા, લેવા જક્તને લહાવ;
એમ કેસર કસ્તુરી કરી, કોઈ ન પુછે ભાવ. ૩૩
મોતી જેમ મુઘાં કર્યા, સોનું રૂપું તેમ સાર;
લોહ પીતળ સમજો મળે, તો રહે ન તેનો ભાર. ૩૪
હીરા, માણેક, પારસ, મણી, કાચ કીડીયાં જોય;
પથ્થર સમ સુઘાં કરે, પુછે ભાવ નહી કોય. ૩૫
દેવ દાનવ ને માનવી, સૌના જુજવા ભેદ;
ખટ શાસ્ત્ર પુરાણને. વીગતે કીધા વેદ. ૩૬
મુરખ પંડિત એક સમ, રાય રંક એક હોય;
તો તેને માનત કોણુ, કહે ભૂપ નવ કોય. ૩૭
કિરતારે કરૂણા કરી, કર્યું સર્વ ન એક સમાન;
જન્મ મર્ણ દુઃખ દેહનાં, સમજણુ સુખને ભાન. ૩૮
ભોજન નીદ્રા ભય સદા; મૈથુન એકસમ જોય;
એટલાં વાનાં ઈશ્વરે, સરખાં આપ્યાં સોય. ૩૯
કુડા કવિ કવિતા કરે, ગણે કરતાની ભુલ;
મુરખમાં સમજણુ નહિ, શું કરે મણીનું મુલ. ૪૦
શીત વર્ષા ઊષ્ણ રૂત, કરી સર્વને કામ;

ચંદ્ર સુર્ય તારા કર્યા, શોભાવા શુભ ધામ. ૪૧
આકર્ષણ અવનીતણું, ૠતુ ૠતુ કેરા ભોગ;
સમર્થ ધણીની સાહ્યથી, સર્વ બનાવ્યાં યોગ. ૪૨
શિયાળે શીતળ ઝરે, ઊનાળે લુ વાય;
ચોમાસે વૃષ્ટી વળી, વનસ્પતિ સૌ થાય. ૪૩
વનસ્પતિ વાવ્યે થતી, તો કોણ વાવવા જાત;
ખડપણ ખેડુ ન વાવતા, તો પશુથી કેમ જીવાત. ૪૪
અન્ન બીજ અવની વિષે, વાવે છે સૌ કોય.
વનસ્પતિ વનમાં કદી, શોધી ન મળે સોય. ૪૫
ખેર ખાખરને ધાવડો, સાદ્દડ સાગને વાંસ;
આવળ, કડો, ને બોરડી, સરસ શીશવને ઘાસ. ૪૬
વિશ્વ વીલાશીએ વિશ્વમાં, બોયું બીજ એક વાર;
લેતાં થાકયા લાખ જણ, તોય ન આવ્યો પાર. ૪૭
પ્રગટી સદા પ્રેમે કરી, અમૃત વસ્તુ અમાપ;
અનુક્રમે અનેક છે, જય જય જગના બાપ. ૪૮
મીઠાં જળ સૌ મનુષ્યને, મેળવતો મહારાજ;
ધન્ય ધન્ય ધરણી પતિ, નોતમ તહારાં કાજ. ૪૯
વિવેક તમારો વર્ણવતાં, થાકયાં શારદ શેષ,
હરખે ગાય છે હેતથી, પાર ન પામ્યા લેશ. ૫૦
વળી વળીને વંદન કરૂ, લળી લળી લાગુ પાય;
સ્થાપ ઊથાપ સ્થીર નહિ, જેમ આવે તેમ જાય. ૫૧
સંસાર સમુદ્ર શોભતો, તેમા નીર્મળ ભરીયુ નીર;
હીર કપાસને ઊનમાં, વિવિધ કીધાં તેં ચીર. ૫૨
અણ ઘટતાં ઓછાં કર્યા, ઝેરી જનાવર જેહ;
પ્રજાને પીડા કરે, ઓછાં ઊછેર્યા તેહ. ૫૩
અપાર ગુણ અવીગત કળા, અપરંપાર અપાર;
ત્રીજલાલને તુજ ગુણનો, સોધતાં નીકળ્યો સાર. ૫૪

(નીશુંણુ બારમાશી રાગ ગરબીનો.)

ચૈતરે ચૈતન બ્રહ્મ, ચિત્તમાં સંભાળોરે;
એ છે સચ્ચિદાનંદ સ્વરૂપ, પ્રીતમ મ્હારોરે.
જેને અગમ અગોચર ગાય, વેદ વખાણેરે;
તેને શીવ બ્રહ્માદિક ચહાય, મહાપદ માણેરે.
એવા સુત્રાત્મા સુખધામ, રમે બહુ રૂપેરે;
રચ્યાં સહેજે અનંત બ્રહ્માડ, ભુવનપતી ભુપેરે.
તેતો ખેલે ખલકની માંહી, ખોળે તો લાધેરે;
જે કોઈ અજર અમર અભેદ, મંત્ર આરાધેરે.
જયારે જગ્ત પદાર્થ સર્વ, મિથ્યા જાણેરે;
વળી સત્ય અજંપાનો જાપ, અંતર આણેરે.
જેને મળીયા તે સદ્ગુરૂ દેવ, તે નર ભેદ્યારે;
વદે વીજલાલ તેના સત્ય, સંશય છેદ્યારે. ।। માસ ।। ૧ ।।
વૈશાખે વેદાન્ત ભુપાળ, ઓળખ્યો આપેરે;
ધરી વિશ્વ વૈરાટ સ્વરૂપ, કષ્ટ સૌ કાપેરે.
સુખ સાગર બ્રહ્મ કલોલ, છોળ બહુ મારેરે;
બોળે સકળ અવિદ્યાનાં ઝહાજ, આવેલ ખાળેરે.
કરે કૃપા તે સુખના કંદ, ફંદ સૌ છુટેરે;
પ્રાણી લક્ષ ચોરાશીની જાળ, તહારી તુટેરે.
થયો બિંદુ સિંધુ સંજોગ, આ વર્ણથી ટળીયોરે;
પછે વાસના લિંગનાં તત્વ, સેજે ગળીયોરે.
ત્યારે અણહદ અર્ણવ બ્રહ્મ, ભેળો ભળીયોરે,
જેમ લુણ પુરૂષ આકાર, સિંધુમાં ગળીયોરે.
તેની જન્મ મર્ણને જાત, કોઇ નવ પુછેરે;
વદે વીજલાલ એજ વિચાર, કારણ શું છે રે. માસ. ૨
જેઠે જોઈ જગ્ત પતિ ઈશ, શીશ સમર્પ્યુંરે;
દેખી માયાનો સ્થાપ ઊથાપ, મન મ્હારૂ ડર્પ્યુંરે.
તેણે ધેર્યા અનંત બ્રહ્માડ, સઘળે તો વ્યાપીરે;

કરી પ્રગટ તમે મહારાજ, પરથમ સ્થાપીરે.
તેને રચ્યો પ્રપંચનો પાસ, આશા છે મોટીરે;
તેતો અખીલ જગ્તમાં છે એક, થાય ન ખોટીરે.
માયા વડે ભાસે છે બ્રહ્મ, ઊત્તમ આપેરે;
બ્રહ્મ વડે માયાનું છે રૂપ, સગુણી સ્થાપેરે.
જેમ જળથી દીસે છે લીલ, એમ છે માયારે;
એમ ચૈતન, પડવા ભાસ, રચીછે આ કાયારે.
એ કાયા થકી કારણરૂપ, બ્રહ્મ ઓળખાયરે;
વદે બ્રીજલાલ તેતો છે સત્ય, ભવદુઃખ જાયરે. માસ. ૩
સંતો અશાડે અક્ષરાતિત, અદ્વેત જોયોરે;
સર્વેશ્વર સભરાભર, સઘળે પ્રોયોરે.
પરિબ્રહ્મ છે જયોતી સ્વરૂપ, પરમપદ પોતેરે;
છે સર્વને શાક્ષીરૂપ, અંતે જોતેરે.
છે નીરાકાર અભેદ, કોઈ ભેદ ન જાણેરે;
કોઈ અનુભવી આત્મરૂપ, મહાપદ માંણેરે.
જેને વર્ણવી શકે નહી કોય, છે સતચીદ સાચારે;
સદા આદ્ય પ્રભુ છે એક, અવીચળ વાચારે.
કોઈ લક્ષાર્થી થઈ બેઠા, ધ્યાન દ્રઢ ધારીરે;
તેણે અસીપદમાં કર્યો વાસ, મમતા મારીરે.
પછી અન્ય આસ્થા કઈ, તેને નવ પ્યારીરે;
વદે બ્રીજલાલ તે હોય જયમ, વારીમાં વારીરે. માસ. ૪
શ્રાવણે સનાતન એક, અભેદ અલોકીરે;
ભર્યો વિશ્વ સકળમાં ભરપુર, કરે નિત્ય ચોકીરે.
જેમ મહેલ બનાવે કોઈ, પોતાને રહેવારે;
રચ્યુ જગ ભુપે બ્રહ્માંડ, ભવસુખ લેવારે.
તે મેહેલમાં જ્ઞાન સ્વરૂપ. આપ બિરાજેરે;
જયારે અજ્ઞાન અંધારૂ તર્ત, ભવનુ ભાગેરે.
જેમ કમળ ખીલે છે સહેજ, દીનમણી દેખીરે;
એમ અનુભવી હરખે આપ, આતમ પેખીરે.

નહિ જળ કમળને સગાઈ, રહે દુરનુ દુર રે;
જેની જળ મધ્યે છે જડ, સત્ય ભરપુરરે.
વળી કમળ પત્ર રૂપી સંત, ભવ જળમાં રહેતારે;
તેને ભવ કરે નહિ સ્પર્શ, અંગે નવ સહેતારે.
એમ માયા મહાજળ રૂપ, ભવસાગર ભરીયોરે;
વદે વ્રીજલાલ તે સત્ય, દુઃખનો દરિયોરે. માસ. ૫
ભાદરવે ભમતાં ગયા બહુ દીન, રહ્યા અણુ આશેરે;
જેમ પવન આધારે પત્ર, ચડયું આકાશેરે.
તેને ઠરવાનું અવની છે ઠામ, તવ અવિચળ થાયેરે;
પાછુ ચઢી પવનની સાથ, દશે દીશ ધાયેરે.
તેમ પત્રરૂપી જે જીવ, અવિદ્યાના પવનેરે;
તેને ભમાવ્યો સર્વ બ્રહ્માંડ, ભમ્યો બહુ ભવનેરે.
એમ લક્ષ ચોરાશીવાર, દુઃખ બહુ દેછે રે;
કોઈ જ્ઞાની જ્ઞાન સ્વરૂપ, સ્થીર થઈ રહે છે રે.
એમ બ્રહ્મ અવનીપર આપ, પ્રગટયો જીવ જરે;
પાછો સમાય અંત્યે ત્યાંય, થશે તે શીવજરે.
જયમ અગ્નિ કેરી ઝાળ, પ્રગટે જ્યાંથીરે;
અંતે સમાશે ત્યાંની ત્યાંય, કાયા તે કયાંથીરે.
એમ જ્યાંથી ઊપજ્યો જેહ, તેને તે પામ્યોરે;
વદે વ્રીજલાલતે સત્ય, ભવદુઃખ વામ્યોરે. માસ ૬
આસોએ અશોક વાડી માંહ્ય, એક વૃક્ષ અનુપરે;
તેને શીવ સનકાદિક ન્હાય, શક્ર આદિ ભુપરે.
તેપર આવીયું પક્ષી સુજાણુ, ફળ ફુલ ખાવારે;
ખાધાં અમૃત ફળ અપાર, તંન તત્પર થાવારે.
કઈક ખાતાં લાગી છે વાર, પારધી આવ્યોરે;
તેણે તાકી ગલોલ તતકાળ, દાવજ ફાવ્યોરે.
એમ લક્ષ ચોરાશી છે બાગ, શોભીત સારોરે;
એમાં મનુષ્યાદેહી અવતાર, પક્ષી ધ્યારોરે.
તેણે કીધા અનેક વૈભોગ, ભવમાં રહીનેરે;

પછી સ્મર્ણરૂપી વાર, કરી ત્યાં જઈનેરે.
એટલે આવ્યો અચાંનક કાળ, પકડીને ચાલ્યોરે;
ત્યાંથી કેમ કરીને જવાય, જકડીને ઝહાલ્યોરે.
એમ આત્મ ચીન્હે સર્વ અર્થ, નિશ્ચે સરશેરે;
વદે બીજલાલ તે તર્ત, ભવજળ તરશેરે. માસ. ૭
કારતકે કેવળ બ્રહ્મ, કલોલ કરે છે રે;
તેનુ શીવ સનકાદિક સંત, ધ્યાન ધરે છેરે.
પછી ઊર્ધ્વ લોકનુ દ્વાર, જ્યારે ઊઘડશેરે;
ત્યારે પુર્ણ બ્રહ્મનું રૂપ, દ્રષ્ટે પડશેરે.
પછી મૃત્યુ લોકની આશ, અંતરથી ત્યાગીરે;
થયો સોહંગ શબ્દ સ્વરૂપ, વાસના ભાગીરે.
જેમ ભોજનને નહિ ભુખ, ભાવે નહી એકેરે;
એમ દ્રઢ ઊપન્યો વૈરાગ, શાન્તિને ટેકેરે.
વિષય વાસાને અહંકાર, સર્વે ટળીયોરે;
કર્યો આપે વસ્તુ વિચાર, નિરંજન મળીયોરે.
જાણ્યો અખીલ બ્રહ્માડમાં એક, વદે શુભ વાણીરે;
થયુ ઊનમુની મન નિરધાર, મહાપદ જાણીરે.
પછી પ્રાશ્વિત પ્રલય માહ્ય, તે નવ આવેરે;
તેને પંચ મહાભુતની દેહ, પછી નવ ભાવેરે.
એ છે અનુભવનુ એધાંણુ, કોઈ એક જાણેરે;
વદે શ્રીજલાલ કોઈ સંત, મહાપદ માંણેરે. માસ. ૮
માહા વાક્યનુ જ્ઞાન, માગશરે પાંમ્યારે;
તેને ત્રીવિધી કેરા તાપ, સધ વીરામ્યારે.
થઈ અણુલિંગીની ઓળખાણ, આત્મ દર્શ્યોરે;
જ્યેમ લોહ લકોટો લાલ, પારસ પર્શ્યોરે.
જેમ ચમક લોહને ચ્હાય, ચંદ્ર ચકોરરે;
એમ અહી મણીને આધાર, ચીત ન ચોરેરે.
એમ કૈવલ્ય પદનો માંહ્ય, દ્રષ્ટી પોહોચેરે;
થયો આ વર્ણ રહીત અપાર, સીદને સોચેરે.

જેમ થોડા જળનુ મીન, સાગર પામેરે;
ગઈ દુગ્ધા સર્વે દુર, વેદના વામેરે.
જેમ નીર્ધન પામે છે ધંન, લ્ક્ષ્મી સુભ નારીરે;
વદે વ્રીજલાલ તે એમ, શાન્તિ ઊરધારીરે. માસ ૯
છે પોષે તે પુર્ણાનંદ, પરાની તો પારરે;
એ અધડીતરૂપ અપાર, સોહંગ સારરે.
તેતો તત્વમસી એકતાર, તન મન ત્યાગીરે;
જેને સદ્‌ગુરૂ મળીયા સેહેજ, ભ્રાન્તી ભાગી રે.
થયા ભવ જળ થકી ભીન્ન, લીન થયા જ્યારે રે;
તેને પુર્ણ પ્રગટયો પ્રેમ, મટયું દુઃખ ત્યારે રે.
જેમ વંઝાને પ્રસવે તન, મળ્યું સુખ ભારે રે;
એમ એક અખંડીત સ્વરૂપ, નીરખ્યું જ્યારે રે.
થયો જ્ઞાની જ્ઞાન સ્વરૂપ, અગોચર દેખી રે;
વદે વ્રીજલાલ તો એમ, મહાપદ પેખી રે.
શોધી કહાઢયો સર્વનો સાર, સોહંગ સત્વ રે;
પડયો મુકયો પ્રપંચનો પાસ પામ્યો તત્વ રે. માસ ૧૦
માહાએ મહાપદ કેરી વાત, કોઈ એક જાણે રે;
જેને સદ્‌ગુરૂ મળીયા સાર, તે સુખ માણે રે.
જેમ હંસતણુ સુખ હંસને, મન ભાવે રે;
તેથી વાયસ વેગળો જાય, પાસે ન આવે રે.
કદી કરે કોટી સતસંગ, રંગ નવ લાગે રે;
હોય અવિદ્યાનો જે જીવ, ભ્રાન્તિ ન ભાગે રે.
જેમ ગુંગાને ગોળીની ગંધ, અહોનીશ ગમતી રે;
નવ માને ભમરની શીખ, અભાગી ભમતી રે.
ગંગા કેરૂ કરાવ્યું સ્નાન, તૃષ્ણા નવ તાગ્યો રે;
કમળ પુષ્પમાં કરાવ્યો વાસ, રંગ નવ લાગ્યો રે.
ચડયો શીવ શંકરને શીશ, ઊમીયા શેવે રે;
તજી પારસમણીનો સંગ, પથ્થર લેવે રે.
એમ કર્યા કોટી ઊપાય, પણ જડ નવ જાગે રે;
વદે વ્રીજલાલ વીરલા સંત, અસત્યને ત્યાગે રે. માસ ૧૧

ફાગણ ફાંસુ ફેલ, દેખી તું શું ફુલે રે;
છે નાભી કમળમાં તુજ નાથ, તે કેમ ભુલે રે.
છે સુરત નુરતની દોર, સંતને સહાવા રે.
ત્યાં અમૃત વરસે છે મેઘ, પ્રેમીને પાવા રે;
ત્યાં જાપ જપે એક હંસ, તાર ન તુટે રે.
થઈ વરતીયો સર્વે વશ, વાસના છુટે રે.
થાય રોમ રોમ રણુંકાર, શબ્દ અપાર રે;
દીશે સત્ય સ્વરૂપનુ રૂપ, તે નીરધાર રે.
થયુ અનંત નેત્રનું તેજ, અંતરની આંખે રે.
જોયું સુક્ષ્મ દર્શક સાથ, ઝીણી ઝાંખે રે.
પછી કીટને બ્રહ્મા એક, સરખો દેખે રે;
ભાસે સકળ બ્રહ્મ વૈરાટ, દોષ ન પેખે રે.
જેમ ક્ષીર નીર ને હંસ, જુદુ કરતો રે;
એમ પોતે પોતાનું સ્વરૂપ, અંતરમાં ધરતો રે.
સો સાધન સતગુરૂ પાસ, તે જો પામે રે;
વદે બીજલાલ તે સત્ય, ભવ દુઃખ વામે રે. માસ ૧૨

ગાયા નિર્ગુણ બારે માસ, ગુરૂ પ્રતાપે રે;
જેમ દર્પણ પુર્યું તેજ, દીનકર આપે રે.
મેં તો નૈષદપુરમાં વાસ, પ્રેમથી કીધો રે;
થયો સચ્ચિદાનંદનો દાસ, લહાવો લીધો રે.
જેણે બ્રહ્મજ્ઞાનનો ભેદ, ભાવે ભાખ્યો રે;
સર્વે અવિદ્યારૂપી વિકાર, કહાડી નાંખ્યો રે.
સંવત ઓગણી ચુમાળીશ ફાગણ શુદી રે;
કર્યુ પંચમીએ પ્રમાણ, વારજ બુધે રે.
ગાય શીખે સુણે નરનાર, મહા પદ પામે રે;
વદે બીજલાલ સત્ય વિચાર, ભવદુઃખ વામે રે.

(પ્રભુની સ્તુતી. રાગ. લાવણી.)

પુર્ણ બ્રહ્મ પરિબ્રહ્મ બિરાજે, અખંડ રૂપ અવિનાશી હે;
સ્થાવર જંગમ જળ સ્થળ વ્યાપીક, પરમ જયોત પ્રકાશી હે.
નારાયણુ હરિ નામ નીરંજન, અકળ કળા ઊનકી કહીયે;
શેષ ગણેશ ઔર નારદ શારદ, સબ મીલ ગુન ઊનકે ગાઇયે.
આદ્ય અનાદ્ય ચતન એક દેખો, અદ્‌ભુત તેજ પ્રકાશી હે;
પુર્ણબ્રહ્મ પરિબ્રહ્મ બિરાજે, અખંડ રૂપ અવિનાશી હે. ॥ ૧ ॥
ઓઈ અંશ અવતાર લીયો જુગ, ભક્તનકે ભયહારી હે;
વાસુદેવ વિશ્નુ વીશ્વંભર, ગોવિંદ ઓર ગિરધારી હે.
કૃષ્ણુ કૃપાનિધી કેશવ પ્યારે, ચૌદલોક સુખકારી હે;
મીન વરાહ વામનરૂપ ધરકે, અવનીકમઠ શીર ભારી હે.
નરહરિ રૂપ ધર્યો નૃસિંહકો, અગ્ની સ્થંભ ઊર વાશી હે;
પુર્ણબ્રહ્મ પરિબ્રહ્મ બિરાજે, અખંડ રૂપ અવિનાશી હે. ॥ ૨ ॥
ફરશુરામકી ફરશી તોડી, રાય સભા સબ હારી હે;
તોડ ધનુષ જનક પણુ રાખ્યો, એહી અચંબો ભારીહે.
રામરૂપ ધરી રાવણુ માર્યો, ઓર અહલ્યા તારી હે;
રઘુકુળકુ પાવન કીનો, અયોધ્યાકુ ઊદ્ધારી હે.
સકળ દેવકે કારજ સારે, શ્રીરામ અયોધ્યાવાશી હે;
પુર્ણ બ્રહ્મ પરિબ્રહ્મ બિરાજે, અખંડરૂપ અવિનાશી હે. ॥૩॥
જગન્નાથ જગરૂપ જગતપતી, અખીલ લોક સુખ દાતાહે;
ધર કલંકીરૂપ આપતો, જીવ ચરાચર ત્રાતાહે.
અવનીપર અવતાર ધરકે, સીર્ગુન નામ ધરાતે હે;
એહી સીરગુન એહી નિરગુન સબ ગુન આપ ઊપાતેહે.
વીજલાલ કે ખ્યાલ તાલમે, બ્રહ્મ સબળ બળભાશીહે;
પુર્ણ બ્રહ્મ પરિબ્રહ્મ બિરાજે, અખંડરૂપ અવિનાશીહે. ॥૪॥

દેહરૂપી પાંજરામાં જીવને શીખામણ.

(રાગ હરીભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય.)
ઓ જીવ પોપટડા પાંજરીએ[૧] પડતાં તો, મહાસુખ પામશો;
કરી ઊત્તમ કમાઈ[૨] લક્ષ ચોરાશી કેરાં દુખડાં વામશો.
એ પાંજરીયે પંચ થંભ[૩] મોટા, તેમાં પચીશ[૪] છે છોટા છોટા;
તેના બંધ કઠણુ છે અતી ખોટા, ઓ જીવ પોપટ ટેક ॥ ૧ ॥
એ પાંજરામાં દસ[૫] દ્વારજ છે, તેમાં જરૂખાં[૬] મેડીને માળજ છે;
તેમાં પંચ[૭] યોદ્ધા વિકરાળ છે, ઓ જીવ પોપટડા. ॥ ૨ ॥
એ પાંજરા મધે ચાર ઓરડા,[૮] તેમાં બોહોતેર[૯] હજારછે દોરડાં;
તેમાં દેવે વસવા કીધાં ખોરડાં,[૧૦] ઓ જીવ પોપટડા. ॥૩॥
એ પાંજરા મધે એક ઓઝજ[૧૧] છે, ત્યાં દસ[૧૨] સ્વારની ફોજ છે;
તહાં સમુદ્ર[૧૩] દેખી મહા મોજ છે, ઓ જીવ પોપટડા. ॥૪॥
તેમાં સુર્ય[૧૪] ચંદ્રનુ તેજ ધર્યું, તેને અજ્ઞાન[૧૫] અંધારૂ દુર કર્યું;
તેથી ચતુર[૧૬] પુરૂષનુ કાર્ય સર્યું, ઓ જીવ પોપટડા. ॥ ૫ ॥
એ પાંજરામાં બે[૧૭] પાટજ છે, તેમાં ગંગા[૧૮] જમનાંનાઘાટજછે;
તેમાં પ્રભુ મળવાની[૧૯] વાટ છે, ઓ જીવ પોપટડા. ॥ ૬ ॥
એ પાંજરે ગેબી[૨૦] ગડગડે, એકવીશ[૨૧] હજાર છસેં ડંકા પડે;

ગુહ્ય શબ્દના અર્થ.

(૧) દેહરૂપી પાંજરૂ (૨) ખટ કર્મ પુન્યદાન (૩) પંચ મહાભૂત (૪) પચીશ તત્વ. પંચીકરણમાં જોવાં (૫) દસ છિદ્ર કાન નાક આંખો ગુદા સીશ્ન મુખ તાળવું (૬) આંખો નાક. કાન. (૭) કામ ક્રોધ લોભ મદ મોહ (૮) મન બુદ્ધિ ચીત અહંકાર (૯) શરીરની સઘળી નાડીયો (૧૦) શરીરની અંદર દરેક સ્થાનકે દેવનો વાસો છે તે આગળ બતાવ્યો છે (૧૧) હૃદય (૧૨) દસવાયુ જેવા કે પ્રાણ સમાન ઊદાન દેવદત્ત કર્કલ ધનંજય વિગેરે (૧૩) પેટ (૧૪) આંખનું તેજ (૧૫) જ્ઞાન થયે અજ્ઞાન નાશ થાય જેમ આંખો ઊઘડે અંધારૂ નાસે છે તેમ (૧૬) મોક્ષ મળે તો (૧૭) જન્મ મર્ણ (૧૮) ઇંગળા પીંગળા. સુક્ષમણા. (૧૯) બંકનાળથી સમાધિ ચઢાવવાનો રસ્તો (૨૦) કાન, બંધ કરી સાંભળો (૨૧) શ્વાસોશ્વાસ

એ રસ્તો ગુરૂ[૨૨] ગમવાળાને જડે, ઓ જીવ પોપટડા. ॥ ૭ ॥
તેમાં અષ્ટ[૨૩] કમળ[૨૪] નાગણી જાણી, તેમાં [૨૫]ઓહુંગસોહુંગ[૨૬] વદે વાણી;
તેના પાર પુરૂષ[૨૭] એ એધાંણી, ઓ જીવ પોપટડા. ॥ ૮ ॥
તેમાં ચૌદભુવનની[૨૮] રચના સારી, તેમાં એક અલખ વસે[૨૯] બ્રહ્મચારી;
તેને નારી[૩૦] મળી કર્યો ઘરબારી, ઓ જીવ પોપટડા. ॥૯॥
એ પાંજરૂ પરમ ચતુરે[૩૧] ઘડયું, કંઈ પુન્યથી[૩૨] તહારૂ તો પાનું પડયું;
તેતો પુર્વજન્મનુ[૩૩] કર્મ ઊઘડયું, ઓ જીવ પોપટડા. ॥૧૦॥
એ પાંજરૂ સંસાર શમુદ્રે ધર્યું,[૩૪] સતગુરૂ[૩૫] પ્રતાપે તેતો તર્યું;
તેથી કાર્ય[૩૬] તહારૂ સર્વ સર્યું. ઓ જીવ પોપટડા. ॥ ૧૧ ॥
એમાં પહાડ[૩૭] પર્વત ઝાડી[૩૮] ઝાડી, બ્રહ્મા[૩૯] વિશ્નુ[૪૦] માહેશ્વરની[૪૧] એ વાડી;
તેને સાચવે શક્તિ[૪૨] દહાડી દહાડી, ઓ જીવ પોપટડા. ॥ ૧૨ ॥
એતો પિંડ[૪૩] બ્રહ્માડની એક કથા, સત્ય બ્રહ્મ વિના બીજું સર્વ વ્રથા;
તેને સમજ્યા તે સુખ પામે યથા, ઓ જીવ પોપટડા. ૧૩
એ પાંજરૂ પામ્યો[૪૪]કઇ કાળે, કહે બીજલાલ સમજીને ચાલે;
તેતો અમરાપુર[૪૫] મોજે મહાલે, ઓ જીવ પોપટડા. ૧૪

---

(૨૨) ગુરૂપાસેથી સમજ્યા હોય તો (૨૩) નાભી (૨૪) નાભી ઉપર નાગણી નામની નાડી છે (૨૫) લેવાનો શ્વાસ સોહંગ (૨૬) કાઢવાનો શ્વાસ ઓહંગ (૨૭) તે ઉપર આંખની ભમર ઉપર તે પાર તે ઊપર આત્માનું રહેઠાણ છે (૨૮) શરીરમાં ૧૪ માળ છે (૨૯) બ્રહ્મ ચૈતન (૩૦) માયા (૩૧) પરમાત્મા (૩૨) સુકૃત (૩૩) પહેલાંના જન્મ સંસ્કારોથી મનુષ્યા દેહ મળ્યો (૩૪) જન્મ ધર્યો (૩૫) સતગુરૂના બોધવડે (૩૬) મોક્ષ થયો છે (૩૭) છાતી રતન (૩૮) રૂંવાટી (૩૯) નાભીએ બ્રહ્મા (૪૦) હૃદયે વિશ્નુ (૪૧) કંઠે શીવ એ પ્રમાણે ત્રણ દેવની વાડી બતાવી (૪૨) બળ એટલે શક્તિ (૪૩) બ્રહ્માડને દેહ બંનેની રચના એક છે (૪૪) ઘણા કાળે વારો આવેથી મળ્યો (૪૫) મોક્ષરૂપ થયો એટલે પછી જન્મ મર્ણ છુટી જઇ અજર અમર પદ પોતે થઇ ઇશ્વરૂપ પોતે પરમાત્મપદ પામ્યો એજ લી. કર્તા ભૂલચુક હોય તો સુધારી લેજો.

(જેનો જેવો સ્વભાવ તેમાં તે રાજી; કવિત.)

ઠગ રાજી ઠઠ્ઠામાં, હાંસીમાં હરામખોર;
નિર્લજ નિંદ્યામે રાજી, ચોરીમાં ચોર હે.
સભામાં પંડિત રાજી, વેપારમાં વણિક એસે;
જર દેખ જગ્ત રાજી, જયું વંઝયા પુત્ર મનમે.
કામની કામસેં રાજી, જોગીરાજી જોગમે;
ભોગી ભામની મે રાજી, યું રાયરણુ જીતમે.
મેઘસેં મેદની રાજી, જ્ઞાનીજન જ્ઞાનમે;
ચંદ્ર દેખ ચકોર રાજી, મીન રાજી જલમે.
રાગ રંગસેં સભા રાજી, બ્રાહ્મણ ભોજનમે;
યું સ્વાર્થ કે સરે સર્વ, રાજી હોત તનમે.
કહે વ્યાસ પ્રીજલાલ, સ્વભાવકો એસો ભાવ;
મેં તો રાજી રહુ સદા, પુર્ણબ્રહ્મકી ધુનમે. ॥ ૫૩ ॥

વિદ્યાના ગુણ. શ્લોક.

नचराज्यग्राहीः नचचौर हारीः विदेशगमनंः नचभारसाहोः
विद्याधनंसर्वधनः प्रधानं विद्याधनं च पुरुषो वतंतीः १
विद्याविवादाधनंमदायः शक्तिपरेवा परी पीडनायः
खळसोन साधु विपरीत मेवाः ज्ञानायदानाय नच रक्षणायः २

ગરબી.

ભણો આજ ભણયાનો અવશર આવ્યો;
ભણ્યો ગણ્યો સૌને અતી ઘણો ભાવ્યો.
ભણ્યો તે તો લાભ અમુલજ લાવ્યો, ભણો આજ ભણયાનો
અવશર આવ્યો. ટેક. ૧
બીજું ધન વાપરતામાં ખુટે, વખતપર ચોર તેને પણ લુંટે;
ભણતરમાં ભાગ કોઇનો નવ કાવ્યો. ભણો આજ. ૨
મનુષ્યા દેહતણો એ છે લહાવો, સદા સુખ આવે ન રાખે દાવો;
ભણ્યા થકી વિવેક પણ કરવો ફાવ્યો. ભણો આજ. ૩

ભણેલાને રાજ્યનું માન મળે છે, દુઃખ આવ્યે સેજમાં તેજ ટળે છે;
અંતરનો શોક સંતાપ સમાવ્યો. ભણો આજ. ૪
પુરૂ ભણી પુરૂષ થયો જે પુરો, કશી વાતે રહેશે નહિ અધુરો;
સમજ આવ્યે જુઠ કપટમાં ન ફાવ્યો. ભણો આજ. ૫
સારી વિદ્યા જે કોઈ સહેજે ભણે છે, મેળવવું દ્રવ્ય તે સહેજ ગણે છે;
વિદ્યાથી શાંણપણુ સમજાવ્યો. ભણો આજ. ૬
કહે વ્રીજલાલ વિદ્યા ધન ભારી, જગત સૌ બેઠુ તેથી તેને ધારી;
અશર્ણ શર્ણીયે જગત જણાવ્યું. ભણો આજ. ૭

(અથ ગણપતિ સ્તોત્ર. દોહરો)

શુભ ગણપતિ સુખદાયક, નાયક નવલ કીશોર,
વિઘ્ન હરણ મંગલ કરણ, શુભદાયક સબ ઠોર.
ઊત્તમ કાજ અપારમાં, સ્મરત સિદ્ધિ ગણેશ;
સુખ સંપતિ ફળદાયક, દુઃખ નહિ આવત લેશ. ૧

ચોપાઈ.

શમરો ગવરી પુત્ર ગણેશ, સુભ કાર્યતણા છે સુરેશ;
વિઘ્ન વીડારણ છે વડવીર, સુભ કારણમાં ધારણ ધીર.
મન ઇચ્છાએ મોદીક જમે, દેવ સભામાં આપે રમે;
અર્પે પુષ્પના કંઠે હાર, કરશે ગણપતી તેની વહાર.
ધૃત સાકરને મેવા પાન, અર્પણ કરતાં પામે માન;
શંકર સુત છે શોભીત રૂપ, બાવન ચંદન બેહેકે ધુપ.
ગુણ ભંડાર ગણપતી દેવ, સુર મુની સર્વ કરે નિત્ય શેવ;
પ્રથમ કરમાં કમંડલ ધાર, બીજે ફરશી શોભીત સાર.
ત્રીજે કર ધર્યો મોદીક થાળ, ચોથે કર ધરી છે જપ માળ;
નિર્મળ નેત્ર કમળ સમાન, અવનીમાં નહિ એવો આન.
શોભે સુંદીર સુંઢ અનુપ, શરદ પુનમ શશી સમરૂપ;
ભાલ દેખીને ભાનુ ડરે, રખે તેજ એ મહારૂ હરે.
કંઠે કંઠી મુકતાના હાર, નખ શીખ આભુષણ નહી પાર;

શોભે સાંકળાં કંદોરો કડાં, કાને કુંડલ ને ચોકડાં.
વેઢ વિટીયોમાં નહી મણા, શોભે શણગાર ગણપતીતણા;
મુગટ મણી જડીયા છે અપાર, કામમીનાકારી શ્રીકાર.
ઝળકે ઝળહળ જયોત પ્રકાશ, તીમીર માત્ર ત્યાં પામે નાશ;
પીતાંબર પેહેર્યાં છે અંગ, જામો જરકશી નૌતમ રંગ.
શાલ દુશાલા કાંધે ધરી, ભાલ તીલક કેસરનું કરી;
સિંદુર લેપન સાંજ સવાર, મુર્તિ કામતણો અવતાર.
સરસ સુગંધી બેહેકે બહુ, તેનો મહિમા હું કેટલો કહુ;
લક્ષણવંતો દીશે છે લાલ, ત્રુઠયો તેને કરશે ન્યાલ.
શુદ્ધ બુદ્ધ નારી તેને જોડ, પ્રસંન થાય તેના પુરે કોડ;
હોશ હોય જે હૈયા તણી, તે ગણપતી પુરે છે ઘણી.
લક્ષ લાભ બે શોભીત પુત્ર, ભલુ શોભે ગણપતી ઘરસુત્ર;
ભવે ખંડથી તેડાં થાય, કુટુંબ સહીત ગણપતી ત્યાં જાય.
મંગળ મુર્તિ સુભ કામે ધસે, ત્યાં તો મંગળ નિશ્ચે હશે;
અસુર હણ્યા હાથે બહુ લક્ષ, ભીક્ષુક જનનો મહા ભડ દક્ષ.
દુઃખ દળીદ્રનો છે શત્રુ સોય, ગણપતી આવ્યે એ બે નોય;
સત્ય સભામાં શોભીત સુર, મનના મનોર્થ પુરે ભરપુર.
સકળ કામના શિદ્ધી થાય, એકે ચીતે જે ગણપતી ગાય;
શમરે શ્રીગુરૂ ગણપતી દેવ, ધરે ધ્યાન કરે પ્રીતે શેવ.
ગણપતી ગુણ તણો ભંડાર, નોધારાનો એ આધાર;
અશર્ણ જનને શર્ણ લીયે, તેને રીદ્ધ શીદ્ધ પોતે દીયે.
સાધન સકળ વિદ્યાનાં કામ, લે ગણપતીનુ પહેલુ નામ;
ગણપતી ચીતવન પ્રથમ કરે, પછી રાય ગાદી પગ ધરે.
નવો રાય બેસે આસંન, પ્રથમ શમરે શંકર તંન;
બ્રહ્મા શમરે ભણતાં વેદ, તે ગણપતીનો જાણે ભેદ.
વિશ્નુએ શમરી કમળા વરી, તો સોળ શહસ્ર નારી મળી;
શીવ શમરે સમાધિ સમે, તો વિઘ્ન એક તેને નવ દમે.
ભરે ખજાનો માલ ભંડાર, તે ગણપતી શમરે વારંવાર;
તિર્થ યાત્રાએ જાએ ગંગ, શમરે ગણપતી આણી ઉમંગ.

અનંત મહિમા અનંત ગુણ, તે કહેવાને સમર્થ કોણ;
શેષ શારદા શમરે રાત, એ નવ પામ્યા પુરણ વાત.
એક અનેક તણો આધાર, અખીલ લોકમાં મહિમાસાર;
ઈંદ્ર પુજે આદર બહુ કરી, ઈંદ્રાસન બેસે તે ઠરી.
વંદન વિનતી જે જન કરે, તે ગણપતી ચીતમાં ધરે;
સ્વામી કારતીક જેવો ભ્રાત, તે શમરે પામે સુભ વાત.
મુશક વાહન મહા રણધીર, ગણપતી દાતા બાવનવીર;
રાય દેશ જો જીતવા જાય, પ્રથમ ગણપતી પુજન થાય.
વાજી ગજ રથ પાલખી ચડે, નવ શમરે તો નિશ્ચય પડે;
શાલ દુશાલા વિવિધ વસ્ત્ર, બાંધે આયુદ્ધ ક્ષત્રી શહસ્ત્ર.
દેશ ખંડણી લેવા જો જાય, પુજે ગણપતીના તવ પાય;
પરણે પ્રેમદા આણી કોડ, શમરે ગણપતી બંને જોડ.
પ્રસુતી નારીને આપે પુત્ર, શમરે ગણ પતિનું ધરસુત્ર;
ધરે નામ વિદારે કેશ, શમરે ગણપતિ પરથમ શેશ.
પ્રથમ બાળક ભણવા સંચરે, ગણપતિ નામ સૌ ઊરમાં ધરે;
વિદ્યાનો કરે અભ્યાશ, પુરે ગણપતિ તેની આશ.
અધ્યારૂ આરાધે ચરણ, ગણપતિ દેવ છે અશર્ણ શર્ણ;
લહિયો લખે મોટો મહિમાય, પરથમ લખે શ્રી ગણેશાય.
પછી લખે માત સરસ્વતિ, તો વિઘ્ન નડે નહિ તેને રતિ;
સન્મુખ શમરે સાહી દાતાર, અલખત આપે અપરંપાર.
તેનાં વિઘ્ન વિદારણ કરે, જો સ્મર્ણ પ્રીતે ઊર ધરે;
જંગલમાં મંગળ કૃત હોય, તેમાં અચરજ ન ગણે કોય.
યાગ યજ્ઞને ચંડી પાઠ, પ્રથમ ગણપતિનો ત્યાં ઠાઠ;
વિઘ્ન સર્વને હાથે હણે, આપે કોટી વિઘ્ન ગુણ ગણે.
વિવાહ વધામણું વહેવારશાળ, કંન્યા વરને આપે માળ;
યજ્ઞશાળ હયશાળા ગુણવંત, વિદ્યાશાળા ધર્મશાળા તંત.
હરિહર બ્રહ્માનું હોય લગન, રાય કરાવે સપ્તે યજ્ઞ,
પ્રથમ ગણપતિની કરે સેવ, પછી પધરાવે સર્વે દેવ.
જો ગણપતિનું નવ પુજે અંગ, કારજમાં પાડે તે ભંગ;

તેને નિંદે તે નર છે ખર; સમર્યા વિણ નવ પામે વર.
સમુદ્રમાં જે પ્રવેશજ કરે, માલ કાઢવા ચીતમાં ધરે;
શમરી નાંખે જેવો હાથ, આશા પુરે છે ગણનાથ.
સચ્ચિદાનંદ સર્વજ્ઞ સહી; આપે ફળ તે અળગો રહી;
પંચ તત્વમાં પ્રગટ જાણ, શમરેથી નવ આવે હાણ.
હળપતિ હળ જ્યારે જોતરે, ગણપતી કહીને ધુંસરૂ ધરે;
ખોદે વાવ્ય કે કુપ તળાવ, શમરે ગણપતિ પુરણ ભાવ.
અખુટ નીર ભરે નવાંણ, એ સ્મરણનું સુભ ફળ જાણ;
ઘાંચી શમરે કાઢતાં તેલ, માળી શમરે વીણે ફુલવેલ.
મોચી પેઢીયે કરે પસાર, શમરે ગણપતિ તેણીવાર;
કામદાર કોઠારી કીલ્લીદાર, ગણપતિ શમરે વારંવાર.
ગણપતિ શમરે નવે નીદ્ધ, ગણપતી શમરે સર્વે સીદ્ધ;
કલેશ કુબુદ્ધિ નાવે લેશ, શમરો ગણપતિ બાળે વેશ.
ધોબી શમરે ઘેર ને ઘાટ, પંથી શમરે જતાં વાટ;
સોળ શૃંગાર સજે જે નાર, ગણપતિ કરશે તેની વહાર.
કરી ચાંલ્લો ને જુએ છે મુખ, ગણપતિ શમરે પામે સુખ;
સોની શમરે ઘડતાં ઘાટ, કુંભાર શમરે ઘડતાં માટ.
કલાલ શમરી કાઢે મધુપાન, વેપારમાં પામે ધન ધાન્ય;
મુન્યમ મત્તાદાર મઠપતિ, શમરે સર્વેનીજ નીજમતી.
ચાકર ચીકલીગર ને ચંત, દુકાનપર ગણપતીનો તંત;
કામ કરવા ધારે જન કોય, શમરે ગણપતિ તો સુભ હોય.
ખાતાં ચોપડા પુજે વહી, પ્રથમ ગણપતિ ત્યાં તો સહી;
પ્રથમ ગોળીમાં પુરે મહી, લાભ આપે છે ગણપતિ તહી.
કરે ખેતર વાડી કે બાગ, શમરે ગણપતિ તેની જાગ;
બીજ વાવવા જે જન જાય, પ્રથમ મુઠીયે ગણપતિ ગાય.
પંડીત સભામાં કરે પ્રવેશ, શમરે ગુણ નિધી બાળે વેશ;
વ્યાસ કથાનો કરે આરંભ, શમરે ગણપતિ ગુણનો સ્થંભ.
નવ વ્યાકરણને અઢાર પુરાણ, પ્રથમ ગણપતી તેમાં જાણ;
વેદ ચારનો કર્યો વિસ્તાર, બાવન ઊપનીસદમાં સાર.

સકળ શાસ્ત્રમાં ગણુપતી દેવ, તેનો વીરલા જાણે ભેદ;
કથા વારતાને આખ્યાન, છત્રીશ વાજીંત્રનાં તાન.
ગણુપતિ વિના ગ્રંથ જે હોય. તે તો યવનની ભાષા જોય;
વૈદક જયોતિષ ઇંદ્રજાળ, ગાયનમાં જે પહેલી તાળ.
ચોદ વિદ્યાનું સાધન સર્વ, અગણીત વાણી ખર્વની ખર્વ;
બ્રહ્મ જ્ઞાનનો જાણે મર્મ, ગણુપતી ગુરૂ છે પુરણુ બ્રહ્મ.
ધાતર વિદ્યા મારે બંગ, શમરે માત્રા બહુ આવે રંગ;
હિરણ્ય ગર્ભની ગોળી કરે, તેતો ગણુપતિ ચીતમાં ધરે.
બળ તત્વને બુદ્ધિવંત, સાંન્ત સ્વરૂપે શીતળ સંત;
ગાયન ગાંધર્વ ગુણુકા ધરે, પહેલી સલામ ગણુપતિને કરે.
નાટક ભવાઈ ને ફારસ કરે, પ્રથમ વેશ ગણુપતીનો ધરે.
ગણુપતિ નાચે સર્વે પહેલ, પછી ભવાઇનો ચાલે ખેલ;
વૈદ કરે ગણુપતીને ઈષ્ટ, મટે દુઃખ જે મહા અરીસ્ટ.
જોશી મનમાં ધારે ક્ષેમ, તો પુજે ગણુપતિ ધારી નેંમ;
વાજી અશ્વપાળ ફેરવે, તે ગણુપતિ શમરી પગ ધરે.
નટ દોરીપર ચઢે આકાશ, માગે વિદાય ગણુપતિ પાસ;
બાણુવળી કસે જ્યારે બાણુ, શમરે ગણુપતી ગુણુની ખાંણુ.
જેવી આશા તેવો ફળે દક્ષ, એ ગણુપતિનો ઊત્તમ લક્ષ;
સુભ દ્રષ્ટિથી સંકટ જાય, મનની ઇચ્છા પુરણુ થાય.
આનંદ મંગળ ઊરમાં ધરી, એકે ચીતે જેને શેવા કરી;
દુઃખ હરણુ દુંદાળો દેવ, કોઈ ન જાણે એનો ભેવ.
મુખે માગ્યુ ભોજન મળે, મન વાંન્છીત ફળ તેને ફળે;
તસ્કર ખાતર પાડવા જાય, ગણેશીયુતે કરમાં સહાય.
કાઢે તેમાંથી દસમો ભાગ, તરત સાંપડે ધનની જાગ્ય;
નવી દુકાન કહાડે બજાર, ગણુપતિ ગણુપતિ શમરે સાર.
પહેલી ધારણે લાભજ કહે. બીજીયે ખરે બરકત લહે;
લાભ પુત્ર છે ગણુપતિ તણો, તેથી ગણુપતિ પહેલો ગણ્યો.
ભરે વખારે અનઅળ માલ, શમરે ગણુપતિ આંણી વહાલ;

નવું ઝાઝ ઘડે સુતાર, મુકે દરિયામાં જેણીવાર.
ગણુપતિની મુર્તિ તે માંય ગોળે પુજે તેને ત્યાંય;
દેશ દેશાવર ખેડે ઝાઝ, કરે ગણુપતી પુરણુ કાજ.
શમરે તેને લાભ દે લક્ષ, વડો દાતાર તે ગણુપતી દક્ષ;
લાભ લક્ષ રીદ્ધી સીદ્ધીનો ધણી, શમરે લક્ષ્મી આવે ઘણી.

રણુમુક્ત છે એનું નામ, રણુ મુકાવે તેણુ ઠામ;
નારી વરવાને નર ફરે, તે ગણુપતીની પુજા કરે.
એક ચીતે નીત્ય રાખે નેમ, પંચમાસે પરણ્યાનો ટેમ;
નિર્ધન ધનની કરે જો આશ, રાખે ગણુપતી પોતે પાસ.
જમણી સુંઢનાં જો કદી જડે, કર્ણુ પુષ્પ તેને બહુ ચડે;
શેવે સ્નેહ સાચો કરી મંન, તેને આપે પુરણુ ધન.
પુત્ર વિના વંઝા નરનાર, તે પુજે જો માસજ બાર;
ત્રણુ પાંખડી દુરવા સાથ, તેને ત્રુઠે ગવરી નાથ.
પુત્ર પામશે પુરણુ પ્રેમથી, નિશ્ચે મન રાખે નેમથી;
મોભ ચીચોડો કરસણુ કામ, સકટ પારણું વાસ્તુ ધામ.
દરવાજો બારણું ને પોળ, મેડી મહેલ ચીત્ર કે ધોળ;
નગર શહેર વસાવે ગામ, ભાગોળે કરે ગણુપતી ધામ.
ગામ પહેલા સ્થાપો ગણુનાથ, તો અખુટ દોલત આવે હાથ;
ગ્રહ પુજાને વધુ પ્રવેશ, ગાંધર્વ લગ્ન જળ પુજા બેશ.
દત્ત પુત્ર બેસે આશંન, દંત પહેરવા ઈચ્છે મંન;
સર્વે શમરે સમૃદ્ધિ ગણી, ધારે ગણપતિ ધીંગો ધણી.
કાળ ચોગણી રાહુ નીઘંટ, દશા શુળ વચ્છને યમઘંટ;
એટલા સર્વ તે શું કરે જોર, ગણુપતિ શમરે પહેલે પહોર;
સન્મુખ જમણા કરે જે હાણુ, ગણુપતિ શમરે સુભફળ જાણુ.
ચંદ્ર ગણુપતિને વસે છે ભાલ, તે શમરતાં કરે છે ન્યાલ;
વજ્ર વિસ્કુંભક વ્યતિપાત, અનેક વિઘ્નની કરે તે ઘાત.
ગણુપતી શમરે સર્વે સીદ્ધ, ગણુપતી શમરે નવે નીદ્ધ;
એકે ચીતે ગણુપતી ગાય, તેના કોટીક, વિઘ્ન તે જાય.
સર્વે દેવમાં સમરથ સહી, તે ગણુપતિની કથા કહી;

દેવળ બાંધે દેવજતણું, ત્યાં ગણુપતિને પરથમ ભણું.
કવિ કવિતા રચે વિલાશ, સુભ વાણી આપે તેભાષ;
બળ બુદ્ધિ વિદ્યા આદરે, ગણુપતિ સ્મરણુ સર્વે કરે.
સારપત્રીકા છાપાં યંત્ર, કામણુ ટુમણુ મંત્ર ને જંત્ર;
અગણીત કામને અપાર ગુણ, શમર્યા વિના કરેજ કોણુ.
દોત દફતરનું કરે જે કામ, મહેતા મુસદ્દી લે સૌ નામ;
જે ગણુપતિનું કરે છે વ્રત, તેનું ફળ આપે છે તર્ત.
સંકટ ચોથ કરે નરનાર, આશા પુરે તેણી વાર;
સંકટ મોચન નામે ગણેશ, ટાળે શંકટ બાળે વેશ.
ઊભી ચોથ કરે અપવાસ, ગણુપતિ જાણે તેને દાસ;
પુજે ચંદ્ર ઊગે જે વાર, પાઠ કરે આ ત્યારે સાર.
દુર્વા પાંખડી ત્રણુ સમેત, એવી એકવીશ કર લેત;
અક્ષત આખા અણીસુદ્ધ, અબીલ ગુલાલ ને કુમકુમ દુધ.
દધી ઘૃત સાકર સિંદુર, ધૂપ દીપ નૈવેદનું પુર;
કરાવે વિધીવત સ્નાન, તેને મળે બહુ વિધનાં માન.
કર્ણુ પુષ્પના અર્પે હાર, કપુર આરતી કરમાં ધાર;
દીપક ઘૃતતણી ત્યાં જોડ, મોદીક થાળ ભરે મન કોડ.
ભાદ્રપદ શુદ ચોથ સુહાવે, જન્મ દીવસ પુજે જન ભાવે;
વીજીયા દસમી વીનાયક પુજે, અણુચીંતવ્યાં કાર્યેજ સુજે.
ઇષ્ટ કરીને પુજે કોય, તેના મનોરથ પુરણુ હોય;
શીવ સનકાદીક બ્રહ્મા ભણે, વિશ્નુ આપ બરાબર ગણે.
શક્તિ આધે સૌ ચીત ધરી, વરદાન આપ્યું હેતે કરી;
તુજ સમાન નહી જુગમાં જોડ, તું પુરીશ સર્વેના કોડ.
ગણેશ ગણે છે મોટો વીર, તેને સમરો આણી ધીર;
ગણુપતી પુજે પુંજા લે દેવ, સર્વ પેહેલી થાય તેની શેવ.
પાઠ કરે આ, કોઈ પ્રભાત, તેને નહિ સંકટની વાત;
મધ્યાને કરે આ પાઠ, તેને ઊત્તમ આપે ઠાઠ.
-સંધ્યાએ સ્મર્ણુ જે કરે, જન્મ મર્ણુ ભવસાગર તરે;
એ પ્રમાણે આદરે જે જન, તે પુરૂષને પુરણુ ધન્ય.

તેને સ્વપ્નામાં નાવે દુઃખ, ગુણનિધિ ગણપતિ આપે સુખ;
એવી અંતર રાખે ટેક, સાધન સર્વમાં ગણપતિ એક.
પુજા પાત્રી પ્રેમે જો ચહે, તેને વિ[illegible] કદી નવ નડે;
ઓગણીસેં પાંસઠસુભ જાણુ, ચૈત્ર સુદ અસ્ટમી વારજભાણ.
ગણપતિ સ્તોત્ર રચ્યુ પદ બંધ, ગણેશ પુરાણનો દસમ સ્કંધ;
વ્યાસ વ્રીજલાલ પ્રીતે ગુણ ગાય, મન વાંચ્છીત ફળ પુરણ થાય.
સિદ્ધી સાધન સર્વે ગણપતિ, ગાયા ગુણ જેવી મુજ મતી;
નૈષધપુરમાં કવિનો વાસ, અમદાવાદની એ છે પાસ.
નૈષધપુર નરોડુ ગામ, ત્યાં રણછોડજીનું છે ધામ;
ત્યાં આગળ મહારો નીવાસ, હું તો સર્વે કવિનો છું દાસ.
નથી જાણતો પીંગળ પાઠ, નથી જગણ મગણનો ઠાઠ;
જેવો ઊપજ્યો હૃદયનો કોડ, તેમાં કોઈ ન દેશો ખોડ.
હોય ખોડ તો માગુ માફ, સુધારીને કરજ્યો સાફ;
સજ્જન શીખીને ગુણ ગાય, પ્રેમે પુજો ગણપતિ પાય.
મનની ઇચ્છા પુરણ થશે, જેવો ભાવ જેના દીલ હશે;
મુજપર ગણપતિની મેહેર, તેથી થઇ રહી લીલા લેહેર.

(ઇશ્વર સ્તુતી છંદ, વસંતતીલકાની ચાલ.)

કિરતાર કરસાર કરૂણા નિધાન, દે જ્ઞાન સુદાન સરસ સુજાન;
દે શુભ ભોગ હર રોગ શારંગ પાણી, નિરખો કોમળ નેત્રથી દાસ જાણી
ધરી ધિર રઘુવીર છો છત્ર ધારી, છબી તાહરી સકળ સૃષ્ટિ શું ન્યારી;
કર વહાર ઊર ધાર અરજી અમારી, કરૂં સેવના સત્ય નિત્યે તમારી.
પ્રભુ પ્રેમ શું નેમ શું નિત્ય ગાઊં, ચર્ણ તાહરા સેવવા ચિત ચહાઊં;
ભજી નાથને ભવ સિંધુજ તરવો, જેવો પથ્થરનોજ પારસ કરવો.
હે દેવ તુજ ટેવ છે બહુજ સારી, તને સેવતાં પામ શું મોક્ષ બારી;
ગણુ ગુણ તારા તણો પામુ પાર, દયા જાણીને માહરી કર વહાર.
અજામેલ જેવા જે અપાર પાપી, ગજ ગુણકાનાં નાંખ્યાં અઘકાપી;
ભવોભવ તમે ભક્તના હિતકારી, નથી જાણતુ કોઇ ગતી તમારી.
શશી શેષ શારદસનકાદી જેવા, અજ, ઇશને આદી નારદ દેવા;
રીઝે નાથ તો મોક્ષને પદ મહાલે, રચ્યા છે રૂડા છંદ આ વ્રીજલાલે

(જ્ઞાનીની રેહેણી ચોપાઈ.)

સત્ વસ્તુનો કરજો સંગ, જેનો ઉત્તમ દીસે છે રંગ;
બ્રહ્મ દશાને પામે જેહ, સાર સતસંગનો પામે તેહ.
અલખ પુરૂષનો જાણે ભેદ, ટળે અંતરનો સર્વે ખેદ;
માયા મમતા મનની તાંણ, બંનહારાને ધામજ જાંણ.
સરભંગી થઈ સહેજે ફરે, ભલી બુરી અંનર નવ ધરે;
આશા ત્રક્ષા ઉપાધિ તજી, સોહંગની સામગ્રી સજી.
ગુરૂ ગમ દીપક લીધો હાથ, સગપણ કીધુ સતગુરૂ સાથ;
સુન્ય શિખર સમાધિ શુદ્ધ, પહોચી અલખ પુરૂષ ઘેર બુદ્ધ.
ઈંગળા પીંગળા સુક્ષમણા જાણ, કામ ક્રોધને માર્યો બાણ;
સત્ય સાહેબને સોંપ્યુ શીશ, જાણ્યો અમર આત્મા ઈશ.
ભુલે ભવ સાગરમાં નહિ, તર્યો સાત સમુદ્ર તે સહી;
પરાપાર જે પુરણ બ્રહ્મ, ઓળખ્યો તેના ઘરનો ધર્મ.
જન્મ મર્ણની છુટ્યો જાળ, કાળ તણો તે થયો છે કાળ;
શત્રુ મિત્ર છે સર્વ સમાન, રાગદ્વેષનુ તજ્યુ છે તાન.
દોશ પરના નવ દેખે મંન, વિષ્ટારૂપ જાણે છે ધંન;
નિંદ્યા સ્તુતી છે એક સમાન, ભુલ્યા ચર્મના દેહનુ ભાન.
થઈ વિદેહી વીચરે વંન, ડર રાખે નહિ કોઈનો મંન;
અંગ વ્યાધિ વેઠે છે સદા, તેનો શોક ન અંતર કદા.
પ્રારબ્ધ કર્મ છે દેહને શીર, તેથી સુખ દુઃખ સહે શરીર;
જ્ઞાની મન નહિ હરખ કે શોક, દ્રષ્ટ પદાર્થ સર્વે છે ફોક.
ઉપજે તેતો વણસે સહી, તેનુ દુઃખ કંઈ ધરવુ નહિ;
ઉઠે સમુદ્ર માંહિ તુરંગ, એમ માયાના જુજવા રંગ.
જેમ જુજવી વાદળીની ભાત, એમ માયાની વિધ વિધ જાત;
ઉપજી પાછો માંહિ સમાય, વારંવાર તે એમજ થાય.
ઉનાળે અવની ઉરમાંહિ, શીતળતા જળ ભીતર ત્યાંહી;
તેમ જ્ઞાની અંતરમાં સ્થિર, ઉપર તાપે તપે નવ નીર.
અજ્ઞાનીની અવળી મતી, તેને સુખ મળે નવ રતી;
બળે ત્રિવિધીથી ત્રણે કાળ, મૃગ જરે છે વનમાં ફાળ.

હશે હીશાએ ધાયે ઘણું, કામ સરે ન પોતાતણું;
એમ કરતાં આવે વૃષા કાળ, થરે ઘાસ પણ મનમાં ફાળ.
જેમ અવનીને ભીર નહિ ખેદ, સરખુ સર્વે નલેહા ભેદ;
એમ જ્ઞાની છે અવનીરૂપ, અંતઃકર્ણ છે જળનો કુંપ.
પેખે તેટલુ ખેચી લે કોય, પ્રાતઃસમે તેટલુ તે હોય;
તેમાં નાંખે કોઇ હીણી વસ્ત, તેનો નવ પકડે તે હસ્ત.
ગંગા જળનુ નાખે જો નીર, તેને નવ આપે જળધીર;
પાઓ પીઓને બેસાડો પર્વ, જ્ઞાની અજ્ઞાની પીએ સર્વ.
તેનો દોષ દેખી નવ લીએ, અન્યને ભેદ તેતો નવ દીયે;
એવો સંતનો સારો ટેક, અલખ પુરૂષ જાણે છે એક.
જુઠી જુગની બાજી જાણ, તેની મુકી એચા તાંણ;
વેહે વૈરાગ્ય તે પામ્યા સંત, અવર વસ્તુમાં ન મળે ચીંત.
માયા માત્ર મનની તાણ, અળગી રહી તે આપે જાણ;
કુબુદ્ધિનો તો લુંટયો કોટ, લાગી સુરત નીશાને ચોટ.
શત્ર સર્વનો કીધો છે નાસ, બ્રહ્મરૂપમાં કીધો વાસ;
લક્ષાર્થનો આવ્યો લક્ષ, અમૃત આપે કીધુ ભક્ષ.
વિષયરૂપી તજ્યુ વિષપાન, મિથ્યાદેહનુ ભુલ્યા છે ભાન;
હું મહારૂ નહિ સર્વે ફોક, બ્રહ્મ સત્તામાં સર્વે લોક.
કહે શ્રીજલાલ એવા જન કોય, લક્ષ મળે ત્યાં એક હોય;

(ગુરૂ શીષ્ય સંવાદ રાગ આખે ગીતાનો.)

પ્રથમ પહેલા વર્ણવું, શ્રીગુરૂ ગણપતિ દેવ;
જે છે શુદ્ધ બુદ્ધે આગળા, તેની કરે સર્વે શેવ.
સત બુદ્ધીવર શ્રીગુરૂ, શુદ્ધબુદ્ધ વર ગણેશ;
તેને તે શેવું પ્રેમસુ. મન ગમતા ગુણ ભણેશ.
અજ્ઞાન જે અંતર તણુ, તે કરે છે વિઘ્ન અપાર;
તે ગુરૂ વચને નાશ પામશે, જો શ્રોતા હોય સારધાર.
જેમ કીટનો તે ભમર ભાળે, બાંવળને ચંદનનો પાસ;
જેમ નીચ નીર જઈ વસે છે, શ્રીગંગ જળમાં વાસ.

જેમ પારસ પરસે હેમ હોય, તેમ કાષ્ટ થાય અગ્નિરૂપ;
એમ સદ્ગુરૂને પરસતાં, તે પામે ત્રિભુવન ભૂપ.
વળી ગણે તેને ગણપતી, ગુરૂ [illegible] ગુણ ભંડાર;
પ્રથમ પહેલા પુજવા શ્રી, ગુરૂ ચર્ણ નીત્ય સાર;
ગુરૂ ગોવિંદને ગણપતી, ત્રણે એક સ્વરૂપ પ્રમાણ.
જેને જેહશુ પ્રેમ વાધ્યો, તે તેની માને આણ;
શેવુ બ્રહ્મ તનયા સરસ્વતી, મા સકળ સુર વિખ્યાત.
વાગેશ્વરી વરદાયની, તમો અખીલ જગતની માત;
છો બુદ્ધિ બળમાં અતી ઘણાં, કર વેણા ધરિ કરો ગાંન.
મને દાસ તારો જાણજે, તમો આપો વિદ્યા દાન;
તેં કંકરતણા મેરૂ કર્યા, તે વધીયા લક્ષો લક્ષ.
મા સકળ જાચે તુજ કને, તમે સર્વ જક્તની છો દક્ષ;
મા ચર્ણ તાહરા શેવતા, શુભ કવિ કાળીદાસ.
વ્યાસ અને વળી વાલ્મીક, સૌ કરે તાહરી આશ;
જેદેવ અને સેહેદેવ સર્વે, વળી સુત પુરાણી સાર.
શું વખાણું મા તુજને, તારા ગુણતણો નહિ પાર;
વળી સંત સર્વને શુદ્ધ ભાવે, વંદુ તે વારંવાર.
જોગી જંગમને શેવડા, સંન્યાશીયો આધાર;
વળી અજથકી જે ઉપન્યા, સપ્તરૂષિતણો પરિવાર.
તેને તે કરજોડીને, નીત્ય કરૂ છુ નમસ્કાર;
જે સકળ શાસ્ત્રના અધિષ્ઠાતા, વળી વેદતણા જે જાણ.
સચ્ચિદાનંદ પુર્ણ બ્રહ્મ છે. એમ વદે વેદ પુરાણ;
મતા મતી નહિ જેહને, કરે અખંડ બ્રહ્મનુ ધ્યાન.
તેને એક ચૈતન સઘળે વ્યાપક, જક્તના જીવ સમાન;
મેં વાણી સુંણી વેદાન્તની, સદ્ગુરૂ કેરી તે પાસ.
તે દીનથી ગુરૂ શેવવાની, ઉપજી છે મન આશ;
રંક જાણી રક્ષા કરજો, આપો ચર્ણમાં વાસ.
થયો શેવક તેહના ચર્ણનો, વળી દાસતણો છું દાસ;
વેદમાંથી ભેદ કહાડી, કહ્યો ગુરૂએ જેહ.

મુજ બુદ્ધિ અનુસરથી, હું તો વર્ણવું છુ તેહ;
ગુરૂએ ભાસ્ય રચ્યું ભાવથી, ભવસિંધુ મધ્યે પોત.
તે સકળ સુણશે સ્નેહથી, હરશે અખંડ બ્રહ્મની જોત;
વેદાન્ત મત છે અતી ઊત્તમ, તેને સમજે વીરલા કોઈ.
એ સનાતનને શોધી કાહાડે, તે સદ્દગુરૂ પદ શુભ હોઇ;
તે પરા પારને પરખવા, સમર્થ સંત સુજાણ;
તેને મુખે અમૃત વાણી ઝરે, એજ જાણજો પ્રમાંણ.
એક બ્રહ્મમય જક્ત સર્વે, કહ્યો મનને દેહનો સૌ ધર્મ;
સાકાર નિરાકાર સર્વે કહ્યાં, કહ્યાં તેહનાં કર્મ અકર્મ.
મે સાંભળીને ચિત વિચાર્યું; પછી કર્યું તેનું વખાંણ;
તે મન કલ્પના એ કરીને, વાંણીવડે કર્યું તે જાણ.
પ્રશ્નોત્તરથી કર્યું વર્ણન, મહારી બુદ્ધિને અનુસાર;
વચન વિણી વેદાન્ત કેરા, કર્યો માળા સમ આકાર.
તેમાં ગરૂડ જેવા તે મહાકવિ, જેની બુદ્ધિતણો નહિ પાર;
મુજ ચક્ર વાકનો ઠાઠ દેખી, હસે ન સમજુ સાર.
જેમ બાળક કેરો બોલ જોઇ, સમજુ ન કરે ખેદ;
જેવી બુદ્ધિ તેવી વદે વાણી, વાણીના બહુ ભેદ.
બ્રહ્મ સાગર અનંતવારી, તેનું થાય ન કોઇથી માપ;
માપ લેવા જે જન ગયા તે, ખોઈ બેઠા છે આપ.
જેમ ધૃત કેરૂ પુતળુ, અગ્નિ ઓલવવા જાય;
આવતાંમાં અગ્નિ તેહને, પલક માંહી ખાય.
મીણ કેરા મોજા પેહેરી, થાય અગ્નિપર સ્વાર;
પગ મુકતામાં પાણી માફક, પિંગળી પામે તે પાર.
મીસરી કેરો મઘર કરીને, સરોવર તરવા જાય;
સરોવરને તો શ્રમ ન પહોચે, અડતાં ઓગળી જાય.
જેમ સર્કરા કેરૂ સિંધુ મધ્યે, નવું મૂકે જો નાવ;
તેને તે છોડે નહિ તેહ, એનો એવો ભાવ.
જેમ લુણ કેરો પુરૂષ કોઈ, મોતી લેવાને જાય;
તે સિંધુમાંથી ઊપજ્યો, તોય સિંધુ તેમે ખાય.

એમ બ્રહ્મથી બ્રહ્માંડ સર્વે, તે ભર્યું છે સૌ ભરપુર;
સઘળે એનુ સામર્થ્ય રૂપી, વરશી રહ્યું છે નુર.
ઊપજી રહ્યું સર્વ બ્રહ્મથી, તે સમાયુ તેની માંહે;
અવિદ્યાએ અળગાં પડયાં, ભમાવ્યાં ભવમાહે.
એમ સ્થુળ સ્થુળનું ભક્ષણ કરે, આત્મા આત્મા માંહ્ય;
પંચભુત પંચભુતમાં ભળે, ચૈતન્ય ત્યાંયનો ત્યાંહ્ય.
અંધારામાં અર્ક ઊગ્યો, નિશ્ચય પામે તે નાશ;
એમ સદ્‌ગુરૂથી સદ્ય નાસે, અજ્ઞાન તીમીરનો વાસ.
અંધકારમાં વસ્તુ પડી છે, તેને ચક્ષુ ન દેખે એક;
દીપક ચક્ષુએ બે વિના, નવ વસ્તુ દેખે છેક.
એમ ચક્ષુરૂપે શાસ્ત્ર સઘળાં, ગુરૂ જ્ઞાન દીપક પ્રકાશ;
નીરખીને નીર્ણે કરો, અંધકાર તો પામે નાશ.
એવાં વચન સુણી વિશ્વાસ આવ્યો, ફરી ધીરજમંન;
સાવધાંન થઇને સાંભળી, પરિબ્રહ્મ કથા પાવંન.
તે સુણીને હુરંગ ઊપન્યો, દધીમથી કહાડવા ઘૃત;
કોઈ સમજુ સમજી ક્રોધ ન કરશો, અવળા ન સોધશો અર્થ.
શીદ્ધાન્ત મત શીરોમણી, વેદાન્ત મત અનુસાર;
તેના અર્થ સિદ્ધાન્ત કોઈ કરે છે, અગમ અર્થ અપાર.
આદ્ય મધ્યને અંત્ય એ છે, બ્રહ્મ અદ્વૈત એક સાર;
પરા પાર પરિબ્રહ્મ પરખો, છે અનંત લોક આધાર.
છ ધર્મ છત્રીશ પાખંડ કહીયે, જુજવી સર્વની ટેક;
વળી સંસ્કૃત કે પ્રાકૃતમાં પણ, જાણે નહિ બીજ્ઞ છેક.
જેમ શાળમાંથી ભાત કહાડે, તેમ વિટાયો વાણીથી સાર;
સંસ્કૃતમાંથી પ્રાકૃતરૂપે, ભાત કાઢી કર્યો વિસ્તાર.
પુરાણ પક્ષે સર્વે ચાલે છે, કઠણ છે વેદના વિચાર;
સમજણ વિના સુદ્ધી ન આવે, ભ્રષ્ટ થાય આચાર.
જેમ સંસ્કૃતમાંથી પ્રાકૃત પ્રગટયું, તેમ નીરાકારથી સાકાર;
વર્ણતાં પાર આવે નહિ, છે વાણી રહીત વિસ્તાર.
જેમ સુર્યમાંથી કિરણ ઊપજ્યાં, તે છે સુર્યનું તો તેજ;

એમ શશીમાંથી શીતળતા, શશી કેરૂ સ્વરૂપ છે એજ.
એમ પુરૂષથી પ્રકૃતી ઊપજી, તે માયાનો આભાસ;
એમ બ્રહ્મથી બ્રહ્માંડ સર્વે, પુરણુ પામ્યુ પ્રકાશ.
જેમ સરિતાને સાગર કેરાં, મળે છે જેમ મેળાપ;
સરિતા સાગરરૂપ થઈ, પછી મટી ગયુ તેનુ આપ.
જેમ સુત્ર થકી વસ્ત્ર કહીયે, તેમ સમુદ્ર થકી ઊપજે તુરંગ;
જેમ જળથકી પરપોટા નીપજે, પછી સમાય જળને સંગ.
એમ બ્રહ્મ અખંડ અવ્યક્ત પોતે,પછી ભાસ્યો તે બીજા સ્વરૂપ;
તેને અનંત નેત્રને અપાર બાહુ, અખીલ ભુવન કેરો ભૂપ.
સાકાર તે નિરાકાર તે, અસીપદનો આધાર;
જીવ ઇશ્વરમાં પ્રકાશ તેનો, અણુલીંગી છે આવાર.
જેમ અનેક પાત્ર ધાતુ તણા, તેના જુજવા જુજવા રંગ;
તે મધ્યે જળ ઊત્તમ ભર્યા, વસ્યો સુર્ય તેને સંગ.
તેમાં ભાસે પણ ભાગે નહી, અખંડ આપ સ્વરૂપ;
તેને જેવા રંગમાં મેળવે, તેવો દીસે અનુપ.
જેમ માટ ફુટે ઘાટ જાય, નીર જાય છે નીસરી;
ઘર પડે પોલાંણુ ન ભાગે, એ વાત દેખીતી ખરી.
એમ સમજીને સાકાર મારગ, સાચવશે જે જંન;
નિરાકારને ઓળખે નહિ, પણ અવતાર તેનો ધંન્ય.
જેમ ધેનુ તણાં બહુ રૂપ જોઈ, કરે મન કલ્પાંત;
પણ દુધ સર્વનુ એક સરખુ, પીતાં તે થઇએ શાન્ત.
એમ અનેકરૂપે ઇશ્વર દેખે, લેખે નહિ તે લગાર;
અંતર અવળુ અંતઃકર્ણ, તે ફેરવે લક્ષવાર.
એક બ્રહ્મના સ્વરૂપ વિષે, ભાસે કોટી લક્ષ બ્રહ્માંડ;
અનંત મુર્તિ બ્રહ્મની છે, એમ વદે વેદના કાન્ડ.
તેને અનંત વિશેષણ લગાડીયાં, તેનો થાય નહિ ઊથાપ;
એ નિરંજનને નીરાકૃતી, એનો સઘળે દીઠો વ્યાપ.
એક સિંહસ્વરૂપને ભુલીયો, રહ્યો અજામાં બહુદીન;
તે હરે ફરે અજામાં મળી, થઇ ગયો અજામાં લીન.

જ્યારે સદ્‌ગુરૂએ સંસેટાળીયો, થયુ સ્વરૂપનુ ભાન.
તે અજા મટી સિંહ રાજ્ય લીધો, દીધુ સદ્‌ગુરૂએ જ્ઞાન;
તેણે કરી ગર્જના ક્રોધ આણી, વધો વાણી વિક્રાળ.
તુ નીકળ ગઢથી બાહેરો, આજ આવ્યો તારો કાળ;
એમ પોતાપણુ પ્રીછયો નહી, પ્રપંચ પડીયો પાસ.
એ અવરને શું મારશે, કરે પોતે પોતાનો નાશ;
તેમ સદ્‌ગુરૂ વિના સુજે નહિ, અંધારે અથડાય.
શાસ્ત્રપુરાણ વેદ સરીખા, સદ્‌ગુરૂનો મહિમા ગાય;
જેમ હાંડી માંહે દીવો દીસે, બાહેર ભીતર એક.
એમ ઇશ્વર સર્વે જાણજો, તે સૌમાં ભાસ્યો છેક;
પોતાપણુ જેણે પરખીયું, સત્રિઘા માયા સુભ ધરી.
તેનુ અંતઃકર્ણ છે ઊજળુ, ચીદા ભાસ રહ્યો ભરી;
તે આપ દુઃખથી દુર થઇને, છે અવરનો આધાર.
તે પરદુઃખને જાણનાર કહીયે, એ ઇશ્વર તદાકાર;
જીવની આશા ઇશ્વર પુર્ણ જાણે, ઈશ્વર આશા બ્રહ્મ.
સ્વયં પ્રકાશીક સઘળે વ્યાપિક, અપાર એનો છે મર્મ;
એ અખંડને અવિગત પોતે, અવ્યક્ત અજર અમાપ.
અભેદ અખરાતીત્ કહીયે, અમર સત્ય જગબાપ;
અગમનીગમ કહે નેતી નેતી, એ અલખ શીવરાય.
'મન વાણી પહોંચે નહિ, તે અનુમાને ઓળખાય
તે નીરંજનને નીરાકૃતી, નહિ માત જાતને વર્ણ;
સઘળે સરખો એક ભાસે, તેને નહિ જન્મ ને મર્ણ.
જન્મ મરણ તેહને છે, જે જીવ દશામાં જઈ ભમે;
તે મૃતીકાનાં માટ માપે, ચૈતન દીપક લૈ દમે.
જન્મ મરણ તે દેહને છે, ક્ષુધા પીપાસા પ્રાણ;
શોક મોહ તે મનને છે,' એ રહીત ચૈતન જાણ.
અંતે અંતરમાં અજવાળુ થાયે, ભુલે જીવ દશા નીરવાણ;
જીવ જાણે પોતપોતાની, 'પરની નવ લહે વાણ.
માટલાના દીપકનું તેજ, અંતર અજવાળુ કરે;

એમાં ચૈતનનો શો દોષ દીજે, મન મેલુ તેથી તેજ હરે.
એમ જીવ ઇશ્વિર બ્રહ્મ સર્વમાં, સત્તા છે પોતાતણી;
પણ માત્ર ભેદ પટાન્તરો, [illegible]ડ સંબંધી થયો ઘણી.
માટે અનંતકોટી બ્રહ્માડ ધારક, સર્વ પ્રકાશીક જે શુદ્ધ;
સત્ચીદ આનંદરૂપે આપે, તેને જાણી શકે નહિ બુદ્ધ.
પરાપાર પેસાર નહિ, બળ નહિ જ્યાં બુદ્ધિતણું;
સકળ સૃષ્ટિના છે નીયંતા, એ ભગ રહીત ભુદર ભણુ.
તે કેહેવામાં આવે નહિ, છે આદી, મધ્યને અંત્ય;
તેને ઓળખવાને આ સમે, દયા કરો મહાનંત.
સર્વ સંશે દુર કરશો, ધરશો નહિ ઊર શોક;
પછે અજ ઊમીયાપતિ, વૈકુંઠપતિ, પામીયા ગો લોક.
તે કેહેવામાં આવે નહી, અનુમાને ઓળખાય;
તે શાનકા મુને શીખવો, તેથી નીરખુ નીરંજનરાય.
તે કેવા રૂપે કર્તા દીસે, તેની કોણ કહે સત્ય વાત;
તે કીએ નગરે વાસો વસે, જે અખંડ જેની છે જાત.
તે વેદરૂપે વાણી વદયા છે, નહિ પંચભુતનો દેહ;
તેને પુન્ય પાપ છે નહી, નહિ કાર્ય કારણ એહ.
તેને વેદ પણ ઓળખે નહી, નવ જાણે અજને ઈશ;
છત્રીશ હજાર વરસ બ્રહ્મા ભમ્યા, નહિ પામ્યા શીવનું શીશ.
ગયા ગોથાં ખાતા કઈ, નવ જડી એકે દીશ;
શ્રીજલાલ વાણી એમ વદે, એ અનુભવે ઓળખીશ.

श्लोक. ब्रह्म वर्णन.

पाताळेचांतरोक्षेदसदोसगमनेः सर्व सैलेसमुद्रेः
भस्मेकाष्टेचलोष्टे क्षीतोजलपवने स्थावरेजंगमेवाः
बिजंसर्वौषधीनांमसुरसुरपते पुष्पपत्रेतृणाग्रेः
एकोव्यापीसीबोहं ईती वदतोहरीनास्तीदेवोद्वीतीयः १

(સર્વે વ્યાપિક પરમાત્મા વિષે ભુજંગી છંદ.)

નહિ નેત્રને નેત્ર અનંત કહીયે, ભર્યો વ્યોમમાં તોય ના દ્રષ્ટે લહીયે;
તેતો તેજના પુંજ માંહિજ પોતે, નથી બાળયોવન કે વૃદ્ધ જો તે.
નથી શ્યામ કે સ્વેત કે વર્ણ પીળો, નથી લઘ કે ગર્દને છેક શીળો;
નથી જન્મને મર્ણની આશ એને, નથી માતને તાત કે ભ્રાત જેને.
નથી લેણુ કે દેણુ એકે અહાપી, દીસે નીર્વિકલ્પ અનાદિના વ્યાપી;
નથી સાથ સંગાથ કો મીત્ર સુરો, નથી તેહને શીષ્ય કે ગુરૂ પુરો.
થયો આપ પોતે તે અપાર કર્તા, વળી કોટી બ્રહ્માડનાં દુઃખ હર્તા;
દીશે દાતારમાં દક્ષનુ રૂપ પોતે, થયા ભોક્ત તે ભોગમાં આપજો તે.
નથી કર્મ અધર્મ અવ્યક્ત તુર, વળી મોક્ષનું રૂપ આપે હજુર;
નથી રાગને રંગને ગાન તાન, નથી રોષ કે દ્વેષ કે લોભ માન.
નથી સ્થાપ ઊથાપ કે માપ એને, નથી શબ્દનો બુંદનો નાદ તેને;
નથી અર્થ કે ગર્થ છે ધ્યેય ધાતા, નથી પાપ કે પુન્ય છે સુખ શાતા.
નથી મંત્રથી તંત્રથી તેજ ન્યારો, નથી તીર્થથી વેદથી યજ્ઞ બારો;
નથી પંચમાભૂતનું બુત તેનું, અરે યાર અરૂપ છે રૂપ એનુ.
એતો પાંચ પચીશ બાવન હાર, અનાદિ અને અદ્રષ્ય છે અપાર;
ગતી ગોતતાં પોત પોતાનું જાયે, મતિ તો રતિ છે વળી કેમ થાયે.
વહેલીજલાલ તમારોજ દાસ, મારો નેપધપુર મધે નીવાશ;
જપુ જીભથી બ્રહ્મ નીર્ગુણ સાર, જેના ગુણુનો કોઈ પામે ન પાર.

(સૃષ્ટિની ઊત્પત્તિ.)

પ્રથમ પુરૂષથી પ્રકૃતિ થઇ, આદ્ય યોગણીરે.
તેણે રચ્યો બ્રહ્માંડનો ખેલ; થઈ ભવ ભોગણીરે. ૧
પંચ મહાભૂત પ્રથમ નહોતાં, આદ્ય યોગણીરે.
નહોતા ચંદ્ર સુર્ય સ્વર્ગ લોક; થઈ ભવ ભોગણીરે. ૨
પૃથ્વિ પુરૂષ નારી નહિ, આદ્ય૦
દીસે જગત અગ્યત અરૂપ. થઈ૦ ૩
દીવસ રાત દીસે નહિ, આદ્ય૦
કાળ ગતી ત્યાં શુન્ય સ્વરૂપ, થઈ૦ ૪

અધર્મ અને અસત્ય નહિ. આદ્ય૦
ગરમી શરદી કે નવ વરસાદ, થઈ ૫
ધાતુ કે ધામ મળે નહિ. આદ્ય૦
મળે વસ્તુ નહિ ત્યાં એકાદ, થઈ૦ ૬
પુરૂષે પ્રકૃતિ પ્રગટ કરી. આદ્ય૦
તેણે કર્યો છે જગત વિસ્તાર, થઈ૦ ૭
મહતત્વ કીધાં મહા સક્તિયે. આદ્ય૦
તત્વમાંથી થયો અહંકાર, થઈ૦ ૮
ત્રણ ગુણ તેહમાંથી થયા. આદ્ય૦
રજ તમ ને સત છે નામ, થઈ૦ ૯
રજોગુણથી બ્રહ્મા પ્રગટીયા. આદ્ય૦
તેને વરવાની પુછી છે વાત, થઈ૦ ૧૦
માત જાણી તેણે ના કહી. આદ્ય૦
બાળી કીધો છે પ્રલે પાત, થઈ૦ ૧૧
સતો ગુણે વિશ્નુ પ્રગટીયા. આદ્ય૦
તેને શક્તિયે પુછીએ વાત, થઈ૦ ૧૨
વરો તમે મને પ્રેમથી. હું આદ્ય૦
ના કહેતામાં કીધી છે ઘાત, ભવો ભવ ભોગણીરે. ૧૩
ક્રોધ કરી તમો ગુણથી. આદ્ય યોગણીરે.
પ્રગટયા શીવ સ્વરૂપ વિશાળ, ભવો ભવ ભોગણીરે. ૧૪
અહંકાર અંતર અધિકથી. આદ્ય યોગણીરે.
વદન દીસે અતિ વિકાળ, ભવો ભવ ભોગણીરે. ૧૫
સમર્થ સર્વથી અધિક છે. આદ્ય યોગણીરે.
કરી વરવા કેરી વાત, ભવો ભવ ભોગણીરે. ૧૬
શીવે વિચાર્યું બહુ સર્વથી. આદ્ય યોગણીરે.
થઈ જનુની જીવન પ્રાણ, થઈ ભવ ભોગણીરે. ૧૭
ત્યારે શક્તિ બોલી શંશય મુકી, આદ્ય યોગણીરે.
કરો વરવાનો તમે વિચાર. થઈ ભવ ભોગણીરે. ૧૮

બેરે પુરૂષમે બાળીયા, આદ્ય ચોગણીરે.
છતમાં દેખાડી તેણે છાર. ભવો ભવ ભોગણીરે. ૧૯
વરવાની વાત જો નહિ કરો, આદ્ય ચોગણીરે.
તો તો બાળતા શી છે વાર. ભવો ભવ ભોગણીરે. ૨૦
નહિ તો વચન વરવાનું દીજીયે, આદ્ય ચોગણીરે.
નથી છોડવાની હું તો આજ, ભવો ભવ ભોગણીરે. ૨૧
શીવ સન્મુખ આવી બોલીયા. આદ્ય ચોગણીરે.
હું કહું તે કરશો કાજ, ભવો ભવ ભોગણીરે. ૨૨
બંને પુરૂષ તમે બાળીયા. આદ્ય ચોગણીરે.
તેને પ્રગટ કરો આ ઠામ, ભવો ભવ ભોગણીરે. ૨૩
શક્તિ એ સત્વર પ્રગટીયા, આદ્ય ચોગણીરે.
તેનાં બ્રહ્મા વિશ્નુ છે નામ, ભવો ભવ ભોગણીરે. ૨૪
ત્રણે મળીને વિચારીયુ. આદ્ય ચોગણીરે.
ના કહેતામાં કરશે નાશ, ભવો ભવ ભોગણીરે. ૨૫
ત્રણ મળી કહે છે તેહને. આદ્ય ચોગણીરે.
તમો અગ્નિમાં કરો પ્રવેશ, ભવો ભવ ભોગણીરે. ૨૬
એકસો આઠવાર અગ્નિમાં પરવરો. આદ્ય ચોગણીરે.
પછી વરતાં પાપ ન લેશ, ભવો ભવ ભોગણીરે. ૨૭
ત્યારે ઝાળામાં ચાલ્યાં છે ઝીલવા. આદ્ય ચોગણીરે.
બળતાં રાખ રહી છે શેશ, ભવોભવ ભોગણીરે. ૨૮
તેના કીધા છે ત્રણ ભાગ. આદ્ય ચોગણીરે.
ત્રણે ત્રિયા તેમાંથી હોય, ભવો ભવ ભોગણીરે. ૨૯
લક્ષ્મી સાવિંત્રી ઉમીયા નામ, આદ્ય ચોગણીરે.
પ્રથમ પાર્વતિ ને શીવ જોય. ભવો ભવ ભોગણીરે. ૩૦
વર્યા સાવિત્રી બ્રહ્મા સ્વરૂપ, આદ્ય ચોગણીરે.
વર્યા લક્ષ્મી ને વિશ્નુ સાક્ષાત. ભવો ભવ ભોગણીરે. ૩૧
શક્તિ કહે સુણો સૌ તમે, આદ્ય ચોગણીરે.
જન્મ સમે જનુની જાત. ભવો ભવ ભોગણીરે. ૩૨

ભોગ સમે ભારીયા બનું, આદ્ય યોગણીરે.
શેવા સમે છું શકિત સ્વરૂપ ભવો ભવ ભોગણીરે. ૩૩
સંહાર સમે હું છું કાળીકા, આદ્ય યોગણીરે.
મારાં સમય પ્રમાણે સ્વરૂપ. ભવો ભવ ભોગણીરે. ૩૪
સંસારીયોને સમજવા, આદ્ય યોગણીરે.
વ્યાસ વીજલાલે કીધી છે વાત. ભવો ભવ ભોગણીરે. ૩૫
ક્રોધ ન કરશો એહ ઊપરે, આદ્ય યોગણીરે.
કરે ખુવાર એ સાક્ષાત. ભવો ભવ ભોગણીરે. ૩૬

દોહરો.

ઊત્પન્ન સૌ બ્રહ્મા કરે, રક્ષા વિશ્નુ દેવ;
શીવ સંહારક સર્વના, ત્રણે ગુણ તત્ એવ.

(રાગ લીલાવતીનો ધરો ગુણ ધીરા રે.)

તમો ગુણથી પ્રગટ્યા તર્ત, વિષય વિચારરે.
ગુંચવાયુ છે સર્વે જડત. આવે નવ પારરે.
રજો ગુણથી ઇંદ્રિ દશે થઈ, એમ જાણો રે.
સતો ગુણથી થયુ છે મંન. એજ પ્રમાંણોરે.
એમ ભિન્ન ભિન્ન કરીને ભેદ, ગુરૂ મુખ ગાયારે.
એમાં સમજે સંત સુજાણ, મહાપદ પાયારે.
એવો પુર્ણ બ્રહ્મનો ભેદ, સમજે તે પુરારે.
રાખે અનુભવને એકાન્ત. સાચા તે સુરારે.
તેમાં અંતર અનેક પ્રકાર, માયાના દીઠારે.
તેમાં ગુંચવાણા સર્વ જીવ. લાગ્યા તે મીઠારે.
તેથી જીવ ઇશ્વરને બ્રહ્મ, ત્રણેનો તંત્રરે.
તેને સમજીને સમરે એક. સોહંગ મંત્રરે.
એવી અવિદ્યા માયાની જાળ, તેમાં સૌ ગુંચાંણારે.
તેમાં તન તેતર મન બાજ. કાળ સિંચાણારે.
આવી પકડ પ્રાણીને પુર. પળમાં કરે પ્રલેરે.

એમાં ઊગરે અનેકે એક, સંત જેવલ્લેરે.
એવું સતગુરૂએ કહ્યું વાકય. મન બહુ ભીન્યોરે.
ગઈ સંશયની સંખ્યા અપાર, આનંદમાં ભીન્યોરે.
ફરી પૂછે પ્રેમથી પ્રશ્ન. પ્રિતી આણીરે.
મારા સુખસાગર ગુરૂદેવ, વદો શુભ વાણીરે.
જગત રચ્યું શા કારણે. કહોને સ્વામીરે.
શી ઈચ્છા કારણ અવિનાશ, વદો બહુ નામીરે.
ત્રણ ગુણ કેમ નીપજાવીયા. કહો સ્વામીરે.
કરી અવિદ્યા સવિદ્યા દોય, વદો બહુ નામીરે.
આકાશ, પવન તેજ કર્યા. કહો સ્વામીરે.
કર્યા જળ સ્થળ પૃથ્વિરૂપ, વદો બહુ નામીરે.
કહો પંચમહાભૂત વિચાર. અરે ઓ સ્વામીરે.
તેનો કેમ કરી રચ્યો દેહાકાર, વદો બહુ નામીરે.
એનો અર્થ અનુભવથી કરો. ઓ સ્વામીરે.
મારા જન્મ સુધારણ હાર. વદો બહુ નામીરે.
ભીજલાલ નમૃતાથી વદે. ઓ સ્વામીરે.
કરો સેવક સંશયથી દુર. વદો બહુ નામીરે.

ગુરૂ–ઊત્તર.

કહે ગુરૂ સુણો શીષ્ય માહરા, ગુણવંતારે.
સર્વ પ્રશ્નનો વદુ વિસ્તાર. ધરો કેમ ચીંતારે.
દેહ કરી પંચભૂતની, ગુણવંતારે.
પંચભૂતનાં પચીશ પ્રમાંણ. ધરો કેમ ચીંતારે.
પંચભૂત થયાં તમસ–અહંકારથી, ગુણવંતારે.
મહતત્વથી થયો અહંકાર. ધરો કેમ ચીંતારે.
મહતત્વ થયું પ્રકૃતિ થકી, ગુણવંતારે.
પ્રકૃતિ છે પુરૂષ ઈચ્છાય, ધરો કેમ ચીંતારે.
પુરૂષ છે તેજ પરમાત્મા, ગુણવંતારે.
જે સતચિત આનંદરૂપ. ધરો કેમ ચીંતારે.
તેને નિશ્ચય કરીને ઓળખો, ગુણવંતારે.

થાશો ભવજળ સિંધુથી પાર. ધરો કેમ ચીંતારે.
જ્ઞાન સાગરમાં તેતો ગ૮ ,, ગુણવંતારે.
જહોરચો પારસમણીની પાસ. ધરો કેમ, ચીંતારે.
હદ બેહદ તેતો થયો, ગુણવંતારે.
થયો બ્રહ્માનંદ સુખરૂપ. ધરો કેમ ચીંતારે.
જેમ જળને મળ અડે નહિ, ગુણવંતારે.
જેમ અર્કમાં નહિ અંધકાર. ધરો કેમ ચીંતારે.
જેમ તીર્થને પાપ નડે નહિ, ગુણવંતારે.
જેમ અગ્નિ ઊધે શું ખાય. ધરો કેમ ચીંતારે.
તેમ બ્રહ્મતે કર્મ એકે નહિ, ગુણવંતારે.
નહિ સુખ દુઃખ જન્મને મર્ણ. ધરો કેમ ચીંતારે.
પુન્ય પાપ જેને દિસે નહિ, ગુણવંતારે.
નહિ કાળ કર્મની આડ. ધરો કેમ ચીંતારે.
નાત ને જાત જેને નહિ, ગુણવંતારે.
નહિ માત પિતા પરિવાર. ધરો કેમ ચીંતારે.
આવર્ણ એ કે અને નહિ, ગુણવંતારે.
જેમ દીનકર ધુળે ન ઢંકાય. ધરો કેમ ચીંતારે.
જેનું નીર્ગુણ નરમળ નામ છે, ગુણવંતારે.
સાક્ષી સકળ લોકનો જાણ. ધરો કેમ ચીંતારે.

(શરીરમાં કેટલાં તત્વને દેવ છે પદ ૨ જું રાગ ઊપરનો.)

કાયા કરી આ કારમી, ગુરૂ માહારારે.
તેમાં તત્વ કયાં કયા દેવ. વદો ગુરૂ મારારે.
ખ્યાશી બાવનથી બહાર છે. ગુરૂ માહારારે.
તેનો કીયા મુકામે વિશ્રામ. વદો ગુરૂ મારારે.
પૃથિવ પવન પાવક વળી, ઓ શીષ્યજીરે.
પાણી આકાશ મળી પંચભૂત. નહિ જુગદીશજીરે.
શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધ, ઓ શિષ્યજીરે.
એ પંચ વિષય વિકાર. નહિ જુગદીશજીરે.
નાક નેત્ર ચર્મ કર્ણ જીભ, ઓ શિષ્યજીરે.
એવી જ્ઞાંન ઇંદ્રિ છે પાંચ. નહિ જુગદીશજીરે.

મુખ ચર્ણ ગુદા હસ્ત એ, ઓ શિષ્યજીરે.
શિષ્નુ મળી કર્મ ઇંદ્રિ પાંચ. નહિ જુગદીશજીરે.
મન બુદ્ધિ ચિત અહંકાર. સુણો તમે શિષ્યજીરે.
એ છે અંતઃકર્ણ આધાર, નહિ જુગદીશજીરે.
એ છે ચોવીશ તત્વનો તાર. સુણો તમે શીષ્યજીરે.
તેમાં પચીશમો જીવ કરે રાજ, નહિ જુગદીશજીરે.
છવીશમો સોહંગ બ્રહ્મ છે. ઓ શીષ્યજીરે.
એ છે શબ્દાતીત્ સ્વરૂપ, એ છે અજ ઇશજીરે.
એ છે કર્મ રહિત કિરતાર. સુણો તમે શીષ્યજીરે.
વ્યાપક અખંડ સ્વરૂપ એક, એ છે જુગદીશજીરે.
એ છે અખિલ લોકનો ઇશ. સુણો તમે શીષ્યજીરે.
તમે સમજો ને સંત સુજાણ. એ છે જુગદીશજીરે.
ક્રણના દેવ દિગપાળ છે; સુણો શીષ્યજીરે.
ચર્મ દેવતા વાયુ પ્રમાંણ. વિશ્વાધીશજીરે.
ચક્ષુના દેવ દીવાકર, સુણો તમે શીષ્યજીરે.
દેવનાકનો અસ્વની કુમાર. વિશ્વાધીશજીરે.
રસનાનો દેવ વરૂણ છે. સુણો તમે શીષ્યજીરે.
મુખે વસે છે અગ્નિદેવ. વિશ્વાધીશજીરે.
હસ્તે વસે છે ઇંદ્ર દેવતા, ઓ શીષ્યજીરે.
ચર્ણ ઊપેંદ્ર વસે બળવંત. વિશ્વાધીશજીરે.
વિષય ઇંદ્રિયે પ્રજાપતિ વસે, ઓ શીષ્યજીરે.
ગુદાએ વસે યમરાય. વિશ્વાધીશજીરે.
મનનો સ્વામી ચંદ્રમા દીસે. સુણો શીષ્યજીરે.
બુદ્ધિનો સ્વામી તો અજ, વિશ્વાધીશજીરે.
ચિતના સ્વામી વાસુદેવ છે. સુણો શીષ્યજીરે.
અહંકારના સ્વામી છે રૂદ્ર, વિશ્વાધીશજીરે.
એમ અનંત ગુણ અનેક તત્વ છે. સુણો શિષ્યજીરે.
તેનો કહેતાં ન આવે પાર, વિશ્વાધીશજીરે.
સર્વ દેવાધિ દેવ એક છે. સુણો શીષ્યજીરે.
એ તો પ્રકાશીત પુર્ણ બ્રહ્મ, વિશ્વાધીશજીરે.

એતો સુત્રાત્મા સમસ્ત. સુણો તમે શીષ્યજીરે.
જેની શકિતથી સર્વે દેવ. વિશ્વાધીશજીરે.
એમ શિષ્ય પ્રત્યે ગુરૂએ કહ્યું, સુણો શીષ્યજીરે.
વદે સત્ય તે એમ ત્રીજલાલ. વિશ્વાધીશજીરે.

(બ્રહ્મને ઓળખવા વિષે રાગ જીવણદાસની ચાતુરીનો છે.)

ઢાળ.

પુછે પ્રશ્ન શ્રી ગુરૂને શિષ્યજી, કેવા રૂપે વસે છે જુગદીશજી;
પુર્ણ બ્રહ્મનો પુછુ ભેદજી, જેને ગાય છે અહોનીશ વેદજી.

(રાગ. અખેગીતાનો.)

વેદ સરીખા વર્ણવી થાકયાને, વાણીમાં આવે નહિ;
એ કર્તાને કેમ કરી ઓળખીયે, તે સાંભળવા ઇચ્છા થઈ.
ત્યારે સદગુરૂ વળતા બોલીયા, તું સાંભળ સત્ય વિવેક;
એ અખિલ ભુવનમાં ભરપુર છે, આદ્ય મધ્ય અંત્યે એક.
તેને અક્ષર વાણીયે વર્ણવું તો, જીભ્યાપર આવે નહિ;
સોહંગ સભરાભર ભર્યો છે, તેની અનુમાને એંધાંણી કહી.
જેને અનંત બાહુ ને અનંતલોચન, અનંત કર્ણ કિરતાર;
તેના ગુણનો તે પાર નવ લહુ, તેતો વાંણી રહીત વિસ્તાર.
જેના અનંત શીરને અનંત મુર્તિ, જેના અનંત નામ અપાર;
તે સચ્ચિદાનંદ આનંદ રૂપે, તેને ભજોને વારંવાર.
શ્રીગુરૂ પ્રતાપે ગાઈ સકે, જેની જેવી હોય મત્ય;
પણ ખાશે તે જન જાણશે, ગળપણ કેરી ગત્ય.
કાજળ કેરા અડસઠ કુળ પર્વત, લઈ સિંધુમાં ઘોળાય;
પૃથ્વિ પ્રમાણે કાગળ કરે, વળી લખે શારદમાય.
અઢાર ભાર વનસ્પતિની, કલમ ગ્રહે કરમાંય;
રાત દીવસ લખે કોટી ચુગલગી, તોય પાર ન પાય.
પુરણ બ્રહ્મનો પારન પામે, કોણ કેહી શકે તેનો મર્મ;
વદે વ્યાસ ત્રીજલાલ તોયે, એ અનાદીનો છે ધર્મ.

परमात्मा विषे श्लोक.

ॐ नमोऽस्त्वनंताय, सहस्रमुर्तिये: सहस्रपादाक्षी सिरोरुबाहवे:
सहस्रनाम्ने पुरुषायसाश्वते: सहस्रकोटी युगधारणेनमाः

ભાગ ત્રીજો.

(ફેલાની ફજેતી અને પ્લેગનું પાખંડ.)

સુણો તમે સૃષ્ટિના સ્વામીરે, કરૂ અરજ અંતરયામી;
આ શો જગતમાં જુલમ થયો, જેથી અકળાયુ અવીનાશ.
જીવવા કારણ ઝંખના કરીને, તજયાં ધંન ધરણીને અવાશ;
થશેસુ, આજ, અમારૂરે, વળગ્યુ મહારોગનું લારૂ.
ફુડ ફુડીયાનો ફુડ ફુડાટજ સારો, કોગળીયાનો બહુ કેર;
વાંદરીયુ રાતડીયુ હુંટીયું, તેનું બીજાને ન ચડે ઝેર.
આતો દુઃખ જુલમી એવુંરે, કહો કેમ કરીને સેહેવું. ૨
ટબકીયુ ને ઝબકીયુ વળી, લાપોટીયાનો શો લાવ;
આવો અચાનક કોઇએ ન સાધ્યો, જગજભે કરવાનો દાવ.
શીવ વિશી બેઠી છે સાચીરે, કશી વાત રહી નથી કાચી૩
સગુ મેલ્યુ ને વહાલુ મેલ્યુ, ગામ મેલ્યુ ઘરબાર;
રાજય મેહેલીને રાનમાં ફરતા, એક તમારે આધાર.
જંગલમાં ઝુંપડાં કીધાંરે, એવાં સૌ મોતથી બીધાં. ૪
મહા માંમલો મુંબાઈમાં મચાવીને, કરી મદ્રાશ જવાની પેર;
કરાચી ઊપર કોપ કરીને, વાળ્યુ વડોદરાનું બહુ વેર.
પાલણપુર પરભાર્યું આવ્યુંરે, નવાબને ત્યાં નવ ફાવ્યું. ૫
ભમતુ ભમતુ ભરૂચમાં આવ્યું, ને સુરતની કીધી બહુ સેલ;
નવસારીનાં કેળાં ખાધાં, પછી પેઠું છે ઘેરે ઘેર.
અમદાવાદ આવીને નાઠુંરે, આતો શહેર નથીજ કાઠું; ૬
કલકત્તામાં કલોલ કરે છે, પ્લેગ પસારે છે બાંય;
મહાકાળીનાં દર્શન કરશું, ભલુ ફાવ્યું છે આંય.
ગંગાજીમાં ગોથાં ખાઇશુંરે, સમુદ્રમાં નીત્યે નહીસું. ૭
છાનું માનું સાવલીમાં આવ્યું ને છેતરી માર્યા બહુ છેલ;
ત્રણુ દહાડામાં ઊજડ કીધા, ભલભલાના મહેલ.
રંડાણી છે કૈકની નારીરે, તેનું દુઃખ જુલમી ભારી. ૮

પહેલે ફોલ્લે ફડ ફડ ધ્રુજે, ને બીજે પડીયો છે ત્રાસ;
ત્રીજો ફોલ્લો જેને થયો, [illegible]ગયુ છે સત્યાનાશ.
જવું જમલોકમાં જાણ્યુંરે, આવ્યું ધર્મરાયનું આણું; ૯
મેર ગોઝારાને મેર હત્યારા, મેલ મુલકનો છયાલ;
દરીયામાં જઇને ડુબી મરે તું તો, થાય જગત સૌ ન્યાલ.
બળ્યા તારા ચેપના ચાળારે, મરી જાને મુખના કાળા. ૧૦
હિંદુ મુસલમાન પારશી ઊપર, તને મુદલ ન આવી મહેર;
આતે તને શું આવડુ અંતરમાં, જુનુ જગત પરઝેર;
માઠી કીધી મોતની બારીરે, થયુ દુઃખ જગ્તમાં જારી. ૧૧
એમ થતામાં દાકતર પોલીશ, કરે ઊગારવાનો ઉપાય,
નાડી પરીક્ષાથી દર્દ પારખી, કરે દુઃખમાં મોટી સહાય.
થયા અનાથના બેલીરે, જાણી આ વાતને છેલી. ૧૨
અરે પરમેશ્વર શાં પુર્વે કીધાં, અમે પુરણ એવાં પાપ,
આ ભવમાં તે આડાં આવ્યાં, તમે વડા જગતના બાપ;
માણુસ સૌ માફતો માગેરે, તમને કેમ અંતર ન લાગે. ૧૩
ઘર ધોળાવ્યાં ને બહાર વળાવ્યાં, છંટાવ્યો છે પોટાશ;
રાળ ગંધકની ધુણીયો કરીને, સુધાર્યો છે અવાસ.
મરણનો ભય થયો ભારીરે, ઉગારો તમે દેવ મુરારી. ૧૪
ખોરાક પોશાક સર્વે ખોયો, ને ટાળી સમૃદ્ધિ સર્વ;
રાંકડાં સરખાં સરવે દીશે, ટળી ગયો છે સૌનો ગર્વ.
શોકે રૂવે નરને નારીરે, દશા શી થશે અમારી. ૧૫
માત મેલાવ્યાં ને તાત મેલાવ્યાં, કૈનાં બાળ મેલાવ્યાં અબુજ;
ધણીધણીયાણીના ધાર્યા મનસુબા, કાંઈ ન પડી સુજ.
સપાટામાં સર્વેને લીધારે, મોત મહાજુલમી કીધાં. ૧૬
ચોવીશ તીર્થંકર ચોવીશ પેગંબર, ચોવીશ થયા અવતાર;
સહેજ જગતને ઝાટકી નાંખ્યું, પણ કોઇએ ન કરી વાર,
પીર હજાર છે એશીરે, દેવી દેવ રહ્યાં સૌ બેશી. ૧૭
અનાથ બંધુને કૃપાસિંધુ, ભકત તણા પ્રતિ પાળ;

અધમ ઊદ્ધારણ નામ તમારૂ, તમો ચઢો અમારી વહાર,
પીડા સૌ પ્રાણીની ટાળોરે, હવે આ દુ:ખને વારો. ૧૮
અંબે બહુચર કાળકા તુળજા, ચામુંડા ચતુર સુજાણ;
નવે ખંડમાં નામ તમારૂ, ઊદે થયો જેમ ભાણ,
શકિત કયાં સંતાઇ પેઠાંરે, જઈ મધ્ય દરિયેજ બેઠાં. ૧૯
હોમ હવન ને જપ કરે સૌ, વળી તેનો શો મહિમાય;
જગતની તમે વહાર ન કીધી. કોણ પડશે તારે પાય,
દેવી તમે ઝટજ જાગોરે, દુ:ખીયાનાં દુ:ખજ ભાગો. ૨૦
દેવી કહે અલ્યા દોષશો અમને, કરે દુનિયાં દોષ અપાર;
કર્યાં કર્મ ભોગવશે સૌ કોઇ, તેમાં શું કરે કિરતાર,
પાપીનર પળમાં જાશેરે, કર્યા કર્મ સંગાથે થાશે. ૨૧
સત્યયુગમાં અલ્યા સત્ય બોલતા, હતો ત્રેતામાં તપનો આધાર;
દ્વાપરમાં પુજા અર્ચન કરતા, કલીયુગમાં કપટાચાર,
અધર્મ અતીશે કરતારે, પળમાં તે દીઠા મરતા. ૨૨
રોગી વધ્યા ને જોગી વધ્યા, વૈદ વકીલનો નહિ પાર;
જુઠા સાક્ષીઓનુ જોવ વધ્યું ઘણું, એ કળીયુગનો વહેવાર,
પુત્રી સાટે પિતા પરણેરે, એવું અમે દીઠું નરણે. ૨૩
કવિ કહે પ્રભુ દોષ ન તમને, સા પાપીજન પીડાય;
અલ્પ મૃત્યુને અનંત વ્યાધી, આવી અચાનક સ્હાય,
તેમાં શો દોષ તમારોરે, આવ્યો તેના મોતનો વારો. ૨૪
નીમીત આવ્યે સરવે નાસે, પળ ન રહી સકે પ્રાણ;
આવી અચાનક પકડી લીધા, તેમને લઇ ચાલ્યા સ્મસાન,
એવું દુ:ખ જોયુ ન જાયરે, અંતરમાં શોક બહુ થાય. ૨૫
કોઇ દીવસ અમે કાંને ન સાંભળ્યું, તે નજરે દીઠું છે આજ
દીનદયાળ દયા નિધિ દેવ હો, પ્રભુ રાખો જગતની લાજ,
સુખાકારી સૌને આપોરે, દુ:ખ દુનિયાનાંતો કાપો. ૨૬
પ્લેગ કહે મેં પુરણ કીધુને, પૃથ્વિ ઉપર બહુ પાપ;
સીધપુર જઈને સરસ્વતિ નહાતાં, થસે અધર્મ સૌમાફ,

ભાવે બ્રહ્મ ભોજન કરીયેરે, ચોરાશીથી પાર ઊતરીયે. ૨૭
સીધપુર જઇને સપાટો વ... તે, સૌની ટળીગઇ હામ;
ગરીબ લોકતો જીવ લઈ નાઠા, બળ્યુ આ ઘરને ગામ;
ગોઝારૂ આ ગામમાં પેઠુંરે, એને મુળે રેડયું છે મીઠું ૨૮
સો સો માણુસ નિત્ય મરેને, સરસ્વતિ બાળવા જાય,
બારમુ તેરમું કરે તેથી પણ, બ્રહ્મ ભોજન બહુ થાય;
પુન્ય એને પુરણ કીધુરે, સજ્યાઓનું દાન બહુ દીધું. ૨૯
ડરતુ ડરતુ ડાકોરજીમાં આવ્યુંતે, જોવા ઠાકોરજીનો ઠાઠ;
ડાકોરમાં તે ડંડેરો પીટાવીને. ચોકી બેઠી ચારે વાટ,
જાત્રાએ કોઇ ન આવેરે, આવે તેને પકડી લાવે. ૩૦
અકળાઇને ઉમરેઠમાં પેઠુંને, ગોલાનો વાળ્યો છે ઘાંણ;
ચાર દીવસમાં ચાહન પડયું, તેથી સૌની થઈ તાણાતાણ,
અડચણ અંતરમાં ધારીરે, નાસવાની સોધે સૌ બારી. ૩૧
ઓડ ઉપર અદેખાઈ આણીને, અમલ કરવા ત્યાં જાય;
ગામ લોકનો સંપ સાંભળ્યો, તેથી કાંઇક નવું જુનું થાય;
તેથી ત્યાં ન રહ્યું ઝાઝુંરે, જઇને બીજા ગામને બાઝયું. ૩૨
મેહેમદાવાદપર મહેર કરી, તેતો વેરઇનો પરતાપ;
શક્તિ સનમુખ કાંઈ ન ચાલ્યુ, ઝાલી વડોદરાની વાટ,
શીયાજીને સહાય છે શંભુરે, તેથી ત્યાં ઝાઝું ન થંભ્યું.૩૩
પ્લેગ કહે મારો પાર ન આવે, ભમતાં ભુમી નવ ખંડ;
સર્વે જાતનાં માણુસ માત્રનો, એકે વારે કર્યો દંડ,
મારૂ દુઃખ કયાં જઇ કહીયેરે, જંગલમાં જઇને રહીયે. ૩૪
સો દરદને નવાણું ઓશડ, મારૂ ઓશડ નહિ એક;
પરમેશ્વરને પુંઠ દઈ અવતરીયું, મારો પુરો રાખ્યો છે ટેક,
કર્મ મેં કુડું કીધુરે, દુઃખ આખી દુનિયાંને દીધુ. ૩૫
બીજા દરદને કોઈ નવ પકડે, મારૂ સગુ નહિ કોઇ;
સગામાં સગો બાપ ભલે હોય, તે પણ નાસે મને જોઇ,
સગાં વહાલાં સર્વે નાસેરે, એતો મારા દુઃખના ત્રાસે. ૩૬
કાળી ચૌદશને રવીવાર, વળી વૈધ્રતને વ્યતિ પાત;

મુળ નક્ષત્રમાં મારો જન્મ છે, સર્વની કરૂ હું ઘાત,
રાજા રાંક એક છે મારેરે, વૈદ[illegible]મ પણ હારે. ૩૭
સંવત ઓગણીશ ત્રેપનમાં પ્રગટયું, ને ડોલ્યું દેશ વિદેશ;
છુટે છેડે મહાલ્યુ જગતમાં, કોઈની લાજ ન રાખી લેશ,
પ્રપંચમેં પુરો કીધોરે, દગો આખી દુનિયાંને દીધો. ૩૮
નૈષધપુર તે જાણો નરોડા, જ્યાં છે નળેશ્વર મહાદેવ;
અંબા બહુચર જક્ષણીમાની, કરે ગામ લોક સેવ,
હનુમાનની હાક બહુ વાગેરે, પીડા બધા ગામની ભાગે. ૩૯
મામા કલ્યાંણનો મહિમા મોટો, ઘણી ગામની કરતા સાહ્ય;
બળીયાથી કોઈ બળીયુ નથી, દુઃખ સર્વે પરભાર્યું જાય,
ચોકી ચારે ભાગોળે બેઠીરે, નજર એમની ગામપર મીઠી૪૦
દેવી દેવતા સર્વે મળીને કરજ્યો કુસળક્ષેમ;
સાચા દીલથી સેવા અમે કરીએ, રાખજો અંતરમાં પ્રેમ,
ભક્તિ અમે ભાવથી કીજેરે, ચરણનો લાવો તો લીજે. ૪૧
અમદાવાદ પાસે નરોડામાં, રણછોડજીનું છે ધામ;
પદ્મમાવતીને પ્રણામ કરીને, વ્યાસ બીજલાલે કીધુ આ કામ,
દીઠું તેવું દાખવ્યું આજેરે, લખ્યુ ઇતિહાસને કાજે. ૪૨

દોહરો.

સરવે કવિનો દાસ હું, કઇ નવ દેશો ખોડ;
એક વાર સૌ પ્રેમથી, બોલો શ્રી રણછોડ.

(છપનાનો સપાટો ને કાળનો ઝપાટો.)

॥ રાગ ॥ (શેઠ સગાળશા સાધુને સેવે એ રાગ.)

છાનો માનો છપનો આવ્યો ને, છેતરી દીધો બહુ છેક;
દુનિયાં આખીને દુઃખજ દેવા, વરસ્યો ન મુદ્દલ મેહ,
અટારે અવળુ કીધુરે, માંથે મોટુ કલંક લીધુ. ૧
વાયરો વાયને વાદળ કરે, ઘણું કરે અંધારૂ ઘોર;
દહાડો આખો લીલો ડોળ દેખાડે, ઘણું ગરજી બોલાવે છે મોર,

વીજળીયોની વાત છે ન્યારીરે, જુએ સૌ નર અને નારી. ૨
અશાડ સુદી બીજડી તેતા, .રખી થયા સૌ ન્યાલ;
નોમના વારે વાર કરી ઘણી, પછી પડી છે પેટમાં ફાળ,
આતે કેમ થશે અવનીમાંરે, જવું પડશે જમ પુરીમાં. ૩
શ્રાવણ સુદી સપ્તમીને, સ્વાતીમાં ઊગશે સુર;
ડુંગર કોરી ઘર કો સૌ, પાધર વહેસે બહુ પૂર,
એવાં ગપ જોશીયો મારેરે, ટીપણાનો જોઇ આધારે. ૪
ભાદરવો ભલે આવીયો, તેમાં લોક થયા છે નીરાશ;
વરસ બધુ હવે વહી ગયુ, પછી વરસ્યાની શી આશ.
તોય જોશી જોશનું તાણેરે, વરસાદતો થશેજ વહાંણે. ૫
ઊગમણો મછ તાણીયો, વળી રવી આથમતે સુર;
વહુ વર વાછડુ વાળજો, નકી નદિએ આવશે પુર,
એવું તો ભડળી બોલેરે, નાવે તેના જોશને તોલે. ૬
ભડળી કહે હું ભેદ જાણુંને, સર્વે જોગ મેં સાધ્યા;
ભાદરવે જગ રેલશે ભાઇયો, છે છઠ્ઠે આનુરાધા,
એકે વાત ન પઠી સાચીરે, વચનની તે પણ કાચી. ૭
ભાદરવામાં ભડકાવી માર્યા, એક આવશે મોટી રેલ;
પણ ભોપાળુ કાઢયુ ભાદરવે, ખરો મચાવીને ખેલ;
જોશીયોને જગ છેતરવીરે, કારમી વાતો બહુ કરવી. ૮
વરસ બધુ એમ વહી ગયુ પણ, કોઇને કશી પડી નહી સુજ
પ્રભુની કળાને કોઇ નવ પહોચે, એમાં ડહાપણ કરે અબુજ,
પ્રભુની ગત પ્રભુ જાણેરે, ફોગટ ભાર જોશીયો તાંણે. ૯
ભુત ભવિષ્યનું ભાનજ હોત તો, જોશીયો થાય ધનવાન;
અંન્ન બધાનો સંગ્રહ કરીને, મોઘુ વેચત સૌ ધાન્ય;
ભાગી ગણી ભીખ શું માગેરે, આવે ધન સાગેને સાગે. ૧૦
સત વિદ્યા તો સ્વર્ગે પધારીને સત્ વસ્તુનો થઈ ગયો નાશ;
અધર્મ ઊપર આશરો રાખ્યો, તેથી છપનાનો પડીયો ત્રાસ,
અકળામણ અવનીમાં પેઠીરે, કોઇની વાત ન લાગે મીઠી૧૧
અધર્મી એવી વાત ઊડાડે જે, ધાડુ પડશે આજકાલ;

આણુસ સૌને મારી નાંખીને, લુટી લેઇશું ધન માલ,
વખત અમારી આવીરે, નીચા બોલે બોલચાવી. ૧૨
પછી જગત માતને જાણુ થઇ, મારી પ્રજા ઘણી પીડાય;
દેશો દેશમાં હુકમજ કીધો, સો સૃષ્ટિની કરો તમે સહાય.
અમલદાર ફરે છે ફેરારે, ગામે ગામ નાંખીને ડેરા. ૧૩

(વરસાદ વિષે વિલાપ ।। રાગ ।। બનઝારો.)

આ વખત આપણે માથે, નાખ્યું દુઃખ ત્રિભુવન નાથે;
તે ભોગવવું ભય ટાળી, મન દ્રઢ કરજ્યો ધ્રતી ધારી ટેક.
જેઠ માસ તો બેઠો જ્યારે, સુખ શાન્તી પામ્યા ત્યારે;
વરસ્યો વરસાદ તો બહુ વારી, મન દ્રઢ કરજ્યો ધ્રતીધારી ૧
ખેડુએ હળ બહુ જોડયાં, હથીયાર કરાવ્યાં લાવી લોઢાં;
ચાલ્યા ઇષ્ટદેવ સંભાળી, મન દ્રઢ કરજ્યો ધ્રતીધારી. ૨
કરી ધરતી તે માને સલામ, પછી વળગ્યા પોતાને કામ;
હાંકયા બહુ બળના ધારી, મન દ્રછ કરજો ધ્રતી ધારી. ૩
જાત જાતનું ધાન્ય બહુ વ્યાયું, એક વરશાદે જગત હુલાવ્યું;
દુનિયા બની ગઇ સુંખકારી, મન દ્રઢ કરજો ધ્રતીધારી. ૪
અસાડે કીધો છે આડો આંક, કંઇ વિધાત્રાનો વાંક;
તલ માત્ર ન પડીયું વારી, મન દ્રઢ કરજો ધ્રતીધારી. ૫
ઘણા ટાળા મળતા આવે, પણ મેઘ કોઇ નવ લાવે;
તેથી દુનિયાં બની દુઃખીયારી, મનદ્રઢ કરજોયા ધ્રતીધારી. ૬
વરસાદની વાટ જુવે ભારે. જેમ ભુખ્યો ભાત પુકારે;
ઘણા વિલાપ કરે શંભાળી, મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૭
તાપ કરે છે જોર જુલમ, તેથી કાંઈ નથી પડતી ગમ;
હવે શું કહીયે વાત વિસ્તારી, મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૮
સઘળુ વાવેલુ એક સાથે, સઘળાનું બી પડયુ માથે;
રૂવે દુઃખની વાત સંભાળી, મનદ્રઢ કરજો ધ્રતી ધારી. ૯
વાવેલુ બળી બહુ જાય, ખેડુ હાથ ઘસી દુઃખી થાય;
પણ વરસે નહિ લગારી, મનદ્રઢ કરજો ધ્રતી ધારી. ૧૦

પુરો માસ થયો છે જ્યારે, સૌની આશ ઉઠી ગઇ ત્યારે;
કુવા જોડીને પાણું વારી, [illegible] કરજો ધ્રતીધારી. ૧૧
શ્રાવણ માસમાં સુખ નવ દીઠું, અકળાયું છે દાંણા પીઠું;
દુનિયાંતો બહુ ગભરાઇ, મનદ્રઢ કરજો ધ્રતીધારી, ૧૨
જુઓ જુઓ આ વાદળી કાળી, પણ એ નહિ વરસવાવાળી;
આવી વાયુએ ઉત્તર ઉતારી. મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૧૩
ગરીબોની દસા થઇ માઠી, તે વેચી ખાય છે કાઠી;
ઘણું દુઃખીછે વારી વારી, મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૧૪
ઢોર સઘળાં ભુખે મરી જાય, પણ ખસલુ કયાંથી ખાય;
તે દુઃખ સહન નવ થાય, મનદ્રઢ કરજો ધ્રતી ધારી. ૧૫
દીવસે વાદળના ગોળા, રાત્રીએ તારાના ડોળા;
એ કાળ દેખાડે ભયભારી, મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૧૬
સંવત ઓગણીસેં છપન સાલ, કહે ભાઇશંકર વ્રીજલાલ,
તે સું કહું વાત વિસ્તારી, મનદ્રઢ કરજો ધ્રતીધારી. ૧૭

———:o:———

છંદ ભુજંગીની ચાલ.

વડો કાળ કળીયુગ માંહીજ કુડો,
અનીતી ભર્યો આવીયો આજ ભુડો;
પસુ પક્ષી કેરો કીધો છે પ્રહાર,
પછી વૃક્ષનો ભક્ષ કીધો અપાર.
પ્રાણી માત્રને પાપીએ ખુબ દંડયા,
પછી પાપીયો પાપમાં ખુબ મંડયા;
બયા વંશ તના ગઇ છે કમાણી,
મુઆ રનમાં રાખની નહી એધાણી.
મુઆ રખડી રવઠી મદ માતા;
જેઓ હાથીઓ ભાથીયો જે કહેવાતા.
તારૂ નામતો છપનો કાળ પોતે,
કંઈ ઠામ કુઠામ મુવા કમોતે.

(સરકારની મદદ. દોહરો.)

ધન ધન માતા જગતની, ધન ધન તુજ અવતાર;
કૃપા કરી કુળવંતી તેં, તારાગુણ તણો નહિપાર,
વિશ્વ બચી આ વખતમાં, તે તમ તણે આધાર;
સર્વ જીવ સંભાળીયા, એવી કરી તમે વહાર.
દેશ વિદેશે ફંડ થઈ, આવ્યું ધન અપાર;
રક્ષણ કીધુ ગરીબનું, જીવાડયાં નરનાર.
અચળ રાજ્ય ઇંગ્રેજનું, નિર્મળ જેનો ન્યાય,
તે પરમેશ્વર પ્રતાપથી, સર્વેની કરતા સાહ્ય.
આવા કઠણ કાળમાં, ન મળે મુશ્કલ ત્રાસ;
વસ્તી સૌ વિસ્મે થઇ, વળી સર્વેની પુરી આશ,
વાઘ બકરી બે એકઠાં, વસતાં આણે ઠામ;
વેપારી વેપારમાં, ફરતા ગામે ગામ.
દ્વાર ઉઘાડાં દીનનીશી, કોઇ નું કાંઇ નવજાય;
જયાંહાં લુટફાટ લગીર નહિ, એવી જેની સાહ્ય.
વ્રીજલાલની વિનતી, સાંભળજયો સૌકાન,
વારંવાર વિચારીને, ઘોરાણીને માન.

(રાણી સરકારની વડાઇ. મનહરની ચાલ.)

અવનીમાં ઇંદ્રપુરી સરીખુ અમરરાજ;
સુભ કામ કરી સદા સુભનામ ધાર્યું છે.
ધનમાં ધનાઢય અતી, બુદ્ધિનો ભંડાર પોતે;
અચળ અમલ કરી કુળ અજવાળ્યુ છે.
અનેક સુભ ઊપમા, બીરાજમાન મહારાણી;
શાંણી સદ્ગુણ ખાણ જગત સર્વે જાણી છે.
જગતમાં તમારો જશ શોભીતો સતીજ જેવો;
અડગ અતોલ અમ્રત એવી વાણી છે.
ધર્મ ધોરીંધર તમે ધરણીમાં તો નામ ધર્યું;
વિદ્યાને વિવેક તમે, વિશ્વમાં વધાર્યું છે.

અંનદાન ધંનદાન, વસ્ત્ર અલંકાર દાન;
અનેક માન સનમ[illegible]તો સર્વે તમારૂ છે.
સર્વ પ્રજાવાર વાર કરે છે, વિચાર એવો;
આતો કોઈ દેવતાએ, મનુષ્ય તન ધાર્યું છે.
નિતી ન્યાય નીર્મળ, ધર્મ શાસ્ત્રધારી કરી;
દેશના સુધારા સારૂ, તેતો સંવાર્યું છે.
સુખને સંતોષ જેને શરણે, આવીને રહ્યાં;
સકળ સુખ જોઈ લીધાં, પણ એતો સુખ ન્યારૂ છે.
વદે વ્યાસ બ્રીજલાલ, વિશ્વપતિ વિશ્વંભર;
વિવેક સાગર વીકટોરીયાનુ, રાજ્ય અમને પ્યારૂ છે.

છપ્પો.

ધન શાંણી સરકાર, સુખ સકળને આપ્યાં;
ધન શાંણી સરકાર, કષ્ટ કળીયુગમાં કાપ્યાં.
ધન શાંણી સરકાર, અંન વસ્ત્ર ઊપકારી;
ધન શાંણી સરકાર, પ્રતીમા સૌની પાળી.
વળી કુપતળાવને વાવડી, ખણાંવ્યાં ખરચી દામને;
બ્રીજલાલ વાણી વદે; ધન વીકટોરીયા તુજ નામને.

(રાજાના ધર્મ વિષે છપ્પો.)

મેઘ અને મહિપતી, પ્રજાના પાલન કહીએ;
નીચ કામ કરનાર, શીક્ષા તેને તો દઈએ.
સુભ પ્રજાની સાર, વાહાર કરવી સુભ ભુપે;
ફંડ બંડ કરનાર, નાખો લઈ ઊંડે કુપે.
બાળક સુધારા કાજ, મેહેર કરો મહારાજા;
દર્દ મટાડવા કાજ, હુકમ કરો બહુ તાજા.
સકળ સુખને સાહેબી, વિદ્યા વિવેક વધારે સદા;
બ્રીજલાલ ધંન્ય એ મહિપતી, શોક સંતાપ ન આવે કદા

દસક્રોઇ તાલુકામાં.

ઇંદ્રનો ઊધમાત [illegible]નું મહાલવું;
પવનનું પ્રાક્રમ ને પ્રજાનાં પાપ.

(શેઠ સગાળશા સાધુને સેવે એ રાગ.)

સંવત ઓગણી એકસઠ શાલે, ક્યોં કાળો બહુ કેર;
અશાડ સુદી પંચમી દીને, મેઘે કરી છે મહેર,
વછુટેલ વાયરો આવ્યોરે, તતરબો તર્ત બતાવ્યો. ॥ ૧ ॥
આથમણું અંધારૂ કરીને કર્યું પુર્વ દીશાએ પરીયાણ;
પાંચ દીવસ સુધી હેલી કરી, તે નજરે દીઠો ભાણ,
ખારીયેપુર આવ્યું છે ખચખચીરે, ઊપરથી તો હેલીજમચી.
ઘરાંતીયામાં પોક પડાવીને, હાથમતીયે કર્યાં હેરાન;
બોખ ફાટીને બારણે આવ્યું, કર્યાં લોકને તો બેભાન,
પાણી અતીશેજ આવ્યુંરે, કાંસને તો ફાટવું ફાવ્યું. ॥ ૩ ॥
નરોડાને નડયુ નહિ ને, કીધી માધવ પરા મહેર;
સર્વેના માલ સંગાથે વોહોર્યા, કરી છે લીલા લેહેર,
વેપારી સૌ કાટલાં કુટેરે, મજુરો તો માલ બહુ લુંટે. ૪
મેથી લીધીને મકાઇ લીધી, ગોળનો કાઢયો છે ઘાણ;
ચોખા ખાંડને ખારેક ટોપરાં, શ્રીફળની ભરી ખાંણ,
માલ બધો સુંઘોજ વેચેરે, ન વેચેતો પાણીજ ખેચે. ૫
ચોખા તો ચાર મણના કીધા, રૂપૈયે રવો વેચાય;
ગરીબ લોક તો ન્યાલ થયા છે, તેતો લાગે પ્રભુને પાય,
વેપારી સૌ થર થર ધ્રુજેરે, પાણી આગળ કાંઇ નવ સુજે. ૬
વેપારી વખારો વાશીને, બેઠા છે નીરાધાર;
અરે પરમેશ્વર વહાર કરોને, નોધારાના આધાર,
અવિનાશી આજ ઊગારોરે, પડતાં શું પાડ્યો મારો. ૭
ચોપડા તાણયા પેટીયો તાંણી, કોથળાને કંપાણ;
રોકડ બધી ને નોટોજ તાંણી, હરાજ થયુ સૌ જાણ,
લખેશરી ભીખ માગતા કીધારે, સમાચાર સર્વેના લીધા. ૮

કાળુપરમાં કેર કર્યો ને, સૌ માંણસને દેખાડયુ મોત;
સવારો છાપરાં ત્યાંથી તણાયાં, બણી ગયા સૌ બોત,
અરે પ્રભુ આશું કીધુરે, પાણીએ અમારૂ પારખુ લીધું. ૯
છાપરાંની તો નીશાંની ન મળે, ન મળે મોભ વળી કે કાટ;
ભાડુત સર્વે નાશી ગયા તે, કોઈ કોઈની ન જુએ વાટ,
ભાડમાં ભુલ પડી ભારીરે, પ્રભુ અમને લેજો ઊગારી. ૧૦
સાક ભાજીને સોજીનો આટો, સર્વેનો એકજ ભાવ.
આજ બજાર છે ઉંલતો, ખેલે પોત પોતાનો દાવ,
ગરીબોની ભુખો ભાગીરે, પ્રભુ પાસે રજાઓ માગી. ॥૧૧॥
અમદાવાદમાં અવળું થયુંને, વરસાદે વાળ્યુ છે વેર;
ટાંકાં ભરાયાંને ઘરજ બેઠાં, પાણી ભરાયુ ઘેરેઘેર;
ઘણાં ઘર ગયાં છે ગબડીરે, એવી હેલી સર્વને નડી. ॥૧૨॥
કાકરીયુ ચંડોળા ભરાયુ, કયારડા કરે છે કલોલ;
દસકોશીના દેશ બધામાં, વરસાદે વાળ્યો છે રોળ,
સરખદને સાણંદે પાણીરે, બધે વાત જુગતે જાણી. ॥૧૩॥
ઇશ્વરતો અધર્મ નથી કરતા, નડે પોત પોતાનાં કર્મ;
ભલુ કરે એ ભવના તારણ, એછે અનાદિ ધર્મ,
જેવી જેની હશે કરણીરે, તેવી તેને પાર ઉતરણી. ॥૧૪॥
શહેર હોય તેનું ગામડુ કરેને, ગામડાનું કરે શમશાન;
જળને ઠેકાણે સ્થળ કરે છે, સ્થળ સ્થાનક જળમાન,
રંકને તે રાજા કરેરે, રાજા ભીખ માગતા કરે. ॥૧૫॥
તરણાનો તો મેરૂ કરે પ્રભુ, કરે મેરૂનો તરણ સમાન;
સર્વે સત્તા છે હરિકેરા હાથમાં, કરે વસ્તીનું તે મેદાન,
પ્રભુની ગતિ પ્રભુ જાણેરે, ફોગટ ભાર જોશીયો તાણે. ॥૧૬॥
રાયપરમાં તો રોળ વતાવ્યો, કર્યું બીલાસીયુ બરાબર;
કઠવાડાને પરડોલ મધે, આખુ એકે નથી ઘર,
જુવાલડી નીકોલ બોળીરે, સીંગરવાને લીધુ છે ખોળી. ॥૧૭॥
કણભા કુજાડને નદી નડીને, વેંચી આવ્યા છે બે વાસ;

ઘરનાતો ઘંઘોલીયાં કીધાં, ઘરમાં ઊઘાડી છે ઘાસ,
બધે એવી બુમ ઊડાડી રે, આ ની છે રેલની ગાડી. ૧૮
કાંસ ફાટીને કુવા આગળ થઇ, પાણીયે કીધું છે પરિયાણ;
ટપાલ રોકીને ગાડીજ રોકી. થાણામાં થઇ છે જાણ,
નરોડામાં મારૂ ન ચાલ્યું રે, અસારવાનો મારગ ઝાલ્યું. ૧૯
ગામ ઊપર ગોજારા મેઘે, કરી છે નજર હરામ;
ઢેડ ભંગીયામાં ધાડજ પાડી, તેતો કરે છે બુમરાણ,
વાઘરીયો વલવલતા કીધારે, એવા એતો મોતથી બીધા. ૨૦
પટેલીયા પુન્યશાળી છે પુરા, પ્રભુના પુર્ણ છે દાસ;
પાંચ દીવસ સુધી ગાયો બધીને, પુરણ નીરી છે ઘાસ,
ભાગોળે સૌને ભોજન આપેરે, ગરીબોના સંકટ કાપે. ।.૨૧।।
ઘાંચજાવાડે ઘુઘવાટો કરીને, ઘરાંનો વાળ્યો ઘાંણ;
લોકો સૌ નાશા નાશ કરે છે, થઈ છે સૌને તે તાણા તાણ,
ઓચીંતાનું મોરચું માંડ્યુરે, નવા ઘરમાં પાડયુજ ફાંડુ. ૨૨
વ્યાસ વાડોને ગરાસીયા વાડો, તેનાં ઘસીને પાડયાં છે ઘર;
ઠામુંકાં ઠાકરડા લોકનાં પાડયાં, તે તો કર્યાં છે બરાબર,
ભરવાડે પાણી ભરાયુ રે, તેથી તેમને નાસવું ફાવ્યું. ।।૨૩।।
વાણીયા બ્રાહ્મણ વાટ જુવે છે જે, આપણને ન આવે આંચ;
અઢાર વર્ણનાં સંગાથે પાડયાં, ન લીધી કોઇની લાંચ,
ગીરધરભાઇનું નવું ઘર પાડયુરે, વરસાદને આવ્યુંજ આડું.
ખરે બપોરે ખોડીદાસનું પડયું, ભગતની જાણી છે ભીડ;
નાથાભાઈનું નછરૂ પાડયું છે, તે તો કરી છે પુરણપીડ,
હવેલી સંઘવીની પડીરે. તેતો લલુ નાગરને નડી. ।।૨૫।।
રેવાશંકરને પ્રભાશંકરની છે, ઘણી જમીન ઘરબાર;
હરીવલ્લવને અમૃતલાલનાં. પાડયાં છે હારોહાર,
પાંચે પખે તે છે પુરારે, એકે વાતે નથી અધુરા. ।। ૨૬ ।
કેશવરામને કરૂણાશંકર, વ્યાસ મોતી ગરબડદાસ;
એકેનાં ઘર આખાં ન મુકયાં, ન રાખે કોઇ કોઇની આશ,
અંબીકાનો વંડો પાડયોરે, હતો જયાં મોચીજવાડો. ।। ૨૭ ।।

ખલાશીયા સૌ ખુસી થયાને, કુ.ભાર કરે છે કલોલ:
મજુર કહે અમો મોઘા થયાં, કરે કડીયા ઝાકમઝોળ;
સુતાર કહે છે સુતર થાશેરે, વાંચુ રોજ મળશેજ આજે. ૨૮
ખેતર હતાં તેના કીધા ખરાબા, ખરાબાના કીધા છે ખાડ;
ખાતર બધુતો તાણીજ નાખ્યું, ન રાખ્યાં કોઈનાં ઝાડ,
જગતને ઝાટકો નાંખીરે, કરી જેવી મધની માંખી. ॥ ૨૯ ॥
થોરીયાતો થડમુળથી પાડયાને, વિખેરી નાંખીછે વાડ;
કુવા ભરાઈને કોતરાં પાડયાં. કંઈ ખોદીને પાડયા છે ખાડ,
પૂરી નાંખ્યા કયારડા પુરારે, એકે નથી રાખ્યા અધુરા. ૩૦
આવું થવાનું કારણ શું છે, કહો તમે કરૂણા નાથ;
જગત કર્તા આશો જુલમ, સૌને દેખાડયા છે હાથ,
હરામી જનને હરકત કરતારે, સાધુજનથી શે નથી ડરતા. ૩૧
ત્યારે સત્યના બેલી ઈશ્વિર બોલ્યા, તુ સાંભળ સંત સુજાણ;
સુકા ભેગુ લીલુ બળે છે તેમાં, સંત સાધુને શીહાણ,
સમુદ્રનો મહિમા ગયોરે, રાવણ પાડોશમાં રહ્યો. ॥ ૩૨ ॥
ભુમી ઊપર બહુ ભાર થયો, ત્યારે પૃથ્વિએ કર્યો પુકાર;
ઇંદ્ર રાજા મારી અરજ સાંભળજો, તમો ચડો અમારી વાહાર
મેઘ મલારને લઈનેરે, વછુટેલ વાયરા ભાઇને. ॥ ૩૩ ॥
પ્રજા માત્રને પજવી નાંખોને, છાપરાનું કરોને છાજ;
ધનવંતાને ભીખારી કરો, તોતો રહેશે અમારી લાજ,
અવનીમાં અકળામણ પેસેરે, ઘરાં મુકી બારણે બેસે. ૩૪
ત્યારે કળીયુગ કહે એવું નવ કરશો, સૌ મારો કાઢે અપરાધ;
તમને તો કોઇ પુછે નહિને, મારો કાઢે સૌ બાધ,
ઇંદ્ર કહે અધર્મ થયો ભારીરે, કળી તમે લ્યોને વિચારી.૩૫
ભૂમી કહે ભોળાનાથ અમારી, પુરણ ભાગી છે ભુખ;
શીવ વીશીમાં સર્વે કરતાં, મુજમે પડયુ બહુ સુખ,
વનસ્પતિ સર્વેજ ખીલીરે, વહાલી છે જે સીવને બીલી. ૩૬
બ્રાહ્મણે સંધ્યા તર્પણ મુકયાં, મુકયો ગાયત્રી મંત્રનો જાપ;

વણીકે ઓછુ તોળવા માંડયું, એ છેજ મોટુ પાપ,
ખેડુ લોકો ગોચર ભાગેરે, ઊદે કેમ થાયજ આગે. ॥ ૩૭ ॥
સેવકોની તો શ્રદ્ધા તુટીને, દે[illegible]ને ન જાય;
ખોટાં ખત ને નિંધા કરતાં, વહાંણુ તો ભલે વાય,
સાધુ ધન સાધવા બેઠારે, પ્રસાદ નીત્ય જોઇયે મીઠા. ૩૮
કામની કંથનું કહ્યું ન માને, વાંકાં બોલે નિત્ય વેણ;
દામ લેઈ દેવાળુજ કાઢે, આવાં કળીયુગ કેરાં ચેંન,
ભેગા બેસી ભુંડુંજ બોલેરે, ગણાયા તરણાની તોલે. ॥૩૯॥
દીકરીના બહુ દામજ લેઇને, વેચે છે વસમી ઠોર;
લાંચો લેઈ લખપતિ થવાના, ચાડીયા ચુગલી ખોર,
થાપણુ ઓળવવા બેઠારે, પરાયા માલ લાગ્યા તે મેંઠા ૪૦
પુત્ર પીતાની આજ્ઞા ન માને, પાપી પુત્ર કુપાત્ર;
સાસુના સામી વહુ વઢે છે, સમજે છે શોકનું સાલ,
દયા દેવલોકમાં ગઇરે, પાખંડની પૃથ્વિ થઈ; ૪૧
સ્વાર્થ કાજે સૌ પુન્ય કરે છે, મળતીયા મળી સૌ ખાય;
દેવની માંનતા સગાં આરોગે, તેથી ભલુ કેમ થાય,
દસુદનો દોશ છે ભારીરે, સમજુ તમે લેજો વિચારી. ૪૨
છોકરાંને સાસરીયાં છે વહાલાં, વહુને પીયર છે પ્યારૂ;
બેન ભાંણેજને દીકરી કેરૂ, એતો ગોતર છે ન્યારૂ,
એવું વહુ વારૂ બોલેરે, ધણી મારો તરણાની તોલે. ॥ ૪૩ ॥
સાસરીયાંને સાકર પીરસેને, ભાઇને ન આપે ભાગ;
ભેંસોને ભલી ચારજ નીરે, બળદને તો પરો ટાંગ,
એવો સ્વાર્થ સૌ તાણેરે, દયા નવ દીલમાં આણે. ॥ ૪૪ ॥
સાળીને દેખી છાકયા ફરે છે, સાઢુને દેછે બહુ માન;
માત પીતાને કરે તરછોડા, એનું ટળ્યુ છે હૈયાનું ભાન,
સાચા ગુરૂ મળશે પુરારે, અવગુણ સૌ કાઢશે બુરા. ॥ ૪૫ ॥
સત્ય રસ્તે ધન મેળવ્યું હશે તે, સદાય સત્યમાં જાય;
ખોટા રસ્તાના પૈસા મળે, પછી કયાંથી વધારો થાય,
ખોટુ ધન આવશે જેનેરે, જડામુળ કાઢશે તેને. ॥ ૪૬ ॥

કળીયુગને કુડો નવ કહેશો, કહેનારો કુડો જાણ;
કૃષ્ન કીરતન માંહે છે પુ[illegible]નનો ઊગ્યો છે ભાણુ,
એક જે દાન આપેરે, હજાર ઘણું કરીને સ્થાપે. ॥ ૪૭ ॥
સત્ય યુગમાં તો સત્ય બોલતા, હતો ત્રેતામાં તપનો આધાર;
દ્વાપરમાં પુજા અર્ચન કરતાં, કળજુગમાં ભજન ભંડાર,
સહેજે કળિ કલ્યાંણને આપેરે, પાપ સંતાપને કાપે. ૪૮
અધર્મ તો કરે છે આપે, નાંખે કળીયુગને શીશ;
બાવળીયાને બાથ ભરીને, પાડે છે ચીસાચીસ,
હૈયા ફુટયો [illegible] હરામીરે, ઓળખ્યા નવ અંતરયામી. ૪૯
કૃષ્નને કળીયુગ [illegible]ને, ભાઇયો મળતી આવી છે રાશ;
કળીયુગ કેરા કૃષ્ન છે પતિ, કળીયુગ કૃષ્નનો છે દાસ,
શેવા એને પ્રભુની ભાવેરે, બીજુ એની નજરે ન આવે. ૫૦
વેદીયા વેદના ભેદ ન જાણે, ઢોંગમાં દાટયો છે ધર્મ;
સાચી વાત ન સોધી કાઢી, ખોઈ દીધું ખટકર્મ,
પંડીત તમે પુરા કહાવોરે, ભુલ્યા ને તો માર્ગ બતાવો. ૫૧
ત્રણ ભડાકાને ત્રણ કડાકા, વિજળી ઝાકમ ઝોળ;
વાયરાભાઇયે વસમુ કીધું, મેઘ છે માંથા બોળ,
આવું નહોતું કરવું તારેરે, ઠબકો શીદ દેવો જ મારે. ૫૨
નથી કવિ હું કવિતા ન જાણું, કરશો કોઇ નવ ખેદ;
હુલાસ આવેથી વાણી વધો છું. નથી ભણ્યો પીંગળનો ભેદ,
સમજુ સૈ માફ જ કરજોરે, હૃદયે રણછોડજી ધરજો. ૫૩
અલબેલી અંબેમા કહીયે, બહુચર બળની નિધાન;
પદમાવતીને પ્રણામ કરીને, દેજ્યો જક્ષણી માને માન.
હનુમાનને કાકા બળીયારે, શોક સંતાપ સૈ ટળીયા;
આચારજીની બેઠક નીકળી, નૈષધપુર મોઝાર.
ગામ ટોડામાં બેઠાં અંબીકા, ત્યાં જોયાની બહુ બાહાર;
વ્યાસ બ્રીજલાલજ કહેછેરે, દેખ્યુ તેવુ તેજ વદે છે.

(પંચક જોવા વિષે ચોપાઈ.)

ચઇતરે ચોવીશ જાતાં જાણ, પંચક આવે છે નિર્વાણ;
વૈશાખે વાત છે તે ખરી, બાવીશ દીને આવે છે ફરી.
જેઠે જાણો જરૂર વિખ્યાત, વીસ દીને આવે સાક્ષાત;
અસાડે ઓછા એમ જાણ, અઢાર દીને આવે પરમાણ;
શ્રાવણે સુધ્ય તપાસજ કરી, સોળે પંચક બેઠાં ઠરી.
ભાદરવે ભરપુરજ કહી. ચોદસે પંચક પુરણ સહી;
આસોએ નવ લાગે વાર, બારસે પંચક મનમાં ધાર.
કારતકે કોઈથી નવ ફરે, દસમે પંચક આવ્યું ખરે;
માગશરે મળશે તે સાર, આઠમે પંચક આવ્યા બાર.
પોસે પોહોચી મનની હામ, છઠે પંચક આવ્યું ઠામ;
માહા મહિને માંનો ભરપુર, ચોથે પંચક નથી દુર.
ફાગણ ફુલ્યાં કેશુ ફુલ, બીજે પંચક ન મળે ભુલ;
પંચક જોવાની છે બહુ કુટ, કીધુ ગણીતને થૈછે છુટ.
રતી માત્ર નવ દેશો દોષ, અમદાવાદથી ત્રણજ કોશ;
જુઓ તપાસીને આ કામ, રચી ચોપાઈ ન બેઠુ દામ.
પુછે લોકતો ઠામો ઠામ, વીજલાલનું નરોડા ગામ.

(નવગ્રહના મંત્રનુ સ્તોત્ર; રાગ ચોપાઇ.)

શ્રી ગુરૂ ગોવિંદ ગણપતી દેવ, પ્રેમ સહીત નીત્ય કરીયે સેવ;
સ્નેહે સમરે માત સરસ્વતી, તો વિઘ્ન નડે નહિ તેને રતી.
નિત્ય નવ ગ્રહનું શમર્ણ કરે. તો દુઃખ દાળિદ્ર જાય સૌપરે;
એકે ગ્રહ પિડે નહિ કદી, ચાલે નવગ્રહ શમર્ણ વદી.
નિત્ય પાઠ પુજા કરે જે જંન, તેનું સુખી રાખે ગ્રહતંન;
એકે ચીતે જે ચીતવન કરે, તેના શોક સંતાપ સૌ હરે.
વંદુ સુર્ય કસ્યપકુમાર, અદિતી પુત્ર દીનમણી સાર;
જગત નેત્રશ્રી જુગદાધાંર, અનંત શક્તિને તેજ અપાર.
શંભુલેલાટે સોભીત રૂપ; ચંદ્ર રસ્મી સુભ શાંન્ત સ્વરૂપ;
ઉડગણ અધિપતી અદ્દભુત આપ, સ્મર્ણ કરતાં મટે સંતાપ;
ભુમી પુત્ર છે માહાં ભડવીર સ્થીરાસંન બેઠા રણધીર;

પ્રબળ પ્રતાપી પ્રાક્રમપુર, સ્મરે વિઘ્ન કરે સૌ દુર.
શશી સુત બુધ આંણુજ પતી, શીતળ સ્વભાવ જેની સુભગતી;
વણુજ વેપારે દેબળ બુદ્ધ, જ્ઞાન વિવેક આપે મતી શુદ્ધ.
શામરૂ સુરગુરૂ સુભમતી દેવ, સુરમુની શક્ર કરે નિત્ય શેવ;
કનક કાન્તી શશી શર્દ સ્વરૂપ, અતુલ બુદ્ધિ ગજવાહન ભૂપ.
અસુર ગુરૂ અતી ગુણવંત; સકળ શાસ્ત્રભણી આંણ્યો અંત;
મૃત્યુ સજીવન વિદ્યાના ધણી, ભૃગુચીતળ્યે પાંમે હેમમણી.
સુર્ય સુત શની પ્રાક્રમપુર, નારી પનોતી ઉતારણુ નુર;
રાવણુ વિક્રમ રોળ્યા મહિપતી, એવી શનીશ્ચરની ગતી.
જે ચંદ્રાદીતને મર્દન કરે, એવા રાહુને જે ચીત ધરે;
સિંહીકા પુત્ર સીંહવાહન સંગ, અર્ધ અલોકીક ઉતમ અંગ.
રૂદ્રાત્મા ને કર ધ્વજા બીરાજે, કેસુપુષ્પ સમસ્વપ પ્રકાશે;
અર્ધ અંગ રવી રીપુકો ધારી, સ્મર્ણ કરતા સૌ દુઃખહારી.
નિત્ય નવગ્રહનો કરશે પાઠ, સંપતી મળે વધે કુળ ઠાઠ;
નરનારી શમરે દીનરાત, તો સર્વે સુખ આપે ભલી ભાત.
જે નવગ્રહનો જપશે જાપ, તો સંકટ હરે ગ્રહ આપો આ[illegible];
ત્રીકાળ પાઠ કરે જે જંન, તેનુ નવગ્રહ સંતોષે મંન.
કરે દાન દક્ષણુા પુજા મંત્ર, ભરે નવગ્રહનો જે યંત્ર;
નૈવેદ દીપક તાંબુળ પાન, નિત્યગ્રહનુ અર્પે દાન.
એટલુ નવગ્રહનુ જે કરે, તે નર અવનીમાં નિર્ભે ફરે;
અસુભ સ્વપ્ન આવે નહી કદી, ધંન્ય ધાંન પામે સંપતી.
શત્રુ મિત્ર સમ આપે ફળ, વિદ્યા બુદ્ધિ આપે બહુ બળ;
વીજલાલ વદે કરજોડ, પુરો નવગ્રહ મારા કોડ.

कर्मना दोश विषे श्लोक.

पत्रंनैवकरीलवीटपोः दोषोवसंब्रस्यकीम्
नवलोकेनविलोकीतेः दीवाकरं: सुर्यस्य
कीमं दोषणंः ब्रषानैत्रपतंनीम्रातकसुखे
मेघस्यकीमं दोषणंः यदभाग्यविधीना.
लिलाटलीखीतं: दैवस्यकिंमंदोषणं ॥ १ ॥

નળ રાજાનો શ્લોક. ૧

कळयुगे दुःखीतं नळ नृ[illegible]मी वियोगं सतीः
अर्धांग वस्त्रे पती त्याग कृत्वाः क्षुधापी पासा योजती
निद्रावि वसंती आरण्य बाळाः गच्छंती तस्यमाणप्रीएः
अंगं श्रोणीत नेत्र जळ रुहेः वैद्रभीवन वासीतं.

ટીકા—નળને કળીયુગે દુઃખ દીધુ ને સ્ત્રી પુરૂષને વિયોગ કરાવ્યો ને અર્ધુ વસ્ત્ર ફાડીને નળ એકલી દમયંતી વનમાં મુકી નાશી ગયા; ભુખે તરશ વેઠીને શરીરે લોહી વહે ને નેત્રમાં આંસુ વહે, તેને નીદ્રામાથી અચાનક પતી વિનાની બેભાન થઈ વનમાં રઝળવું પડયું. જેવાં દેહનાં કર્મ કરેલાં તે ભોગવવાં પડે તેમાં છુટકો નથી.

પાંચ પાન્ડવ વિષે શ્લોક. ૨

पांडु पुत्र पवित्र माहागुण निधीः पंचाळी पतीव्रातंतः
राज्य साज्य गती ताज्य कृत दीनंः त्रासेन वनसेवितंः
गुप्तं द्वादस वर्ष तद्गतंः वैराट ग्रह निवाशीते,
ऐतत् महत दुःखीतं दीन सदाः शायक सदा केसवः

ટીકાઃ—પાંડુ રાજાના પવિત્ર પાંચ પુત્રને દ્રૌપદી બાર વરસ વન ભોગવવું પડયું ને તેરમુવરસ છાનુ વૈરાટરાજાને ઘેર ભોગવ્યું. રાજ્યના કર્તાને કેવો ત્રાસ ભોગવવો પડયો એવા માહા જોરાવરને પણ કર્મ ભોગવવાં પડયાં, જેને કૃષ્ણ પરમાત્માની સાહ્યતા હતી તોપણ માટે હે પ્રાંણી તારે કેમ નહિ ભોગવવાં પડે.

રામને વિષે શ્લોક. ૩

श्रीरामो रघुवंश भूषण मणीः त्राता देव हीत कारणंः
माहाकुळघातीक रावण मंदमतीः वीशभुजदसशीशधारणंः

कोराजा दुर्योधंन मदोन्मद अतीः पंचाळी सतीश्रापीतंः
एतेपी मदुसुदनं मद हरे [illegible] ापी गर्व न धारीतं.

ટીકાઃ—રામ રઘુકુળના મણી જગતને દેવના પિતા તે દેવના દુઃખ વાસ્તે અવતાર લેઈ ને રાવણુનો ગર્વ ઉતાર્યો મહા મદોન્મત વીશ હાથ દસ મુસ્તક એવો પ્રતાપી પણ એને લીધે સઘળા કુટુંબનો નાશ કરાવનારો વળી ઘણા ગર્વ વાળો દુર્યોધન તે દ્રોપદીના શ્રાપથી ઝાંઘ તુટી ગઈને વનમાં માહા દુઃખ ભોગવીને ભીમની ગદાનો માર ખાઈ મુઓ તો હે માણુસો અભિમાન ભુંડુ શું ન કરે.

प्रश्नोत्तरश्लोक.

बळात बळंकीमुःकामोपहारीः सर्णकीमेतु पीनाकधारी
सत्यं कीमेकं ब्रह्म अखंडंः माया कीमेकं महामोहडंडं १

બળવાન કોણ—કામદેવ.
સહેજમાં સર્ણાગતને ફળ આપનાર કોણ—શીવ.
સત્ય શું—એક બ્રહ્મ સત્ય.
મોટી માયા કોણ—મોહ.

श्लोक.

दुब्धा कीमेकं नरटणोपीरामः अपार कीमेतु सीवतत्वधामः
मुक्ति कीमेतु त्रश्ना पीत्यागीः दोषं कीमेकं ममता भीलाशी २

દુબ્દા કોને છે—જે રામનું ભજન ન કરે તેને.
અપાર શું છે—શીવ એવા પરમાત્માનું ધામ.
મુક્તિ ક્યારે થાય—ત્રશ્નાનો નાશ થાય ત્યારે.
મોટો દોષ કીયો—અહંત્વ મમત્વનો.

पुत्र कीमेतु सद्गतीच दाताः मित्र कीमेती हरिभक्ति भ्राता
स्वामी कीमेकं गुरु विवेकदीनंः भार्यापीसत्यंमतीसुभदीनं ३

પુત્ર કોણ—માબાપની ગતી થવાનું સાધન કરે તે.
મિત્ર કોણ—પરમાત્માની ભકિત કરાવે તે.

સ્વામી—ગુરૂ કોણુ—સારા નરસાનો વિવેક બતાવે તે.
ખરી સ્ત્રી કઈ—પતીને શુભ કર્મ કરાવે તે.

त्रीलोकेकितीकोयंः धर्मष्ठापरायण
सर्वतेनंदीतंकोयंः हीन कार्येमती सदा ४

જગતમાં કીર્તી કોની વધે—ધર્મ વૃતી વાળાની.
જગતમાં નીંદવા યોગ્ય કોણુ—ખોટાં કામ કરનાર.

सर्वते श्रेष्टकोयंः ब्रह्मानंद सदा सुखी
सर्वते दुःखीतं कोयंः जन्म मृत्यु पुनः पुनः ५

ઘણો સુખી કોણુ—પરમાત્માનો ભકત.
દુઃખ શું—વારે વારે જન્મ મર્ણુ થાય તે.

देहेपीतत्वंनेत्र, विद्या तत्व सभासदे
मनुष्यं ज्ञानं तत्वः विवेकोराज्यतत्वता ६

દેહમાં તત્વ શું—નેત્ર.
સભામાં તત્વ શું—વદ્યિા.
મનુસ્યમાં તત્વ શું—જ્ઞાન.
રાજ્યમાં તત્વ શું—વીવેક.

सरीतामे जान्हवितत्वंः दीनतत्वंदीवाकरे ॥
वाणीतत्वं वीष्णुः पदतत्वं परीब्रह्मयो ७

નદીમાં મોટી કોણુ—ગંગા.
દીવસમાં મોટું કોણુ—સુર્ય.
વાંણી પવિત્ર કઈ—વિશ્નુ સ્મર્ણુની.
પરમ પદ કયું—પરી બ્રહ્મનું પામવું તે.

कोतीलक क्रत्वाभस्मी ललाटेः कोद्दानदत्वाज्ञान विशाले
को भक्तिमेकंसदगुरु चे सारंः कीम् मंत्र मुळं वदे ॐकारं

તીલક શાનું કરવું—ભસ્મનું.
દાંન શાનું કરવું—જ્ઞાનનું.

ભક્તિ કોની કરવી—સદ્દગુરૂની પરમાત્માની.
મંત્રનું મુળ શું—ૐકાર.

कोसास्त्र सारं ब्रह्म विचारंः कोकामहारी फणीकुमारं
कोरण जीतं सीतापतियंः कोसीद्धी दातागवरीसुतेयं

સર્વ સાસ્ત્રનો સાર શું—બ્રહ્મવિચાર થાય તે.
કામને જીત્યા કોણે—લક્ષમણ. હનુમાનજીએ.
રણને વિષે જીત કોની—રામચંદ્રની.
સીદ્ધીને આપનાર કોણ—ગણપતિ.

(જેવાં કામ તેવું ફળ. રાગ ચોપાઇ.)

જેને ચોરી કરવા પર મંન, કેમ જુઠું ન બોલે તે જંન;
જ્યારે કરે મદીરા પાન, તેને નવ રહે દેહનુ ભાન.
જેકો કરે અભક્ષાનો ભક્ષ, તેને ધર્મનો નવ રહે લક્ષ;
જે કો કરે અતીશેતો ભોગ, તેને કેમ તે નવ થાય રોગ.
જાણી જોઇને કરે વિષપાંન, તેતો તર્ત મરે નાદાંન;
જ્યારે સ્વાદ અતીશે કરતા, ખસ દાદરથી ખણી મરતા.
જે કોઇ સ્નેહ અતીશે કરતા, તેનો નાસ્ય થતાં દુઃખ ધરતા;
જેને જુગાર રમ્યાની છે ટેવ, તેને રૂઠયા છે સર્વે દેવ.
જે કોઇ અતી અભિમાની કહાવે, તેને ક્રોડ સત્રુ થઈ આવે;
હોય ધન અતી ઘણું જેને, રતી માત્ર નહી તન સુખ તેને;
જ્યારે બહુ કુટુંબી હોય કોઇ, અંતે મરશે ઘણો તે રોઇઃ
જેને ઝાઝી પુત્રી થઈ ઘેર, કલંક આવે થાયે વહેર;
ઘણા પુત્રે નથી કાંઈ સુખ, અંતે જોવુ પડે તેનુ દુઃખ.
બહુ ખેતી વાડીને વેહેપાર, સ્વાંન સમો તેનો અવતાર;
જેકો શરાફ જગ્તમાં કહાવે, તેને અંતે દેવાળુ આવે.
જેણે દેહ જગતમાં ધરી, તે તો નિશ્ચય જાયે મરી;
જે કોઈ પાપ અતીશય કરતો, તેતો લક્ષ ચોરાશીમાં ફરતો.
જેને પુન્ય અતીશય કીધું, તેને જન્મ ધર્યાનુ ફળ લીધું;

કરે વ્રત તિર્થ યજ્ઞને દાંન, તેને સ્વર્ગ લોકનું મળે માંન.
જેને ભર્યા ભુડાઈના ભાર, તેતો યમના ખાશે માર;
જેણે વિવાહ માંડયો છે ઘેર, ... શેવાના કોઈન પેર
કંઈ અતીશે તો નથી સારૂ, એવું મને માન્યું જે આમારૂ;
મારા પણામાં પ્રાણીને દુઃખ, મારૂ નથી માન્યું તેને સુખ;
એવી અનેક વાતની એક, કહી થાકયા મુનીવર છેક.
મારી મતી નથી તેને કેહેવા, બાળક બુદ્ધે બોલુ પડી હેવા;
તેને વિચરતાં સર્વ દુઃખદાઈ, સાચા સતગુરૂ ગોવિંદભાઈ.
જે કો અતીશે ઈશ આરાધે, તેના ફળનો પાર ન લાધે;
તેના ભાગ્ય તણો નહિ પાર, શેવા સ્મર્ણ સર્વમાં સાર.
આગળ અનેક ભકત જે થયા, તે તો સર્વે સ્વર્ગે તો ગયા;
સર્વથી અતીશે કરવી ભક્તિ. આખર પ્રાણીને મળશે મુક્તિ.
મારે કેહેવાનો એવો છે અર્થ, નથી ગાંઠેથી આપવો ગર્થ;
એનુ માપ તોલ નહિ મુલ. જાય જન્મ મર્ણની ભુલ.
એછે સત્ય પુરૂષની વાણી. દૈવી જીવ ગ્રહણ કરે જાણી;
તેને સોધતાં નીકળે છે સાર, નવ ખાવો પડે જમનો માર;
વ્યાસ વ્રીજલાલ એમજ કેહે છે, સચ્ચિદાનંદ નામ જપે છે.

(નૈષધપુર ઉર્ફે નરોડાનું વર્ણન ચોપાઈ.)

શીશ નમાવુ શારદા માત, આપો વાણી વીમળ સાક્ષાત;
શંકર સુતની માગુ સહાય, ગાવા નૈષધ પુર મહિમાય.
વાણી અક્ષર માંહી કચાશ, સર્વ કવિ તણો હું છુ દાસ;
નૈષધ પુર નરોડું ગામ, વસેવર્ણ અઢાર એ ઠામ.
બ્રાહ્મણ પાટીદાર સોની સુતાર, વણીક ઘાંચીને મોચી લુહાર;
વ્યાસ ક્ષત્રીને સૌ સમ તુલ્ય, કુભાર પેજારો નામ રસુલ.
કોળી સીપાઇને વાઘરી, વળી નાત દીસે નાગરી;
ભલી ભાગોળ શહેર સમાન, તળાવ ઉપર છે હનુમાન.
સોભીતી છે બે ધર્મશાળ, જાણો મુંબઈ કેરા માળ;
કન્યા શાળાને વડી નિશાળ, થાણું સરકારી છે રખવાળ.

અલૌકીક અબાજીનું ધામ, તેમાં માતાજીનો વિશ્રામ;
સામે સોભે દુકાનોની હાર, તેમાં વણીક કરે વેપાર,
દયા બાપાના મહાદેવ મહ[illegible]ગ બગીચો કુવો સહી;
વશે હજામ ઢેડ પરવાડ. વસે તેવી રીતે ભરવાડ.
મધ્યે ચોરો શોભે છે સાર, અપાશરા પાસે દુકાનો ચાર;
ગામ વચ્ચે પદમાવતી માત, સામાં ઊભાં છે તે સાક્ષાત.
દીશે સોભાતે અપરંપાર, વર્ણન કરતાં બહુ લાગે વાર;
ગામ વચ્ચે પટલીયાની ખડકી, ઉંટ દેખી ભેસો તાંહાં ભડકી.
ત્યાંતો કવિયે મૂકી દોટ, નથી નૈષધપુરને કોટ;
જાત રજપુતની બહુ બાંકી. .માંમા કલ્યાંણુ કેરી છે ચોકી.
અમૃત સરખું સરોવર સાર, ઉતરે પરદેશી સાંજ સવાર;
બાવનીઆ કુવાનું સુંદિર નીર, પીતાં શીતળ થાય શરીર.
રાધા કુસ્નનું મંદીર સાર, દરશન કરે છે નરનેનાર;
ધર્મ તણા ત્યાં પંથ છે બહુ, વૈશ્નવ કબીરને જૈન સહુ;
વસે વસ્તીમાં ડાહ્યા જંન, કુડ કપટમાં નહિ કોઇનુ મંન.
ભટનુ ઘર તે વૈશ્નવ સહી; ગોપાળ મહારાજ થયા તહી;
કપાસ તમાકુ નીપજે અહી, વખણાય છે દેશાવર મહી,
આછે પીઠાનું મોટુ ગાંમ, ભારે વેપારમાં ઘાલે હામ;
રેવાશંકર બ્રહ્મ વેતા છે ઠીક, મનમાં સમજે પણ લોકની બીક.
ગુણીયલ પોતે છે અપાર, સર્વ લોકથી કરે વેપાર;
નળેશ્વરનું ઊત્તમ ધામ, દર્શને આવે સઘળુ ગામ.
મુખી પટેલને મતાદાર, રીતસર કામ કરે તે ઠાર;
કશી વાતનું નમળે. દુઃખ, નળ નગરીમાં સર્વેને સુખ.
રામ રાજ્ય સરખું છે રાજ્ય, કલેશ કજીયો ન મળે કાજ;
અહીતો સર્વેને સુખ બહુ મળે, ત્યારે ચીત સીદ બીજે ચળે.
પર ઉપકારી જેભાઇ પવિત્ર, નાંખે શ્વાનને રોટલા નિત્ય;
એવું કામ કરે નિત્ય પર ઉપકારી, તેને પોતાની પેઢી તારી.
રમત માત્ર કવિતામેં કરી, મનની ઇચ્છા પુરણ સરી;

હું છું સત્ય પ્રભુનો દાસ, મારૂ નામ મોતીરામ વ્યાસ.
નામ બાપનું જાણો ઝવેર, કરો સજ્જન મુજપર મેહેર;

(પ્રભુ સ્તુતિ ઠુમરી.)

ભજમન મદુ સુદન મદ હારીરે, સુવર્ણ છબી તારી સાંમળા
મદુ સુદન મદ હારીરે. ॥ ટેક ॥

શીવ બ્રહ્મા નારદ સનકદિક, કોઇ ન જાણે ગતી તારીરે;
ચર્ણ રજેતરી અહુલ્યા સવરી, તે રજ અતિ મુને પ્યારીરે.
મદુ સુદન મદહારી ભજમન, મદુસુદન મદહારીરે. ૧
નખે કરીને સુર સરી પ્રગટી, તે છે મોક્ષની બારીરે;
ત્રણ ચર્ણમાં ત્રીલોક લીધાં, તમે બળીને લીધો ઊદ્ધારીરે. ૨
મહા ભારથમાં યુદ્ધે ચડીયા, પાંચ પાંડવ લીધા ઊગારીરે;
મેહેતો મીરાં ગજ ગુણકાદિક, ટીંટોડો લીધો પ્રભુ તારીરે. ૩
વસુદેવ દેવકી ત્યાગ કરીને, નંદની ગાયો તમે ચારીરે;
બળતી અગ્નિમાં તમે બાળ ઊગાર્યા, એ કુદરત મહા ન્યારીરે.
ભોમાસુર ભડપુત્ર ભૂમીનો, લાવ્યો સોળ સહસ્ત્ર હરીનારીરે;
પૃથ્વિનું પણ રાખ્યુ પોતે, તે અસુર નાંખ્યો સંહારીરે. ૫
કાળ યવન કંસાદીક કઇનો, મરડ ઊતાર્યો મારીરે;
નાગ સરીખાનો નાદ ઊતાર્યો, દાવાનળ દહન નીવારીરે. ૬
ઇંદ્ર અચાનક કોપ કરીને, વ્રજપર વૃષ્ટિ કરી ભારીરે;
વીજલાલ કહે ભજો ભુદર ભાવે, ગોવર્ધન ગિરધારીરે. ભ૦ ૭

(મનને વશ કરી બ્રહ્મકા ધ્યાન ધરવા વિષે ચાલ.)

હારકે બ્રહ્મકા ધ્યાન ધરૂંગા, હાંરેક મનકું કેદ કરૂંગાજી ટેક
ઇંગળા પીંગળા સેજ સુક્ષમણા, જબ કામ ક્રોધકુ વારૂં.
ભમર ગુફાકે ભીતર અબધુ, અમર આસન લે મારૂં. બ્ર૦ ૧
તુરત સુરતકી સીઢી ચઢકે, સુંનમેં શબ્દ પુકારૂં;
દયા દીનતા શાન્તી શમરૂં, ફીર મન મમતાકુ મારૂં. બ્ર૦ ૨

જ્યાં પાંચ પચીશકા પતા ન લાગે, હે એસાઅમરગઢ વંકા;
આઠ પહોર વહાં અનહદ વાજે, દેખો નીસાન ઓરડંકા ૩
ચીત બીચારા ચીતવન [illegible], ત્યાં બુદ્ધિ સ્થીરત્તા પાવે;
અખંડરૂપ અવિનાશી નીરખી, સત્ચીત્ આનંદ ગાવે. બ્ર૦૪
જેવાં અનલ ઇંડાં મુકે છે, અધર આકાશે ભમતાં;
અન્નની આવી ચારો લેઇને, પછી જૈ માત પિતાને નમતાં ૫
તેમ સત્ય પુરૂષસેં સબ જુગ જાયા, હે માયા ઊનકી દાશી;
શીવ પુરૂષસેં જીવ પ્રગટીયા, જીવ શીવમાં હોએ વાશી. ૬
છે અલખ ખલકમાં એકલો, નહિ ખલક અલખથી બહારી;
સદ્‌ગુરૂ વિના કોણુ સાંન બતાવે, સો ગુરૂકી કુદરત ન્યારી ૭
મરકટ કોટે મણી બાંધીયો, નહિ મર્કટ મણીકો ભોગી;
બ્રીજલાલ કહે જે બ્રહ્મકું જાને, સોઈ હે સાચા યોગી.બ્ર૦૮

(પરમાત્માની બંદગી વિષે ખીસ્સો.)

રામ અમીરસ પીયા કરો, સાહેબકા નામ લીયા કરો;
સાહેબ સુધારે તેરો કામ, તું લેને સાહેબકો નામ.
સૈયાંકા ધ્યાન ધર્યા કરો, ઓર ઘરકા ધંધા કર્યા કરો;
રામકા નામ લીયા કરો, ઓર અન્નકા દાન દીયા કરો.
હરી ભજનસેં સે ભાગે, રાત દીવસ હરીજન જાગે;
સાહેબજી હે સબકા બાપ, ન કરો નિંધા ન કરો પાપ.
તબ મીલે સૈયાં આપો આપ. જન્મ જન્મકે પાતક કાપ;
સમરો સાહેબ દાતા દેવ, કરો સંતસદ્ ગુરૂકો સેવ.
સાહેબકુ પાલે સોહંગ સોય, અલખ નીરંજન આપે જોય;
મન મસ્તાના કરે મગરૂર, સાહેબ ઊનસેં સદાય દુર.
નામ ભરૂંસા રખલે યાર, જ્યાં દેખે ત્યાં સાહેબ ત્યાર;
હીસાબસો પલ પલકા કરે, નામા લેખા ઘરમેં ધરે.
કોન ગરીબ ઓર કોન ઊમરાવ, સબકે ઊપર એકજ ભાવ.
કહે બ્રીજલાલ જો જાને ભેવ, અલખ નીરંજન એકજ દેવ;
સત અસતકી જાને બાત, મારકુડા કપટીકું લાત.

(ગંગાજીનું કવીત ઘનાક્ષરી.)

નહિ ગંગાકે ગુનકો માપ, હરે જન્મ કોટી પાપ;
ત્રિવિધી કે તાપસોતો, ર્હેતે નહિ તંન મેં.
પારસ પરસે હોત હેંમ, ચંદન બંબુલ જેમ;
કીટ ભૃંગ હોત એમ, જેસે નીચ જલ ગંગમેં.
ગંગામેં નહાત ધોત, પતીત પાવન હોત;
સમુદ્રમેં જેસે પોત, તેસે સેજ મોક્ષ પાઇયે.
વિશ્નુ નખ પ્રગટ ભઇ, શીવ જટા જાય રહી;
દેવ ગુણુ ગાય કહી, એસી ગંગા નહાઇયે.
સનક સનકાદિક જેસે, ચર્ણ પ્રસ કરે તેસે.
બીજલાલ વદે એસે, સુરસરી સરાહીયે.

(सद्गुरुनां लक्षण विषे श्लोक.)

ब्रह्मानंदपरमसुखदंः केवलं ज्ञान मुर्तिंः
द्वंद्वातीतंगगनसद्रसंः तत्वमश्यादीलक्ष्यंः
एकंनीत्यंबिमलंमचलं सर्वधिसाक्षीभुतंः
भावातीतंत्रीगुणरहीतंः सद्गुरु तंनमामीः ॥ १ ॥

अर्थ–टीका.

બ્રહ્મરૂપ, આનંદરૂપ પરમ સુખને આપવાવાળા, કેવળરૂપ, જ્ઞાનમુર્તિરૂપ, દ્વૈતભાવથી રહીત આકાશતુલ્યતત્વમસી, આદી વેદના મહા વાકયોએ લક્ષ કરી શકાય એવા એક રૂપ નીત્યરૂપ નીર્મળ અચળ અને સર્વ પ્રાણીમાત્રની બુદ્ધિના સાક્ષીરૂપ, માઇક પદાર્થથી પર અને સત્વ, રજ, તમ, ત્રણુ ગુણુથી રહીત એવા તે પરમાત્મરૂપ સદ્ગુરૂને હું નમસ્કાર કરૂં છું. ૧

श्लोक.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवमहेश्वरंः
गुरुएवपरंमब्रह्मः तस्मैश्रीगुरुवेनमाः ॥ २ ॥

ગુરૂ છે તે બ્રહ્મા છે ને ગુરૂ છે તેજ વિસ્નુ છે ગુરૂ છે તેજ માહાદેવ છે ને ગુરૂ પરમાત્મા જે તેમને હું સાક્ષાત પરીબ્રહ્મરૂપે ગણી નમસ્કાર કરૂ છું. ૨

श्लोक.

अज्ञानतिमीरांधस्यः ज्ञानांजनसलाक्याः
चक्षरुन्मीलीतंएनः तस्मैश्रीगुरुवेनमः ॥ ३ ॥

જે ગુરૂએ અજ્ઞાનરૂપી અંધારાવડે આંધળા થએલા જીવોના નેત્ર, જ્ઞાનરૂપી અંજનની સળીવડે ઊઘાડયાં તેવા ગુરૂને હું નમસ્કાર કરૂં છું. ૩

श्लोक.

अखंड मंडलाकारंः व्याप्तं एन चराचरंः
ततपदंदर्सितंएनः तस्मैश्रीगुरुवेनमाः

જે પરમાત્માએ અખંડીત ગોળાકાર સ્થાવર જંગમ રૂપ જગત વ્યાપેલું છે તે પ્રભુપદને જે ગુરૂએ દેખાડયું. તેવા ગુરૂને હું નમસ્કાર કરૂં છું.

श्लोक.

ध्यांनमुळंगुरुमुर्तिः पुजामुळं गुरु पदंः
मंत्रमुळं गुरुवाकयंः मोक्षमुळंगुरुक्रपाः

ધ્યાનનું મુળ ગુરૂ મુરતી, પુજાનું મુળ ગુરૂ પદ, મંત્ર મુળ ગુરૂ વચન, મોક્ષ મુળ ગુરૂની દયા છે.

(સદગુરૂ વિષે પદ ૧.)

સજ્જન સઘળા એ સદગુરૂ સેવામાં રેહેવું;
રાત દીવસ એકાગ્રહચીત કરી ગુરૂગુરૂ મુખથી કેહેવું રે.
સજ્જન સઘળા એ. ટેક. ૧
શેષ નારદ સનકાદિક સરખા, ગુરૂના ગુણ સૌ ગાએ;
બ્રહ્મા વિશ્નુ શીવ સરખાથી, ગુરૂ મહિમાં કહ્યો નવ જાએ રે. ૨

અડસઠ તિર્થ અહોનીસ ફરતા, નિત્ય ધરતા પ્રભુનું ધ્યાન;
પણ ગુરૂ કર્યા વિણુ સર્વે ફોગટ એમ વદે શ્રી ભગવાન રે. ૩
નારદ સરખા દાસ હરીના, ગુરૂ વિના માન ન પામ્યા;
તે નારદજી ગુરૂ પ્રતાપે, લક્ષ ચોરાશીથી વામ્યારે. સજ્જન. ૪
જેમ લોહને પારસ પરસે, હેમ તે દીસે હાથે;
એમ ગુરૂ વિના જ્ઞાન કસોટી, મળે ન પારસ સાથેરે. સ૦ ૫
એમ ગુરૂ સમુદ્ર શીષ્ય સ્વાતીજળ, પછી ઠરી બેઠા તે ઠેકાણે;
સાધન ક્રીયા છીપસમાંણી, તો મન મોતીને માણેરે. સ૦ ૬
જેમ આદ્ય મધ્યને અંત્ય અલૌકીક, તેનો ભેદ ગુરૂ ભાગે;
સંસારસમુદ્ર ત્રિવિધિ તાપનો, ગુરૂજ્ઞાનથી ડાગ ન લાગે રે. સ૦ ૭
કાળ કર્મને કરે વેગળા, ભીતર બ્રહ્મ બતાવે;
જ્ઞાનગલીમાં ગમ તે પાડે, સુરતીની સાંન લગાવે રે. સ૦ ૮
અખંડ બ્રહ્મનો ભેદ બતાવે, તે ગુરૂ કહીએ સાચા;
કહે વીજલાલ સુણો ભાઈ સંતો, અવર ગુરૂ સૌ કાચારે. સ. ૯

(પદ ૨ જું.)

સાધન સઘળામાં સદ્દગુરૂ સેવા છે ઊંચી;
સાચે સ્નેહે કરે સર્વદા, એ જ્ઞાનતણી છે કુંચી રે.
સાધન સઘળામાં. ટેક. ૧
આઠ પોહોર અહોનીશ જેને, હરી ગુરૂ સેવા ભાવે;
તેના કોટીક પાતક ટળશે, અંત્યે મોક્ષપદ પાવે રે. સાધન. ૨
સ્વર્ગ વૈકુંઠ ગૌ લોક બ્રહ્મની, ઇચ્છા અહોનીશ કરતો;
હરીગુરૂ આદ્યેસંતસેવામાં, આઠ પોહોર ફેરા ફરતોરે. સાધન. ૩
જ્ઞાની થઇને જ્ઞાન બતાવે, ધનને કાજે ધાતો;
પરધન પરનારી અભીલાશી, ખાય ધડાધડ લાતોરે. સાધન. ૪
અંતરની અવિદ્યા મુકે, થઈ સઘળી વાતો સીધી;
જીણો થઇને જોને વીચારી, કેમ બગડી તારી બુદ્ધિરે. સાધન. ૫
સંતસમાગમ સદ્દગુરૂ સેવા, હરીચરણપર પ્રીતિ;
વિષ ઢોળીને અમૃત પીસે, એછે સત સંગતની રીતિરે. સા૦ ૬

સત્ય બતાવે તે સદ્ગુરૂ છે, તેની સેવા તો કરવી;
ધન લોભીને ત્રીયા લોભીની, વાત ન ઊરમાં ધરવીરે. ૭
ગુરૂએ અખાની પારસ , ગંગા માહી નંખાવી;
પાછી માગતાં ગંગા પોતે, અનેક મણી લઈ આવીરે. સા. ૮
બીજલાલ કહે વીદેહી જનને, વાહાલુ નહી દેહ દામ;
તેવા પુરૂષની સેવા કરતાં, મળે મોક્ષનુ ધામરે. સાધન. ૯

પદ ૩.

સમજુ સઘળાએ સોધીને, સદ્ગુરૂ કરવા;
વેદ વચન વિશ્વાસ કરીને, ગુરૂ ઉચાર ઊર ધરવારે ટેક.
ગુરૂ વચનમા સર્વે સીદ્ધિ, આપો આપજ આવે;
હરીહર બ્રહ્મા નારદ સરખા, તે પણ ગુરૂ ગુણ ગાવેરે.સ૦ ૧
વાલ્મીક જેવા હતા વનવાશી, અનંત પાપી પ્રાણી;
રૂષિ સર્વેને ગુરૂ માનીને, પ્રેમેગ્રહી દ્રઢ વાણીરે. સમજુ. ૨
ગુરૂ રામાનંદના શીષ્ય કબીરજી, નીર્ગુણ બ્રહ્મ ઊપાશી;
હીંદુ મુસલમાન સર્વે ચેતાવ્યા, વશીયા તે જઈ કાશીરે. ૩
દતાત્રીએ દેશ ભમીને, લક્ષાર્થ ગુરૂનો લીધો;
ગુરૂ ચોવીશ કર્યા સુભકારી, અમૃત પ્યાલો પીધોરે. સ૦ ૪
નારદજીએ ગુરૂ નિંદ્યા કીધો, ગુરૂના અવગુણ ગાયા;
તે ગુરૂએ લક્ષ ચોરાશી કાપી, અજર અમર કરી કાયારે. ૫
સકળ દેવના દેવ ગુરૂ છે, તે સમજે સુભથાશે;
બીજલાલ કહે ગુરૂ પ્રતાપે, નિર્ગુણ બ્રહ્મ નિત્ય ભાસેરે. ૬

(બ્રહ્મના સ્મર્ણ વિષે પદ. ૪)

સ્મર્ણ તો સાચુ સોહંગ, બ્રહ્મનુ સારૂ;
વેદ બતાવે તે તુ કરજે, માન્ય કહ્યું તુ મારૂ; ટેક.
સમણ તો સાચુ સોહંગ ૧
નિશ્ચે મનમાં જો નવ થાય તો, સદ્ગુરૂ કરજે શોધી;
કામાદિક વિષયાદિક આદી, ન કરીશ ગુરૂ વીરોધી. સ્મ૦ ૨

સકળ અવિદ્યા સેહેજે ટાળે, વળી જન્મ મર્ણની આંટી;
કામ ક્રોધથી તેજ મુકાવે, કાપે મમ દૃ ઘાંટીરે. સ્મર્ણતો ૩
જે સચ્ચિદાનંદ શુદ્ધ બતાવે, નવ રાખે મનમાં મેલ;
માહા વાયક જે વેદ તણા છે, તે સુણીને કરતુ સેલ. સ્મ૦ ૪
સઘળે એક સુત્રાત્મા સરખો, કણું અણું નહી કાંઈ ઠાલો;
સમજુ નરને સોંપે સત્‌ગુરૂ, તેનો હાથ તો ઝાલો. સ્મ૦ ૫
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, સકળ લોકના સ્વામી;
અખંડ અવીગત અવ્યક્ત એ છે, તે નીર્ગુણરૂપ બહુ નામી ૬
વિશ્વાસ વિના વિશ્વંભર ન મળે, કેમ ભટકો રૂજની વહાંણું
વ્રીજલાલ વદે બીજુ સર્વે જુઠું, એક બ્રહ્મ સત્ય જાણું. ૭

(નીર્ગુણ બ્રહ્મ વિષે લાવણી.)

કાલ કટકપર કરો ચડાઈ, બ્રહ્મ ભરૂંસા રખ ભારી;
સંતે મોરચા જીત લીયા હે, કાલ ફોજ ગર્દન મારી ટેક.
પરા પારકા લે પરવાના, અલખ લેખ પાયા પુરા;
અમર ગઢકા આસન જીતલે, ઓ સત્‌વાદી હે સુરા.
તત્વ નામ તરવાર પકડલે, ધર્મ ઢાલ કરમાં પકડી;
સુરત નુરતકી છુરી કટારી, ખેંચ કમર બાંધો જકડી. કા૦ ૧
તન બંદુક ધ્યાન દારૂ ધર, જ્ઞાન ગોળીયો ગુણ દાઈ;
ભજન ભાવકા કરો ભડાકા, દુશ્મન કે દીલપર જાઈ.
ગુરૂ ગમકી ગુસી બાંધકે, બ્રહ્મ ભાલા લે મતવાલા;
સત્ તત્વકી બકતર પેટી, નીર્ભે નિશાન જરીકા ઝાલા. ૨
કર્મ કાંન્ડકી કમાન લેકર, ધીરજ કીયા રેશમધાગા;
પચીશ બાણકા ભાથા દેખકર, દુશ્મનકા લશ્કર ભાગા.
પ્રેમ ઘોડેપર પલાંણ કસકેં, ફીર દયા લગામ ચડવાઇ;
અમર પુરૂષકા લઈ આશરા, લડો કાલ સનમુખ જાઈ. ૩
દોકુ મારો પાંચકું મારો, આઠ પચીશકું ઠેર કરો;
ત્રીશ ત્રીશકી બારા ટુકડી; માર મેદાનમાં આજ ફરો.
બાર મારે બતીસબી મારે, બ્યાસી બાવન્ન બીમારેહે;

સાઠ સોકા સેન્યાપતી લશ્કર, એક નહી ઊગારે હે. કા૦૪
ચોપ દીપમાં અમર પુ[illegible] જ્યાં જગમગ જોત જગા તેહે;
તહાં તીન દેવકા પિતા નીરંજન, આપે વેદ ગુણ ગાતે હે.
વહાં ગગન મંડળમાં ગડે નોબતાં, જયામે રામદુહાઈ ફીરાતાહુ
એહી અમર પુરૂષકી કરૂં નોકરી, હરદમ હુકમ ઊઠાતા હું
અમર પુરૂષકા પટા લખાકર, સુન્ય શીખરપર રહેતાહુ;
વાંહાં હે મેરા ઠાંમ ઠેકાણા, સો નહી કીસીકુ કહેતાહું.
ઇંગળા પીંગળા સુક્ષમણા મીલકે, વામે તન તરવેણી નહાતાહું
અખંડ બ્રહ્મકા ધ્યાન ધરકે, રાત દીવસ ઓહી ગાતા હું.
સતસંગ શેરીયે સાંજ સવારે, શેલ કરનકું આતા હું;
પુષ્પ સેજપર પોઢું પ્રેમસે, ઓર અમૃત ભોજનપાતાહું.
વહાં રાત દીવસ ઓર ચંદ્ર સુરજ બીન, આઠ પહોર ઊજાલાહે;
તહાં જન્મમર્ણકા પત્તા ન લાગે, વહાં પરમ પુરૂષ મતવાલા હે.
ઓહી નીર્ગુણ ખ્યાલકું જો કોઇ ગાવે, સોઈ સત્ય પુરૂષ કા ચેલાહે;
આ સંસાર તો આન ગીદ્ધયા હે, જગ દર્શનકા મેલા હે.
બ્રીજલાલ કહે ઓહી અચંબા, વહાં આપે આપ ગુન ગાતા હે;
સચ્ચિદાનંદકા સ્મર્ણ કરકે, ભવસાગર તર જાતા હે. કા૦ ૮

(સત્ય વિષે સંતને બોધ. રાગ રાજુલના ધોળનો.)

સદ્ગુણી સંતો તમે સત્યને શેવો,
સત્ય મારગ શુદ્ધ સારે;
શલુણા સંતો સત્યને શેવો. ટેક. ૧
જીવ ઈશ્વરને ૪ બ્રહ્મજ કહીએ;
સત્ય સ્વરૂપ તેમાં એક રે. શલુણા. ૨
સરોવર સરિતા ને સિંધુનુવારી,
નિર્મળ જળ એક રૂપ રે. શલુણા. ૩
આરે કાયા તે પંચભુતની બંધાણી,
તેમાં સત્ય સ્વરૂપ એક સારરે. શલુણા. ૪
સત્યે કરીને સિંધું સેહેજે બંધાણો;

સત્ય છે સર્વેનું મુળ રે, શલુણા. ૫
અનંત બ્રહ્માંડ રહે સ[illegible]ધારે;
તેમાં માહાલે ચૈતન એક રૂપ રે. શલુણા. ૬
સત્યને આધારે સર્વ લોકનીવાશી;
સત્યે ધરણીને આકાશ રે. શલુણા. ૭
સત્ય અમરીખ હરીશ્ચંદ્રેજ રાખ્યું;
સેહેજે અમરાપુર પામ્યા રે. શલુણા. ૮
શેઠ સગાળશા ને સુધંનવા કુંવરે;
મોર ધ્વજે કરવત શીર લીધું રે. શલુણા. ૯
મેહેતા મીરાંને સત્ય, શીરને સાટે છે,
કષ્ટ હર્યાં છે કિરતારે રે. શલુણા. ૧૦
પતીવૃતા જ્યારે સત્ય મુકે ત્યારે,
સતીપણું શેનું હોય રે. શલુણા. ૧૧
પરમ હંસ થઈ પર દ્રવ્ય હરે તો;
તો તે ન બ્રહ્મના ઊપાશી રે, શલુણા. ૧૨
સાધુ થઇને આત્મા સાધન ન સાધ્યું;
જગ ધુત્યાનો એ છે વેશ રે શલુણા. ૧૩
જોગી થઇને જોગ જુગતી ન સાધી;
માયા મેળવવાનો રોગ રે. શલુણા. ૧૪
વૈરાગી થઇને વહે વૈરાગ્ય ન આવ્યો;
માતપિતાને વગોવ્યા રે. શલુણા. ૧૫
કહે વ્રીજલાલ ઇંદ્રી પાંચેને જીતે;
છઠુ મન વશ જ્યારે હોય રે. શલુણા. ૧૬

(સરસ્વતી દેવીનું પ્રભાતીયું. રાગ. રામગ્રી.)

સૌથી મોટી દેવી શારદા, ચૌદ લોકમાં વ્યાપી;
ઓંકારથી ઊત્પન્ન થઈ, હરિહર બ્રહ્માએ સ્થાપી. ટેક.
શારદા માતની મેહેરથી, વેદ બ્રહ્માએ ભાખ્યા;
સુજ પંડી સાગર વિષે, પુર્ણ બ્રહ્મને જાંખ્યા. સૌથી. ૧

વ્યાસ વદને આવી વશ્યાં, પુરાણ અષ્ટાદશ કીધાં;
જ્ઞાન થવા સર્વ જગતને જ સર્વેનાં સીધ્યાં. સૌથી. ૨
જેને પ્રસન્ન થઈ શારદા: તેને શાનીરે પામી;
રાજપાટ સુખ સાહેબી, આપે અવિચળ ધામી. સૌથી. ૩
વળી જેદેવ શેદેવ માધને, કાળીદાસ જે કવિ;
ઓળખાવ્યા અવની વિષે, મેહેર માતની હુવી. સૌથી. ૪
અશર્ણ શર્ણી છે શારદા, શર્ણે આવ્યા ને રાખે;
કહે વ્રીજલાલ વિચારથી, મન વાંચ્છીત દાખે. સૌથી. ૫

(સતસંગ વિષે કુંડળીયો.)

સોબત કીજે સંતકી, તો સતમારગ દર્શાય;
ગતી બતાવે જ્ઞાનકી, આવે શુદ્ધ વિચાર.
આવે શુદ્ધ વિચાર, જ્ઞાન પામે તે સારૂં;
ભ્રાંન્તી ભ્રમણા સૌ જાય, ટળે અજ્ઞાન અંધારૂં.
કહે વ્યાસ વ્રીજલાલ, જગતની તોડી મેહોબત;
ધન તેનો અવતાર, સંતની કીધી સોબત.

(જ્ઞાની પુરૂષને વિષે પદ. રાગ સગાળશા શેઠનો.)

કહુ જ્ઞાનીની કાંહાંણી રે, સુણો સૌ સ્નેહજ આંણી;
કાળ કંકાસને કામની કેરો, તનથી કીધો છે ત્યાગ.
વ્યાળ વિષ સમવિષે ગણીને, પામ્યા વીત વૈરાગ;
સાચા સંત કહીએ સુરા રે, તેને કહીએ જ્ઞાનીજ પુરા. ૧
તાપ ત્રિવિધીનો વ્યાપ જાણીને, નિત્ય જાપ જપે જુગદીશં;
ત્યાગીપણું તતખેવ કરીને, શેવે જગતપતી ઈશ;
પુર્ણ બ્રહ્મ પ્રેમે પરખ્યોરે, નિશ્ચે અવિનાશીને નીરખ્યો. ૨
વ્યાપિક બ્રહ્મ વિચાર કરંતાં, થયો દ્વૈત ઊપાધીનો નાશ;
તંપદ, તત્પદ અશીપદ ઓળખ્યો, પામ્યો તે જ્ઞાન પ્રકાશ,
સુખના સમુદ્રમાં માહાલેરે, વચન વેદાન્તનું ઝાલે. ૩
આદ્ય અનાદી અગમ અગોચર, અચ્યુતાનંદ અપાર;

વેદ સરીખા તો ભેદ ન પામે, છે શુદ્ધ સનાતન સાર,
ગુરૂ મુખી જ્ઞાનથી જાણે રે, અચળ પદવી માંણે. ૪
વાસના લીંગ ગળી ગયુ જેનું, સમજી થયા સાવધાન;
જીવન મુક્ત થઈ જગમાં ફરતા, પામ્યા સ્વરૂપનું ભાન,
વદે વીજલાલજ વાણી રે, મુક્તિની છે એજ એધાંણી. ૫

——:o:——

(નારીના વિષે પદ. રાગ ઊપર પ્રમાણે.)

કહુ નારી નામની કાંહાંણી રે, સુણો સૌ સ્નેહજ આંણી;
શુભ કામ દામ ને કર્મ હણે, રૂપ રંગ જ્ઞાન પુન્ય જાય.
પળે પળે પ્રતીષ્ટા ઘટે, નારી સેહેજ નઠારી થાય;
રટણ ન શ્વાંમીનુ વાહાલુરે, ભમી સંસારમાં ઠાલુ. ૨
સીતાએ સેજે રાવણ રોળ્યો, બોળ્યો અહલ્યા એ ઇંદ્રભુપ;
વાળી સરીખા વઢી મુઆ, માંનધાતા પડયા ભવ કુપ:,
આયુષ્ય અર્ધુ આપ્યુંરે, તોય શીશ નારીએ કાપ્યું. ૩
રૂપ રસ ગંધ શબ્દ સ્પર્શ, એ છે પંચ વીષેનાં નામ;
એક ઇંદ્રીજીવ સહેજે મરે છે, પંચ ઇંદ્રી વાલાનુ કયાં ઠામ.
સંતે તજી સમજી નારીરે, અવગુણ અતીશે ભારી. ૪
કાયાએ વાચાએ મન ઇંદ્રીએ, પ્રકુની બુધી મળી આઠ;
નાગણ વાઘણ વન્હીરૂપે, શત્રુ સમો એનો ઠાઠ.
સગપણ સ્વાર્થ સુધીરે, એવી એની અવળી બુદ્ધિ. ૫
નરકનો કુંડ તે નારીજ કહીએ, બીજુ નર્ક ન દીસે નાદાંન;
મળ મુત્રાદીક જાણી ભોગવતાં, ભુલી ગયા સા ભાંન.
ચતુર નર ચેતીને ચાલોરે, સમજી સત્ય નામને ઝાલો. ૬
મૃગમીન પતંગ પળમાં, પ્રાણ પોતાનો તો ખોય;
ભમર ભોરીંગ હાથી હણાણા, તેતું નજરે જોય.
મરકટ મણીધર જેવારે, વશ થયા વીષેથી કેવા. ૭
હાડ કરડે છે શ્વાંનજ સુખે, અંતે તો દુઃખ દેખાય;
ઊંદર સાપનો કંડીયો કાપે તો, મરવાનુ મન થાય.
પોપટ પાંજરીએ જઈ બેઠોરે, શ્વાંન કાચ મહીરમાં પેઠો. ૮

સુખના સારૂ શેવતારે, દુખ અચાંનકજ હોય;
કપાસ ખાતાં મોઢુ બાંધીને ગાંઠનુ ઊનજ ખોય.
મરકટ મદીરાની હાંશીરે, આવી પડી ગળામાં ફાંસી; ૯
નથી નારી કાંઈ સુખનો સાગર, દુઃખનો ડુંગર તો જાણુ;
આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરો નીરવાણુ.
વદે બીજલાલજ વાણીરે, નારી એવી નિશ્ચે જાંણી;

(નારીની સંગત ન કરવી તે વિષે કુંડલીઓ.)

નરદ ભરૂંસા કરત હે, સો મરદ રહત જખમાર;
નારી સેં યારી કરે, તાકે શીર પેંજાર.
તાકે શીર પેંજાર, બેર લખ ખાવે ખતા;
કથે સોકવી સુજાન, મીલી જે ક્રોડ મરદશું.
પુણુ તોબા બેરહજાર, જાણો એક નરદશું;

(બ્રહ્મગુરૂ સ્તુતિ દોહરો.)

શ્રી ગુરૂ સચ્ચિદાનંદ પ્રભુ, પુરણ બ્રહ્મ સ્વરૂપ;
નિત્ય સુધ્ય વ્યાપક સદા, અગમ અગોચર ભુપ.
જડ ચેતન ગુણદોષ તે, અવીગતરૂપ અપાર;
સકળ શીરોમણી શોભીતા, વંદુ વારંવાર.
અખે ગીતા પંચીકરણનો, નિત્ય પ્રત્યે અભ્યાસ;
અહં બ્રહ્મ હું સત્ય છું, પામે બ્રહ્મ પ્રકાશ.
આત્મ બુદ્ધિ જ્યારે ઊપજે, વેદ વચન દ્રઢ હોય;
ઊપનીષદ એમ ઓચરે, બ્રહ્મ સ્વરૂપ કહે સોય.
જ્યાં લગી આત્મા ન ઓળખ્યા, ત્યાં લગી જન્મને મર્ણ;
અહંમ્ બ્રહ્મ દ્રઢ હોય તો, મટે કલ્પના કર્મ.
વેદ વિચારી ભેદ લહ્યો, રામ ગુરૂ બ્રંહ્મ સ્વરૂપ;
અનંત પુરૂષ ઊદ્ધારીયા, તાર્યા ભવજળ કુપ.
મીનવારીધી પેખીને, આનંદ હોય અપાર;
બીજલાલ વાણી વદે, તેમ બ્રહ્મ સકળનો સાર.

(રેખતા ઉપદેશ.)

સોહંગ બ્રહ્મકુ ગાઓ, સુરતી સંત શુંલાઓ;
સેવા સંતકી કીજે, આદર...તો દીજે.
સ્મર્ણ સેજકા સુધા, ઊસકુ છોડ મત ઊંધા;
પડે જબ કાલકી ફાંસી, આખર હોયગી હાંસી.
જીવતે જક્તકુ ધુત્યા, મુઆ તબ ખાયગા જુતાં;
વદે વ્રીજલાલ આ વાણી, સંતે સેહેજમાં જાણી.

(નાદાન માણસ વિષે રેખતો)

ખેલ કરતાહે ખોટા કે ખેલ, કરતા હે ખોટા;
દીલમા સમજે છે સારૂ કે, દીલમા સમજે છે સારૂ.
સર્વે ધન છે મારૂ કે, વળગ્યુ માયાનુ લહારૂ;
થયો છે ખેલ ખુવારૂ કે, છોડી દે મનથી મારૂ.
બોલી તો બોલતા મીઠી કે, બોલી તો બોલતા મીઠી;
ચાલ ખોટી જબ દીઠી કે, માયા મોહની પીઠી.
નહિ માયામાં કંઈ માલ, આખર હોયગા બેહાલ;
કહે સત્ય વ્રીજલાલ, અજબ કરતાકા ખ્યાલ;
કુડી કરતા ચાઠી કે, કુડી કરતા ચાડી.
અકલ આપે આડીકે, અકલ આપે આડી;
કેપીએ ઝાઝી તાડી, જાય દરબાર દાહાડી;
બેસે ઘોડા ગાડી કે, કાપે લીલી વાડી;
બુદ્ધિ બુરી જાડી કે, ધીઃખ છે તેની માડી.
વ્રીજલાલ એ છેલ છાંડી કે, એવાં દીઠા અનાડી.
છે એ જાતનો પાજી કે, હીણુ કામમાં રાજી;
ત્રીયા તાકતો તાજી કે, પાઈ નહી આપતો પાજી.
લેછે સૌનુ બાજીકે, બોલે બુરાઈ ઝાઝી:
ફરે છે રંગમાં રાતો કે, ગુણકા ઘેર તો જાતો,
બીડી પાનની ખાતો કે, ઘણુ એક તાંનમાં ગાતો;
કરે છે જુઠકી બાતોકે, આખર પડેગી લાતો.

માલ જમતો તાતો કે, દોલત પારકી ચાહાતો;
ફરે છે મદમાં માતો કે, ધન કાજ બહુ ધાતો.
વદે બીજ આ વાતો કે, હરામી હાર બહુ ખાતો;
એ છે નફટનો તો ખ્યાલ, આખર થાય છે બેહાલ.

(અલ્લા એક છે તે વિષે રાયત)

હેઓ અદલ કે જો, અદલકાહે બનાંને વાલા;
હે ઓ આપ મેહેરબાંન, હક હે અલ્લા તાલા.
હે દીલ જયાંહાંન કે, દીલકી જાંનેગા ઓહી;
મેં ગુન્હેગાર ગુન્હા મેરા, બખ્સે ગાવોહી.
સબુર કરકે કરો યાદ, ઓહી પરવર દીગારહે;
કરે જો યાદ ખુદાકુ તો, ખુદા ઊસકા યાર હે.
નહી ભાઈ બીરાદર, ઊસ કુજ નહી;
ન અંમાં અગર કબલા, કો નેન નહી.
નહી દીલદાર ઓર દુસ્મન, ઈસકુ હેજ નહી;
ન મરના અગર ડરના, કબુ હેજ નહી.
ન લેના અગર દેના, કછુ હેજ નહી;
ન ઝોલી અગર ઝંડા ઓ રખતા નહી.
ન સેલી અગર સીંગી, કછુ ખપતા નહી;
ન ફકીરી ઓર અમીરી. કહી જાતી નહી.
કયા ખાતા હે ઓ યાર, ઓ ચીજ નજર આતી નહી;
કયા મગરૂરીકે અફસોસ ઊસકુહે નહી.
એસા કોન હે કંબખ્ત, ઊસકુ માનતા નહી;
ઊસકા દીલકી ઊમેદવારીકુ, કોઈ જાનતા નહી.
હરદમ હરામકી બાત, દીલપે, રખતા નહી;
ન કોઇ દીન અગર રાત, ઊસકુ દેખતા નહી.
ન અપની જાત દીલકી બાત, કોઈકુ કેહેતા નહી;
ન વેદ કે કુરાંન લાકે, કોઈકુ દેતા નહી.
રેહેતા દુનીયામાં કે અસમાંનમે, કોઈસે બોલતા નહી;
હે ઓ હીંદુ કે મુસલમાંન, ઓ પંડદા ખોલતા નહી.

ન કોઈ પીર પેગંબરકે ઘરકુ, ઓ આયા નહી;
રેહેતા ખલકમે ભરપુર, કે[illegible]પાયા નહી.
ન સરદી અગર ગરમી પવન ઝેહેર, અમલ કરતા નહી;
રેવે પાંનીમે દીન રાત, તો ભી મરતા નહી.
ન આગ લગાંનેસે કભુ, ઓ જલતા નહી;
ન હથીયાર એસા કોઇ, ઇસકુ કતલ કરતા નહી.
હે ઓ દુનીયાં બાગકી રૂસનાઈ, નજર આતા નહી;
ઊસકા ઓહી બનાને વાલા, સો કહેત વ્રીજલાલા.
સમજલ્યો સબ કોઈ, એહી હક હે અલ્લાતાલા;

(આશક માશુક વિષે રીયાત છે)

આસક કહે માહાસુક સુણો, દીલ પાક રખો જબ આંનમીલે;
હરવખ્ત હસો દીલ આયબસો, દીલ બાગ હમેરા જબ ખીલે.
હો હાકમ આપ હુકમ કરો, દીલ ચાયસો આપ કરસકતે હો;
દીલ જ્યાંહાંન તમોપે, કુરબાંન કરૂ, મેરે પ્રાંણુસે પ્યારે તુમ લગતે હો.
શીર કે શીરતાજ બને, માહારાજ સમાલો લાજ;
મેતો આન ખડા દરવાજનમે, કહે વ્રીજલાલ ગાઊ એ ખ્યાલ.
સુણો મેરા લાલ અજબ તેરા તાલ, મેતો મરત સજ્જનકે કાજમેન

(કાયામાં કોણ દેવ છે ને ક્યાં રહેછે તેનો ખ્યાલ.)

કહુ કાયા નગરીકા ખ્યાલ, સુણો દીલદાર સંત મહારાજા;
કાયા નગરીમાં વસે કોણ, કે તે દરવાજા ટેક.
વસે ગુદા પરે ગનપતી; ઓર શુદ્ધ બુદ્ધ નારી;
વસે નાભી કમલમે બ્રહ્મા, કમંડલ ધારી.
હૃદયમેં વિશ્નુકા ધામ, કમળા હે દેવી;
વસે નીલકંઠ મહાદેવ, ખબર વહાં લેવી. કહું કાયા૦ ૧
હે જીભ્યા કે ઊપર, વરૂણ દેવકા વાસા;
નાશીકમાં અશ્વની કુમાર, રૂપ પ્રકાશ્યા.

ચક્ષુએ સુર્યકા તેજ, ત્વચામેં વાયુ:
શ્રોત્રમાં દીશાકા વાસ, મને ઠરાવ્યું. કહું૦ ૨
ફીર અર્ધ ઊર્ધ કે મધ્ય, વહે તરવેણી,
ગંગા યુમના ઓર સરસ્વતી, સુખ દેણી;
એર ઊનકે આગે ચલે, સંત કોઇ સુરા,
દેખે જ્યોતી સ્વરૂપકા તેજ, નારાયણ પુરા. કહું૦ ૩
વહાં અનહદ નોબત વાજે, બહુત રણતુર,
જહાં સહસ્ત્ર પાંખડી કમલ, ખીલ્યાં હે પુર;
સોહી અમર પુરૂષકા રૂપ, સહેજમાં પાયા,
ભયો અડસઠ તીરથ સ્નાંન, ગંગામેં નાહાયા. કહું૦ ૪
છોડી પંચમુતકા દેહ, વિષયકી ખાણી,
પાયા સોહંગ બ્રહ્મકા ભેદ, સાહેબી માંણી;
હુવા ઘ્યાશી બાવનસેં દુર, બ્રહ્મ હજુર સ્વરૂપજબ જોયા,
ફીર જન્મમર્ણ ઓર, ત્રિવિધી તાપકુ ખોયા. કહુ૦ ૫
મળી પુષ્પ સેજકી વાસ, ટુટી જગ આશ પિયુષ વહાં પાયો,
તબ કાલ કર્મ ઓર, સુખ દુઃખ નજર ન આયો;
હુવા ભવસાગરસેં પાર, રૂપ એક તાર ભ્રાંતિ સબભાગી,
હુવા કેવળ સત્ય એક બ્રહ્મ, આપ અનુરાગી. કહું૦ ૬
નહીં ઇંદ્ર લોકકા કાજ, ત્રિલોકી રાજ કરનકી આશા,
ભઇ અખંડ બ્રહ્મકી ભેટ, બન્યાસો ખાસ્યા;
એ પીંડ બ્રહ્માડકી કથા, મેંને સુનાઇ,
એક સુરતી સોહંગકું સહેજ, પલકમેં પાઇ. કહું૦ ૭
ગુરૂ પરમ હંસ હે સત્ય, મેરે સન્યાશી,
જેણે આત્મજ્ઞાનકી બાત, મુજે પરકાશી;
કહે મીજલાલ એ ખ્યાલ, મેંને જબગાયા,
ગુરૂ સચ્ચિદાનંદકા શીષ્ય, નાંમ ઠેરાવ્યા; કહું૦ ૮

(સોરઠ દેશનો કુંડલીઓ.)

સોરઠ દેશ સોહાંમણો કહીયે, જ્યાં શેહેર જુનાગઢ સાર;

દત્તાત્રીનાં પગલાં જ્યાં છે, એવો પવિત્ર પાહાડ ગિરનાર.
એવો પવિત્ર પહાડ ગિરનારતે પુરે ... જમીયલશાહદાતાર છે સુરો;
શ્રાવક તિર્થ શાશાવન, ગૌમુખી ગંગા અતી પાવન.
શ્રીજલાલ ત્યાં નવાબની કોરટ, સુંદીર શોભીત દેશ છે સોરઠ;

(દ્વારિકાંના દેશ ઓખાનો કુંડલીયો.)

ઓખામાં અલબેલો બીરાજે, રૂપાળો શ્રી રણછોડ;
દ્વારામતી શોભા જોતાં, ન મળે જુગમાં જોડ;
ન મળે જુગમાં જોડ તે જેની, દેવ મુની ભણે કીતિ તેની,
ગોમતી સાગર સંગમ સ.ર, અર્વર દેવનો નાવે પાર;
કહે વ્રીજલાલ છે છાપ ચોખામાં, બેટ ગોપી તલાવ દેશ ઓખામાં.

(ધરણીધરની લાવણી ઝાલ.)

સમરૂ હું ધરણીધર માહારાજ, રખો સબ સેવકકેરી લાજ,
નામસે પાપ તાપ જાવે, સમરતાં મન વાંચ્છીત પાવે;
દોશ સર્વ પૂર્વ જન્મ જાવે, દુઃખ નહિ દ્રષ્ટિમેં આવે,
અકળ બળ અવની જીન ધારી, પ્રીયે સબ દાસનકે ભારી;
સમરતું શાંમ રૂપ ચરણાં, દાસ વ્રીજલાલકે દુઃખ હરણાં.
રટ તુહી, રટ તુહી. (૩)

(રાગ. લાવણી.)

ઊગમણે દરવાજે નાથ મે, અરજ કરૂ તોરી;
ભવસંકટ મેટ કરો સાંમળા, બાંહે ગ્રહો મોરી. ટેક.
ઊત્તર દેશમાં આપ બિરાજો, ભક્તન હિંતકારી,
ઢેમામાં ધરણીધર શોભે, માહા ઊધોત ભારી;
સાંમ વરણ શોભે શાંમળીયો, મોર મુગટ ધારી,
પીતાંબર પલવટ વાળીને, ઊભા વનમાળી. ઊગમણે૦ ૧
આભુષણનો નહી પાર, કંઠે સોહીયે મોતનકી માળા,
શીરપર છત્ર બીરાજે, ઓઢે બહુ સાલ દુસાલ્લા;

દેશ દેશ કે લોક સાધુ, સૌ દર્શને આવે,
ગંગોદક બહુ પ્રેમ ધરીને, નીત્ય પ્રભુને નવરાવે. ઊગ૦ ૨
સુરમુની દેવ સેવ કરે સર્વે મલી, ઇંદ્ર ચંદ્ર નારદ ગુણ ગાવે,
અઠયાશી સહસ્ત્ર રૂષિ મળીને, પ્રભુ દર્શને આવે;
નાચે અપછરા મુની ધુન્ય કરે છે, શેષ શારદ જસ ગાવે.
ગાંધ્રવ ગુનીજન ગાન કરીને, ધ્યાન ધરે ભાવે. ઊગમણે૦૩
શંકર શમરણ કરત અહોનીશ, ધ્યાન હૃદયે ધારે,
દેવળ જોતાં આનંદ ઊપજે, હર્ષે મન ત્યારે;
પ્રાત: સમે શણગાર કરીને, આરતી ઊતારે,
વૈશ્નવ સર્વે મળી પ્રભુના, દર્શને આવે. ઊગમણે૦ ૪
નોબત વાગે ઝાલર ગાજે, ઘડીયાળી બહુ ઘોર કરે,
ઘંટા નાદ ઘણેણાટ માંહી, સાધુજંન બહુ સોર કરે;
ધરણીધરનુ નામ લેતા, પાપ પુર્વના તર્ત બળે.
નાથ નામના નાવે બેસીને, સંસાર સમુદ્ર સહેજ તરે. ઊ. ૫
જેઠ માસની સુદી પ્રેમે, એકાદશી આવે,
સૌ જન ભેળા મળીને, મેળો ભરે ભાવે;
વેપારી સૌ માલ લઈને, ધરણીધર જાવે.
થરાદરીમાં ઢેમાં મધ્યે, શોભા રચાવે. ઊગમણુ. ૬
સંવત ઓગણી છત્રીસ સાલે, જેઠ માસ સુદ એકાદસી;
તે દીવસ અમો લાવણી જોડી, મંદીર મધે પંચરાત વસી.
ગામ નૈષધપુર વાસો વસીએ, જ્ઞાતી વ્યાસની કેહેવાતા;
નામ અમારૂ વ્રીજલાલ છે, અમે પ્રભુદાસ સાથે રેહેતા. ૭

(ગોપી ભગવાનને મનાવે છે ગરબી.)

માન્ય કહ્યું મારૂ છબીલા તું માન્ય કહ્યું મારૂ;
પ્રભાતે ઊઠી વાલો વનમાં પધારે, મારે મુખ જોવું પ્યારૂં છ૦
હાથમાં ગેડીને મુખ ધરી મોરલી, વાલે નટવરરૂપ ધાર્યું. છ૦
વન વન કુંજ કુંજ અમે તે ફરીવ્યાં, તારૂં મુખ જોવા પ્યારૂં.

આજ મળ્યા એકાંન્તે છબીલો, મારૂ કામ સર્યું સારૂ. છ૦
પરનારીનો વાલો પાલવ પકડે, નકરે કોઈનું વાર્યું. છબીલા૦
વ્રજ વિનતા વીઠ્ઠલને વરીયાં, પયુ સેજે કામ સારૂ. છબી૦
દેવ રૂષિ મુનીયે નવ ઓળખ્યા, કુળ ગોવાળુનું તાર્યું. છ૦
વીજલાલ કહે વ્રજ વિનતા મળીને, ધાર્યુ મનમાં તો ન્યારૂ.

(સમજુને સમજણ પડવા વિષે ગરબી.)
(રાગઃ વૈદરભી વનમાં વલ વલે.)

સમજુને સમજણુ સાર છે, વણુ સમજે વીનાશ;
પ્રભુ પદ મુકીને પ્રેમથી, કરે જગતની આશ. સમજુને૦
શમરણુ કર સીતા રામનું, મુકી મન અભિમાન;
ઝાંઝવા સમ સુખ જગતનું, કેમ ભુલ્યો તુ ભાન. સમ૦
મારૂ મારૂ કરી માનતો, તન ધન ત્રીયા સુત સ્નેહ;
કાળ અચાંનક આવશે, કરશે સૌથી તે છેહ. સમજુને૦
વીકળ જેમ ગૌવચ્છ વીણ, જળ વિના જ્યમ મીન.
ટોળા વછુટી મૃગલી, કાઢે દુખના તે દીન. સમજુને૦
ફાટી આંખે ઘણું ફુલતો, ભુલી ગયો ભગવાન;
વીજલાલ બહુ તેને વારતો, તોય ન આવી સાન. સમજુને

ગરબી ૩ જી (રાગ ઓધવજીના મહીનાનો.)

જીવ કહે કાયાને શું સુખ લોગવો,
હરી ભજી લે આયુષ ઓછું થાયજો;
મનુષ્યા દેહ મોઘી તે સહેજે મળે નહીં,
લક્ષ ચોરાશી ફરવી વારંવાર જો. જીવ૦ ૧
શ્રીહરીનું શમરણુ કરતું સાધવી,
જઠરમાંથી ઊગારી જુગદીશજો;
કોટી કોટી કીટ ઊદરમાં અતી વસે,
સહાય કરે ત્યાં તારી પુરણુ ઈશજો. જીવ૦ ૨
સ્તુતી કરતો અંતરમાં તું તો ઘણી,
રાત દીવસ તું રટતો વિશ્વા ધારજો;

આ બંધનથી છોડાવો મને માવજી,
ભુલીશ નહિ હું ભવ આખો આભારજો. જીવ૦ ૩
બહાર આવેથી હરી [illegible]ા તુજને નવ ગમે,
સારા લાગે સુંદિર ભવમાં ભોગજો;
ખાવાને પીવારે ખુબી ખેલવા,
કેમ કરી અમે ધરીયે વરવો જોગજો. જીવ૦ ૪
અંત સમે કાયા તો મુકી કારમી,
જમ લેઈ ચાલ્યા જીવને પકડી જાણજો;
ધર્મ સભામાં લાવીને ઊભો કર્યો,
આતામાં તો દીઠી ખાધની ખાંણજો. જીવ૦ ૫
સત્ય પુરૂષે સીદ્ધિમાં તપાસીયું,
નાંખો તેને રૈ રૈ નર્ક મોજારજો;
બીજલાલે કહે વસમી વેળા આવશે,
કોણ કઢાવે જીવને ત્યાંથી બહારજો. જીવ૦ ૬

ગરમી ૪ થી (આવીયો આવીયો આવીયોરે એ રાગ.)
ગાઈ લ્યો ગાઈ લ્યો ગાઈ લ્યો રે,
તમે નિત્ય સોહંગ બ્રહ્મ ગાઈ લ્યો. ટેક.
ઘરના આગણે જ્ઞાન ગંગા વહે છે,
પ્રેમે કરીને તેમાં નહાઈ લ્યોરે; તમે૦ ૧
દ્રષ્ટ પદાર્થ સર્વ મિથ્યા માનીને,
સત્ય ચૈતન ને સાઈ લ્યોરે. તમે૦ ૨
આ મનુષ્યા દેહરૂપી જન્મ ધરીને,
સદ્ગુરૂ સેવા કમાઇ લ્યોરે. તમે૦ ૩
આ ઊત્તમ દેહે કરી જ્ઞાન સમજાય છે,
પ્રેમે કરીને વસ્તુ પાઈ લ્યોરે. તમે૦ ૪
કહે બીજલાલ સતગુરૂ પ્રતાપે,
સહેજે સનાત સાઈ લ્યોરે. તમે૦ ૫

ગરબી ૫ મી (રાગ ઉપરનો.)

પામીયો પામીયો પામીયોરે,
નર મિથ્યા અભિમાન પામીયો; ટેક.
સુત વીત દારા દેહને દેખીને,
કાળનો ત્રાસ તુતો વાગીયોરે. નર૦ ૧
તૃષ્ણામાંહી તણાતો અતિ મુરખ,
જઈ વિષય ઇંદ્રીમાં વિરામીયોરે; નર૦ ૨
અવિદ્યા માયામાં આઠ પહોર ભમતો,
જોને આખર ચોરાશી છે સામીયોરે. નર૦ ૩
નાત ને જાતમાં નામજ કાઢવા,
ખર્ચે છે દ્રવ્ય અભિમાનીયોરે. નર૦ ૪
મુછો મરડે ને મનમાં ઘણું પુલે,
અસત્ય ભાખે છે કુગામીયોરે. નર૦ ૫
આ માથું છે તારૂ જડનું ઘડેલું,
તું તો દેવ ગુરૂને નવ નામીયોરે. નર૦ ૬
સચ્ચિદાનંદ બ્રહ્મ પુરણ ભજી લે,
શમરીલે અંતર યામીયોરે. નર૦ ૭
કહે વ્રજલાલ નહિ તો પેટ ભરી પડસે.
કસી રહેશે નહી ખામીયોરે. નર૦ ૮

ગરબી ૬ ઠી (રાગ ઉપરનો.)

છોડને છોડને છોડનેરે, તું તો મિથ્યા અભિમાન છોડને ટેક.
કઠણ કરાળ છે કાળની ફાંસી, સતગુરૂ પ્રતાપે તોડનેરે. તુંતો૦ ૧
આ હું ને મારૂં વળગ્યું છે તને, મનમાયાથી મોડને રે. ૨
અંત સમે સર્વે પડયું રહેશે, કોટી દામ કદી જોડને રે. ૩
માયાના હાંલ્લામાં હાથ ભરાયો છે, તેને મુરખ તું ફોડને રે. ૪
અવિદ્યારૂપી મહા રોગ લગાયો, પડયો મુકય કર્મરૂપી કોડનેરે.
સચ્ચિદાનંદ પુરણ બ્રહ્મ ભજી લે, તેથી માયા તુંતો જોડને રે. ૬
કહે વ્રીજલાલ એક નિશ્ચે કરીને, તજ કામક્રોધ લોભની ખોડનેરે. ૭

ગરબી ૭ મી. (રાગ ઊપરનો.)

ભાસીયો ભાસીયો ભાસીયોરે,
મને એક સોહંગ બ્રહ્મ ભાસીયો. ટેક.
અનંત અવિદ્યાનો હું ભરેલો પ્રાણી;
માયાની જાળથી નાસીયોરે. મને૦ ૧
સચ્ચિદાનંદ ગુરૂ પુરણ પ્રતાપે;
ચેતન સ્વરૂપ પ્રકાશીયો રે. મને૦ ૨
જળ સ્થળ કીટને બ્રહ્મા લગી મુને;
એક દીસે છે અવીનાશીયો રે. મને૦ ૩
વેદ પુરાણુ વદે વાણી ઊપનીષદ;
જેની ગીતા સરખી છે દાસીયો રે. મને૦ ૪
સ્થુળ સુક્ષમને કારણ મહાકારણ;
તેથી પરે છે અવીનાશીયો રે. મને૦ ૫
જડ પદાર્થ તો કાંઇ ન ભાસે;
સત્ય સ્વરૂપને ઊપાસીયો રે. મને૦ ૬
ભાષ્કર ભાંડે ભાસ પડે જળ,
એમ અવિનાશી આકાશીયો રે. મને૦ ૭
કહે બીજલાલ એ આનંદી અવીગત;
અણુલીંગી લોક ઊજાશીયો રે. મને૦ ૮

ગરબી ૮ મી. (રાગ ઊપરનો.)

સત્યની સત્યની સત્યની રે; તમે વાણી વદોને સત્યની. ટેક.
સદ્દગુરૂ સંતનો સમાગમ કરીને, પામો વસ્તુ પુરી અગત્યની રે. ૧
જન્મમરણનાં મહાદુ:ખ જોઇને, તમે સમજો વાત વીગતનીરે. ૨
સત્શાસ્ત્રનો અભ્યાસજ કરીને, મુખે વાણી વદો બ્રહ્મ મતનીરે. ૩
પુરણ બ્રહ્મનો ભેદ સમજીને, મુકજો વાત જુઠી લતનીરે. ૪
તંપદ તત્પદ અશીપદ ઓળખે, પછી જાગ્રત સ્વપ્ન સુસુ પતનીરે.
એવા સતગુરૂ સચ્ચિદાનંદ મળે જો, ત્યારે પામે વસ્તુ અગત્યનીરે. ૬

પોતે પોતાનું સ્વરૂપ પાસે દેખાડે, તે ટાળે ચોરાશીની લત્યનેરે. ૭
કહે શ્રીજલાલ તે તો લુણુ જળ એક એવી કળા છે માંન હંસનીરે.

ગરબી ૯ મી. (રાગ ઊપરનો.)

ભમણા ભમણા ભ્રમણારે, મુકી ઘોની જગતની ભમણા. ટેક.
સત્ય સ્વરૂપનો સંગ મુકીને, મુખે માગો છો વટમણા રે. ૧
વાંણીનું મુળ તો વેદજ કહીયે, બુધ્ધિવાંને કરી સૌ ક્રમણારે. ૨
પુજાનું મુળ એક પરીબ્રહ્મ પુરણ, બાકી સંશયને શોક પરીશ્રમણારે.
જ્યાંથી જે ઊપજે ત્યાં તે સમાય છે,શોધી જુઓને રસ્તા ધર્મના રે.
સચ્ચિદાનંદ સભરાભર પોતે, વદે શ્રીજલાલ અનુક્રમણા રે. ૫

ગરબી ૧૦ મી. (રાગ ઊપરનો.)

એક છે એક છે એક છે રે, પ્રભુ સઘળે સ્વતંત્ર એક છે. ટેક.
અનંત બ્રહ્માંડમાં નિર્ગુણ બ્રહ્મ છે, એવો ચારે વેદમાં લેખ છે રે.
પાળણ પોષણ પોતે કરે છે, સદા અમૃત દ્રષ્ટિ કરીએ દેખશેરે. ૨
પરા પાર પરીપુરણ છે પુરો, સકળ માયા તેની નિષેદ્ધ છે રે. ૩
પાસેથી પાસે ને અળગાથી અળગો, એવો એનો તો વીવેક છે રે. ૪
સુર્ય શશીસકળમાં છે સરખો, એવો ચૈતન ચપળ વિવેક છે રે. ૫
કહે શ્રીજલાલ સચ્ચિદાનંદ સઘળે, જ્ઞાન ચક્ષુવાળો પેખશે રે. ૬

ગરબી ૧૧ મી.

(રાગ આવો આવો શીવશંકર ભોળાએ.)

સાચારે સ્વામી સોહંગ બ્રહ્મ વરીયે, અવરને તો ચીતમાં નવ ધરીએ. ટેક.

સંસારમાં તો જન્મમરણ મોટું, પરણીને તો રંડાવું ખોટું;
ત્યારે તે શું સ્નેહ તે કેમ કરીએ,સાચારે સ્વામી સોહંગ બ્રહ્મ વરીયે.૧
પેહેરી જેની કુંકણુને ચુડી, સોંપી તેને માયા ને મુંડી;
તેનાથી તો અવળા કેમ ફરીએ,સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મ વરીયે.
સજ્યા જેના શણગારતો અંગે, રંગે રમુ સાંગળીયા સંગે;

તેનો સખી ધોખો કેમ ધરીયે,સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મ વરીયે.
ઓઢી જેની સુંદિર સુભ સાડી, તેતો તેને નવ મુકે કાહાડી;
તેના કહ્યા બાહાર ન પગ ભરીયે,સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મવરીયે.
ચોડી મેંતો ટીલડી કાજળ સારી,અંબોડોતો કસીયો આંટી વાળી;
સ્વાંમી સાથે સજ્યાયે પગ ધરીયે,સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મ વરીયે
મળી મને અખંડ વરની જોડી, માયા મેતો જગતતણી તોડી;
સુખ માંની અંતરમાં ઠરીયે, સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મ વરીયે.
એવા સ્વાંમી સચ્ચિદાનંદ પ્યારા, અંતરમાંથી નહીરે કરૂ ન્યારા;
કહે શ્રીજલાલ તેની ચર્ણું રજે તરીયે, સાચારે સ્વાંમી સોહંગ બ્રહ્મ વરીયે. ૭

ગરબી ૧૨ મી—(રાગ ભુલમાં ભુલમાં ભુલમાં.)

ચોટમાં ચોટમાં ચોટમાંરે, કાળ આવ્યો અચાંનક ચોટમાં. ટેક૦
ઘણો ગર્વનો ભરેલો છે પ્રાણી,આવી જાળ નાખી છે એની કોટમાંરે.૧
સ્મર્ણરૂપી સેજ લાભજ ખોયો,આવ્યો લક્ષ ચોરાશીની ખોટમાંરે. ૨
સરજનહારનુ સ્મર્ણ મુકીને, ઘણો વિષે સજ્યામાં લોટમાંરે. ૩
કાળનો કાળ જપ સોહંગ બ્રહ્મ તું, પછી નાવે તુ કાળની ડોટમાંરે. ૪
માટે સમજીને સતગુરૂને શેવજો. બેસશો જ્ઞાન કેરી બોટમાંરે. ૫
કેહે શ્રીજલાલ એક જાણે સો જાણ્યું, તેનું નામુ વાળ્યું છે નોટમાંરે.૬

ગરબી ૧૩ મી—(રાગ ઉપરનો.)

લાજમાં લાજમાં લાજમાંરે, તમે સીદ તણાઓ છો લાજમાં. ટેક૦
કામનીયોના શણગારજ સારૂ, બધી મુડી ખોઈ તમે વ્યાજમાંરે. ૧
જેમ ઘંટીમાં દાણા દળાય છે, તેમ તમે છો કાળના ખાજમાંરે. ૨
પુંન્યને નામે પાપી પાણી ન પાતો,ફરે અધર્મ કરવાના કાજમાંરે. ૩
ચોરી અવેરીને ચાડીજ કરતો, ગરીબ દેખીને બહુ ગાજમાંરે. ૪
શેવા સ્મર્ણ સુભકાર્ય કરીલે, સંતસંગત નવ તાંજમાંરે. ૫
જમનો ઝપાટો પ્રાંણી જીવ કાહાડી લેશે, મારસેમાર બહુ દાઝમાંરે.૬
ખોટાં ખતો ને જુઠી ફરીયાદી, અસત્ય બોલો છો જઈ રાજ્યમાંરે. ૭

પરધન દેખીને લોભ નવ કરશો, પરનારીશું ઘણો બાઝમાંરે. ૮
કુબુદ્ધિને રસ્તે કાંટાજ વાગશે, ચડ તું રામ નામ પાજમાંરે. ૯
કહે મીજલાલ આ અવશર જાશે, પછી ઉડી જશો
કાલ આજમાંરે. તમે૦ ૧૦

ગરબી ૧૪ મી.

આજ અમુલખ અવશર આવ્યો, ભજવાને પરિબ્રહ્મ જોને;
સચ્ચિદાનંદનુ સ્મર્ણ કરતાં, ટળે ત્રિવિધીનાં કર્મ જોને.
વિવિધ વાસના વળગી તુજને, તેં માન્યુ સર્વે મહારૂજોને;
અંત્ય સમે અળગાં સૌ રહેશે. કોઈ નથી ભાઈ તહારૂ જોને.
સ્વારથ અર્થે સર્વે મળીયાં, મિત્ર કુટુંબ સુત દારા જોને;
પ્રાણ ગયે પળ નહિ કોઈ રાખે, એવા જગના ધારા જોને.
માયા મુડી મુલક મેડીયો, ઘણા જરૂખા ગોખ જોને;
ઊંચી ઊંચી કરી અટારી, નવી બનાવી નોખ જોને.
તેતો તજીને જાશો જીવડા, રહી હોંશ હૈયામાં ઝાઝી જોને;
જમના આગળ જોર ન ચાલે, લેઈ ચાલ્યા તે બાઝી જોને.
ઓરતા અંતર માંહી કરતો, ભરતો નેત્રે નીર જોને;
ભુખ તરસનો ભય ઘણો છે, મન નથી રેહેતી ધીર જોને.
મુખેથી નીસાસા મુકે, મુખ થઈ ગયું મેલુ જોને;
વાચા હીણો વચન ઊચારે, બોલે ઘેલુ ઘેલુ જોને.
દયા દાંનને પુન્ય ન જાણ્યું, માંણી માહાવિષ માયા જોને;
ધર્મને અર્થે ધન વાપરતાં, પામ્યા ઊત્તમ કાયા જોને.
પુન્યતણાં ફળ પાંમે સૌકો વેદ પુરાંણ વખાંણે જોને;
મુરખ નરની અવળી મતી. મતામતી બહુ તાંણે જોને.
વેદ વિચાર વિના સૌ મિથ્યા. ઊપનીષદ એમ વારે જોને;
સૌ શાંણાનો મત છે એકજ, પંડિત ઊરમાં ધારે જોને.
તે સમજીને સીધા ચાલો, અવળે વાગે કાંટા જોને;
જન્મ મરણનો પાર ન આવે, ફરે લક્ષચોરાશી આંટા જોને.
રૈ રૈ નર્કમાં માહા દુઃખ તુજને, કેમ ફરી સેહેવાસે જોને;

સર્પ વિછીને કાંન ખજુરા, તે તુજને ફોલી ખાશે જોને,
આ અવસર ઊગારો આપ ફરી ભજન નહી ભુલુ જોને;
અંતરમાં અહંકાર ન રાખુ, મિથ્યા કદી નવ કુલુ જોને.
શ્રી હરીનું સ્મર્ણ કરશું, અહોનીશ એ અભ્યાસ જોને;
ડરી ડરીને ડગલાં ભરશું. થઇશુ પ્રભુના દાસ જોને.
ગુરૂ વચન ગરવા થઈ સુણશું, વેદ વચન વિશ્વાસ જોને;
બીજલાલના સ્વાંમીને ભજતાં, અવિદ્યા પાંમે નાશ જોને.

(ગરબી ૧૫ મી—રાગ ઊપરનો.)

સમજણ રાખો મનવા સાચી, વસવુ કાચી કાચ જોને;
જન્મ મરણનાં માહા દુઃખ સહીને, મળમુતરમાં જાય જોને.
ત્રિવિધી કેરા તાપે બળતો, તંન તરફડીયાં ખાય જોને;
ઊદરમાંહી અનંત કરમીયા, અનંત વ્યાધી થાય જોને.
છુટયો બંધને સર્વે ભુલ્યો, ફરે ઘણો મદમાતો જોને;
કામની સાથે ક્રીડા બહુ કરતો, રાત દીવસ રંગ રાતો જોને.
એક ઘડીના સુખને કારણ, ભવોભવ અથડાતો જોને;
કાછ વાચને વશ કરી રાખો, ગુરૂચરણે નીત્ય ધાતો જોને.
વેદ વચન વિશ્વાસ અહોનીશ, પુરણબ્રહ્મને પરખો જોને;
સતસંગત વેદાંન્ત વિચારો; ચૈતન ચીદ્ ઘન નિરખો જોને.
સમરણરૂપી સમશેર પકડી, સન્મુખ ઊભા સુર જોને;
દ્રઢતારૂપી ઢાલજ બાંધી, અનહદ વરસે નુર જોને.
સુરતી શાંગને શોહંગ પતાકા, ગગડે ગેબી નીશાન જોને;
ખ્યાશી પલટન બાવન સુબા, પાંચ વડા પરધાન જોને.
હવે અવિદ્યા ફોજજં આવે, સજે સેન હથીઆર જોને;
કામ, ક્રોધ, લોભ મોહજ આધે, અનંત થયા તૈયાર જોને.
અભિમાન અશ્વ હઠ છે હાથી, તુસ તણી છે તોપ જોને;
જુઠ જંજાળો જ્યારે લાવ્યા, કર્યો અવિદ્યાયે કોપ જોને.
કુડ કડાબીન કલંક કટારી, ભુંડપના બહુ ભાથા જોને;
સતસંગ રૂપી સોળજ સામંત, જોઇને છુટો નાઠા જોને.

સોહંગ સરકાર આપે ચડીયા, લડે છે લાખો ફોજ જોને;
કાલ કટક સંહાર કરીને, અમીર પામ્યા મોજ જોને.
સુંદીર ત્યાં શરણાઇયો વાગે, થયા સતવાદી સાવધાન જોને;
કાલ ફોજને કાટી નાંખી, પામ્યા બ્રહ્મસભામાં માન જોને.
સમરથ ધણીને શરણે રહીને, સત્ય લડાઈથી લડતા જોને;
એક નીરંતર બ્રહ્મજ સાચો, એજ મુખે ઊચરતા જોને.
આ અમુલખ અવસરને તો, સમજે તે શુદ્ધ સંત જોને;
બીજલાલ કહે સમજણ પામ્યા વીણ, દુઃખનો નાવે અંતજોને.

જીવ કાયા સંવાદ. ગરબી ૧૬—(નહી આપુ હો નંદના લાલરે મહીડાં મારાંરે.—(એ રાગ.)

નહિ જાવા દઊં જીવન પ્રાણરે, આતમ મારારે;
મારા જન્મ સંગાથે છો જીવરે, ગુણ ગાઊં તારારે. (ટેક૦)
તમ વડે છે સૌ સંસારરે, પ્રાણ અમારારે;
તમે જશો અમરાપુર ધામરે, પ્રીતમ પ્યારા રે. ૧
તમે નીર્દય થઇને નાથરે, મુજને ત્યાગી રે;
મારા અંગે ઝરે છે અંગારરે, અગ્નિ લાગી રે. ૨
સગુ સૌ છે તમારૂ સ્યામરે, અમારૂ નહીં કોઇ રે;
મને બાળી મુકે તત્કાળ રે, રહેશે સૌ રોઈ રે. ૩
તમે કાયા નગરીના રાય રે, નારી હું તમારી રે;
સૌ સેંન્યા તણા સરકાર રે, આણ બહુ સારી રે. ૪
તમે સાચા સંગાથી શીવરે, મોહ ઊપજાવ્યો રે;
હું દેવળ ને તમે છો દેવ રે, જીવ લલચાવ્યો રે, ૫
કહે જીવન તું જુઠી નાર રે, મુક મારો કેડો રે;
મેં મુકી તને લક્ષ વાર રે; ફાડી આપ્યો છેડો રે. ૬
હું મન મોજી કહેવાઊં રે, વાસનાનો રસીયો રે;
તુજ અધમ ત્રીયાનો કરી સંગરે, ચોરાશીમાં ફસીયો રે. ૭
એવું કહીને ચાંલ્યા સ્વધામરે, અમરાપુર વાસી રે;
છોડયાં સુતવીત દારાને ધામ રે, બ્રહ્મના ઊપાશી રે, ૮

ભજો અખીલ નીરંજન એક રે, આખર છે મરવું રે;
કહે શ્રીજલાલ સત્ય વિચાર રે, તારે હાથે તરવું રે. ૯

ગરબી. ૧૭—(સ્મરણ કરી લે સીતારામનું રે.–(એ રાગ.)
મનતું મિથ્યા સર્વે જાણજે રે, સાચા જાણજે સુંદિર શ્યામ જો;
આ તન ઓચીંતાનું ઊપડે રે, જેવું અંજળી કેરૂ નીરજો. ॥ટેક.॥
મોટા મુનીવર આદી માનવીરે; ક્ષણું એક કોઈ ના રાખે ધીર જો.
જેવો ચપળાનો ચમકાર છે રે, પરમ પ્રકાશ કરે છે ભાસ જો.
એમ આ મનુષ જન્મ મહામણી રે, જાશે ખાળે આવ્યું નાવ જો.
આતસબાજી ઊડે અતી ઘણી રે, જાવા મળશે સર્વે જન જો.
પણ વણસી જાતાં વાર ન જાણવી રે, અંતે ખોટો દીસે ખેલજો;
મોટા રાવણ સરીખા રાજવીરે, જરાસંધ આધે શીશુપાળ જો.
પલક એકમાં તે પ્રલે થયા રે; એવો કઠણ સર્વેને કાળ જો;
માટે સમરથ સીતારામનું રે, સમરણ કરશો આણી સ્નેહ જો.
તો તારૂ જન્મ મરણ દુઃખ વીસરે રે,અભય કરશે આપો આપ જો;
અધમ ઓધારણ અંતરયાંમી હરી રે,વાચ્યા બ્રહ્મઅખંડ અવીનાશજો
સચ્ચિદાનંદ સ્વરૂપને ઓળખો રે, ગાળો વાસના કેરૂં લીંગ જો.
અનુભવી હશે તે અનુભવ પાંમશે રે, પામે ભવ સંસારનો પારજો;
કહે શ્રીજલાલ હરીના ભજનમાં રે, વસે છે રાત દીવસ ભરપુરજો.
માટે શેવો સત્ગુરૂ સંતને રે, તેથી થાશે જ્ઞાન પ્રકાશ જો.

ગરબી. ૧૮—(રાગ ઊપરનો.)
ભાવીક જનને વાહાલો ભેટશેરે, દ્રઢ વિશ્વાસે રાખે મંન જો;
સંસારમાં સંતોને તેતઃ મળ્યારે, એવું પ્રગટ જાણે સર્વે જનજો.
॥ ટેક૦ ॥
મીરાં મોરધ્વજને મેહેતો મણીરે, દ્રઢ વિશ્વાસ હરીનો ધાર્યો જો.
કઠણ વેળાએ આવ્યા કૃષ્ણજીરે, સાર્યાં સર્વ મનોરથ કાજ જો.
ત્રીલોચનને વળી નામદેવજી રે, રોહીદાસને હેમ્રા હજુર જો;
[illegible]સે કાજે સનમુખ સાંમળો રે, કીધું દાસપણું ભરપુર જો.

જુઓ પ્રેહેલાદે પ્રભુને ઓળખ્યા રે, તાતો તપાવ્યો લોહ સ્થંભ જો
દ્રઢતા રાખીને જેવા ધસ્યા રે, ભરતાં બાથ થયાં દરશંન જો.
દ્રઢ મન સાચુ તે ધ્રુવજીતણું રે, જેણે વશ કીધા વૈકુંઠરાય જો;
ચાર પદારથ પોતે પામીયા રે, અંતે પામ્યા અવીચળ ધામ જો.
ભાવીકજન નવ ભીતી રાખતા રે, તન ધન લાજ તજે તે વાર જો.
એવો ભાવ વિભીક્ષણનો હતો રે, તો સીદ્ધ થયાં મનોરથ કાજ જો.
એવા અનંત કોટીજન ઓધર્યા રે, હું મતીમંદ ન જાણું નામ જો;
સર્વે સાધન કરીને શું કર્યુ રે, પ્રીતે શમરો સુંદીર શ્યામ જો.
જેવું કામીનું મન કામમાં રે, જેમ લોભીને વ્હાલું ધન જો;
એમ મુજ અંતરમાં રહેજો હરી રે, બીજલાલ તણાં આ વચન જો.

ગરબી. ૧૯—(રાગ ઊપરનો.)

કાયા માયા કુડી જાણજો રે, સમજુ વાવરશે જે જંન જો;
તેતો અવિચળ પદવી પામશે રે, એવું સમજો સાચું મંન જો.
॥ ટેક૦ ॥
કાયા કુંપો કાચો કારમો રે, તેને વ સતાં શી વાર જો;
જેવું સ્વપ્નુ લાધ્યુ રાતમાં રે, જાગે ફોગટ પડશે ફાળ જો. ૧
માયા મોટાને છોટા કરે રે, નંદ સરીખા જે રાજંન જો;
મારી મારી કરેતાં મરી ગયા રે, સર્વે સંચ્યુ સમુદ્રમાં ધંન જો.
અંન્યાયે વીત્ત વાધે ખરૂં રે, ખટ દશ અધર્મ ભેગા થાય જો;
તે ધન સુખે કોઈ નવ વાવરે રે, એતો નિશ્ચે નરક લેઈ જાય જો.
એ ધન વિષ રૂપે વાધે ઘણું રે, આખર કરશે શોકને હાણ જો.
મન જેનું માયામાં ભમે રે, અંતે પામે ત્યાંતે વીરામ જો.
પેટ કારણ જે પ્રપંચ કરે રે, પ્રપંચ મુકે હોય ભવપાર જો;
એ બે જુદા તે કોણ કરી શકે રે, હરીગુરૂ સંત સરીખા સુજાણ જો.
સાચુ નાણું સર્વ સંચજો રે નાણું નટવર નંદ કીશોર જો;
ત્યાંતો કોઇનું જોર ચાલે નહિ રે, કુટી મરે જો કોટી ચોર જો.
કહે બીજલાલ ધન તેની માતને રે, જેને સમર્યા દીન દયાળ જો;
કાયા માયા તેની તો ખરી રે, જેણે જાણ્યા જુગઆધાર જો.

(ગરબી ૨૦ રાગ ઉપરનો.)

હઠ કીધે હરિ મળે નહીરે, પ્રભુ છે પ્રેમી જનની પાસજો;
પચાસકોટી પૃથ્વી જો ફરેરે, તે સ્થાનિક હોય નીવાસજો.ટેક
નખ વધારી જે ઉભા રહેરે, મુનીવ્રત ધારી કરશે વેશજો;
કાન ફડાવી મુંદ્રા ઘાલશેરે, દાઢી મુસ્તક રાખે કેશજો. હઠ. ૧
નેત્ર મીચીને જે દુધ પીયેરે, ઉંધે મુસ્તક જોલાં ખાયજો;
પંચાગ્નિ સાધન જેજે કરેરે.સુવે બાણ સજ્યા નીરધારજો.હઠ. ૨
એવી જુજવીજુજવી જુગ્તિ કરેરે,તેશતો મળે નહિ મહારાજજો;
પ્રેમી જનને પરછા પુરીયારે, મેહેતા મીરાંને રોહીદાસજો.હઠ. ૩
કરમાં સવરીને સુધનવારે, નહોતાં ભણ્યાં ભાગવત ગીતાજો;
વળી વીદુરની વનીતા તણારે, ભાવે ભાજી છાલ આરોગ્યાજો. ૪
વિપ્ર સુદામાની શી સમૃદ્ધીરે. પ્રેમે પ્રભુ પલંગે પધરાવ્યાજો;
પ્રેમે પુરષોતમ પુજા કરેરે, હરજી હશી હશીને બોલાવેજો.હઠ. ૫
પ્રેમ ચોરાશી વૈશ્નવનો ખરોરે,જેણે હરીને હાથે લાડલડાવ્યાંજો;
એવો પ્રેમ ગોપી ગોવાળનોરે, પ્રભુએ રંગભેર રાસ રચાવ્યોજો.
પ્રભુ મારા પ્રાણજીવન વશ પ્રેમનેરે,કહે બીજલાલ જેનો સાચોપ્રેમજો;
પ્રેમી પલકે પલકે પેખશેરે, હઠ કીધે ન હરી દર્શનજો.હઠ. ૭

(પદ ૧ રાગ ભેરવ.)

તું તારૂ જોને તપાશી, અજ્ઞાની પ્રાણી, તું તારૂ જોને તપાશી.ટેક.
આ હું તે કોણ ને કયાંથી આવ્યો, કઈ નગરીનો હું છું વાસી.
ઇંડજ ઉદ્‌ભીજ સ્વેદ જરાયુથી, કેમ કરીને સકુ હું નાશી. અ.૧
જપ તપ વૃતને જોગ સાધ્યાથી, કે નહાઉ કેદાર કે કાશી;
કોણ કરણીથી આ મનુષ્ય દેહ મળીયો,તેની કળા ન મુને ભાસી.
સોધતાં સોધતાં સદગુરૂ મળીયા, તેણે તોડી ચોરાશીની ફાંશી;
એક અખંડીત સઘળે વ્યાપક, માયા જેના ચર્ણની છે દાસી. ૩
ભ્રાન્તી ને ભ્રમણા જેણે સેહે ભાગી, જુગ્તિ બતાવી છેજેણે ખાસી;
શીવ બ્રહ્માદિક રૂપદેવ મળીને, જેનું ધ્યાન ધરે નીત્ય ધ્યાસી.

પરાપાર પરીપુરણ છે પોતે, છે નીર્ગુણ નામ નીરાશી;
પરીબ્રહ્મ જાણ્યા તેણે સર્વે જાણ્યું, વેદ આદિ વદે છે જેની આશી.
સચ્ચિદાનંદનુ સમરણ કરતાં, તે ચેતન બ્રહ્મમાં સમાશી;
કહે નીજલાલ વિટમણા સહુ મુકીને, ગુણાતીત્ નિત્ય ગાસી. અ. ૬

(પદ ૨ જુ.)

મને લગની તારી લાગીરે, શામ સોહાગી; મારા ભવની ભાવટ ભાગીરે, શામ સોહાગી.
વાલાજી મેંતો કંઇક કીધાં છે કુડાં કર્મ, આચર્યો અતી અધર્મ રે;.
વાલાજી મેંતો વેર વિશ્વસું ઘણું વાર્યું, તમો ચર્ણ કદીન ઉપાર્યું રે
વ્હાલાજી મેંતો પ્રપંચ કરીને પૈસો જોડયો, નધર્મ અર્થે જઇ તોડયોરે.
વ્હાલાજી હુંતો હુંશે હરામીમાં ફરતો, હું ન કરવાનું કરતોરે, ૪
વ્હાલાજી મારા પાપ તણો નહિ પાર, તમે કરો અમારી વહારરે. ૫
વ્હાલાજી હુંતો લંપટ પરનારીનો આમી, તમે સ્હાય કરોને સ્વામીરે.
વ્હાલાજી હુંછું નખશીખ નિંધા રૂપ, તમે ત્રીલોક પાવંન ભુપરે.
વ્હાલાજી જનના અવગુણ સામું જોજોશો, તોદીનબંધુ પદ ખોશો રે
વ્હાલાજી નીજલાલનીવીનતી ઉરમાંધારો, પ્રભુખેટોખરોહું તમારોરે

(પદ ૩ રાગ બીજ મારંગીના ભજનનો.)

સોહંગ બ્રહ્મસું લાગીરે સુરતી મારી સોહંગ બ્રહ્મસું લાગી. ટેક
હાંરે મારી દેહે તણી વેદનાઓ ભાગીરે,
સુરતી મારી સોહંગ બ્રહ્મ સું લાગી. ૧
આધી ભૌતીક, અધી દૈવીક, અધ્યાત્મ આદીં;
અરે મેતો ત્રિગુણની વાસનાઓ ત્યાગી. સુરતી. ૨
અજ્ઞાન અંધારે હુંતો અતી અથડાયો,
હવે હુંતો અનભે અર્ક જોઇ જાગીરે, સુરતી. ૩
ભ્રાન્તિ ને ભ્રમણા મારી ગુરૂ વચને ભાગી,
ત્યાં તો અનભે નોબત રહી છે વાગીરે. સુરતી. ૪

જન્મ નહિ આવા મર્ણું નહિ ત્યાં તો,
લીધી અજર અમર પદવી [illegible]ીરે. સુરતી. ૫
પાંચ નહિ ત્યાં તો પચીશ નહિ તેમાં,
વળી બ્યાસી બાવન સર્વે ત્યાગીરે. સુરતી. ૬
કહે વીજલાલ ભજો સચ્ચિદાનંદને,
જેને ગુરૂ થઈ જ્ઞાન કળ તો દાખીરે. સુરતી. ૭

(પદ ૪ થુ મુવાની પુંઠે રાગ તાંણીને નત્ર રોવું એ રાગ.)
અનુભવી લોકો આતમ તત્વ વિચારો,
બ્રહ્મ જ્ઞાનનો ભેદ સમજીને છોડ જગતનો ધારો. અનુ. ૧
નાચે કુદે રાગ રંગથી, ચંચળ ચીત ચોરાયો;
કર્મ કાંન્ડના મતમાં ચાલે, તેથી હરિ છે ન્યારોરે. અનુ. ૨
કુટે કુશકા કણ નહિ તેમાં, પણ કણનું તેજ ઠેકાણું;
ગયા પછી તો હાથ ન લાગે, જેમ વેરાયો પારો અનુ. ૩
અનળ ઈંડાં આકાશે મુકે, તે અત્રની ઉપર આવે;
પણ શેવાયા પછી સોધી કાઢે, આપે માત પિતાને ચારો. ૪
કમળપત્ર તો જળમાં ઝીલે, જળ જીવન છે જેનું;
પરસ કરે પણ પલળે નહિ તે, તમે તેમ માયાને મારો. ૫
જીવ ઇશ્વરને બ્રહ્મ સનાતન, સોહંગ શબ્દ પ્રમાણો;
સર્વેનો એ શાક્ષી કહીયે, એછે સરજનહારો. અનુ. ૬
વાણીથી તે અગમ અગોચર, વીજલાલનો વહાલો;
સાનકાએથી સત્ય સમજાશે, મન મમતાને મારો. અનુ. ૭

(મનને શીખામણ ખ્યાલ કાજી મીયાના)
મન તો બડા સેલાનીરે. કે ઉસકી જાન જાની;
ઓ સફર સેલાની કહીયે, ઓ જંગલકા વાશી.
ઓ કોઇસેં કેદ ન હોવે, દેખો દીલકુ તપાસી, મનતો. ૧
પલમાં રાજા પલમાં જોગી, જલમાં હોત ભીખારી;
પલક પલકમાં રૂપ પલટતા, ઉસ્કી કુદરત ન્યારિ. મ. ૨

એક પલકમાં તાંન બજાવે, પલમાં હોત સંન્યાશી;
એક પલકમાં ભોગી હોવે, એક પલકમાં હાંશી. મ. ૩
એક પલકમાં દયા દીનતા, એક પલકમાં રોવે;
એક પલકમાં કામ ક્રોધ હે, ફીર માયાકુ મોહે. મનતો. ૪
એક પલકમાં જ્ઞાની હોવે, ફીર હોવે અજ્ઞાંની;
પલક એકમાં હોત દીવાંના, એસા મન અભિમાની. મ. ૫
દીનકુ ઓતો સ્થીર નવ બેઠે, રાતકુ ફીરે અકેલા;
નહી તો ઉસ્કુ સત્ ગુરૂ મલીયા, નહી હે કોઇકા ચેલા. ૬
સબ વસ્તુકા ભોગ કરાવે, જેસી જીનકી મરજી;
લાકર ઉસ્કુ હાજર કરતા, સુણે સબનકી અરજી. મન. ૭
મનકી બાજી ખેલતારે, મનકી હારે હાર;
મન જીસ્કા કબજ હુવા તો, ઉસ્કા બેડા પાર. મનતો. ૮
સત્ અસત્ કુ મન જાનતા, જીસકા મન હે શાફ;
બ્રહ્મ જ્ઞાનકા ભેદ સમજ લયો, હુઇ લખ ચોરાશી માફ. ૯
મનકુ મારે સો જ્ઞાની કહીયે, ફીર હુઆ સાહેબકા બંદા;
કહે જ્ઞાની એ બડા કઠણુ હે, મનકા ગોરખ ધંધા. મ. ૧૦

(ખ્યાલ બીજો મનને સીખામણ રાગ ઉપર પ્રમાણે.)

મનતો બડા દીવાના હરે, કે જીસને આપ ન જાના; ટેક
સત્ કુ જાને તત્ કુ જાને, જાને વેદ પુરાના;
કલા મુલા ઓર કુરાન જાને, નમનસુ છુએન છાના. મ. ૧
ભલીબી જાને બુરીબી જાને, જાને સબકી ચોરી;
ફકીર અમીર ગરીબકુ જાને, નિરખત મમતા થોરી. મ. ૨
પાપ પીછાને ધર્મ પીછાને, બાત પીછાને દીલકી;
નેન પીછાને ચેન પીછાને, ખબર રખે તીલ તીલકી. મ. ૩
દોજકકુ જાને ભીસ્તકુ જાને, જાને ખલકકી બાજી;
એક અલ્લાકી બાત ન જાને, એશા મન હે પાજી. મન. ૪
હરામખોરીમાં હાજર રેહેતા, નીચ ગુલામી કરતા;
ખુદા નામ પર ખ્યાલ નં ધરતા, હક નામસેં ડરતા. મ. ૫

બુરી બાતમે હાજર હોવે, મન માને સો કરતા;
કહે કાજી મન બડા હરામી, દીલ ચાહે વાં ફરતા. મ. ૬

(મનને ઉપદેશ એજ ભાષામાં ખ્યાલ.)

હુવા જબ મન મરદાના હરેક, પલકમાં બ્રહ્મ પિછાના;
સત્ શુરતકી દોર પકડલે, કરો બંક નાલમાં વાસા.
નિર્વાણ નીશાન પકડલે ઝ્યારે, વાહાં નહિ કાલકી આશા. ૧
અષ્ટક કમલ ચકરકુ ભેદ્યા, ફીર ભમર ગુફાકુ પાયા;
તીન ગુન તબ છુટ ગએ પુની, છુટ ગઇ સબ માયા. હુ. ૨
ગંગા નાહ્યા ચુમનાં નાહ્યં, નાહ્યા સરસ્વતી આપે;
આદ્ય નીરંજન આપે દેખ્યા, જપે અજંપા જાપે. હુવા. ૩
અજ ઇશકી નજર ન પોહોચે. વાહાં નહિ કાલકા ડેરા;
આઠ પોહોર વાહાં અનહદ બાજે, જાહાં નહિ કાલકા ફેરા. ૪
નહિ જન્મ વાંહાં નહિ મરનહે, વાંહાં નહિ દીન ઓર રાતી;
કહે ગુરૂ એ એક અખંડીત, જગ મગ જોત જાગતી. હુવા. ૫

(પ્રભાતીયુ બ્રહ્મ વિષે. ૧)

બાળ લાગી જ્યારે પુર્ણ બ્રહ્મની, ત્યારે કર્મને ધર્મની
બ્રાંતી ભાગી. ટેક.
સત્ય સ્વરૂપને સદ્ગુણે ઓળખો, વ્રેહે વૈરાગ્યથી જોને જાગી. ૧
અનુભવ જ્ઞાન જે આતમારામનુ, સમજતાં થયો તે શુદ્ધ ભાગી;
અજરઅમર જે નાથ છે અવીગત, તેહને શમર તું સર્વ ત્યાગી.
અગમનિગમ પણ અનુમાને કહે, તેને સમજશે સંત કોઇ અનુરાગી;
ચૈતન ચિંતામણી જેહને સાંપડી, તે કેમ ખાય ભવ ભિખ માગી.
સર્વ સાધનનુ મુળ છે સાંનકા, ગુરૂગમ જ્ઞાનની કળ હાગી;
સચ્ચિદાનંદ તે સઘળે ભરપુર છે, વદે બીજલાલ તે પુર્ણ ભાગી.

(પ્રભાતીયુ. ૨)

અનુભવી ઓળખો અવશર આજનો, જ્ઞાનસ્વરૂપ પરિબ્રહ્મ નિર્ખો;
વાણી વિવેક વિચારને સમજતાં, અખંડ ચૈતનસત્યનામ પર્ખો. ટેક.

કલ્પના કામના સાધનાસૈ ટળી, અનળ આકાશ સમ આભ ભર્યો.
દેહમાં દેવ તે જોજ્યો જુગતે કરી મુકી આળપંપાળ થા એક સરખો.૨
પિંડ પંચભુતનો પ્રગટ જેણે કર્યા, ચૈતન ચલવે છે તેજ ચરખો.
આવર્ણ અનેકની આપદા દુર ખશી,ત્રિવીધિતાપ નહિ તેને પરખો.૩
શીવબ્રહ્માદિક તેને સોધતાં ભુલીયા,અગમનિગમ અનુમાન નીરખો;
વદે મીજલાલ એ જક્તનુ મુળ છે, તેને પામતાં આત્મ હરખ્યો. ૪

———:o:———

(પ્રભાતીયુ. ૩)

અદ્ભુત ખેલ છે આતમારામનો, સમજતાં વાત છે એક સીદ્ધી,
કોણ કારણ પ્રભુ વેદ પ્રગટ કર્યા, કોણ કારણ હરિ દેહ દીધી.
કોણ કારણ તે શીવના જીવ થયા, કોણ કારણ સંભાળ લીધી.૧
મોક્ષને કારણે વેદ પ્રગટ કર્યા, ભજન કરવા ભત્ર દેહ દીધા;
ભોગને કારણે શીવના જીવ થયા, સત્યને કારણે સંભાળ લીધી.૨
કોણ કારણ હરિ રચી જુગ કાંમની, કોણ કારણ રચી ભોગ વિધી;
સુરનર બ્રહ્માને શીવ ભુલા પડયા, ધરી મોહનીરૂપ સ્વરૂપ સીદ્ધી.૩
તપ હરવા તમે તારૂણી આદરી, મદ હરવા માહા રોગ વિધી;
દ્વૈત હણવા હરી મોહની રૂપ ધર્યું, અકળકળા અવિનાશ્ય રીધી. ૪
જે કર્યું તે ખરૂ કિરતારે કરૂણા કરી,અલખ પુરૂષ અવિનાશેચીધી;
એહની કળા તે કળ્યામાં આવે નહિ, જેનાં ચર્ણ તળાંસતી નવનિધી.
ભ્રાંતીને ભ્રમણા ભુલ્ય નાવે કદી, ગુરૂગમ સાંનકા જેણે લીધી;
વદે મીજલાલ સત્ચીદ આનંદથી,અનંત અવિદ્યા તો તર્ત બીધી.૬

(પ્રભાતીયુ ૪ રાગ જીભલડી તને હરી ગુણ ગાતાં.)

અમુલખ અવશર રામ ભજ્યાનો, પામ્યો પ્રાંણી પ્રીતેરે;
આ મનુષ્યા દેહી મોઘી પામ્યો, શમરણ કર સુભ રીતેરે. ટેક
લખચોરાશી ફેરા ફરતાં, કંઇક સુકૃત મળીયોરે;
પશુ પક્ષી કંઇ ઝહાડ પર્હાડમાં, અનેક યોની અવતરીયોરે.અ.૨
ઘણા દીવસ માંહી ગોથાં ખાતો, મળમુતરમાં રહેતોરે;
ઉંધે મુસ્તક ઉદરમાં રહેવું, ત્રાહિ ત્રાહિ મુખ કેહેતોરે. અ. ૩

આ અવશર અવિનાશી ઉગારો, ભુલીશ નહિ પરિબ્રહ્મરે;
અંતરયામી ઓળખ્યા આજે, જાણ્યો તમારો મર્મરે. અમુ. ૪
શ્વાસો શ્વાસે ઓ શામળીયા, સમરણ તમારૂ કરશુંરે;
ધન રળીને ધર્મ કરીશ હું, ધ્યાન તમારૂ અમો ધરશુંરે. અ. ૫
દુધ પીને ઘણા દીન કહાડશુ, મુખે કાંઈ મુનીવ્રત લેશુંરે;
જગત પદાર્થ સર્વ જુઠ જાણીને, કદી હું મહારૂ નહિ કહીશુંરે.
કોલ સાંભળી કરૂણા કીધી, કેવળ બ્રહ્મ કિરતારેરે;
અખંડ બ્રહ્મ અવિનાશી પુરણ, બંધન છોડયુ ત્યારેરે. અમુ. ૭
અવતરતામાં અવળુ બોલ્યો, તુ ત્યાંને હું આંઇરે;
સ્વાર્થ લગી સીધુ કહેતો, પછી બોલે છે કાંઇનુ કાંઇરે. અમુ. ૮
જમ જમાન જોરાવર આપી, અધર્મ બહુ આચરતોરે;
અનંત કર્મ કરીને બેઠો, રામ રૂદે નથી ધરતોરે. અમુ. ૯
અંતે આવી જકડી ઝાલ્યો, જેમ મુસક મંજારીરે;
રૂદન કરંતો રંકજ થઇને, ઉગરવાની નહિ બારીરે અ. ૧૦
સગા સંબંધી સુતવીત દારા, પ્રાણી તણો પરિવારરે;
ધન્ય ધામ સંગે નવ આવ્યું, કોઇ નવ આવે લહારેરે. અ. ૧૧
ચિત્ર વિચિત્રે ચાહન કીધુ, કરેલ કુડાં જે કામરે;
પાપ તણો તો પારજ નહિ, ન નીકળ્યું પુન્યનુ નામજરે. ૧૨
આ અભાગી જીવને નાખો, રૈરવ નર્ક મોઝારરે;
ચાર ઇંદ્ર લગી નર્ક ભોગવશે, પછી કાહાડજો બહારરે. અ. ૧૩
બ્રીજલાલ કહે વીઠુલ વર ભજતાં, ભવદુઃખ સહેજે જાશેરે;
અરે અધર્મિ જીવ બાપડા, શમરણથી સુખ થાશેરે. ૧૪

પ્રભાતીયુ ૫ મુ.

મોહની લગાડી મારે વાલે મુજને, મોહની લગાડી મારે
વાલેરે. ટેક૦

શણગાર સજીને સૈયર સર્વે, જુમના ઝીલવા ગ્યાંતાંરે;
છાનાંમાનાં શાંમળીઆએ, વસ્ત્ર હર્યાં નંદલાલેરે. મોહની. ૧
કમળ નયનને કંઠ કોકીલા, કામની કરે છે કલોલ રે;
કુચ મર્દન કરી કામ જગાડે, ધાઈ ધાઈ કેશજ ઝાલેરે. ૨

વસ્ત્ર વિનાની વ્રજ વિનતા સર્વે, કેમ કરી ઘેર જાય રે;
શુદ્ધ વિનાની સુંદરી ઘેહેલી, નગ્ન જલમાં મહાલેરે. ૩
શ્રી હરિ એ સૌ અબળા દિઠી, વાત રૂદે વિચારી રે;
નારી નિર્લજ જળમાં નહાતી, સુંદરજીએ ભાળી રે. ૪
સ્નાંન કરી સૌ પાળે આવી, વસ્ત્ર અમારાં કેણે લીધાંરે;
શી રીતે અમે નગર સંચરશું, જળ બાહેર કોઈ નવ ચાલેરે.
એક સખીએ કદમ પર દીઠા, ગોપીપતી ગિરધારી રે;
વનમાળીયે વસ્ત્ર હર્યાં છે. વ્રજ વિનતા બહુ વહાલીરે. ૬
કાલાવાલા કરી હરિને કેહે છે, વિઠુલજી વસ્ત્ર દીજેરે;
અમે તમારી છૈએ દાસી, મન માને તેમ કીજેરે. મોહની. ૭
રાસમંડળનુ વચનજ માગી, અંબર સૌને આપ્યાંરે;
શ્રીજલાલ કહે વિઠુલ વરશું, રાસમંડળ મન રાચ્યાંરે. મો. ૮

(પ્રભાતીયુ ૬ ઠુ રાગ ઝુલણા છંદની ચાલ.)

સાધન સર્વનુ મુળ છે શ્રીહરિ, મુળ સોધે સૌ મુળ જાય;
પ્રગટ પરિબ્રહ્મને પ્રેમી નર પરખશે, તે પરખતાં પ્રાણીનો મોક્ષ થાય; ટેક.
જપ તપ યાગને યોગ યજ્ઞ કરે, કાશીએ જઈ કરવત લેતા;
અડસઠ તિર્થ અહોનીશ આથડે, અવની ગજ હેમનુ દાન દેતા
સીત અને ઘાંમ વૃષા ઘણુ વેઠતાં, તજે અંન વસ્ત્ર આશ્રમ પોતે;
દુધ ફૂળ કંદનુ ભક્ષ નિત્યે કરે, બાંણુ સજ્યા કરી આભ જોતે. ૨
ભસ્મ અંગે ધરી ભેખ ભગવો કરી, ફ્રરી ભવફંદમાં આપ ફ્રરતા;
અનંત આચર્ણ કરે પરિબ્રહ્મ પામવા, ભજન વિના નથી ભવ તરતા.
ઇંદ્રી શાધન કરે, ઉર શમતા ધરે, સત્ગુરૂ સંતની સાંન લેતા;
સચ્ચિદાનંદને અહોનીશ શમરતાં, આવર્ણ ટાળી બને બ્રહ્મવેતા.
ત્રિવીધિ તાપથી તેજ નર છુટીયા, લુંટશે રામ રસ પ્રેમ પ્યારો;
શ્વાસ ઉશ્વાસે સોહંગ બ્રહ્મ શમરતાં, સત્ય સંશારથી હોય ન્યારો.
પાકની શોભા તે શાક સૌ જાણવી, પાકથી શાક લાગેજ સારાં;
પણ એકલાં શાક મળે ગોક પામે નહિ, સઘતે શાક લાગેજ ખારાં.

દીનકર તેજથી દીવસ શોભે સદા, ચંદ્રથી જામની તેમ ભાસે;
તેમ પુર્ણબ્રહ્મથી પ્રપંચ પ્રલે થશે, અજ્ઞાન અવિદ્યાતો સદ્યનાસે.
એમ શકળ શાધન હરિનામ શોધાવવા,સોધતાં નીકળ્યો એહ શાર;
અખંડ બ્રહ્માડનો નાથ એ અવિગત,કદી અગણીત બ્રહ્મનો નાવે પાર.
સર્વ ઉપાસનાહરિનેમળવાકરે;પણહરિનવ ઓળખેતેનોખેલખોટો.
તત્વનુંતત્વ તું શ્રીહરિસમજજે,પછીસાધન સર્વમાં મેલ ગોટો.સા.
હરિનેભજી કંઈ પાર પાંમ્યા સહી, ગજગુણકા અજામેલ જેવા;
પ્રગટ પ્રહેલાદજી ધ્રુવ દ્રઢતાધરી, વ્યાસ વાલ્મીક વસિષ્ટકેવા. સાં.
અનંતકોટી તર્યા શેવા સ્મરણથકી,છે જગતમાં તેમનું નામજારી;
વીજલાલકહે નામતેસત્યછે હરિતણું;પેશનેપ્રાણીયામોક્ષબારી.સાં.

(પ્રભાતીયુ ૭ મું.)

શમરેરે શમર મનસોહંગ બ્રહ્મને. મુકીદે આળ પંપાળ વાણી;
શીતળ સદગુણી ગુરૂદેવનેશેવતાં, નિર્ગુણ બ્રહ્મની વાત જાણી.ટેક.
ત્રિગુણી દેવતે શેવ તેની કરે, અલખ અવિનાશીનુ ધ્યાન ધરતા;
ત્રિવીધિ તાપતે શેષબ્રહ્મા સુધી, દેવદાનવ તેથીસર્વ ડરતા. શ૦
અલ્પઇચ્છા કરી અખીલ પ્રગટકર્યું, સર્વ શકિત તેનીદાસી કહીએ;
અજન્માપદ આપે ધારણકર્યું,એમવેદવિચારની વાણીલહીએ શ૦
તત્વનાતત્વનું સત્વસોધીજુઓ, ત્યારે શીવજીવ બેયનેએક દેખો;
કીટ બ્રહ્માલગી આતમારામ છે, સકળ સૃષ્ટિ બ્રહ્મરૂપ લેખો. શ૦
વાસના લીંગને અહંપદ મુકતાં,જીવનમુકત થૈ જીવેજગત ફરતા,
કહેવીજલાલ એવા બ્રહ્મવેતાગુરૂ,સહેજમાંજીવનાં કાર્ય કરતા. શ૦

૧(પ્રભાતીયુ ૮મુ.)

શમરણુ સત્યનું તેજ અગત્યનું, બ્રહ્મ સ્વરૂપ અખંડ ભાસે.
જ્ઞાનનો અર્કતો ત્યારે ઉદેથયો, અજ્ઞાન તીમીરતો સદ્યનાસે. ટેક.
કર્મને કામના કલેશ કુમતી સદા, ક્ષુધા સકળ ટળે એક આસે;
શીળસંતોષસાંન્તિ સદાઉરમાં,આવેવિવેકનીસાંનકાંતેજપાસે શ૦
એક અણુલીંગીની કરે ઉપાસના, સતચીદ઼ાંઘનનુ ધ્યાન ધરશે.

ઇંગળા પીંગળા સુક્ષમણા છોડીને, સુરતી શેહેરમાં સેહેલ કરશે.
જન્મને મર્ણ તેને તો જાયે મટી, સદ્‌ગુરૂ શબ્દથી તેજ તરશે;
વાસના લીંગતો સહેજ ગાળે સહી, અવિધા માયાનુ હેરૂ હરશે.
નિર્ભે નીશાંનને અનહદ નોબત સુણી, જળહળ જોતને જોઇ રાચે;
ભીક્ષુક હતો તે રાય પોતે થયો, પછી રંક થઈને તેતો કેમ જાચે.
પોતે સ્વરૂપ અરૂપમાં મળી ગયો, પ્રેમ મગ્ન થૈ પીયુને પરખ્યો;
કહે બીજલાલ તેની જનુને ધન્ય છે, જ્ઞાન નેત્રે કરી નાથ નિરખ્યો.

———:૦:———

(પ્રભાતીયુ ૯ મું.)

પ્રભાતે ઉઠીને પ્રાણી, ભજ પરિબ્રહ્મને ભાવેરે.
જન્મમર્ણ દુઃખ ભવસાગરનાં, વળી ત્રિવીધી તાપ સમાવેરે. ટેક.
કાળ કર્મનુ મુળ કલ્પના, આઠે પહોર ભમાવેરે;
માન બડાઈને ઈર્ષા વળગી, પછી લોભે લક્ષ્મી કમાવેરે. પ્ર૦
પાંચે ઈંદ્રિ વશ કર પ્રાણી, વહે વૈરાગ્ય ઊર ભાવેરે;
એક અખંડીત ભજે અવિનાશી, ત્યાં હુંપદ મમતા ન આવેરે. પ્ર૦
સત્ય પુરૂષથી સુરતીજ બાંધો, અને સાધો સતગુરૂ સેવારે.
બ્રહ્માનંદ સુખ ભાવે ભોગવો, અંતે પામો પ્રભુપદ મેવારે. પ્ર૦
જાગ્રત સ્વપ્ન સુસુપ્તિ બાહેર, તુર્યાતીત્ જે કહીયેરે;
તંપદ તત્પદ બંને ત્યાગી, આત્મ અસીપદ લહીયેરે. પ્ર૦
અગમ અગોચર અકળ અખરાતીત્, અલખ નહિ જેનો લેખરે;
બીજલાલ કહે તેનું ધ્યાનજ ધરીયે, કેમ ભવ ભટકો ધરી ભેખરે. પ્ર૦

———

(પ્રભાતીયુ ૧૦ મુ રાગ ઝુલણા છંદ.)

ઓળખો ઇશ જુગદીશ જુગતે કરી;
તો જન્મ મર્ણ જંજાળ છુટે;
પ્રગટ પરિબ્રહ્મ તે તુજ પાસે વસે,
કેમ પાષાણથી શીશ કુટે. ટેક.
સ્થાવર જંગમ ખોળતાં ખલકમાં,
પલકમાં પ્રેમથી પ્રગટ થાશે;

સોધ્ય તું સતગુરૂ સેહેજ બતાવશે,
અંતરે આતમા તુજ ભાસે. ઓળખો. ૧
તન મન ધન તેને જઇ સાંપીએ,
જે ગુરૂ બ્રહ્મનો ભેદ આપે;
સકળ સંશારના સંશે સર્વ મેટશે,
કાળની ફાંશી તે સદ્ય કાપે. ઓળખો. ૨
અદ્વૈત અનુભવી અમર પદ ઓળખો,
અખંડ અવિનાશીનુ ધ્યાન ધરવું;
કામના કલ્પના કલેશ કદી નવ કરો,
આતમા સાધન અહોનીશ કરવુ. ઓળખો. ૩
શ્વાસો શ્વાસે શુદ્ધ સંકલ્પ કરી,
સરજનહારની સોધ્ય કીજે;
મળે કોઇ માંહા તુરૂષ આત્મા અનુભવી,
તોં ટાળી અંતર આદર દીજે. ઓળખો. ૪
ભજન કરો ભાવથી દાવથી દુર રહો,
આઠ પહોર અધિક આનંદે રહેવુ;
મિથ્યા વાણી કદી અલ્પ નહિ ઓચરો,
મુખ થકી સચ્ચિદાનંદ કેહેવુ. ઓળખો. ૫
નિંધા સ્તુતી સુણી રાગ દ્વેષ પરહરો,
સુખ દુઃખ અંતરે નવ ધરવું;
કાળ વિક્રાળ કામાદીક જો દમે,
તો મૃત્યુના ભય થકી નવ ડરવું. ઓળખો. ૬
બંધન મોક્ષ જે મન નથી ધારતા,
વારતા વાસના ત્રિષે કેરી;
વસ્તી વનવાશ વનવાશ વસ્તી ગણે,
તૃણ વત જક્ત ગણે આપ લેહેરી. ઓળખો. ૭
અલખ અભેદ અપાર જે અવિંગત,
જે અખંડ અનાદી અનુપ કંહીયે;
અગમ નીગમ જેને અનુમાને ઓળખે,
તે પ્રભુનો જયારે પાર લહીયે. ઓળખો. ૮

સબ્દની શાંનકા કોઇ સુર વિર સમજશે,
તે સોહંગ બ્રહ્મ શુ પ્રિત કરશે;
નિર્લે નીશાનથી મન જેનુ મળી રહ્યું,
સંત સુર વિર રણ પગ ધરશે. ઓળખો. ૯
અનહદ નાદ સુણી પ્રેમ પ્રગટ થયો;
મુસ્તક શાટે જે મોજ લેતા;
જગતની વાસના જીવને ઉર વસે,
હંસ અમરાપુર ધામ રેહેતા. ઓળખો. ૧૦
ઇંદ્રાદીક ભોગની જેને ઇચ્છા નહિં,
અખંડ અનામીથી મોજ માણે;
કહે વીજલાલ એ મોક્ષ પદ મહા વડુ,
જીવન મુક્ત જેનેજ જાણે. ઓળખો. ૧૧

(કાફી રાગ ધીરાની કાફીનો.)

સાધન શુદ્ધ સાધોરે, શુરા તમે સંત સતી;
મન વશ રાખોરે, કર્મ નવ લાગે રતી. ટેક.
પુર્ણ બ્રહ્મને પ્રિતે ઓળખવા, વરતીને રાખવી વશ્ય;
પર દારા પર નિંદ્યા પર હરતા, પર ધન દેખી નવ ધસ્ય;
તેને શાધુ કહીએ સાચોરે, સાધન પર જેની શુદ્ધ મતી. સાધન.
ઈંદ્રી પાંચ છઠુ મન જીતે, તે છે હરિના દાસ;
અંતરની અવિદ્યાને ત્યાગે, તેને હૃદે હરીનો છે વાસ;
સાચે રામ રાચેરે, પામ્યા તે તો સુભ ગતી. સાધન.
સુક્ષમથી સ્થુળ નીપજેને, થાય સ્થુળે સુક્ષમનો વિચાર;
પંચભુતથી પંચભુત થયાં; એમ સમજેથી પામશો પાર;
સર્યો અર્થ સર્વેરે, દાસ મટી થયો પતી. સાધન.
મળી બે ધાત્યો બુંદજ પડતાં, લખ્યા વિધાત્રીએ લેખ;
કાળ કર્મ સુખ દુઃખ સર્વે, આવી મળે છે તેને છેક;
કીટથી બ્રહ્મા સુધીરે, ખમે તાપ ત્રિવીધિ અતી. સાધન

સંત સર્વની એક શાંનકા, નથી કાંઇ જુદો ભેદ;
બાવન ઉપનીષદ જોજયો તપાશી, આખર એ ચારે વેદ;
સો શાંણે મત એકજરે, મુરખ જનની જુદી મતી. સાધન.
જે નારીનુ ભગ ભોગવતાં, તેમાં લેવો પડે છે અવતાર;
પુત્ર પિતાનો આત્મા કાહાવે, એવુ વેદ વદે છે ચાર;
પંડિત કવિ કહે છે રે, પણુ તેને ઘેર નારી હતી. સાધન.
ભુખે મરતાં ભેખજ લીધો, તજ્યું કુટંબ તતકાળ;
માલપુઆની મરજી હતી, પણ ન મળી કઢી કે દાળ.
વિષય ઘણો વાધ્યોરે, વરતી તો જયાં તહાંતો જતી. સાધન.
કેહેવુ છે સવળુને ચાલવું છે અવળુ, એ છે જગધુત્યાની રીત;
પરમાત્માને પુંઠ દઇને, પરનારી સંગાથે કરે પ્રિત,
ત્રીજલાલ કહે છે રે, માનો ભાઈ મહારી વતી. સાધન.

કાફી ૨ જી. રાગ ઉપરનો.

ભ્રહ્મણામાં બહુ ભુલ્યારે, ડુલ્યા તમે ડાહ્યા થઈ.
સમજણ શુદ્ધ ન આવીરે, ગયાછો ભવસાગર વહી; ટેક.
સદા રહે મન સંશય ભરેલુ, છુટવાનો કરે છે ઉપાય,
તેમ તેમ ઘણા બંધનમાં પડતો, દ્રઢતા અંતરથી જાય;
જ્ઞાન નવ મળીયુરે, બુદ્ધિ તો સ્થીર નવ થઈ. ભ્રહ્મણા. ૧
વીમાસણ વળી વળી કરે છે, સાધુ યોગ યુકિત તતકાળ,
જપ તપ તિર્થ વ્રત કરીને, પામુ જન્મ મરણનો પાર,
સાધન સાધુ સર્વેરે, ગાળુ હાડ હીમાળે જઈ. ભ્રહ્મણા. ૨
કાશીએ જઈને કરવત મુકાવુ, તજુ અંનાદીક અહાર;
દુધ પીને દીનરાત નિર્ગમશું, નગર વસુ કે બહાર,
ઈંદ્રી વસ્ય રાખુંરે, મન કયાંયે જાયે નહિ. ભ્રમણા. ૩
વિશ્વાસ વિનાનો વિશ્વમાં ભમતોઃ દમતો પોતાનો દેહ;
સદ્દગુરૂ વિનાકોણ, શાંન બતાવે; નહિ હરિ ચરણપર નેહ.
વિશ્વને ઘણુ વહાતોરે; છેતરતો તેતો સૌને સહી. ભ્રમણા ૪.

એમ કરતાં સત ગુરૂ મળે તો; તેથી સરશે તારાં સૌ કાજ.
અનુભવનુ ઘર હેશે બતાવી, તેજ રાખશે તારી તો લાજ.
તારૂ રૂપ તુજનેરે, બતાવશે તેતો સહી. ભમણા ૫
વચના મૃતથી વિખજ હરશે, કરશે તે કીટનો ભૃંગ.
વેદ વચનનો વિશ્વાસ આણુશે, પછી ચડશે અનોપ રંગ.
અખંડ અવિનાશીરે. પુરણુ બ્રહ્મ પામ્યા સહી. ભમણાં ૬
કાળ કર્મ ને સુખદુઃખ સર્વે, જન્મ મર્ણુની જાળ.
ત્રિવીધિ કેરા તાપથી ઊગારે; કરે લક્ષ ચોરાર્શીથી બહાર.
શ્રીજલાલ કેહેછે રે. પહોચાડયા બ્રહ્મ લોક કહી. ભમણા ૭

(કાફી ૩ રાગ ઉપરનો.)

જેણે એક બ્રહ્મ જાણ્યોરે, સાધન તેણે સર્વે કર્યું.
અવિચળ પદ પામ્યોરે, કારજ તેનુ સેહેજ સર્યું. ટેક ૧
જપ તપ વ્રતને તિર્થ આદીક, દાન પુન્ય યજ્ઞ ને હોમ
ફૂળ ફ્ળાદીક ભક્ષણુ કરતા, સજયા તે કરતા ભોમ.
ઊંધે મુસ્તક ઝુલેરે, તેથી શું તારણુ તર્યું. જેણે ૨
નખ વધારે ને કેશ વધારે. મુન્ય રહે મન માંહી.
ખાંગુ સજયા બહુ પેર રચીને,મન ભટકેછે કયાંહીનુ કયાંહી
પંચા અગ્નિ સાધેરે, કાળ કર્મ ન જાય પરૂ. જેણે ૩
ઊભા રહીને કષ્ટી કરે છે, જાણે કેશવ કરશે સાર.
રાજાની ચોરી રંક કરે, તેની કોણુ કરી શકે વહાર.
એવો હઠ યોગ સાધેરે, સમજે નહિ ખોટુ ખરૂ; જેણે ૪
એમ હઠ કરે હરિ મળતા હોયતો, નિતી વિવેકનુ શું કામ.
જોગી થઈ જંગલમાં રહે, ત્યારે કોણુ બાંધીને રહેશે ધામ.
સમજેથી સુખ આવેરે, વિચારતામાં અંતર ઠર્યું. જેણે ૫
એક અખંડીત અગમ અગોચર, અકળ કળા અવિનાશ.
સચ્ચિદાનંદ સભર ભર પોતે, સર્વે ઠેકાણે એનો વાસ.
વદે શ્રીજલાલ વાંણીરે, હું ધ્યાન સદા તેનુજ ધરૂ. જેણે ૬

(કાફી ૪ રાગ ઊપરનો.)

કહીયે હરિજન સાચાચારે. હરિ જેને હૃદયે વસ્યા.
પ્રગટ જુગ જાણુંરે, દ્રઢતા રાખી ચર્ણે ધસ્યા. ટેક ૧
શેષ સનકાદીક નારદ જેવા, રૂષભ કપીલ સુખદેવ.
વ્યાસ વશિષ્ટ મુની વામદેવ સરખા, કરે હરિની ઘણીસેવ.
મુની રૂષિ તપશીરે, પામ્યા સર્વે દેવ દસ્યા. કહીયે ૨
ધ્રૂવ અમરીખ પ્રહલાદજ પુરા, પેંપો સુધન્વા સુજાણ;
મોરધ્વજ માંથે કરવત મુકાવ્યું, સહી કઠણ કષ્ટી નીર્વાણ
હરિશ્ચંદ્ર સત્યવાદિરે, વિશ્વામિત્રે આવી કસ્યા; કહીયે ૩
રામાનંદ સુખાનંદ આદી, થયા અનંતા નંદ અપાર.
સુર તુળશી મીરાંબાઈ ને મહેતો, રંકાવંકા સજના સાર.
સેનો સોજા સત્રીરે, જેનાં ફળ લઈને હરિ ડસ્યા. કહીયે ૪
નામદેવ જે દેવ જેવા જગતમાં, વીદુર સુદાંમોજી છે રાંક
રાયપુંડરીક રૂક્ષમાંગદ વિભીક્ષણ, બોડાંણે વાળ્યો આડો આંક
પાંડવ પ્રભુને પ્યારારે, લાખા ગ્રહમાં વહારે ધસ્યા. કહીયે. ૫
કરમાબાઈ ગંગાબાઈ પુરી, વળી વીદુરની જે નાર;
ગજ ગુણકાદીક અજામેલ જેવા, જેણે જાણ્યુ નામ એક શાર;
ધન્ય હનુમાન જતીનેરે, રાજ્ય દેખી દુર ખસ્યા. કહીયે.
પ્રેમ ભક્તિથી પાર પામ્યા કઈ, ગોપી ગોવાળા અનેક.
સીતારામના શેવક થઈને, તયાં રીંછ વાનર બહુ છેક;
ભુદર જેને ભેટયારે, જેમ લોહ લઈને પારસ ઘસ્યા. કહીયે.
દેવ દાનવ રૂષિ ગાંધ્રવ આદી, રાય રંક સર્વે મુની જંન;
રાધાવરનુ રટણ કરે છે, તેથી અવતાર તેનો છે ધન્ય;
વદે વીજલાલ વાણીરે, વઈકુંઠ જઈ સર્વે ઠસ્યા. કહીયે.

(કાફી ૫ મી.)

અમર પદ આપોરે, ગુરૂ જ્ઞાનના દાતા;
ભવ ભટકણથીરે, કરોને તમે સુખ શાતા. ટેક.
જુગજીવનથી જીવ પ્રગટીયા, ભમ્યા ભુતળમાં અપાર;
સદગુરૂ મળતાં શુદ્ધિ બતાવી, કીધી અમારી વહાર;

અમો અપરાધીરે, તમારા તો ગુણ ગાતા. અમર. ૧
મન મેલુ અંતઃકર્ણ અવળુ, તેણે કરી બગડયું કાજ;
ભવશાગરમાં તમ વિના બીજો, કોણ રાખશે મહારી લાજ;
વહાર કરો મહારીરે, તમો તો છો પિતુ માતા. અમર. ૨
આદ્ય મધ્યને અંત્યે આત્મા, શીવ સનાતન સોય;
ભર્યો સભરાભર સર્વે ઠેકાણે, તેને તુ નીરખી જોય;
ખોળ તું તો ખાંતેરે, અવિનાશી મળે ધેર્ય ધાતા. અમર. ૩
પુર્ણ બ્રહ્મથી એક માયા પ્રગટી, મહા મસ્તાની તે જાણ;
એરે માયા ચૌદ લોકમાં વ્યાપી, તેણે કીધી છે ખેંચા તાણ;
શીવ બ્રહ્માદીકનેરે, તેણે તો ન કર્યા જાતા. અમર. ૪
દેવ દાનવને રૂષિ ગાંધ્રવ, સર્વ તે એક સમાન;
મુક્તિનો મારગ બંધ કરીને, તે તો દે છે નરક નીદાન;
ગાફલ નર ગાંડુરે, ઘણા તો ગોથાં ખાતા. અમર. ૫
સાચા તે સતગુરૂ સાશ્ચદાનંદ શેવે, તારૂ સરશે તે સર્વે કામ;
વદે શ્રીજલાલ સતગુરૂ પ્રતાપે, પામશો અવીચળ ધામ;
હામ પોંચે મનનીરે, અહોનીશ એવુ ચીત ચહાતા. અમર. ૬

(કાફી ૬ ઇશ્વર સ્તુતીની.)

એક આશરો તમારોરે, અલખ પુરૂષ અવિનાશી;
આવ્યો શરણે તો ઉગારશેરે, ટાળો ને લક્ષ ચોરાશી. ॥ ટેક ॥
સઘળે સ્વતંત્ર સચરાચર સ્વામી, છો વિશ્વ વીધાતા વિખ્યાત;
બાહેર ભીતર ઘટ મઠ વ્યાપક, તમે પુરણ બ્રહ્મ પ્રખ્યાત;
દાતા ભોક્તા કહાવોરે, અનામી અંતર વાસી. એક. ૧
શીવથી જીવ થયો છે સ્વામી, કરે સર્વે તમારી તો આશ;
તમે માયાથી આ જક્ત રચ્યું છે, તેમાં તમારો દીસે છે વાસ;
કર્તા અકર્તા છો આપેરે, સુત્રાત્મા તમે સુખ રાશી. એક. ૨
અકળ કળા તારી કોઇ ન જાણે, ઘણા જ્ઞાન દ્રષ્ટી કરી જોય;
અડગ અકંપન અનંત અખંડ છે, અરૂપ સ્વરૂપ કહે કોય;
તમારો પાર નવ પામ્યારે, શીવ બ્રહ્મા સીદ્ધ ચોરાશી. એક. ૩

શેશ સારદ સનકાદીક સુખદેવ, રૂષિ સહસ્ર અઠયાશી સુજાણ;
ભર્યો સભરાભર સર્વે ઠેકાણે, એવી વેદ વદે છે મુખ વાણ;
આવ્યો અશર્ણો શર્ણ તમારેરે, પતના પ્રભુ વીનાશી. એક. ૪
બાનુ જાણી બહુ નામી બચાવો, છો જગતપતિ જુગદીશ;
સુખના સિંધુ તમ શર્ણે આવ્યો, રાખી વિશ્વાસ વસાવીશ;
તમે પુરણ પદ આપોરે, વિશ્વપતિ વીલાશી. એક. ૫
અચળ સચળને અવિચળ, તેમાં કરૂણાનિધી કીરતાર;
અલબેલાજી આ અરજ સાંભળી, તમો કરો શેવકની તો વહાર;
અવ્યક્ત અચ્યુત અકામીરે, નીર્મળ નામી આકાશી. એક. ૬
સુભ વિશ્રામી સુખ ધામી છો મોતે, તમો તત્વમસી સર્વાધાર;
સદ્દગુણ સાગર છો ગુણ જ્ઞાતા, અલખ નીવાસી આ વાર;
સર્વેશ્વર પ્રભુ સાચારે, કાપોને જમની તો ફાંશી. એક. ૭
પુણાનંદ પરમ પદ પાવન, એવા વાણી રહીત વિસ્તાર;
ગુણાતીત્ ગુણ ગ્રામી નીરંજન, છો અનંત લોકના આધાર;
જોજયો પિંડને બ્રહ્માંડેરે, રચના રચી અતી ખાશી. એક. ૮
પરા પાર પ્રકૃતિથી છો જુદા, એ અણુલીંગી આત્મ સ્વરૂપ;
મનને વાણી જયાંથી થાકી રહ્યાં છે, ત્યાં વસે ભુવનપતી ભૂપ;
સત્ય પુરૂષ એછે પુરારે, જયાં અનભે નોબત વાગે ખાશી.એક.૯
સત્ ચીત્ આનંદ આપે સ્વરૂપ છે, તેતો સચ્ચિદાનંદ સુભ જોય;
સર્વાત્માનો અવીગત મહિમા, તેને જાણે જેવલા નર કોય;
તેને વીજલાલ વંદેરે, નથી ત્યાં તો બાવન બ્યાશી. એક. ૧૦

જ્ઞાનના પ્રશ્ન વિષે કાફી ૭ મી.

કોઇ અલખને ઓળખાવેરે; તેતો સત ગુરૂ સાચા,
તેનો ભેદ જે બતાવેરે, તેની તો અવિચળ વાચા. ॥ટેક॥
સોહંગ બ્રહ્મ તે શારૂપે છે, અને કયાં છે તેનો તે વાસ
નીર્ગુણ બ્રહ્મનું જે નિશ્ચે કરાવે, તેજ ગુરૂનો હું દાસ.
આશા સર્વે મુકીરે, ગુણ હું તેના ગાઉ સાચા. કોઇ ૧

અજંપાનો જાપ જપે કેમ, અને તત્વત્રિવેણી કીયે ઠાંમ
બંક નાળમાં કેમ કરી જાવું, એ કેમ કરી લેછે નામ.
નાભીમાં કસ્તુરીરે; નવ પહોચી કોઇની આશા. કોઇ ૨
શુન્યશિખર તે કોને કહીયે, શુન્યમાં શી વસ્તુ હોય.
ગેબી નગારૂ શા કારણે વાગે છે, તેનો મર્મ બતાવોને કોય
આશા ત્યાંછે વાસારે; એતો છે લોકીક ભાસ્યા. કોઇ ૩
અર્ધ માત્રા ઓંકારમાં વાસો, ઓંકાર આદ્ય જુગાદ.
તન માત્રા ત્રિગુણી જે માયા, તેનો વધ્યો અતી વીખવાદ;
ખટ દર્શન ખોળીરે, કોઇયે ન કરી પુરી આશા. કોઇ ૪
સત્ય વસ્તુ શી દીસે જગતમાં, સત્ય સાહેબજીનુ નામ;
અવર વસ્તુ ઉપજે ને વણસે, કર્તા વિના ઠાલુ નહિ ઠામ;
બીજલાલ વંદેરે, શેવોને સચ્ચિદાનંદ સાચા. કોઇ ૫

(પ્રશ્નોત્તર ચોપાઇ.)

કહો પૃથ્વિ કંપે છે કેમ, અગ્નિ રસ ઉકળેથી એમ;
મુઆ પછી જીવ કહો કયાં જાય, જયાં વાસના ત્યાં તે પ્રગટાય.
કહો જન્મ ધરે છે કોણ, દેહ તણો તે ધર્મ પ્રમાણ;
આત્મા તો અવિનાશિ જાણ, ત્યારે ફળ ભોગવે છે કોણ.
વાસના લીંગ થઇ પ્રગટે દેહ, ત્યારે ફળ ભોગવે છે તેહ;
આત્મા કેમ થયો પરતંત્ર, પડયો અવિદ્યા કેરે યંત્ર *
ભુખ તરસનુ કોને ભાન, તેનુ પ્રાણ વાયુ ને જ્ઞાન;
સુખ દુઃખ ભોગવે છે કોણ, મન તણું કારણ તે જાણ.
અજન્માને જન્મજ કેમ, થયો ભોક્તા તેથી તેમ;
પંચભુત શી રીતે થયાં, તે કારણ મેં નીચે કહ્યાં.
શુન્ય થકી ઉપન્યુ આકાશ, તેથી અગ્નિનો પ્રકાશ;
તેજ એજ અગ્નિ પ્રમાણ, તેમાંથી વાયુ છે જાણ.
વાયુમાંથી પ્રગટયુ જળ, જળ મધ્યેથી ઉપજયુ સ્થળ.

---

* યંત્ર=સંચો.

(ઠુમરી.)

વ્રજમાં જદુનંદન રાજ કરે, રાજ કરે સબ દુઃખ હરે; ટેક.
શ્રી જશોદાજીકી ગોદ બેઠકે, પય પીવત કુચ હાથ ધરે. ૧
ગાવાં ચરાવન વન વન ડોલત, ગોપીકે ચીર પ્રભુ સેજ હરે; ૨
શ્રી જુમનાજીકે ઘાટ સામરો, ગવાલ સંગ રમે ગેંદ હરે. ૩
ગીરી ગેંદ જુમનાકી અંદર, કુદ કનૈયો જબ જાય પરે: ૪
લેકર ગેંદ કાળી નાગ નાથ્યો, નૃત્ય કરત શીશ નાગ પરે. ૫
કંસાદીક સબ અસુર મારકે, ગિરી ગોવર્ધન કરપેં ધરે; ૬
સબ કામનીકે કામ સંવારે, પુતનાકે તવ પ્રાન હરે; ૭
બન બન ઘાટ ઘાટ હરિ લીલા, ચોરાશી કોષ પ્રક્રમા ફરે. ૮
જનક જનુની ગવાલ સખીયનકો, કૃષ્ણ ચરનપર ચીત ઠરે; ૯
એક કૃષ્ણ પૂર્ણ બ્રહ્મ જાનકે, બીજલાલ તીહારે ચર્ણ પરે. ૧૦

(પ્રશ્ન છપ્પે.)

કોણ વેદ કરનાર, મોક્ષ તે કેને કહીયે;
ધરા શેશ ને શીષ, શેશ શા આધારે લહીયે.
ચંદ્ર ખંડીત કેમ થાય, અવની ઉદર શું નથી;
આકાશ કેમ છે શ્યામ, કહો પંડીત જન કથી.
વળી નીર શેનાથી નીપજ્યું, શા કારણ ગ્રહણજ થાય છે;
બીજલાલ વાણી ઓચરે, મુવે જીવ કયાં જાય છે.

(ઉત્તર છપ્પા.)

સત્ય પુરૂષની વાણું, વાકય તે ચારજ બોલ્યા;
સોધતાં તેનો અર્થ, વેદ ચારે તૌ તોળ્યા.
થયો બ્રહ્મ સ્વરૂપમાં લીન, મોક્ષ પદ તેને કહીયે;
છે ધરા શેશ આધાર, બ્રહ્મ સત્તા સૌ લહીયે.
વળી ચંદ્ર ખંડીત દેખાય છે, સુર્ય કળા ખસવા થકી;
બીજલાલ વાણી ઓચરે, રવી તેજ પડવા થકી ૧

રવી રાહુની જે રાહ, મળે છે એકે ઠામે;
છે ગ્રહ ગતી પ્રમાણુ, ગ્રહણુ તે સમયે જામે.
અવની ઉદર નહિ પાપ, ઉદે અગ્નિ સુર્યથી;
ગગન શ્યામ દેખાય, અંતર અધિક થયેથી.
વળી જીવ જગતમાં આવીને, વાસનામાં વળગી રહ્યો;
વીજલાલ વાણી ઓચરે, જ્યાં વાસના થઇ ત્યાં તે ગયો. ૨

માસ્તર ઘેલારામ પુરસોતમદાસની બનાવેલી કવિતા સ્વજ્ઞાતી સુધારા વિષે કુંડળીયા.

જ્ઞાતી સર્વેની મળી, વિધવિધ કરે વિવેક;
તેમ તમે જલદી કરો, નહિ તો નહિ રહે ટેક.
નહિતો નહિ રહે ટેક સર્વેથી પડશો છેલ્લા;
ખરે થશો ખુવાર, વિપતના પડશે વેલા.
ઘેલો કહે આ વાર, બંધ બાંધો ભલભાતી;
સુધરે સર્વે કાજ, મળો મુજ કેરી નાતી. ૧
તૂટી પાળ તળાવની, કહો કેમ રહેશે નીર;
નીર જશે વહેવાઇને, કરો કાંઇ તત્ બીર.
કરો કાંઇ તત્ બીર, વિર આ વખત વિચારો;
કહે છે ઘેલારામ, ખરે નીર જાશે ખુટી.
બાંધો જલદી બંધ, તળાવની પાળી તૂટી. ૨
માટે મિત્રો માનજો, ખરેખાત આ વાત;
પછીથી પડશે આપદા, અતી થાશે ઉત્પાંત.
અતી થાસે ઉત્પાત ઉંચપણુ જાશે ઉડી;
અદા થશે આબરૂ, દશા દેખાશે ભુંડી.
કહે છે ઘેલારામ, ધર્મ રહેવાને સાટે;
કરો કરો કોટી ઉપાય, 'ઉંચપણું' રહેવા માટે.

(ગરબી રાગ ઓધવજીના મહિનાનો.)

મુજ નાતીલા માનો મારી વિનતી,
કરજોડીને કહુછું વારં વારજો;
કરમાંની કટારી તે કલમજ થઇ,
ફીધો વખતે આ કેવો ફેરફારજો. મુજ નાતીલા. ૧
વિદ્યાથી વિવેક વિચારો સાંપડે,
વધશે રૂડો સદ્દગુણનો સમુદાયજો;
કીર્તિ તો વધશેરે કંઇ આ લોકમાં,
ગણુતી તેની ગુણીયલ માંહે ગણુાયજો. મુજ નાતીલા. ૨
વિદ્યારે વિનાનો નરતે આંધળો,
કહો દેખી શકશે કયમ મોટી ખોયજો;
નફો ને નુકશાનજ તેવું જાણુજો,
કહો, પરખી શકશે કયમ મુરખ કોઇજો. મુજ નાતીલા. ૩
વિદ્યાથી વિચારો કંઇ સુજે નવા,
દળીદ્રતા તો નાસે તેથી દુરજો;
સુખમાં ને દુઃખમાંરે તેની સહાયતા,
આંખ તણી જેમ રાત દીવસ જરૂરજો. મુજ નાતીલા. ૪
વિદ્યાથી નરો તે કંઇક વધી પડ્યા,
જે જન્મ્યાતા અન્ય જાતીમાં જાણુજો;
પ્રખ્યાતી પામ્યા તે કહોને કેટલી,
ખરે વિદ્યા છે જરની મોટી ખાંણુજો. મુજ નાતીલા. ૫
કટારી અટારી આજે થઇ પડી,
કલમ કટારી કરમાં આજ રખાયજો;
મુલકે મુલકો માંહી વિચરે,
કહો કોનાથી રોકી કેમ રખાયજો. મુજ નાતીલા. ૬
તર્કટ ને તોફાનો સૈ તૂટી પડ્યાં,
આવ્યે આ ઇંગ્રેજી રૂડુ રાજ્યજો;
નાગાનાં તાગાંરે કંઇ ચાલે નહિ,
માટે તેનો કરજો સર્વે તાજજો. મુજ નાતીલા. ૭

લુટારા પીંઢારા એ લાચાર થઇ,
કરવા માંડયો ઉદ્યમ કંઇ પ્રકારજો;
લુટી ને લેતા જે લેજા વારમાં,
તે સૌ શાણા થઇ બેઠા સરદારજો. મુજ નાતીલા. ૮
કહે છે ઘેલો બાળ ભણાવો ભાવથી,
અંતરમાં અજવાળુ એથી થાયજો;
આપત્તિ આવેલી આઘી જઇ પડે,
સુખ તણે શી રસ્તે સદ્ય પળાયજો. મુજ નાતીલા. ૯

(પરણેલી સ્ત્રીને ન તજવા વિષે.)

તજે જે પરણી ઘરની નાર, તેહના જીવતરને ધિક્કાર;
તેનુ જીવતર એળે જાય, સમજી કરજો સર્વ વિચાર.
ચોરીમાં જયાં જવ તલ હોમ્યા, કબુલ કર્યો છે કરાર;
તે વિનતાને વહેતી મુકે, બેડો ન ઉતરે પાર. તજે જે. ૧
પંચ વચ્ચે પોતે બેશીને, નિશ્ચય કીધી નાર;
વાંકુ બોલે વળતી જે નર, તે નર્કે જાનાર. તજે જે. ૨
મિત્ર મળો અનેક ભલે પણ, ખરો મીત્ર છે નાર;
સુખ દુઃખમાં જે સાથે રહે છે, તજે નહિ પળ વાર. ૩
અર્ધાંગના તો એ છે યારો, વડી દીસે વફાદાર;
ખરૂ મુકીને ખોટુ લ્યો તો, સુધરે નહિ સંસાર. તજે. ૪
લોહ ચુંબકને સોયજ વળગે, એમ વળગે નરનાર;
અદ્ભુત પ્રીતી એમાં દીઠી, એવો છે કીરતાર. તજે. ૫
પરણી નારી પોતે મુકી, વિષયી કરે વ્યભિચાર;
ધર્મા ચાર ને ધક્કો મુકી, ભરે પાપ ભાર અપાર. તજે. ૬
મોક્ષ તણું તો મુળજ કાપે, તજે તરવાનો તાર;
સાકર મૂકી કાકર લે તો, ધીક્ક તેનુ દેદાર. તજે. ૭
રત્ન ખાણુ રવડતી મુકી, નર્ક ખાણુ પર પ્યાર;
કોડી એકે કામ ન લાગે, કરતો ધન ખુવાર. તજે. ૮

શંસારમાં કંઇ સાર ન સમજ્યા, બાવા થઇ બેસનાર;
બાજીને બગાડી નાંખી, પાછળ પસ્તાનાર. તજે. ૯
નારીને પોતાની કરવી, શિક્ષણ દઇને સાર;
અવગુણ ઢાંકી ગુણ ગ્રહીશ તો, તારી તે થાનાર. ૧૦
સંસાર રૂપ ગાડીનાં ચક્રો, નર એક બીજું નાર;
ઓછું એક થયે નવ ચાલે, રહેશે ઠારનું ઠાર. તજે. ૧૧
સગાં સહોદર સર્વે દીસે પણ, નમુનાદાર છે નાર;
આખા ભવનો સાથી એતો, કો નહિ એની હાર. તજે. ૧૨
મા બાપ ને ભાંન્ડુ મૂકે, મુકે ગર્થ ભંડાર;
એવો પતિ પ્યારો નારીને, બીજી નહિ દરકાર. તજે. ૧૩
પ્રેમ પંથનો માર્ગ પૂરો, નહિ રોકે રહેનાર;
સતિ પતિનું માથું લઇને, બળી છે અગ્ની મોઝાર. ૧૪
ઘઉની કોઈ ઘેંસ કરેને, કોઇ ઘેબર કરનાર;
કરનારોની કારીગરીનો, આવે નહિ કાંઇ પાર. તજે. ૧૫
ઘઉં માફક ગ્રહણી કેળવતાં, થાશે ઉતમ નાર;
સંસારનું સુખ ઉત્તમ પામો, ઘેલો કહે બહુ વાર. તજે. ૧૬

(શમશ્યા ૧ કુંડળીયો.)

ત્રણ વર્ણનો શબ્દ છે, અવળ સવળ વંચાય;
અર્થ ફરે નહિ તોય પણ, એ અદ્દભૂત છે ન્યાય.
એ અદ્દભુત છે ન્યાય, માપ તે સૌનું કરતો;
માર માર સૌ કહે, તોય પોતે નથી ડરતો.
કીંમત કહી ન જાય, નામ છે જીવ હરણનો;
કહે છે ઘેલારામ, શબ્દ છે ત્રણ વરણનો. ઉતર=કલાક.

(કુંડળીઓ. ૨.)

પ્રીતી ભાવ અદર્શ છે, અંતર માંહી અધિક.
તે દર્શન કરવા તમે, કાગળો લખજો ઠીક.

કાગળ લખજો ઠીક, ચીતમાં ચીવટ રાખી.
અધિક વધારો પ્રેમ; વચન વાલેરાં ભાખી.
કહે છે ઘેલા રામ, મીત્ર શુ [illegible]ધી રીતી.
કર કમળના પત્ર. પાઠવી પામો પ્રીતી.

(મનુષની પડતી થવાનાં કારણો.)

૧ સમભાવ નહિ રાખવાથી ૨ વિદ્યાનું રહસ્ય નહિ સમજવાથી. ૩ વગર વિચાર્યાં ખરચ કરવાથી. ૪ સંપ તોડવાથી. ૫ એક બીજાને સહાયતા ન આપવાથી; ૬ ધર્માચાર નહિ પાળવાથી. ૭ અંતરમાં વૈર રાખવાથી. ૮ પરોપકાર નહિ સમજવાથી. ૯ શું કર્યે પુન્ય થાય તે નહિ. સમજવાથી. ૧૦ આપ સ્વાર્થી બનવાથી. ૧૧ ખોટી મોટાઇ રાખવાથી. ૧૨ વખતનો નીરઉપયોગ કરવાથી. ૧૩ નીયમીત રોજગાર નહિ કરવાથી. ૧૪ સ્રીસેવન હદ ઉપરાંત કરવાથી. ૧૫ રૂઢીયોના દબાંણુથી. ૧૬ સ્રીયોને અજ્ઞાન રાખવાથી. ૧૭ બાળપ્રજાને સારા સંસ્કાર નહિ આપવાથી. ૧૮ નિત્ય નીયમ નહિ પાળવાથી. ૧૯ ધર્માદાનો પૈસો ખોટે મારગે વાપરવાથી. ૨૦ દીકરીને તુચ્છ માનવાથી. ૨૧ સ્વજ્ઞાતી અભિમાન મુકીદેવાથી. ૨૨ અસત્ય બોલવા તથા ચાલવાથી. ૨૩ રહેણી કહેણી જુદી રાખવાથી. ૨૪ જ્ઞાતીના કાયદા ખોટા હોવાથી. ૨૫ સારા કાયદાઓનો અમલ ન હોવાથી. ૨૬ વૈરી છતાં વૈરી કરવાથી. ૨૭ બાળ વિવાહ કરવાથી. ૨૮ કજોડાં કરવાથી. ૨૯ નાની ઊમરનાં છોકરાંને સંસારમાં નાખવાથી. ૩૦ કાચી વયે છોકરાંને ધંધામાં નાંખવાથી. ૩૧ અધુરી કેળવણીથી. ૩૨ અંતરમાં પ્રેમભાવ ઘટવાથી. ૩૩ ધર્મ ગુરૂઓ ખુસામતીયા થવાથી. ૩૪ વડીલો તેમજ ધર્મ ગુરૂઓ ટુંકી નજરના થવાથી.

એ વીના બીજાં ઘણાં કારણોથી મનુષ્યની પાયમાલી

થાય છે, માટે વિવેકી અને ડાહ્યા સજ્જનોએ એ સર્વે અવગુણો આપણામાંથી. આપણા ઘરમાંથી, આપણી નાતમાંથી, ને આપણા ગામમાંથી, ને છેવટે તમામ મનુષ્યોમાંથી દુર થવા જોઇએ. જો એ દુર થાય તો પછી સત યુગ ચાલશે. સુખની વૃધિ થશે. ને એક મહાન પ્રજા તરીકે દુનીયામાં આપણે ઓળખાઇશું. એજ કર્તાની વિનંતી છે.

श्लोक.

एसांन विद्यान तपोन दांनः नचापिसीळ नगुणोनधर्मः
तेमृत्युं लोके भुमिभारभूताः मनुष्यरुपेणमृगाचरंति १

(દત્ત વિષે છપ્પો.)

દત્તે પામે સુભનાર, દત્તે હોય ધનનો ધણી;
દત્તે પીડે નહિ ગ્રહ; દત્તે વિદ્યા પણ ઘણી
દત્તે સુખ સૌભાગ્ય, દત્તેથી દેવ પણ રાજી;
દત્તે ઊત્તમ હોય દેહ, દત્તે હાથી રથ વાજી.
બીજલાલ કહે તે દત્ત ખરૂ, દત્તે દોષ સકળ ટળે;
આ યુગમાં સૌ પામીયા, દત્ત તણાં ફળ તો મળે. ૧

(પાપ વિષે છપ્પો.)

પાપે પુંજી પણ જાય, પાપથી મહા દુઃખ પામે;
પાપે વ્યાધિ પણ હોય. પાપે અન્ધા પણ જામે.
પાપે વધતો લોભ, પાપે સત્બુદ્ધિ નાસે;
પાપે ન મળે અંન્ન, પાપે દુર્ગુણ જગ ભાસે.
પાપે પરીયા નર્કે જશે, પાપે લક્ષ ચોરાશી લીયે;
કહે બીજ પાપ પ્રતાપથી, ઊત્તમ જન મદિરા પીયે. ૨

(ક્રોધ વિષે છપ્પો.)

ક્રોધે સુભ લક્ષણ જાય, ક્રોધે કુબુદ્ધિ વાધે;
ક્રોધ થકી જશ જાય, ક્રોધથી મૃત્યુ લાધે.

ક્રોધે સહુસા થાય, ક્રોધે સૌ કારજ બગડે;
ક્રોધ પડળ છે પ્રાણીને, ક્રોધે કાંઇ સુઝે નહી;
કહે વીજ સત્યવિચારથી, ક્રોધી સુખ પામે નહી. ૩

(પ્રથમ વિચારવા વિષે છપ્પો.)

પ્રથમ વિચારે જેહ; કલેશ કદી નવ થાયે;
પ્રથમ વિચારે જેહ, ગાંજ્યો કોઇનો નવ જાયે.
પ્રથમ વિચારે જેહ, શુદ્ધ મતિ શહેજે મળશે;
પ્રથન વિચારે જેહ. આફતો તેની ટળશે.
વીજલાલ કહે પ્રથમ વિચારથી, કારજ સર્વે સીદ્ધ થશે;
ગરવા પુરૂષને પુછતાં, સુખ શાન્તિ સર્વે હશે. ૪

(ગુરૂને પ્રશ્ન પુછવા વિષે છપ્પો.)

પુછો સતગુરૂને પ્રશ્ન, તૃશ્ના તનની તે ટળે;
પુછો સતગુરૂને પ્રશ્ન, જ્ઞાન હીમાળે ગાળે.
પુછો સતગુરૂને પ્રશ્ન, તાપ ત્રણેથી તારે;
પુછો સતગુરૂને પ્રશ્ન, મોક્ષઆપી ઊદ્ધારે.
વીજલાલ કહે સતગુરૂ શેવતાં, શુદ્ધ જ્ઞાન પામો સહી;
ગુરૂ તણી કુંચી વિના, ઇશ્વર:પણ ઓળખાય નહિ. ૫

(ભણીગણી ભુત રહ્યા વિષે છપ્પો.)

ભણ્યો ગણ્યો તે ભુત, આવી નહિ સમજણ ખાસી;
ભણ્યો ગણ્યો તે ભુત, સત્ય વિદ્યા ન તપાસી.
ભણ્યો ગણ્યા તે ભુત, સત્ય વિવેક ન જાણ્યો;
ભણ્યો ગણ્યો તે ભુત, પંચે તો નવ પ્રમાણ્યો.
ભણી ગણીને ભુત રહ્યો. ધર્મ અધર્મ સમજ્યો નહિ;
વીજલાલ વાણી વદે, પાણીએ પથ્થર ભીંજે નહિ. ૬

(ભણ્યો ગણ્યો કોણ તે વિષે છપ્પો.)

ભણ્યો ગણ્યો તે સાર, વહાર નસીબની કીધી;
ભણ્યો ગણ્યો તે સાર, શીખામણ સારી લીધી.
ભણ્યો ગણ્યો તે સાર, અક્કલ અવળી નવ આપે;
ભણ્યો ગણ્યો તે સાર, કષ્ટ પરાયાં કાપે.
ભણ્યો ગણ્યો તે તો ખરો, જે નિત્ય રટે રામ નામને;
બીજલાલ સાચુ તે ભણ્યો, જે અર્ચે પર કાજે દામને. ૭

(બળ્યુ શું તે વિષે છપ્પો.)

બળ્યુ મુરખનું મંન, સારૂ નરતુ નવ જાણે;
બળ્યુ કૃપણનું ધન. મોજ કદી નવ માણે.
બળ્યુ નારીનું રૂપ, સેવા પતિની નવ કીધી;
બળ્યુ પંડીતનું જ્ઞાન, સાચી સમજણ નવ દીધી.
કહે બીજ ધનવંત બળ્યો, જે ભીખી ભોગવે ભોગને;
તે સર્વેથી અધીકુ બળ્યો, જેણે લાજ લગાડી જોગને. ૮

(ધિક્કાર કોને છે તે વિષે ચોપાઇ.)

ભણી ગણીને માગે ભીખ, ત્યારે તે ભણનારને ધીઃખ;
શસ્ત્ર બાંધીને રાખે બીક, ત્યારે તે શુરવીરને ધીઃખ.
શત્રુ પાસે માગે શીખ, તેના ડાપણને છે ધીઃખ;
અવગુણ જાણી પીયે વીખ, તેના જીવતરને છે ધીઃખ.
રાજ્ય દરબારની ચાલે લીખ. તે સર્વેને જાણો ધીઃખ;
બીજલાલ કહે નવ માને શીખ, તેને પુરણ માનો ધીઃખ.

(સંગત કોની ન કરવી.)

અભિમાની કરે મિથ્યા ખેલ, એવા નરની સંગત મેલ;
સમજુ થઇને કરે છે ફેલ, એવા નરની સંગત મેલ.
ચોરી જારી કરી પામે જેલ, એવા નરની સંગત મેલ;
છત વિનાનો ફરે થઇ છેલ, એવા નરની સંગત મેલ.

કુડા કામની કાઢે પહેલ, એવા નરની સંગત મેલ;
ક્રૂર કુબુદ્ધિ હૃદયે મેલ, એવા નરની સંગત મેલ.
સીંગ પુંછ વિનાના બેલ, એવા નરની સંગત મેલ;
કહે શ્રીજલાલ રહેવું અકેલ, (પણ) એવા નરની સંગ મેલ.

(કોના જીવતરને ધન્ય તે વિષે.)

સત્ય બુદ્ધિને સત્ય છે મન, તેના જીવતરને છે ધન;
ચોથી અવસ્થા જાયે વન, તેના જીવતરને છે ધન.
પર કાજે જે તજતા તન, તેના જીવતરને છે ધન;
સુર દાતારે હોય હરી જન, તેના જીવતરને છે ધન.
ગરીબ જાણીને આપે અંન, તેના જીવતરને છે ધન;
કરે શેવા કે હરી દર્શન, તેના જીવતરને છે ધન.

(મુરખનો સરદાર કોણ.)

રળે નહિ ને કરે વિચાર, મુરખનો તો તે સરદાર;
શીખામણ નવ સુણે સાર, મુરખનો તો તે સરદાર.
આડું બોલી ખોયો ભાર, મુરખનો તો તે સરદાર;
દીન દીને વધારે અહાર, મુરખનો તો તે સરદાર.
આપ વખાણ કરે બહુ વાર, મુરખનો તો તે સરદાર;
વઢે કોઇક ને મારે નાર, મુરખનો તો તે સરદાર.
ખર્ચે શ્રીમંત હારો હાર, મુરખનો તો તે સરદાર;
કરજ કરી ઉડાડે બહાર, મુરખનો તો તે સરદાર.
ભુંડા કામનો ભાગીદાર, મુરખનો તો તે સરદાર;
શ્રીજ કહે સુણી સમજો શાર, નહિ તો થાશો મુરખ સરદાર.

(શામરવાઓ છપ્પા.)

કનક પુત્રી કહેવાય, પુષ્પ કનક સમ દીઠી;
વ્યસનીને બહુ વહાલ, પ્રેમથી લાગે મીઠી.

બીનું પહેરે વસ્ત્ર, પેટ પુત્ર એક કહીયે;
કરે નારી નારીનો અહાર, ભાર નવ રાખે હૈયે.
વળી અગ્નિ મળે ભોજન કરે, એતો કૌતુક સારખુ;
શ્રીજલાલ વાણી ઓચરે, તમે પંડિત કરજો પારખુ.

ઉતર ધંતુરી ચલમ.

(શમસ્યા ૨ બીજી.)

જગત મોહીની જાણુ, તાણુ જગતમાં તેની;
નાશ્ય શ્વાશ મુખવાસ, શોશ નહિ કોઇને એની.
વાયુ હરણુ વિકાળ, ખાઇ ખુંખારા કરતી;
પહેરે અગ્નિ શણુગાર, ચુનો પણ અંગે ધરતી.
વળી અજાચક જાચક કૈ કર્યા, એતો કૌતુક સારખુ,
શ્રીજલાલ વાણી ઓચરે, તમે પંડિત કરજો પારખુ.

ઉતર—તમાકુ.

(શમસ્યા ૩ ત્રીજી.)

જીવ વિના એક નાર, વસ્ત્ર રૂપાળુ ઓઢયુ;
બોલે શુંદીર બોલ, ચિત જેનાથી જોડયુ.
નહિ હાથ નહિ પાય, નહિ મુસ્તક દો મુખ;
ખવાય નહિ પણ ખાય, એવી જેને છે ભુખ.
ભુખી રહે જો ભામની, રામા રીસાઇ જાય છે;
વળી એક આંખમી લાકડી તે, મોઢે માગી ખાય છે.

ઉતર—કલમ.

(શમસ્યા ૪ ચોથી.)

સુકુ કાષ્ટ એક સાર, પુષ્પ ચો પંખુ બેઠું;
કાંડીયે બાંધ્યા બે બંધ, જઇ અમૃતમાં પેઠ

ફરે પુંદડી ગાય, ઘણું ગરજે પ્રભાતે;
પાણી પીતું જાય, પદારથ કહાડે મહાતે.
વળી સુખ કરે સંસારને, એતો કૌતક સારખુ;
વ્રજલાલ વાણી ઓચરે, તમે પંડિત કરજો પારખુ.

ઉતર—વલોણાના વાંસનુ ફુલ.

(શમશ્યા ૫ પાંચમી.)

શિવ સરીખી છે નાર, નહિં શિવ ઝટા ધારી;
મુખ છે તેનુ શ્યામ, નહિં ગુંજા પણ નારી.
ઝરે મુખ અમૃત, નહિં ચંદ્ર સુખરાશી;
છે જગત તણી પ્રતીપાળ, રાધા પતિ નહિં અવિનાશી.
વ્રીજલાલ વાણી ઓચરે, કામી જન કર માંહી કસે;
તે વિના નહિં કોઇ જગતમાં, શાંણા પણ સહેજે ફસે.

ઉતર—શ્રીની શાઇ.

(શમશ્યા ૬ છઠ્ઠી.)

કામધેનુ કુળ માંહે, નીપજ્યુ નપુષક નામે;
નપુષકને મળી નાર, તોય પદ નપુષક પામે.
તેમાંથી બે થયાં, નપુષકને એક નારી;
નપુષક તે નવનીત, મુલ ઉપજે છે ભારી.
તે ત્રિયા તો લુંટાઇ ગઇ, દામ ન ઉપજ્યો દોકડો;
વ્રીજલાલ વાણી ઓચરે, તે ઉતર આપો રોકડો.

ઉતર—દુધ દહી પછી માંખણ ને છાશ.

(શમશ્યા ૭ સાતમી દોહરો.)

સુંદર ઉભી પ્રેમદા, વંઝા છે ગુણવંત;
નેત્ર છતાં દેખે નહિં, લાવો મારા કંથ.
કાપી જગને કારણે, પીલી કાઢયુ પય;
બાળાને બાળી ખરી, પ્રગટી નાર ઉભય.

પુત્ર એક ઉપજ્યો પછી, જે ગાઢો ગુણવંત;
વીચર્યો દેશ વિદેશમાં, અ‌ર વિચારો ચંત.
ઉતર—શેરડી ખાંડ સાકર ગોળ.

(શમશ્યા ૮ આઠમી છપ્પો.)

આઠ શીશ સુભ જાણુ, ભુજા તો વીશ વખાંણુ;
જગત પ્રલે કરનાર, નેત્ર પંદર તો જાણુ.
નમે દેવ દાનવ, ભેટ તે સૌની લે છે;
વરદાયક વિશેષ, કીર્તી શારદ તો કહે છે.
બીજલાલ વાણી ઓચરે, જે રક્ષા તારી નિત્ય કરે;
આ શમશ્યા છે સહેજમાં, શીદને દુઃખ મનમાં ધરે.
ઉતર—શીવ પાર્વતી ગંગા પોઠીયો.

(સારી સોબત વિષે કુંડળીયો.)

સોબત કીજે સંતકી, સત્ મારગ દર્શાય;
ગતી બતાવે જ્ઞાનકી, આપે સરસ ઉપાય.
આપે સરસ ઉપાય, થાય મુક્તિ પદ લાયક;
સહેજે સંશય જાય, સંતનાં શાંણું વાયક.
વદે વ્યાશ બીજલાલ, જગતની જુઠી મોબત;
તોડી નાંખો તરત, સંતકી કીજે સોબત.

(સારા મિત્ર વિષે છપ્પો.)

મિત્ર મનોહર હોય, માગ્યુ મુસ્તક પણ આપે;
સહે કષ્ટ શરીર, મિત્રનુ સંકટ કાપે.
આપ દુઃખ અપાર, હોય તે રજ સમ ગણુતો;
રજ હોય મિત્રને દુઃખ, મેરૂ સમ તેને ભણુતો.
વળી પરદુઃખ ભંજન પુરોખરો, જેનુ પરમારથમાં નામ છે;
બીજ કહે ધન એ મિત્રને, મારે એવા મિત્રનુ કામછે.

(મિત્રનો કુંડળીયો.)

પ્રેમી મિત્ર પવિત્રનો, મહિમા અમીત અપાર;
વિશાંમો છે વાતનો, સદગુણ બુદ્ધિ સાર.
સદગુણ બુદ્ધિ સાર, લાગે જેમ મીઠો મેવો;
કરી સમાગમ સરસ, લહાવો લાખેણો લેવો.
વદે વ્યાસ બીજલાલ, વિદ્યા ભણપણ સુભ નેમી;
મહાગુણી મોતી સમાન, મળ્યો પુરણ શુદ્ધ પ્રેમી.

———:o:———

(મિત્ર વિયોગ વિષે કુંડળીયો.)

સુખ સારૂ સંગત કરી, હીમત ધરી હમેશ;
હોંશ રહી હૈયા વિષે, ફળી ન આશા લેશ.
ફળી ન આશા લેશ, દેશ પોતાનો છોડયો;
થયો મિત્ર વિયોગ, સાથ સજ્જનનો તોડયો.
વદે વ્યાસ બીજલાલ, દીલમાં મહા દુઃખ ધારૂ;
મળશે મોતીલાલ, થશે સહેજે સુખ સારૂ.

———<>✱<>———

(કુસંગત વિષે સવૈયો કાગને હંશનો.)

કાગ અરૂ હંસ રહે તરૂ ઉપર, દોનુ પરસ્પર ચિત મીલાયો;
કોઇ સમે એક ભૂપતી ખેલત, છાંય નીહાર તહાં ચલી આયો.
કાગ કુજાતને વીષ્ટ કરી, નૃપતિને બાન કમાન ચડાયો;
કાગ ગયો રહ્યો હંશ શુવંશકો, નીચકે સંગસે મહા દુઃખ પાયો.

———:o:———

(ઉતમ નીચની સંગત કરે તો નીચ થાય સવૈયો.)

ઉત્તમ હોઇ કરે નીચકી સંગત, વાકુતો નીચ સદાહી પ્રમાણો;
ઉત્તમ ગંગ મીલે જબ કીચસેં, નીશ્ચય કીચ ભયો તબ જાણો.
પતીવ્રતા મીલી પાતરસેં જબ, વાકુ કુપાતર નીશ્ચય માનો;
શાહ બની કરે ચોરકી સંગત, વાકુ તો ચોરહી ચોર પહીચાનો.

———

(કપટી વિષે કુંડળીયો.)

મીઠા મીઠા બોલકે, મન અપના હર લેત;
કપટી અપને કામસેં, કોડી ન કોઇકુ દેત.
કોડી ન કોઇકુ દેત, લેત સબકો ધન હેરી;
દગલબાજ શીરતાજ, લાજમેં લેવત ઘેરી.
વદે વ્યાશ શ્રીજલાલ, બોહોત નર એશા દીઠા;
ધુત્તાકી એહી રીત, મુખસેં બોલત મીઠા.

(ચતુર વિષે કુંડળીયો.)

ચતુર પુરૂષ ચારૂ ચહે; બડી ન બોલે વાત;
ગુણીયલકી સંગત કરે, દુષ્ટકુ મારત લાત.
દુષ્ટકુ મારત લાત, બાત ઉનકી નવ માને;
જાને સબકા ભેદ, પ્રેમ અંતર નવ આને.
વદે વ્યાશ શ્રીજલાલ, જ્ઞાન સુણવેમેં આતુર;
સમજુ જનતો સોય, ઉનકું કહીયે ચાતુર.

(મુર્ખ વિષે કુંડળીયો.)

મિત્રાઇ કીધે મુરખની, હોત જીવની હાંણ;
અવગુણ અંતે થાય છે, આખર તાંણા તાંણ.
આખર તાંણા તાંણ, જાણ જગતમાં થાયે;
ઇજતને ઇતબાર, સંગ કરતામાં જાયે.
કહે વ્યાશ શ્રીજલાલ, આખર હોશે ઇતરાઇ.
ખત્તા ઘણાં તે ખાય, થતાં મુરખ મિત્રાઇ.

(વિદ્યા ભણવા વિષે દોહરો.)

ભણતર ભણજ્યો ભાવથી, કદી ન કરશો કલેશ;
હુનર શીખો હર ઘડી, દુઃખ ન આવે લેશ.
બાળપણે બુદ્ધિ વળે, ટળે નઠારી ચાલ;
સમજણ આવે સહેજમાં, નિશ્ચે થાશો ન્યાલ.

સાચુ ધન વિદ્યા સદા, લઈ શકે ન ચોરકે રાય;
વિદેશ માંહે વિચરો, પણ નહિ ભાર જરાય.
સમજણુ આવે સહેજમાં, વધે મનુષ્યમાં માલ;
અનેક ગુણ એમાં વસ્યા, વદે વ્યાશ વીજલાલ.

(નીશ્ચય વીશે શાખી.)

જક્ત વક્ષકો મુળ હરી, તાકે શાધન અનેક;
જબ જાકુ નિશ્ચય નહિ, સબ નીશફળ શાધન છેક.
સાધન સમજ નીશ્ચે ભયો, મનવચ કાયાસેં પુર્ણ;
તબ પ્રેમ ભક્તિ પ્રગટ ભઈ, જબ હોત અબિદ્યા ચુર્ણ.
પ્રભુકે ગુણ સિંધુ સમાન, સોવરણુત થાકે વેદ;
વીજલાલ વાણી વદે, કોઇ વીરલા પાવે ભેદ.

(કોયલની ચતુરાઇની ચોપાઇ.)

શામગાત્ર સુભ સુંદીર નાર, વાણી મધુરી ખુબ રસાળ;
વાયસ સરખો દીસે વેશ, મીઠુ બોલી વશ કીધો દેશ.
લોક પાળે સૌ પ્રિતી કરી, તે માણુસ સાથે બોલે ફરી;
જેવું શીખવે તેવું તે ભણે, સાર અસાર અંતર નવ ગણે.
મધુરાં ફળ નિત્ય કરતી ભક્ષ, શોભીત ચંચુને સુંદીર ચક્ષ;
પક્ષીમાં પ્રમાંણીક જાણુ, ગુણવંતી છે ગુણની ખાંણુ
જણે આપને શેવે કાગ, છળ કરે છેતરી જોઈ લાગ;
બાળક બોલે જ્યારે વાણુ, તવ વા[1]યસને થાયે જાણુ.
હણે ચંચુ શીશુ પાડે ચીશ, તવ કોયલ આવે કરી રીસ;
બાળક લેઇને જાય તે ઘેર, ચતુર કોયલની એ છે પેર.
ઊનાળે આંબાની ડાળ. બોલે કોયલ બોલ રસાળ;
કર્મ હીંણાને સદાય ભુખ, પાકે ફળ તવ પાકે મુખ.
એમ વાયસના અંતર આંચ, પીલુ પાકે પાકે ચાંચ;
કર્તાને નવ દેશો દોશ, જોશી ન જાણે તેનો જોશ.

૧ વાયસ—કાગડો.

કર્મ હીણુને ન મળે ભોગ, મળે ભોગ તવ થાયે રોગ;
બીજલાલ કહે શુદ્ધવિચાર. શાણા સમજી લેશે સાર.

(શુરવિર પુરૂષ વિષે છંદ. છપયની ચાલ)

કલ્પ વૃક્ષરણ ધીર, વીર સુરન મેં આગર;
ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ, સુયશ જગમેં ઊજાગર.
ચઢે ધનુષ પર બાણ, છોળે રત્નાગર સાગર;
સુરવિર પરવીંણ, સમરમાં સૌથી આગર.
ગુણ ગ્રાહક સાહક સરસ, રીપુ દાહક પાવક પ્રબળ;
ધિર વિર સુર ધામકો, ચાહત હે ચિતમેં ચપળ.

(સમશ્યા. છપ્પો.)

હળીદ્રી નામે છે નામ, પેટ કુટેલુ જેનું;
વસેછે ઊત્તમ ઠામ, સમુદ્ર ઘરછે એનું.
ચંદ્ર લક્ષ્મિનો ભ્રાત, દેવ સન્મુખ તે રહેતો;
શબ્દ કરે મહા ઘોર, સોર પણ સુંદિર કહેતો.
બીજલાલ વાણી ઊચરે, જેને જોગી જંગમ શેવતા;
શેવા સાધન શુદ્ધ છે, બહુ પ્રસન થાયછે દેવતા.

ઊત્તર, શંખ.

(ખોડ વિષે છપ્પો.)

ખાટલે મોટી ખોડ, પ્રથમ પાયો નહિ;
પુરૂષમાં મોટીં ખોડ, મરદ કહાવ્યો નહિ.
સ્રીમાં મોટી ખોડ, પુત્ર જાયો નહિ;
કવિમાં મોટી ખોડ, હરિગુણ ગાયો નહિ.
એવી તો ખોડ અનેક છે, દાતાર જે દાન ચર્ચા કરે;
કહે બીજલાલ વિચારથી, તે શ્વાન સુકર ખર તો ઠરે.

(ડર વિષે છપ્પા.)

ડરે બ્રહ્મ શું કાળ, ડરે માયા શું જ્ઞાની;
ડરે અગ્નિથી વંન, ડરે દંડે અભિમાની.
ડરે પુન્યથી પાપ, ડરે અદાતા દાને;
ડરે દુકાળે દેશ, ડરે ચાતુર અપમાને.
વળી જોગી ડરે જંજાળથી, જમથી જીવ સૌ ડરે;
શ્રીજલાલ વાણી ઓચરે, જે ડર વિના કોઇ નવમળે.
ડરે ગરૂડથી સર્પ, ડરે મુસક મંઝારી;
ડરે ઘુડથી કાગ, ડરે ધાડે વણઝારી.
ડરે શાહુથી ચોર, ડરે પતીવ્રતા નારી;
વળી સીંચાણાથી સસલો ડરે, બાજ ડરેછે બાણુથી.
શ્રીજલાલ વાણી ઓચરે, જે તીમીર ડરેછે ભાણુથી;
ડરે કર્તાથી કર્મ, ડરે કાયર રણદેખી.
ડરે મારથી મુંઢ, ડરે અગ્નિ જળ દેખી;
ડરે ઢીમરથી મીન, ડરે ચાબુકથી વાજી.
ડરે પ્રપંચથી સંત, ડરે પરૂણાથી પાજી;
વળી જીવ જંત સોકો ડરે, પેટ થકી મ્હાણું ઘણું.
શ્રીજલાલ વાણી એમ વદે, એ ડરમાં કાંઈ નહિ મણા.

(નફ્ટ નર વિષે છપ્પા.)

નફ્ટ નર નાદાન, પ્રીત્ત પરનાર શું જોડે;
નફ્ટ નર નાદાન, સ્નેહ સજ્જનથી તોડે.
નફ્ટ નર નાદાન, દાન દેતાં જે વારે;
નફ્ટ નર નાદાન, દોષ પરના દીલ ધારે.
વળી નફ્ટ નર નાદાન જે, લાજ મરીયાદા નવ ધરે;
શ્રીજલાલ વાણી ઓચરે, તે રઝળી રઝળીને મરે.
નફ્ટ નર નાદાન, છિદ્ર પરાયાં શોધે;
નફ્ટ નર નાદાન, શાંણા થઇ જ્ઞાન પ્રબોધે.
નફ્ટ નર નાદાન, ચાડી ચોરી બહુ કરતો;
નફ્ટ નર નાદાન, જુઠથી ઉદર ભરતો,

વળી નવ કરવાનુ તે કરે, છે હરામી હીંણો સર્વથી;
શ્રીજલાલ વાણી ઓચરે, તે ઉત્તરે હેતો ગર્વથી.
નફ્ટ નર નાદાન, [illegible]ા પોતાનુ બોળે;
નફ્ટ નર નાદાન, ન્યાય તો અન્યા તોળે.
નફ્ટ નર નાદાન, પાપ કરતાં નવ ચુકે;
નફ્ટ નર નાદાન, ભાડય ખાવી નવ મુકે.
વળી હીંણા કામ હાથે કરે; પરણી ત્રિયાને પરહરે;
શ્રીજલાલ વાણી એમ વદે, તે નફ્ટ નર નિશ્ચે ઠરે.
નફ્ટ થશે જે નાર, પતી પોતાનો તજશે;
નફ્ટ થશે જે સંત, કામની સંગે ફરશે.
નફ્ટ થશે જે રાય, પ્રજાને પુરી દમશે;
નફ્ટ થશે નર જેહ, ભૂતની પેઠે ભમશે.
વળી નફ્ટને લાજ આવે નહિ, બગાડે પોતે કામને;
શ્રીજલાલ વાણી ઓચરે, તે ખોશે ઘરના દામને.

(શાણા વિષે છપ્પો.)

શાણાનો સરદાર, સત્ય મારગ જે ચાલે;
શાણાનો સરદાર, ભુખ્યાને ભોજન આલે.
શાણાનો સરદાર, પર દુઃખે દુભાયે;
શાણાનો સરદાર, નિત્ય હરિ ગુણ ગાયે.
વળી શાણાનો સરદારતે, સત્ય પુરૂષ શેવા કરે;
શ્રીજલાલ વાણી એમ વદે, તે કુટુંબ સહીત પોતે તરે.
શાણાનો સરદાર, પાત્ર દેખી જન પુજે;
શાણાનો સરદાર, વેદ પુરાણો બુજે.
શાણાનો સરદાર, નિતીની વાત વધારે;
શાણાનો સરદાર, અનીતી કરતાં વારે.
શાણાનો સરદારતે, ભણુતરંગણુતર સૌ ભણે;
શ્રીજલાલ વાણી ઓચરે, વાવે તેવું તે લણે,

(લક્ષચોરાશી જીવ વિષે છપ્પો.)

વીશ લાખ છે જીવ, પશુ જાતીજ પ્રમાણો,
સ્થાવર જીવ લક્ષ ત્રીશ, ગણીતમાં મુણીજન જાણો.
કીટ લાખ અગીયાર, જળના નવ લાખજ કહીયે;
ચૌદ લાખ અવતાર, મનુષ્યાદેહી ના લહીયે.
એમ લક્ષચોરાશી જીવ છે, યોનીયો જુદી જાણીયે;
બીજલાલ વાણી ઓચરે, ગણીતમાં એમ પ્રમાણીયે.

(સત્ય પુરૂષનાં લક્ષણ છપ્પો.)

સત્ય પુરૂષ અવતાર, દુઃખ કોઇને નવ દેવે:
સત્ય પુરૂષ અવતાર, અપજશ આપ ન લેવે.
સત્ય પુરૂષ અવતાર, કષ્ટ પરાયાં કાપે;
સત્ય પુરૂષ અવતાર, દાન દિન પ્રત્યે આપે.
વળી સત્ય પુરૂષ તેતો ખરો, જે રટતો સજ્જ રામને;
કુળ ઓતેર તાર્યાં બાપનાં, વળી ઓળખાવ્યું ગામને. ૧

(પ્રશ્ન છપ્પો.)

અમર કોણ કહેવાય, કોણ જન જગમાં જીવ્યો;
કોણે લજાવ્યું કુળ, કોણ કુળદીપક દીવો.
ભક્ત ભલેરો કોણ, કોણ મોક્ષ પળમાં પામ્યા;
કોણે જગત વશ કર્યું, કોણ જીવ નર્કે વામ્યા.
વળી કોણ અબંધે બંધમાં, કોણ માયાથી છુટીયા;
બીજલાલ વાણી એમ વદે, તે જ્ઞાની જન વછુટીયા.

(છપ્પો.)

નીશાએ જાગે કોણ, કોણ માયાનો ત્યાગી;
પરા પાર તે કોણ, કોણ આતમ અનુરાગી
કોણ વિદેહી રાય, કોણ ભવ જ્ઞાની પુરા;
સર્વ તત્વ નું તત્વ, સમજ્યા કહો કોણ સુરા.

વળી વિશ્વપતિ વ્યાપિક સકળ, ધર્મ ધોરીંધર ધીર છે;
બ્રીજલાલ વાણી એમ વદે, જે સમજે તે મહાવીર છે.

(ઊત્તર ચોપાઇ.)

અમર આત્મા ઇશ્વરને જાણ, જીવ્યા ચીરંજીવી પ્રમાણ;
સગર સુતેકુળ લજાવ્યું સાર; ધ્રુવ પ્રહેલાદ થયા સુકુમાર.
હનુમાન શેશ ભર્તભક્તતે ખરા, પરિક્ષીત મોક્ષ પામ્યા પળવરા;
વશ કીધું કનક કામનીયે જગત, માયા નંખાવે નર્કે તર્ત.
અબંધન બાંધ્યો જસોદાએ જેહ, મહાપુરૂષથી માયા પામી છેહ;
જતી સતી મન ત્રણે તો જાગે, વૃત્તી વશતે માયાને ત્યાગે.
પરા પાર છે પુરણ બ્રહ્મ, આત્મ જ્ઞાનીને નવ લાગે કર્મ;
શુદ્ધ વિદેહી જનક છે રાય, જ્ઞાની સુકદેવ પુરા કહેવાય.
તત્વનું તત્વ પુરૂષ ૐકાર, સમજ્યા સંતતે પુરો સાર;
વિશ્વપતિ છે વિશ્વંભર, દાતા ભોક્તા આપ અજર.
બ્રીજલાલ કહે તેનો નહિ નાશ, સભરાભર સર્વે અવાસ;
એવું શાસ્ત્ર પોકારીને કહે છે, શાણા અંતર સૌ સમજે છે.

(સમશ્યા—દોહરો.)

વનીતા વનમાં નીપજી, વનમાં કરતી વાસ;
રૂપ સમોવડ ગુણ નહિ, ઊત્તમ નામ પ્રકાશ.
શરીર રક્ત મુખ શામ છે, મુખમાં ઊજવળ દંત;
ઊતમ વર વીવાહ કર્યો, પામી ગુણીયલ કંથ.
હેંમપતી હાથે ગ્રહી, વધતે ઘટ તે ઠામ;
સંગત સરસ કરી ખરી, પણ રતી એક રાખ્યું નામ.

ઊતર—ચણોઠી૦

(ખોટું કામ કરનાર વિષે છપ્પો.)

કર્યું ખોટું તેં કામ, દેવની નિંદા કીધી;
કર્યું તેં ખોટું કામ, બ્રહ્મહત્યા શીરે લીધી.

કર્યું તેં ખોટુ કામ, વહેતી નીકે પગ દીધો;
કર્યું તેં ખોટુ કામ, મધુપાન જેણુ પીધો.
વળી ખુબ ખોટુ તે જાણજે, પરનારી શું પરવરે;
જીવતાં સુખ સ્વપ્ને નહિ, મુએ નર્ક નિશ્ચે મળે.

(પતિવૃતા સ્ત્રી વિષે કુંડળીયો.)

પતિવૃતા પીયુકું જપે, જપે રાત ઓર દીન;
દર્શન દેખે શ્યામકો, તબ હોતી આધિન.
તબ હોતી આધિન, શેવા સ્વામીની કરતી;
અપના પતિપર પ્રેમ, ઓરપે ચિત ન ધરતી.
કહે વ્યાસ બ્રીજલાલ, આઠ પહોર એકંહી વૃતી;
અધિક કરે આનંદ, સ્વામીશું દીન દીન પ્રતી. (૨)

(ઈશ્વર સ્તુતી.—દોહરો.)

વિવિધ પેર કરૂ વિનતી, જય જગત પતિ જુગદીશ;
વાસા અવિચળ દેવ તું, તમો અખીલ લોકના ઈશ.
સદ્ગુણી તુજ સદ્ગુણ તણો, ગણતાં ન આવે પાર;
અખંડ મહિમા અતી ઘણો, તે ગાવા ઊલટ અપાર.
અવિનાશી ઐશ્વર્ય તણું, વળી અલખ તણો નહિ લેખ;
જે દ્રષ્ટ પદાર્થ સર્વ છે, તે માયા બ્રહ્મની દેખ.
છે નીર્મળ નિતી નવનવી, તમે રચી સર્વને કાજ;
છો જુગતીથી સૌ જીવના, સુભ ઈચ્છક મહારાજ.
જળ સ્થળ સ્થાનક સ્થીર કરણ, વળી સ્થીર બુદ્ધિના સ્થાપ;
પોષણ કરતા પ્રેમથી, જયજય જગના બાપ.
અનળ અકળ જેમ આભને, ઈચ્છે અહોનીશ આપ;
તેમ હું તમને ઈચ્છતો, છો ભવ દુઃખ ભંજન પાપ.
જેમ ચીત ચંદ્રમાં ચકોરનું, કમળ અરૂણ એક સાર;
તેમ જળ ચરને જળ ચાહના, એમ હું છુ તમ આધાર.
કષ્ટ કાપો સુભ દ્રષ્ટિથી, ભ્રષ્ટ વિચાર કરો દુર;
જ્ઞાન આપો તને અતી ઘણું, છે સઘળે તારૂ નુર.

સકળ સૃષ્ટિના જીવની, કીધી જુજવી વાણુ;
સમજણુ આપી સર્વને, રહી નહિ કોને તાંણુ.
સમશ્યામાં સમજે સહુ, ઊ●મ કરતા સર્વ;
ઊમેદ અંતરમાં ભરી, ફરતા ધરીને ગર્વ.
સુખ દુઃખ સમજે મન વિષે. ભય નીંદ્રાને અહાર;
મૈથુન આદિ વિષયનો, કર્તા સૌ વહેવાર.
વિશ્વ યંત્ર વેગે રચ્યું સકળ તત્વમાં તુજ;
વધે વધાડે વિશ્વને, એ તુજ કળા અસુજ.
જેમ વસ્ત્ર તંતુ પટંતરે, છે તંતુ વસ્ત્રનું અંગ;
જળ પરપોટો એક છે, એક ભંગ અભંગ.
જળથી લીલજ નીપજે, જળનું ઢાંકણુ એહ;
માયા પ્રગટી બ્રહ્મથી, બ્રહ્મનું ઢાંકણુ તેહ.
તુમાં હુંમાં સર્વમાં, ચૈતન બ્રહ્મ સમાસ;
બીજલાલ વાણી વદે, એક બ્રહ્મનો વાસ.

(ટુંકામાં માયા બ્રહ્મની સમજણ. ચોપાઈ)

બ્રહ્મથી માયા ભાસે સહી, બ્રહ્મ વિના તો માયા નહિ;
બીજ વિના વૃક્ષ કયાંથી હોય. વૃક્ષ વિના બીજ કયાંથી જોય.
સુક્ષમથી તો સ્થુળ જ થયું, સ્થુળ વિષે સુક્ષમ જઈ રહ્યું
માયાવડે ભાસે છે બ્રહ્મ, બ્રહ્મ વડે માયાનું કર્મ.
ભાસે દ્રષ્ટે તે શાકાર, નવ ભાસે તે નિરાકાર;
નીરાકારનો જાણે ભેદ, આપે કર્તા આપે વેદ.
સદ્દગુરૂ મળેથી પડેછે ગમ, પછી તે જાણે સર્વે સમ;
વદે બીજ જાણે કોઈ જંન, જાણી આત્મા જીતે મંન.

(પ્રભુની કળા ને કોઇ જાણતું નથી તે વિષે છપ્પો)

નવ જાણે કોઈ વાત, ઈશ આરાધે કેને;
નવ જાણે કોઇ વાત' નથી ખબર કાંઈ એને.
નવ જાણે કોઈ વાત, ઈશ્વર શું નિત્યે કરતો;
નવ જાણે કોઈ વાંત, સ્થિર રહેછે કે ફરતો.

ઈશ્વર કળા અનંત છે, શીવ બ્રહ્મા પણ જાણેનહિ;
બ્રીજલાલ વાણી વદે, મુરખ મન તાણે કહી.

(પ્રભુ મહીમા છપ્પો.)

બળી રાય બળવંત, છળ્યો તમે પળમાં છંડી;
ધરી વામન અવતાર, ચરણત્રી અવની મંડી.
છળ્યો કરણ મહા કાળ. કુંતા સર કુંડળ જાચી;
કર્યાં અર્જુનનાં કાજ, વેણુ વચનથી રાચી.
વળી દુર્યોધન છળ્યો તમે, લાખા ગ્રહ રચાવતાં;
બ્રીજલાલ વાણી વદે, તે અમૃત કુંપ મુકાવતાં.

(રામ હનુમાન સંવાદ છપ્પા.)

જો હુકમ હોય હજુર, હાકે ત્રીલોક હલાવુ;
જો હુકમ હોય હજુર, શેશ પાતાળ ચળાવું.
જો હુકમ હોય હજુર, લંક સાગરમાં બોળુ;
જો હુકમ હોય હજુર, મેરૂ પર્વતને ને તોળુ.
હુકમ હોય જો રામનો, થાપ ઊથાપ સર્વે કરૂ;
બ્રીજલાલ સેવક રામનો, હનુમાન કહેહું નવ ડરૂ. ૧
રજા આપે જો રામ, રાવણને પળમાં પટકું;
રજા આપે જો રામ, શેવક દેખાડે ચટકું
રજા આપે જો રામ, શીતા સહેજે હું લાવું.
રજા આપે જો રામ, દીશાઓને ડોલાવું;
બ્રીજલાલ શેવક રામનો, રજા માગવા કારણે;
રજા મળે જો રામનીતો, લંકાં કરૂ એ બારણે. ૨
કરૂં ગદાનો પ્રહાર, ઇંદ્રજીત કરૂ અદમુઓ;
ત્રીલોક શુંદિર શ્યામ, આપ નજરેતો જુઓ.
કરી ગદાનો પ્રહાર. હું ડ કુંભકર્ણનાં ભાગું,
કરો હુકમ મહારાજ, વેણુ એવું મુખ માગુ.
પણ રામ રજા આપે નહિ, પવન સુત પોચો નહિ;
સરીતા બોળેછે સેંજમાં, પણ સાગર તલ વાધે કહીં. ૩

કરે વડાથી વેર, કમોતે તેતો મરવા;
ગાય રામના ગુંણુ, સંસાર સાગરથી તરવા.
કરે વડાની શેવ, સાહ્યબી ખજ માણે.
ખર્ચે વડાની હાર, ઠાંમ ખુએ તે ટાણે.
વડા કદી વકરે નહિ, રામ ત્રીલોકી નાથજે;
પણ રાવણને હણવા થકી, સુખ પામે સુર સાથ તે. ૪
કર્યો રાવણે કેર, દેવને મહા દુઃખ દીધુ;
કર્યો રાવણે કેર, રૂષિનું શ્રોણીત લીધુ.
કર્યો રાવણે કેર, સતી અબળા હરી લાગ્યો;
કર્યો રાવણે કેર, શીતા સનમુખજ આવ્યો.
અનિતી અતીશે જે કરે, તેં બી વાવેછે ખારમાં;
બ્રીજલાલ વાણી ઓચરે, તે ફળ પામેછે કારમાં. ૫
કંસને કાળ યવંન, જરાસન જેવા યોદ્ધા,
શીશુપાળ ને શલ્ય, દશાનન જડયા ન સોધ્યા.
દુર્યોધન મહાદુષ્ટ, બાણાસુર જેવા બળીયા;
ભોમસુર મહાભડ, ત્રીપુરા સુર પણ ટળીયા.
વળી ચંડ મુંડ વીધુરાત જે, ધુમ્રાક્ષ જેવા સર્વને;
બ્રીજ કહે કમોતે તે મુઆ, શેવ્યો જેણે ગર્વને. ૬
ઘણો કરે જે ગર્વ, કમોતે તેતો મરશે;
ઘણો કરે જે ગર્વ કાજ અકાજજ કરશે.
ઘણો કરે જે ગર્વ, સુખથી કદી ન સુએ;
ઘણો કરે જે ગર્વ, મોત માથા પર જુએ.
ગર્વ કરે તે ગુણહીણા, ગાંઠેથી ગર્થ ખોઇને;
બ્રીજ કહે પછી પસ્તાય છે, કાઢેછે દીન રોઇને. ૭
કરે દેહનો ગર્વ, જાતીનો ગર્વ કરે છે;
કરે ધનનો ગર્વ, વિદ્યાનો ગર્વ કરે છે.
કરે રૂપનો ગર્વ, ગુણનો ગર્વ કરે છે;
કરે સ્ત્રીનો ગર્વ, કુંટુંબનો ગર્વ કરે છે.
અનેક પ્રકાર છે ગર્વના, અભિમાનીને અતી ઘણા;
બ્રીજલાલ વાણી વદે; તે મિથ્યા ગર્વની નહિ મણા. ૮

તજો દેહ અભીમાન, સ્મશાનમાં છાર તે થાશે;
તજો જાતી અભીમાન, ખવરાવશે તો તે ખાશે.
તજો ધનનો અભિમાન, જતાં નવ વારજ તેને;
તજો રૂપ અભિમાન, ખાંપણુ પણુ લાગે એને.
વળી સ્ત્રી કુટુંબ અભિમાનીયા, ગર્વે ગાંડા થાય છે;
વીજલાલ વાણી એમ વદે, તે હલકા પુરૂષ ગણાય છે. ૯
મેગળ ને મહિપતી, સંમો શમજીને ચાલે;
પામરને પતંગ અડે છે, જમને ભાલે.
જોગી જળને ઝેર, વેર મિત્ર શું વાસે;
વણીક વેશ્યાને વૈદ, રહે છે ધનની આશે.
વળી સમો સોનીને સર્પ જો, લાગ આવે મુકે નહિ;
વીજલાલ કહે મિત્ર નીચ જે, દગો કરતાં ચુકે નહિ. ૧૦

(જીભ વિષે છપ્પો.)

કેમ આપી કીરતાર, અધમ બુદ્ધિ અઘકરણી;
કેમ આપી કીરતાર, અંન વણુસાડયું ધરણી.
કેમ આપ્યું આ પેટ, વેઠ કરતાં ભવ વીત્યો;
કેમ આપી આ જીભ, જુઠ બોલી જગ જીત્યો.
વળી હરિ ભજતાં હારી ગઈ, બહુ ઝઘડો કરી જખ મારતી
વીજલાલ વાંણી એમ વદે, પછી જમ ઝઘડાથી હારતી.

(દેવની કૃપા વિષે છપ્પો.)

કરે જો કરૂણા દેવ, શેવા સદ્ગુરૂની આપે;
કરે જો કરૂણા દેવ; કષ્ટ શેવકનાં કાપે.
કરે જો કરૂણા દેવ, બ્રહ્મ દશાને ભાળે;
કરે જો કરૂણા દેવ, જન્મ મર્ણ દુઃખ ટાળે.
વળી કરે કરૂણા કમળા પતિ, જે શેવક શરણુને ચાય છે;
ગંગાને મળ અડકે નહિ, નીચ જળ શરણે જાય છે. ૧૨
કરી વીર હાક વિશાળ, પવન સુત પુરણુ પોતે;
ચળ્યો શેશ પાતાળ, ડગ્યા દીગપાળ તે જોતે.

શીવ સમાધીથી જ, ચંચળ તે થઇને ચુકયા;
થઈ લંકાંમાં જાણુ, અસુરે આયુદ્ધ મુકયાં.
વળી બ્રહ્મા વેદ ભણુતા, ભયભીત હાક સુણી ભયા;
વ્રીજલાલ વાણી ઓચરે, તે રાક્ષસી ગર્ભ ગળી ગયા. ૧૩

(સાખીઓ.)

નીચ કર્મ અનુસારકે, પુરૂષ જગતમાં હોત;
સમજે પણુ બુઝે નહિ, જનુની જોબન ખોત. ૧
કહા કીયો જન્મ પાયકે, મિથ્યા કીયો ગુમાન;
બ્રહ્મ સ્વરૂપકું છોડકે, તું કયું ભટકત હે આન. ૨
જાત ભાત કુળ નાતકો, ગુરૂ કીન પુછીયે જાન;
ગુરૂ દેવાધી દેવ હે, એ શી મનમાં આન. ૩
સત્ય વસ્તુ જાસે મીલે, સતગુરૂ તાકુ કહેત;
કામધેનું કદરૂપસેં, પય અમૃત સમલેત. ૪
નારદ સરખે મહામુની, ઢીમર ગુરૂકે શીષ્ય;
તાકી શીક્ષા માનીયે, યું બોલે જુગદીશ. ૫
કાગ કપુર કકું કયા કરે, જયું મર્કટ મણીકો હાર;
ગુંગાચંદન કયું લહે, ખરકુ સાકર સાર. ૬
સકર ખોરકું સર્કરા, બાલકકુ જયું ખીર;
સભરાભર સબકુ ભરે, જાને સબકી પીર. ૭
દ્રઢતાસેં હરી આ મીલે, જયું બકરી ગજરાજ;
વદે વ્રીજ વિચારસેં પ્રભુ રાખે સબકી લાજ. ૮

(શમશ્યા—દોહરો.)

આકાશમાં એક મળે નહિ, નહિ અવનીમાં એક;
મનુષ્યમાં એક મળે નહિ, તેનો કરો વિવેક.
અર્કમાં એક મળે નહિ, શશીમાં પણ નહિ એક;
શાંણા સોધી કાઢશો, ઊત્તર આપશો નેક.
એવી વસ્તુ અનેક છે, સમજો સુમજુ જંન;
વ્રીજલાલ વાણી વદે, તમે કરો વિચાર જ મંન.

ઊત્તર.

આકાશે સમશાન નહિ, ક્રોધ અવનીને ન હોય;
મનુષ્ય મન સ્થીરતા નહિ, શોધ કરો સા કોય.
અર્ક વિશે અંધકાર નહિ, શશીમાં ન મળે તાપ;
વ્રીજલાલ વાણી વદે, એમ સમજો સમજુ આપ.

(સમશ્યા—છપ્પો.)

ઊદર દંત બહુ એક, છેક સૌને મન ગમતું;
વળી નેત્ર એકને શીશ, તેને સૌ સહેજે દમતું.
વળી એક ઊદરમાં વાળ, અધર હીંચોળા ખાતી;
વસ્ત્ર વીના એક નાર, ફરે બજારમાં માતી.
વળી વનસ્પતી વાસો વસે, સૌ ત્રણ મધુર ફળ ખાય છે;
વ્રીજલાલ વાણી એમ વદે, એક મુખવાસમાં જાય છે.

ઊત્તર—દોહરો.

દાડમ ઊદર દંત છે, કેરી ઊદર છે કેશ;
શીશ નેત્ર શ્રીફળ સદા, નગન સોપારી બેશ.

(સમશ્યા—છપ્પો.)

નાર ત્રણ ગુણવંત, નપુષક ત્રણ ત્યાં મળીયાં;
ભેટયાં કરી બહુ ભાવ, દુઃખ મળતામાં ટળીયાં.
એક તરૂવરથી કંથ, કામનીયો કાજે આવ્યો;
અગ્ની મધ્યેથી એક, ભોગી ભામની મન ભાવ્યો.
મળતામાં આનંદ અતી ઘણો, ભામની બે ભરથારને;
વ્રીજલાલ વાણી એમ વદે, તવ રંગ જામ્યો તે નારને.

ઊત્તર—દોહરો.

સોપારી તમાકુને એલચી, લવીંગ કેશરને પાન;
કાથો ચુનો ચોપડી, દો સજ્જનને માન.

(સમશ્યા—દોહરો.)

જળ નીપજ જોઇએ નહિ, સ્થળ નીપજ પણ નહિ
પાક સર્વ જુગતે કરે, સમજણ કરો મનમાંહી.
સહેજ દામ બેસે નહિ, કરે સર્વનો અહાર;
વીજલાલ વાંણી વદે, સમજુ પામે પાર. ઊતર—અગ્નિ.

(રેખતો હરામીનો.)

જકર જાહેર કરે ફીકર અંતર નહિ, નકર હરામકી બાત પ્યારે
દીનઓર રાત બહુ દામ ખાતર ફરે, રામકા નામ હરદે ન ધારે
સમજ મન સેજમાં મનકુ કેંદ કર, કરજોર અજીતગઢ જીત લીજે
પુર્ણ બ્રહ્મકો ભેદ પાયો જબે, જન્મ મર્ણકા કામ સીજે.
સત્ સુરતકી ખોજ કરે તબ, અનભય નગરમેં આપ જાગે
કહે વીજલાલ વિચાર પરિબ્રહ્મકો, જ્ઞાનકે ભયે અજ્ઞાન ત્યાગે.

(સમશ્યા—દોહરો.)

એક જનાવર અંધ નહિ, બોલે ભયંકર બોલ;
દીવસ ઊગે દેખે નહિ; રાતે કરે કલોલ.
રજનીનો રાજા સહી, રહે વૃક્ષની પોલ;
ગોળ શીશ શુદ્ધ આંખ છે, સમજુ કરશે તોલ.
વીજલાલ વાંણી વદે, છે પક્ષીનો તે રાય;
દીવસે તો દેખે નહિ, રાતે ચરવા જાય. ઊત્તર—ઘુવડ.

(સમુદ્રમાંનાં ચોદ રત્નનું કવિત.)

ગૌ—ગજ—વૈદ—તુરંગ—શશી—વિષ—વારૂણી—અમૃત—શંખ—સોંહાયે;
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
શ્રી—તરૂ—સુરા—ધનુષ્ય—મણી, ચૌદે રત્ન વીજલાલને ગાયે.
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

(સંસાર સમુદ્રનાં ચૌદ રત્ન કવિત.)

વિદ્વત–જ્ઞાની–કવિ–તપશી–દ્વીજ–સાધવ–સુર–સુશીલ સ્વભાયે;
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ભગત–ગુણી–ગુરૂ–દાની–સતી–ધ્રતી–કહે વીજલાલ એહીમન આયે
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

(પ્રિતી વિષે—સવૈયો.)

ચકોર કુમોદની ચંદ્રકુ ચાહત, દીનકર દેખકે કમલ ફુલાનો;
ભમર કમલકી વાસના લેવત, આપ અજ્ઞાનમેં સેહેજ ભુલાનો
દાદુરં મોર બપૈયા સબ આતુર, ચાતુર માસ જબે જીન આયો;
શશીકી આશ સમુદ્ર કરે, નીર્મલ મોતી છીપને પાયો.
હીમ ગીરીવર દેખકે સુંદીર, સુર દેવને વાંહી ધામ બનાયો,
જેસે મહાજલ દેખકે જખરી, તેસેહીકાજ સબીકો ભાયો;
જે જીનકે હે પ્રાન કે પ્યારે, પ્રગટ પ્રેમ ઊનપે તો જનાયો,
કહે વીજલાલ મેરે પ્રાનપતી સદા, સચ્ચિદાનંદકે ચરણુચિત પ્રાયો

(બ્રહ્મજ્ઞાન વિષે રેખતો.)

એક રેખતા કહુ બ્રહ્મ ભેદકાજી, જ્યાં કર્મકાંન્ડીકા કામ નાહી;
ચક્રકુ છેદકે બ્રહ્મકુ ભેદકે, સાતમી ભોમીકા આપ સાંહી.
સત ઓર સુરતકી સાહબી દેખલે, પુષ્પકી સેજપર પાવ ધારી
પાંચકુ પકડ પચીસકું બાંધ લે, જ્ઞાનકા ખડગ લે કાલ મારી.
પીયુકુ પરખીયા નેનસેં નીરખીયા, અજર અમરકા ભેદ પાયા;
મનકુ મારકે પવનકુ ઘેરકે, સતસોહંગકુ સેજ ધાયા,
જીવ ઓર શીવકી સાહેબી દેખકે, અલખ પુરૂષકુ આપ પાયા;
કહે વીજલાલ સચ્ચિદાનંદ રૂપમે, પ્રગટ પરમાત્મા ઘેર આયા.

(છપ્પા.)

છળ્યાં સગરના સુત, સાઠ હજાર સમાવી;
છળી અવની સુભ નાર, ભોમસુર નાંખ્યો ભમાવી.
છળ્યા ઇંદ્ર મહારાજ, ગોવર્ધન કરમાં ધાર્યો;
છળ્યો બગાસુર દૈત, બાળક રૂપે થઇ માર્યો.
વળી સંકટાસુર મા શીશુકે, કૈક દૈત કૃષ્ણે હણ્યા;

બ્રીજલાલ વાણી એમ વદે. કૃષ્ણ કથામાં બહુ ગણ્યા. ૧
બ્રહ્માને છળ્યા ભગવંત, વાછરૂ નવાં નીપાવ્યાં;
વચ્છ ગોવાળાનાં બાળ, સો સૌને મન ભાવ્યાં.
છળી છે પુતના નાર, પ્રાણ પય પીતાં લીધો;
છળ્યો કંસ મહા કાળ, દંડ તેને બહુ દીધો.
વળી શીશુપાળ છળ્યોછે સેજમાં, રૂક્ષમણી હર્ણ ચિતમાં ધર્યું;
બ્રીજલાલ વાણી એમ વદે, કૃષ્ણે.મુંડણ રૂખમૈયાનું કર્યું. ૨
છળ્યો છે કાળ પવંન, મોત મુચકંદથી કીધુઃ
કૃષ્ણ થઇ પ્રસંન, મુચકંદને મહા પદ દીધું;
છળ્યા નારદ મહામુન્ય, નારીયો અર્પણ કરતાં.
ઘેર ઘેર દીઠા શ્યામ, કર્યા ત્યાં ફેરા ફરતાં;
વળી માત પિતાને મહા છળ કર્યો, જે માવો માટી ખાયછે.
બ્રીજલાલ વાણી એમ વદે. મુખ જોતાં આનંદ થાયજે.
છળ્યાં દેવકી વસુદેવ. કાળા ગ્રહ જન્મજ થાતાં;
છળી વ્રજની નાર. પ્રેમથી હરિગુણ ગાતાં.
તવ રચીજ દાણ લીલાજ, માટ મહીનાં બહુ ફોડી;
છળ્યા ઊદ્ધવ અક્રુર, સ્નેહ કરી સંગત તોડી.
વળી ગૌ ગોવાળા સર્વને, મુકીને મથુરાં ગયા;
બ્રીજલાલ વાણી એમ વદે, ઊદ્ધવે આવી સંદેશા કહ્યા.
છળ્યો સુદામો સંત, મુષ્ટી તાંદુળ તે લઇને;
કર્યા કનકના મેહેલ, તુચ્છ તાંદુળને ખાઇને.
છળ્યો દુર્યોધન દુષ્ટ, દુશાશન સૌને દમતો,
જેમલ મોકલાવ્યો જઇ, કર્યો તે ભુમી ભમતો.
જેમલનો જે કાળ, વાલવો કોડ કહીયે;
સત્ કૈયાના ભાત, સુખે અગ્નિને દૈયે.
વળી જરાસંઘ માર્યો યુદ્ધ કરી, ભીમ વખાણ્યો ભાવથી;
બ્રીજલાલ વાણી એમ વદે, સર્વે જીત્યા કૃષ્ણના દાવથી.
તે કરે રંકને રાય, રાયને ભીખ મગાવે;
તે કરે જોગીને ગ્રહસ્થ, ગ્રહસ્થને જોગ જગાવે.
તે કરે શત્રુનો મિત્ર, મિત્ર. શત્રુ સમ. ધાવે;

તે કરે જળ જ્યાં સ્થળ, જળ સ્થાનક, સ્થળ લાવે.
એમ કૃષ્ણ કળા કળી નવસકું, જૈ જોગી જંગમને પુછીએ;
શ્રીજલાલ વાણી એમ વદે, તે તાળુ ઊઘડે ગુરૂ કુંચીયે.
જે જગત પદાર્થ સર્વ, તેમાંતો કર્તા ડાહ્યો;
તેના સર્વેછે ખેલ, તે કેમ જાશે વાહ્યો.
છે દોરી સર્વની હાથ, હલાવ્યું સર્વે હાલે;
છે કર્તાને આધાર, ચલાવે તેવું ચાલે.
વળી હુંહું કરે હરામી જંન, જેને હૃદયે હરિગુણ છે નહિ;
શ્રીજલાલ વાણી એમ વદે. તેવા નર પામર સહી.

ચોપાઇ.

મુજ બુદ્ધિ તણે અનુસાર, ગ્રંથ તણો કીધો વિસ્તાર;
કાલાં ઘેલાં કહાડયાં વેંણ, રોષે ફેરવશો નહિ નેંણ.
પ્રગટ કરવા ઇચ્છા થઇ અતી, પણ પહોચે નહિ મહારી મતી;
ઇશ્વરે આપ્યો આધાર, તેથી ગ્રંથ થયો તૈયાર.

(દોહરો.)

ઓગણીસે છાસઠ તણો, સુભછે શ્રાવણ માસ;
પુર્ણ કર્યું દીન પુર્ણીમાં, ખંત ધરીને ખાસ.
પ્રેમ થકી પુરૂ કર્યું, કવિતા કેરૂ કામ;
પ્રેમી પ્રેમે વાંચજો, હૃદયે રાખી રામ.
શ્રીજલાલની વિનતી. સાંભળજો સૌ કાન;
ભુલચુકની માફ છે, નહિ પીંગળનું જ્ઞાન.
વાશી નૈષધપુરનો, જ્ઞાત કહાવું વ્યાસ;
અમદાવાદ ઊત્તમ નગર, રહું છું તેની પાસ.
રણછોડ મંદીર પાસમાં, રહુ અંબીકા સનમુખ;
દર્શન કરતાં ભાવથી. ટાળે ભવજળ દુઃખ.
સર્વે કવિનો દાસ છું, કશી ન દેશો ખોડ;
એક વાર સૌ પ્રેમથી, બોલો શ્રી રણછોડ.

સમાપ્ત.

(વૈદક સાર સંગ્રહ લાભ.)

વૈદક જાણનારને લાભ વિષે—ચોપાઈ.

સર્વ શાસ્ત્રમાં વૈદક સાર, તેના ગુણ તણો નહિ પાર;
જે શીખે વૈદકનું કામ, તેને મળશે ઊત્તમ ઠામ.
મોંઘી મણી આ મનુષ્યા દેહ, દુઃખ સુખનું ઘર માનો તેહ;
શરીર સારૂં તો સર્વે સુખ, નહિતર માનો સઘળુ દુઃખ.
માટે વૈદક ભણજ્યો સર્વ, મુકી અંતરનો તો ગર્વ;
નાડી વૈદ જાણે જો રોગ, આયુષ્ય આપે આનંદ ભોગ.
મોટામાં મોટું એ ધંન, તેથી માન્યુ છે મારૂં મંન;
વૈદક જાણ્યે જાણ્યું સર્વ, ધનવંતા નવ ધરશો ગર્વ.
કાચી કાયાનો ગારઓ નહિ, પલક એકમાં વણસે સહી;
પાણી પ્હેલી બાંધજો પાળ, શીખો ઔષધ શુદ્ધ રસાળ.
દેવતાને તન દુર્લભ જાણ, એવી વાત અંતરમાં આણ;
વૈદને બોલાવે દઇ માન, જાણે આપશે જીવત દાન.
સર્વે વૈદ તણે આધીન, ધનવંતા પણ જાણો દીન;
એવું વૈદકનુ છે માન, માટે શીખો રાખીને ધ્યાન.
પળે પળે આવે છે ગર્થ, તેથી સરસે સઘળા અર્થ;
જે કોઇ દરદીનુ દરદ કાપે, માગ્યુ ધન તે તેને આપે.
ખાવાપીવા ખુબ રસાળ, સુવા બેસવા સેજ વિશાળ;
મોટા જન પણ મળવા જાય, એવી વૈદકની વિદ્યાય.
મોટા પુછે છે કામને કાજ, દયા રાખજો આ વૈદરાજ;
ઘોડાગાડીઓ તેડવા જાય, મોંઘા મેવા મન ગમતા ખાય.
પ્રથમ પહેલી ફી લેવાય, પછી દવાનુ નામ કહેવાય;
વૈદ વકીલનુ જોતાં મુખ, ટાળો સાહેબ મારૂ દુઃખ.
અમો તમારા પુરણ દાસ, આવ્યા તમ ચરણની પાસ.
આ દેશ સુધારો જો આપ, તમ્યા જન્મ નવો માબાપ;
શ્રીજલાલ કહે એવી ગુર્જ, જેવી દાદર ઉપર ગુર્જ.

(વૈદકની સમજણ તથા પરીક્ષા દોહરો.)

કફ પિત્તને વાયુ થકી, સર્વે વ્યાધિ હોય;
નવધા પરિક્ષા નાડીની, દુઃખને જાણે સોય.
ચેળે મંદ હંસે સુખી, કાગ ઉતાપો જાણ;
એ પ્રમાણે નાડીનુ, પરખો દુઃખ પ્રમાણ.
પેટામાં પ્રમાણ બહુ, વળી તેનો વિસ્તાર;
સદ્ગુરૂ વિણ સમજાય નહિ, નાવે તેનો પાર.
વીવેકે ખટ રસ વાપરે, જોઇ જમે જે અહાર;
વદે વ્યાશ બ્રીજલાલ ત્યાં, દુઃખનો શો છે ભાર.

(ચોપાઇ.)

જમણ જમવું ઓછી પોળી, પાણી પીવુ તોળી તોળી;
નિંદ્રા કરવી પાસાં ઘોળી, તો એજ ઓસડને એજ ગોળી.

(દોહરો.)

ગરમ ઘણું ખાવા થકી, ગરમ દવા પ્રતાપ;
મુખ પાકે ચાંદી પડે, તેના તે પુરણ પાપ.
ચીનક મરીને એલચી, કપુર ફટકડી સાર;
માયા મીસરી સંગથી, દુઃખનો આવે પાર.
વાલ વજનથી નાંખવું, મુખમાં જેણી વાર;
નીચું જોવું તે સમે, નીતરશે બહુ લ.ળ.
ગરમીનું સોષણ થઇ, આવે દુઃખનો અંત;
ત્રણ દીવસ કરવા થશે, વદે વૈદ્ય ગુણવંત.
ખાટે બહુ ધાતુ ખરે, લુખસ તીખે તંન;
મીઠાશથી દુઃખ ઉપજે, દેહનુ પોષણ અંન.
વૈદ્ય થયા તે વદી ગયા, પુરણ આણી પ્રિત;
શરીર સાચવણી તણી, રૂડી લખી ગયા રીત.

આંખે અંજન ત્રીફળાં, દાંતે ઘસવું લુણ;
નરણે હરડે જે જમે, તેનો વેદ છે કુણ.
સુક્ષ્મ અહાર જે જન કરે, વાશી અન્ન ન ખાય;
ભોંય પથારી તુંબી જળ, તે ઘેર વેદ ન જાય.
જમણ જમો તો જોઇને, કદી ન બગડે કાય;
સવામણ ઘી ખાધેલ તે, અજીરણ તાંણી જાય.
ખાલી ખુણો રાખતાં, જળની રહેશે જાગ;
સુખે ઉંઘે તે ધણી, ન લાગે દુઃખનો દાગ.
શાળ દાળ સુખે જમો, પીયો જમણમાં છાશ;
પાણીથી પાચન થશે, દુખ નહિ આવે પાસ.
વાશી વમનની ઉપરે, કરે કાચા ઘીનો અહાર;
વિષ્ણુ સમ વેદ વદી ગયા, નાવે દુઃખનો પાર.
જેની ઝાઝી જરૂર છે, એવુ ભણતર એક;
વેદક ભણો વિવેકથી, નરણે કીધુ નેક.
ચૈતરે ગોળ અંકુર તજે, પોષે પાણી અપાર;
ભાદરવે છાશ લીલોતરી, તો તાવ ન આવે સાર.
તેલ સોપારી આંબલી, કરે રૂધીરનો નાશ;
કળતર કરે શરીરમાં, ક્યાંથી બળની આશ.
સ્વાદ સ્નેહમા દુઃખ સદા, રહે છે વારંવાર;
તે જે જન તજેલ છે, તે સુખીયા છે સંસાર.
ઓકી દાતણં જે કરે, નરણે મરીયાં ખાય;
દુધે વાળુ જે કરે, તે ઘેર વેદ ન જાય.

(ચોપાઇ.)

આંખે ત્રિફળાં દાંતે લુણ, જમણ જમે ભરી ખુણ;
જે નર માથે ઓઢી સુવે, તેનાં વિઘ્ન વેગળાં રૂવે.

વૈદ ભ્રીજલાલ ઊમેદરામની બનાવેલી

ચમત્કારી દવાઓ.

થોડી કિંમતે વધુ લાભ. થોડી કિંમતે વધુ લાભ.

અમારે ત્યાંથી મળતી દવાઓ તથા તેના ફાયદા નીચે પ્રમાણે છે અમોએ દવાઓની કીંમત ઘણી જુજ રાખી છે કારણકે દવા એ પરમાર્થનું સાધન છે. ધર્મ ને અર્થ બંનેને અનુસરી ઘણો નફો નહિ ખાતાં તમામ દવાઓ આપીએ છીએ તે મંગાવી ખાતરી કરો. દવાઓ ઘણીજ ફાયદાકારક છે જેને જોઇતી હોય તેને નીચે ને શરનામે કાગળ લખી મંગાવી લેવી. દવા વેલ્યુપેબલથી મોકલમાં આવશે. નોટપેટ પત્ર લેવામાં આવશે નહિ.

શીરનામુ વૈદ **ભ્રીજલાલ ઊમેદરામ વ્યાસ. મુ. નરોડા.** તાલુકે દસક્રોઇ ઠે. બજારમાં રૂઘનાથ સ્વામીના મંદીર પાસે.

(વૈદ ભ્રીજલાલનો બનાવેલો લોકાટ ઉર્ફે મંડુર.)

અમારો લોકાટ ઘણો સરસ ને ઘણો ફાયદો કરનાર છે. તેને અમોએ વૈદક શાસ્ત્રના મત પ્રમાણે તમામ પટ દેઈ પકવી અસલ બનાવીએ છીએ તેમાં કોઈ પણ પ્રકારનો વાંધો આવે તેમ નથી. તથા ચરી પાળવાથી ઘણો ફાયદો થાય છે પણ જો ન પાળે તો અમારી દવા તેને અવગુણ કરતી નથી. ફાયદો થોડો થાય પણ શરીરે ફુટી નીકળવાની કોઇએ બીલકુલ ધાસ્તી રાખવી નહિ અમો કોઈ પણ પ્રકારની રસાયણદવા કોઇને ખવરાવતા નથી. તદ્દન વનસ્પતિની દવાઓ કરીયે છીએ. અમારા લોકાટથી નાશ થતાં દરદોની વીગત કમળો, કમળી, મધુરો, સ્વાસ, સોજા, નળબંધ વાયુ, મંદાઅગ્નિ વધે, ભુખ લાગે, પાણીવીકાર, પાંડુરોગ, બરોલગાંઠ, ગુલામગાંઠ, ગોળો, પાસાની ફી, સુવારોગ, લોહીનું પાણી થયેલું હોય તે, વાયુ, કળતર, તોડ, અજીર્ણવીકાર, પાણીવીકાર વીગેરે અનેક દરદોને નાશ કરે છે. ને શરીરને બહુ દુરસ્ત કરી લાલ બનાવે છે. બળની વૃધી કરે છે. વીર્યને વધારે છે. તેમ સઘળી રીતે શરીરને પુર્ણ જોસમાં લાવે છે માટે તે મંગાવી ખાતરી કરશો. પોષ્ટ જુદું

નં. ૧ શેર ૧ નો રૂ. ૧—૦—૦ નં. ૨ શેર એકના રૂ. ૦—૮—૦

નંબર.	દર્દનું નામ.	કીં. રૂ. આ. પા.	પોષ્ટ જુદું.
૧	ચોથીયા તાવની દવા શીશી ૧ના	૦—૮—૦	,,
૨	ગડગુમડ, ઘા રૂઝવવાનો મલમ ડબી ૧ ના	૦—૪—૦	,,
૩	દાઝેલાને રૂઝવવાનો મલમ ડબી ૧ ના	૦—૪—૦	,,
૪	ગુમડુ,બદ,બાંબલીપકવવાનોમલમ ડબી ૧ ના	૦—૪—૦	,,
૫	કાળી તથા રાતી દાદરની દવા ગુટીકા નં. ૧	૦—૧—૦	,,
૬	ખરજવી મટાડવાનો મલમ ડબી ૧ ના	૦—૪—૦	,,
૭	કાન પાકતો હોય, ચસકા થતા હોય શીશી ૧ ના	૦—૪—૦	,,
૮	સંઘેવાનું તેલ સણકા વિગેરે મટે શીશી ૧ ના	૦—૪—૦	,,
૯	માથાના તમામ દરદની દવા આદાશીશી સણકા વિગેરે તો. ૧	૦—૪—૦	,,
૧૦	આંખની છાયા વાખદ ફુલ પડળ ઝાંખનીદવા	૦—૪—૦	,,
૧૧	કંઠમાળનો મલમ ડબી ૧ ના	૦—૪—૦	,,
૧૨	દમ, [illegible]ન, ખાંશીની દવા શીશી ૧ ના	૦—૮—૦	,,
૧૩	ચાંદીયા વા ચેપીયોવાની દવા તો. ૨ ની ડબીના	૦—૫—૦	,,
૧૪	મરડો ઝાડો આંકડી જળાસ પડતુ હોય તેની દવા ગોળી ૪૦ ની ડબીના	૦—૪—૦	,,
૧૫	જુલાપ ઘણો સરસ આંતરડાં સાફ કરનાર ગોળી ૩૦ ની ડબીના	૦—૪—૦	,,
૧૬	હીંગાસ્ટક ચુર્ણ ભુખલાગે અજીર્ણ મટે ડબી ૧ના	૦—૪—૦	,,
૧૭	ઊંનાતાવની દવા તથા ટાઢાની દવા ડબી ૧ના	૦—૪—૦	,,
૧૮	હડકવાહાલતો મટે ગોળીયો નં. ૧૦૦ની ડબીના	૦—૮—૦	,,
૧૯	હરેક પ્રકારના ગમેતેવા સોજાની દવા ઘસીને ચોપડવાની તોલા ૨ ની ડબીના	૦—૪—૦	,,
૨૦	ધાતુપુષ્ટી તથા પાતળી થઈ ગઈ હોય તેની દવા ગોળી નંગ ૨૦ ની ડબીને	૧—૦—૦	,,
૨૧	પેશાબ બંધ થયો હોય તેની દવા ફાકી તો. ૨ ની ડબીના	૦—૪—૦	,,
૨૨	ઝાડાનો બંધકોશ છુટવાની દવા ફાકી તોલા ૨ ની ડબીના	૦—૪—૦	,,

૨૩ મોંઢામાં ગમે તે દરદ થયું હોય તેની દવા મોં આવ્યું હોય ચાંદીયો પડી હોય અવાળુ કળતર ભુકી તોલા ૨ ની ડબીના	૦-૪-૦	,,
૨૪ વીસફોટકની દવા પીવાની તથા ચોપડવાની	૧-૦-૦	,,
૨૫ ગાંઠીયો ગડીયો બાંજરીયો રતવાની દવા ફાકી તોલા ૧૦ ની ડબીના	૦-૮-૦	,,
૨૬ ચુંક ગોળો આફરો અજીર્ણની દવા ગોળી ૫૦ ની ડબી ૧ ના	૦-૪-૦	,,
૨૭ હરસને ધુંણીથી મટાડવાની દવા ડબી ૧ ના	૦-૪-૦	,,
૨૮ હરસને પકવી કાઢવાની દવા મલમ ડબી ૧ ના	૧-૦-૦	,,
૨૯ આંતરગળ તથારસવીકારનીદવા પીવાની શીશી ૧ના	૦-૧૨-૦	,,
૩૦ આંતરગળ તથા રસવીકાર ઉપર લેપ કરવાના મલમની ડબી ૧ ના	૦-૮-૦	,,
૩૧ લુખસ તજાગરમી ચુંટ વિગેરેની દવા શરીરે ચોળવાની દવા તોલા ૨ ના	૦-૪-૦	,,
૩૨ બરોળગાંઠ તથા પેટની ગાંઠ ગાળવાનો લોહ-રસ શીશી ૧ નો કીમત	૧-૦-૦	,,
૩૩ હરડેપાક ઉધરસ ઉપર ખાવાની દવા શેર ૧ નો	૧-૦-૦	,,
૩૪ સ્ત્રીને ગર્ભ રહેવાની દવા ફાકીતોલા ૧૦ ની ડ.	૦-૮-૦	,,
૩૫ સ્ત્રીને પડતા ગર્ભને અટકાવવાની દવા ફાકી તોલા ૧૦ ની ડબીના	૦-૮-૦	,,
૩૬ ગર્ભ વધવાની દવા સુખેથી જન્મ થાય તેવી ફાકી તોલા ૧૦ ની ડબીન ૧ ના	૧-૪-૦	,,
૩૭ ભગસંકોચન દવા ડબી ૧ ના	૦-૪-૦	,,
૩૮ યોનીયે સ્ત્રીને ધોળી ધાતુ જતી હોય તેની દવા ગોળી ૧૬ ની ડબી ૧ ના	૧-૮-૦	,,
૩૯ યોનીયે લોહી વહેતું બંધ કરવાની દવા ફાકી તોલા ૫ ની ડબીના	૦-૧૨-૦	,,
૪૦ વાળ ખરવાની દવા તોલા ૨ ની ડબીના	૦-૪-૦	,,
૪૧ સુવારોગ મટવાનો કવાથ પડીકાં નંગ ૧૬	૧-૦-૦	,,
૪૨ ધાતુપૃષ્ટ બળવધવાની દવા ગોળી નંગ ૧૬ ની ડબીનો	૧-૦-૦	,,
૪૩ પેશાબ ગળતો બંધ થવાની દવા ડબી ૧ ના	૦-૮-૦	,,

૪૪ કોડ કરોળીયા ચાઠાં મટવાની દવા મલમ
ડબી ૧ ના ૦—૪—૦ „
૪૫ નાસુર મટવાની દવા મલમ ડબી ૧ ના ૦—૪—૦ „
૪૬ બેરાશ મટવાની દવા ફાકી તો. ૧૦ની ડબીના ૦—૮—૦ „
૪૭ હેડકીઆવતી મટાડવાની દવા તો. ૬ની ડબીના ૦—૮—૦ „
૪૮ છોકરાંને પાવાનું શુદ્ધ ફુલ ખાપરીયુ તોલા
૧ ની ડબીના ૦—૪—૦ „
૪૯ બાળકની વરાધ વાવળી ઝાડો મબારખી તાવ
તમામ દરદ મટવાની ગોળીઓ નંગ ૫૦ની ડબીના ૦—૮—૦ „

આ ઉપરની દવાઓ સીવાય બીજી ગમે તે દરદની દવા જોઈતી હશે તો અમારે ત્યાંથી મળશે તથા તમામ દવાઓની વીગત દવા સાથે લખી મોકલવામાં આવશે તે વીગતવાર સાથે ચરી પાળવાની કેવી તા. કેટલી અગર કેમ ખાવી તે સઘળી હકીકત દવા સાથે લખી જણાવવામાં આવશે. જેને નાડી બતાવી જાતે આવી દવા લેઇ જવી હોય તેમણે જરૂર આવી ખાતરી કરી લેઇ જવી. દવાઓ ઘણી ફાયદાકારક છે કીંમત ઘણી જુજ રાખેલી છે. થોડે ખર્ચે ઘણો ફાયદો છે માટે મંગાવી લેવી.

બાળકોને માટે ખાસ અનુભવથી ઘણી ફાયદાકારક દવાઓ તૈયાર કરી છે એક વખત વાપરવાથી તરત ફાયદો થશે.

વૈદ વ્રીજલાલની બનાવેલી (બાળવૃદ્ધિ) નામની દવા. આ દવા બાળકને સવાર સાંજ બે વખત પાવાથી વરાદ ઘેંન ઉધરસ બકારી ઝાડો મબારખી વિગેરે દરદો મટી જઈ શરીરે પૃષ્ટ કરે છે તેમ ગમે તે પ્રકારનો રતવા હોય તો પણ નડતો નથી. કીમત તોલા ૧૦ ની શીશી ૧ ના રૂ. ૦—૮—૦ પોષ્ટ ખર્ચ જુદુ રાખેલું છે.

જેને દવાઓ મંગાવવી હોય તેને નીચેને ઠેકાણે કાગળ લખવો. યા જાતે આવવુ હોય તેને પણ આવવું.

વૈદ વ્રીજલાલ ઊમેદરામ વ્યાસ.

મુ૦ નરોડા.

તાલુકે દસક્રોઈ જીલ્લે આમદાવાદ. ઠે૦ બજારમાં રઘનાથ સ્વામીના મંદીર પાસે.

નોટપેટ પત્ર લેવામાં આવશે નહિ.

અગાઉથી ગ્રાહક થનાર સદગ્રહસ્થોનાં નામ.

પ્રત. નામ.

નરોડા.

૧ રા. રા. પટેલ ઇશ્વરભાઈ મહાદેવદાસ કોન્શીલેટર.
૧ ,, ,, જોશી ભોળાનાથ રેવાશંકર વકીલ.
૧ ,, ,, પટેલ અંબારામદાસ કલાંણદાસ મુખી.
૧ ,, ,, પટેલ મોતીરામ ફતેસીંગ ,,
૧ ,, ,, પટેલ હીરાલાલ લલુભાઇ તેશીલદાર
૧ ,, ,, પટેલ કાળીદાસ ગુલાબદાસ.
૧ ,, ,, પટેલ જેશંગભાઇ હરજીવનદાસ.
૧ ,, ,, પટેલ નારણભાઇ જીવીદાસ
૧ ,, ,, શેઠ પાનાચંદ કેવળદાસ.
૧ ,, ,, ભટ કેશવલાલ મગનલાલ.
૧ ,, ,, પટેલ ધર્મદાસ કાળીદાસ.
૧ ,, ,, કારકુન ગનીભાઇ જીવાભાઇ ધોળકાના રહીશ.
૧ ,, ,, ત્રવાડી છોટાલાલ પુરશોતમદાસ.
૧ ,, ,, ત્રવાડી ઊમેદરામ ધનેશ્વર.
૧ ,, ,, મેહેતા મોતીરામ ઝવરદાસ વ્યાસ.
૧ ,, ,, વ્યાસ છગન રણછોડદાસ.
૧ ,, ,, વ્યાસ મોતીરામ ગરબડદાસ.
૧ ,, ,, વ્યાસ નાનાલાલ જીવરામ.
૧ ,, ,, વ્યાસ છગનલાલ જેઠીરામ.
૧ ,, ,, વ્યાસ મોતીરામ છગનદાસ.
૧ ,, ,, વ્યાસ પુરશોતમ વેણીરામ.
૧ ,, ,, વ્યાસ ખોડીદાસ લલુદાસ.
૧ ,, ,, વ્યાસ જેશંકર કસનદાસ.
૧ ,, ,, વ્યાસ બાપુભાઇ જીભાઇદાસ.
૧ ,, ,, વ્યાસ નારણભાઇ દાજીભાઇ.
૧ ,, ,, મીસ્ત્રી. આતમારામ નારણદાસ.
૧ ,, ,, મીસ્ત્રી મંગળદાસ જેઠાભાઇ બાસમેકર્સ.
૧ ,, ,, મીસ્ત્રી શોમનાથ રઘનાથદાસ કંટ્રાક્ટર.
૧ મેરઇ. જગજીવન રણછોડદાસ.
૧ જગજીવન ખાતુદાસ અજપત.

૧ હીરાભાઇ શવજી પ્રજાપત.
૧ ખોડાભાઇ નરશી „
૧ પુરશોતમ ધનજી લુહારસુતાર.

અમદાવાદ.

૧ રા. રા. યાજ્ઞીક ગોવિંદલાલ રામશંકર ઉર્ફે છનુ જાની ચોરાશી નાતના શેઠ.
૧ „ „ મહારાજાશ્રી જીવણદાસજી સુરૅદાસજી રૂઘનાથસ્વામીના મંદીરમાં.
૧ „ „ નાગર મણીલાલ ઉદેશંકર.
૧ „ „ નાગર ભગવાનલાલ પ્રાણલાલ.
૧ „ „ નાગર હીંમતભાઇ ગોવિંદલાલ.
૧ „ „ ઘાંચી હરીલાલ નારણદાસ દલાલ.
૧ „ „ ફીરોજશહેરીઆ કાપડીયા ગોમતીપુર રોડ.
૧ „ „ મોતીરામ કાળીદાસ મુખી—સઇજપુર.

કઠવાડા.

૧ „ „ ગોર નાથાલાલ છગનલાલ.
૧ „ „ ડાહ્યાશંકર ગણપતરામ મોઢ બ્રાહ્મણ.
૧ અંબારામ શંકર પ્રજાપત.
૧ રા. રા. મહેતા ગણપતરામ મહાશંકર બીલાશીયાના.

વીરમગામ.

૧ રા. રા. મેહેરબાન જુગલભાઈ ઇશ્વરભાઈ વીવીંગ માસ્તર.
૧ „ „ વ્યાસ ડાહ્યાલાલ ભીમશંકર.
૧ „ „ વ્યાસ કરશનલાલ ભીમશંકર.
૧ „ „ વ્યાસ મગનલાલ ભીમશંકર.
૧ „ „ ધીરજલાલ મણીલાલ.
૧ „ „ વ્યાસ ચીમનલાલ બાપુજી.
૧ „ „ શેઠ પાંનાચંદ જીવાભાઇ
૧ „ „ મોહનલાલ પીતાંમરદાસ.
૧ „ „ ક્ષત્રી જેઠાલાલ કાળીદાસ.
૧ રા. રા. ઇસ્માલભાઇ ઇશબભાઇ હેડજોબર.
૧ „ „ વ્યાસ મગનલાલ અંબારામ.
૧ „ „ મુળજીભાઇ બાપુભાઇ.
૧ „ „ ભાઇશંકરભાઇ મગનલાલ રાવળ.
૧ „ „ ક્ષત્રી ઇશ્વરલાલ ગોવીંદજી.
૧ „ „ વ્યાસ ડુંગરભાઇ મોતીરામ ગામ માંડળમાં.

વળાદ.

૧ ,, ,, વ્યાસ પુંજાભાઇ પુરશોતમદાસ.
૧ ,, ,, શેઠ જેઠાલાલ પાંનાચંદ.
૧ ,, ,, શેઠ રણછોડલાલ ડુંગરદાસ.

ઝીંઝુવાડા.

૧ રા. રા. જયપ્રસાદ હરીપ્રસાદ કંથરીયા.
૧ રા. રા. ચંદ્રશંકર પ્રાણશંકર વહીવટદાર.
૧ રા. રા. હરીલાલ જીવણલાલ લાખીયા.
૧ રા. રા. મહેતા અંબાલાલ મોતીલાલ પોરટ માસ્તર.

બોરસદ.

૧ રા. રા. પટેલ કસીભાઇ વસ્તાભાઇ ફ્સ્ટ કલાસ રેસીડેન્ટ માજીસ્ટ્રેટ
૧ ,, ,, શા. હીરાલાલ ગોકળદાસ ક્રિમમર્ચેંટ.—**ચકલાશી.**
૧ કેશવજી લાલજી મેરઇ.—**મુંબાઇ.**
૧ રા. રા. દવે શીવશંકર જોઇતારામ સ્વામીનારાયણ.—**મધરાસ.**
૧ રા. રા. ડુંગરભાઇ ગીરધરભાઇ.—**કલોલ.**
૧ રા. રા. અરજણ કરમશી.—**કલકત્તા.**

કચ્છમુદ્રા બંદર.

૧ રા. રા. અધિકારી ભવાનજી તુળશીદાસ અનાજના દલાલ.
૧ ,, ,, પટેલ ભીમજીભાઇ દેવજીભાઇ મહેતાજી.—**અસારસા.**

વડોદરા.

૧ રા. રા. શેઠ પ્રેમાનંદ મોહનલાલ.
૧ ,, ,, મહાજન નંદકીશોર ભુદરમલ.
૧ ,, ,, મોદી કેશવલાલ વ્રીજલાલ.
૧ ,, ,, ભૈયા નારણ છોટેલાલ.
૧ ,, ,, સોની સાંકળલાલ ગોર્ધનલાલ.
૧ ,, ,, પટેલ શંકરભાઇ નાથાલાલ દીવાળીપુરા.

ઓડ.

૧ ,, ,, મગનલાલ રઇજીદાસ વ્યાસ.
૧ ,, ,, દેશાઇભાઇ નારણદાસ વ્યાસ.
૧ ,, ,, વૈદરાજ હરજીવન નાથાભાઇ વ્યાસ.
૧ ,, ,, મહારાજા રુણછોડદાસજી ગોકુળદાસજી પ્રણામી મંદીર.
૧ ,, ,, મહારાજા વીઠ્ઠલદાસજી શ્રી આત્મવેતાજ્ઞાનના તથા સતગુરુની ગાદીના શીષ્ય.

૧ ,, ,, પટેલ નાથાભાઇ સાંકળભાઇ.
૧ ,, ,, પટેલ શંકરભાઇ જેઠાભાઇ લાયબ્રેરીના અગેવાન.
૧ ,, ,, પટેલ ચતુરભાઈ નરશીભાઇ તારાપરીયા.
૧ ,, ,, શા મહીજીભાઇ દ્વારકાંદાસ અટકે ઓશવાળ.
૧ ,, ,, બેહેચરભાઇ બકોરભાઇ શુકલ.
૧ ,, ,, ફુલજીભાઇ હરખજી વ્યાસ.

ઊમરેઠ.

૧ ,, ,, ફુલજીભાઇ મુળજીભાઇ વ્યાસ.
૧ ,, ,, શંભુલાલ ઊજમદાસ વ્યાસ.
૧ ,, ,, બારોટ પ્રદુમનભાઇ ત્રીકમલાલ.—**વીજાપુર.**
૧ ,, ,, બાપુલાલ જગજીવન વ્યાસ.—**માવલી.**
૧ ,, ,, વૈદ પુરશોતમ ઊમેદરામ.—**વાઘરોટા.**
૫ ,, ,, બાઇ જીણીબાઇ ભાટીયા.—**સુરત.**

મહીસા.

૧ રા. રા. અંબાલાલ માનભાઇ વ્યાસ.
૧ ,, ,, ગોવિંદરામ રામનાથ વ્યાસ.

મહેમદાવાદ.

૧ ,, ,, ઘેલારામ પુરશોતમ વ્યાસ સ્કુલ માસ્તર
૧ ,, ,, ગોવિંદભાઇ વલવભાઇ વ્યાસ.
૧ ,, ,, ફુલાભાઇ નરોતમદાસ તલાટી.—**કેશરા.**

કઠલાલ.

૧ ,, ,, વ્યાસ બાજીદાસ વલવદાસ.
૧ ,, ,, અમૃતલાલ મગનલાલ.
૧ ,, ,, વ્યાસ ડાહ્યાલાલ ગીરધરદાસ.
૧ ,, ,, પુરાંણી હરગોવન ભોળાનાથ.—**નીકોલ.**

હાંસોલ.

૧ ,, ,, પટેલ મગનલાલ માધવદાસ.
૧ ,, ,, પટેલ પરશોતમ ગીરધરદાસ.
૧ ,, ,, પટેલ મોહનલાલ જેસંગભાઇ
૧ ભાટ રામાજી અદાજી આદરેજ.
૧ દરજી શીવલાલ પાનાચંદ ચેખાવંશી

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

ભાઇશંકર વ્રીજલાલ વ્યાસ નરોડા આ પુસ્તકના પ્રસિદ્ધ કર્તા.

રા. રા. યાજ્ઞીક ગોવિંદલાલ રામશંકર ઉર્ફે છનું જાની અમદાવાદ ઠે૦ ધનાસુતારની પોળમાં શાસ્ત્રીના ખાંચામાં.

રા. રા. મોદી છગનલાલ જેઠીરામ વ્યાસ અમદાવાદ. ઠે૦ પાંચકુવા દરવાજા બહાર.

રા. રા. ડાહ્યાલાલ ભીમજી વ્યાસ વીરમગામ. ઠે૦ મુનસરી દરવાજે,

રા. રા. દેશાઇભાઇ નારણદાસ વ્યાસ મુ. ઓડ ઠે૦ વૈદની ખડકીમાં.

રા. રા. મગનલાલ રાઇજીભાઇ મુ. વડોદરા. ઠે૦ લહારીપુરા દરવાજે સંતાનપુરામાં અધ્યારૂની પોળ.

રા. રા. ગોવિંદભાઇ વલવભાઇ મુ. મહેમદાવાદ. ઠે૦ વેરઇમાતાના દરવાજે.

રા. રા. બેહેન જીણીબા ભાટીયા મુ. સુરત. ખપાટીયા ચકલે નવલખાના બંગલામાં.

રા. રા. અમૃતલાલ મગનલાલ વ્યાસ કઠલાલ. ઠે૦ વડાદરાની પોળમાં.

રા. રા. ગોવિંદભાઈ રણનાથજી વ્યાસ તથા અંબાલાલ માનભાઈ વ્યાસ મુ. મહીશા.

રા. રા. ડુંગરભાઈ મોતીરામ વ્યાસ મુ. માંડળ. સ્કુલ માસ્તર.